" नहि ज्ञानेन सदृशं पवित्र मिह विद्यते ॥

!!! महात्माओनी प्रसादी !!!

સાદી શિખામણ

પુસ્તક ૬ ઠું.

સંગ્રહકર્તા અને પ્રકાશક:

મગનલાલ શંકરભાઇ પટેલ,

કર્તાઃ—જ્ઞાનદીપક, સુખીસદન, અને

સાદી શિખામણ ભાગ ૫.

ઠે. ગુગડી દરવાજે, મુ. પાટણ (ઉત્તર ગુજરાત)

દોહરો

" સમજ સમજ મન માનવી, મોત તણો ભય રાખ;
કાળ વિષે કર કાળજી, થવું બળીને ખાખ."

ધી પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કર્સમાં ઇંદ્રવદન બી. ઠાકોરે છાપ્યું, ઠે. જેઠાભાઇની પોળ, ખાડીયા, અમદાવાદ.

આવૃતિ પહેલી :: :: પ્રત ૧૦૦૦

સંવત ૧૯૮૫ :: :: સને ૧૯૨૯

કિંમત રૂ. ૩-૦-૦

ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ! મનુષ્ય યત્ન ઇશ્વર કૃપા!!!

!! આ જગમાં જન્મેલા સૌ મેમાન છે!!

હમેશાં વિચાર કરવા લાયક

અમૂલ્ય વચન.

નરદેહ રૂપી સરખી પુંજી લઇને સર્વે મનુષ્યો આ સંસારના બજારમાં આવે છે, પરન્તુ તેમાંથી કોઇ તો તેનો સારો ઉપયોગ કરીને લાભ મેળવી ગબ્બર થાય છે અને કોઇ તેનો દુરૂપયોગ કરીને ઠગાઈને ગાંઠની મુડી પણ ગુમાવી દેવાળું ફૂંકે છે, માટે શાણાઓએ તો સાર હોય તે ઉંચકી લેવો ને અસાર હોય તેને ઓળખી લઇ વમનની પેઠે તેનો ત્યાગ કરવો જોઇએ. તે વમનનું પ્રાશન કરવું એ તો કૂતરાનો સ્વભાવ છે; તેને માટે પવિત્ર મનુષ્યો શું કરી શકે એમ છે? જેણે જેવાં કર્મસંચિત કર્યાં છે, તેને તેવાં ફળ મળે છે; અને જેવાં કર્મ કરવાનો અભ્યાસ દૃઢ થઇ ગયો હોય તે પછી છુટતો જ નથી. જો રત્ન ને પાશાણની કિમ્મત એક ગણવામાં આવે તો પછી પરીક્ષા ક્યાં રહી? માટે શાણા માણસોએ પરીક્ષા કરવી જોઇએ. જ્યાં પરીક્ષાનો અભાવ હોય ત્યાં તો ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાનો જ વ્યવહાર ચાલવાનો જ. જગતમાં પશુપક્ષીઓ પણ જો ગુણવાન હોય છે તો તેને મોટા લોક પાળે છે, તો પછી ગુણવાન મનુષ્યોનો આદર થાય તેમાં શી નવાઇ!!

!!! કરે તેવું પામે ને વાવે તેવું લણે!!!

!! અંત સમયે કોઇ કામ આવતું નથી!!

महात्मानी प्रसादी.

સથવારા સંતોતણા, હરિભક્તાંને હોય;
પણ નકટાને ન હોય, વૈમાન કદી ન વિકલ્લા.

દોહરો.

આમ્ર ઉપર વસતાં છતાં, કોકિલ કરે ન શોર;
ખાડે ખદબદતો છતાં, દેડક કરે બકોર.

अस्थिरं जीवितं लोके अस्थिरं धनयौवने ।
अस्थिराः पुत्रदाराश्च धर्मकीर्तिद्वयं स्थिरं ॥

પ્રાણી માત્રના જીવતરનો, પૈસાનો, જુવાનીનો, છોકરાનો, બૈરીનો, કોઈનો ભરોસો નથી. આજ છે ને કાલે નહિ; પણ ધર્મ અને કીર્તિ એ બે તો સ્થિર રહેવાના. માણસ મરી જાય છે પણ તેના સુકૃત્યો વીસરાતાં નથી.

अहन्यहिहि भूतानि गच्छंति हि यमालयं ।
शेषा स्थावरमिच्छंति किमाश्चर्यमतःपरं ॥

રોજ રોજ લોકો જમને મંદિરે જાય છે એ સૌ જોવે છે, તો પણ લોકો ન મરવાની ઇચ્છા રાખે છે. હવે એથી તે બીજું શું અજબ જેવું છે?

दानेन पाणिर्न तु कंकणेन
श्रोत्रं श्रुते नैव न कुंडलेन ॥
विभाति कायः करुणापराणां
परोपकारेण न चंदनेन ॥

હાથ, દાન ધર્મ કરવાને આપ્યા છે, કલ્લાં સાંકળાં તથા ફુલના ગજરા ઘાલવાને નહિ; કાન આપેલા છે તે હરિગુણુ સાંભળવાને, કડકીઆંને કુંડળો લટકાવવાને નહિ; પારકાના ઉપર દયા અને પરોપકાર કીધાથી કાયા શોભે છે, મળીઆગરાં તથા ચંદન કેસરના લેપોથી અને તિલક કરવાથી નહિ.

!! મોટું સ્વપ્ન !!

આ સંસાર એ એક મોટું સ્વપ્ન છે, એમાં મોહ વશ લોકો એવી બૂમ પાડયા કરે છે કે આ મારી કાંતા છે, આ મારૂં ધન છે અને આ મારાં બાળકો છે. જ્ઞાન સૂર્યનો અસ્ત થઇ જવાથી પ્રકાશ લુપ્ત થઇ ગયો છે, અને સમસ્ત બ્રહ્માંડ અંધકારથી વ્યાપ્ત થઇ ગયું છે. સત્વનું ચાંદરણું રહ્યું નથી કે જેથી કાંઇ માર્ગ દૃષ્ટિગોચર થાય-ભ્રાંતિને લીધે લોકો પોતાને જ ઓળખતા નથી. દેહાભિમાનથી લોકો નિદ્રામાં ઘોરતા પડેલા છે, અને વિષય સુખને માટે બહુ આક્રંદ કરી રહ્યા છે. આ પ્રકારે નિદ્રામાં ને નિદ્રામાં જ કોણ જાણે કેટલા એ મરી ચૂક્યા છે, અનેક તો પેદા થતાં જ પાછા ઉંઘમાં પડ્યા છે. આ પ્રકારે અસંખ્ય લોકો આ સંસારમાં આવે છે અને જાય છે. તેમાં નીતિવાનને ધર્મવાન તરી જાય છે.



જમનાદાસ માધવજી મહેતા.

એમ. એ., એલ એલ. બી બારીસ્ટર-ઍટ-લૉ.

વડી ધારા સભાના સ્વરાજીસ્ટ સભાસદ.

મુ. મુંબઈ.

મહાન દેશભક્ત

ઇન્ડીપેનડન્સ લીગના બહાદુર નેતા,

મે. રા. રા. જમનાદાસ માધવજી મહેતા.

એમ. એ., એલએલ. બી.

બારીસ્ટર એટ લૉ. (દીલ્હી ધારાસભાના સભાસદ સાહેબ.)

આપ નામદાર સાહેબે ભારતવર્ષનું ભલું કરવામાં મહાન આત્મભોગ આપ્યો છે એ કોઇથી આધુનિક સમયમાં અજાણ્યું નથી. આપ નામદારશ્રીના મહાન ગુણોથી આખી આલમ જાણીતી થએલ છે. મને આપે દહાણુ મુકામે બોલાવી આપના પવિત્ર સમાગમનો ઉત્તમ લાભ આપ્યો હતો એ આપના મહાન ગુણોથી આકર્ષાઇ આપનું સદાકાળ સ્મરણ રાખવા માટે મ્હારા આ છેલ્લા "સાદી શિખામણ નામના ગ્રંથમાં આપની આજ્ઞાથી આપનો ફોટો મુકી કૃતાર્થ થાઉં છું. આપે હિન્દવાસીઓનું શ્રેય કરવાને માટે લાખો રૂપીઆની આવતી પેદાશ દુર કરી "દેશસેવા કરવા ભગિરથ યત્ન કરવા શુભ ઇચ્છા રાખી છે." હાલમાં ઓલ પારટીઝ કનવેનશનમાં સંપૂર્ણ સ્વતંત્રતાના ધ્યેય માટે

મોટી લડત ચલાવી છે, જેને માટે ભારતવાસીઓ આપના પવિત્ર નામનું હંમેશાં રટન કરે છે. મહાન દયાળુ પ્રભુ આપને દીર્ઘ આયુષ આપે અને આપને હિંદવાસીઓનું શ્રેય કરવાનો યશસ્વી યશ મળે એવું હું શ્રીહરી પાસે માંગું છું.

આ પુસ્તક બહાર પાડવામાં આપ નામદારશ્રીએ મને જે સહાય આપી છે તેના માટે હું અંતઃકરણથી આપનો ઉપકાર માનું છું. એજ નમ્ર વિનંતી.

તા. ૧-૧-૧૯૨૯ મુ. પાટણ (ઉત્તર-ગુજરાત)

મુ. પાટણ (ઉત્તર ગુજરાત) ઠે. ગુગડી દરવાજો.

ભવદિય
મગનલાલ શંકરભાઇ પટેલ,
ના પ્રેમવંદન.

પ્રસ્તાવના.

કવિ ભવભૂતિ કહે છે કેઃ—

> व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतु-
> र्न खलु बहिरुपाधीन् प्रीतयः संश्रयन्ते ।
> विकसति हि पतङ्गस्योदये पुण्डरीकं
> द्रवति च हिमरश्मावुद्गते चन्द्रकान्तः ॥

ભાવાર્થ:—કોઈ પણ બે પદાર્થોને જોડનાર કંઇક હેતુ હોય છે. બહારની ઉપાધિઓ ઉપર પ્રીતિનો આધાર નથી. સૂર્યના ઉગતામાં જ કમળ વિકસાવા લાગે છે. ચંદ્રના ઉગવાની સાથે જ ચંદ્રકાન્તમણી અમૃતરૂપી કિરણો વરસાવવા માંડે છે.

સાદી શિખામણ ભા. ૧ થી ૬ ના લખનાર શ્રીયુત રા.

લેખક.

મગનલાલ શંકરભાઇ પટેલ પહેલાં તો મને નામથી ઓળખે, હું એમને નામથી ઓળખું. અમારો પાટણમાં એકાએક સને ૧૯૨૨ માં મેળાપ થયો તે વખતે હું ટાઇફોડ તાવની લાંબી બિમારીમાં પીડાઇ રહ્યો હતો અને એમાંથી માંડ માંડ સાજો થયો હતો.

ત્યારપછી સાદી શિખામણના કેટલાક ભાગ માટે મેં મારા અભિપ્રાય લખી મોકલ્યા હતા અને રા. મગનલાલભાઇએ તેમને પુસ્તકમાં સ્થાન આપી મને ઉપકૃત કર્યો હતો. હાલમાં થોડા જ વખત ઉપર એમનો પત્ર આવ્યો કે "ભાગ ૬ ઠ્ઠો (છેવટનો ભાગ) છપાય છે તેનો ઉપોદ્‌ઘાત આપની પાસે લખાવવાનો છે ને તે આપની "રસીલી ભાષા" માં લખી આપશો તો આભાર થશે. આપનું બહોળું જ્ઞાન ને ભાષા ઉપરનો સંપૂર્ણ કાબુ જોઈ મારૂં મન આનંદ પામે છે. પરમાત્મા આપનો વિજય કરો."

પુસ્તકની પ્રસ્તાવના.

અભિપ્રાય લખી મોકલવા કરતાં પ્રસ્તાવના લખવાનું કામ સ્હેલું નથી. પ્રસ્તાવના એટલે શું? મારા નમ્ર મત પ્રમાણે પ્રસ્તાવના એટલે પુસ્તકનો પરિચય પછી તે સાધારણ પરિચય હોય કે લંબાણથી. પુસ્તક અગર તેનો લેખક બહુ જ પરિચિત હોય તો પ્રસ્તાવના ટુંકી પણ હોય, પણ સામાન્ય રીતે પુસ્તકનો સંપૂર્ણ પરિચય પ્રસ્તાવના દ્વારા કરાવવો જરૂરનો છે. એથી જ રા. ગોવર્ધનરામે તેમજ રા. કનૈયાલાલ મુનશી વગેરેએ પોતાનાં પુસ્તકોમાં પ્રસ્તાવના લાંબી આપેલી હોય છે. વળી આ તત્ત્વશોધનના જમાનામાં દરેક નવું પુસ્તક બહાર પડતાં પુસ્તકનું સંશોધન, વસ્તુ, પાત્રો, ક્રિયાભાગ, ઉપદેશ, લેખક, તેનો સમય, રીતરિવાજ, લેખકનો મત, ઉદ્દેશ વગેરે સંપૂર્ણ રીતે આપવામાં આવે છે, જેથી અભ્યાસીને તે બહુ જ ઉપયોગમાં આવે.

આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું કામ મારે માથે આવી પડયું છે જાણી મને કંઈક ક્ષોભ તો થાય છે જ, કેમકે કયાં લેખકનું વિશાળ જ્ઞાન અને અનુભવ, અને કયાં મારૂં અલ્પ જ્ઞાન ? અભિપ્રાય આપીને હું તો વેગળો રહેતો, પણ આ વખતે તો એમણે મને બાંધી લીધો ! આ પ્રસ્તાવના લેખકે પોતે જ લખી હોત તો એ પોતે આ વસ્તુ ઉપર કંઇક જુદોજ પ્રકાશ પાડત, છતાં આ પુસ્તક ઉપરથી હું તેનો જે કંઇ પરિચય આપું તેમાં કાંઈ અન્યાય થતો કે કંઇ દોષ માલુમ પડે તો લેખક તથા વાચક માફ કરશે.

પુસ્તકનો હેતુ.

આ પુસ્તક લખવાનો હેતુ એ જણાય છે કે 'સાંજવર્તમાન' માં આવતી લેખકની "સાદી શિખામણો" એકત્રિત કરીને પુસ્તકરૂપે પ્રગટ થાય તે માટે અનેક મિત્રોનો આગ્રહ થયેલો. આ શિખામણો એટલી બધી વિધવિધ પ્રકારની છે કે વાચકને એટલાં બધાં પુસ્તકો વાંચવાનો લાભ ન મળે. એ બધી શિખામણો સાદી તેમજ અનુભવથી

ઘડાયલી હોવાથી જીવનમાં ક્ષણે ક્ષણે ઉપયોગી થઇ પડે તેમ છે. એવી અમુલ્ય શિખામણો મળતી હોવાથી આ પુસ્તક એક "મોટા ભાઇ" ની ગરજ સારે તેમ છે. ક્ષણે ક્ષણે તે મનની ગૂંચવણીઓ ઉકેલે છે. ફુરસદના વખતે એક એક "ફુલછાબ" લઇને વાંચવાથી થોડા વખતનો સદુપયોગ થાય છે, તેમજ અમૂલ્ય લાભ થાય છે.

પુસ્તકની લોકપ્રિયતા.

"સારી વસ્તુ હમેશાં ઢંકાઇ રહેતી નથી" એ ન્યાયે આ પુસ્તકના ૬ ભાગ થયા છે અને તેમીએ આવૃત્તિઓ થતી જાય છે. પુસ્તકનો બહોળો ઉઠાવ થાય છે એ પુરવાર કરે છે કે પુસ્તક જનસમાજને પ્રિય થયું છે. "જેટલી વસ્તુ સારી હોય એટલી લોકપ્રિય થવી જ જોઇએ" એવો કંઇ ખાસ નિયમ નથી. ઘણીએ સારી વસ્તુઓ ખુણેખોચરે પડી રહેલી છે. આ પુસ્તક ઉપયોગી હોઇ, તે લોકપ્રિય થયું એ માટે તેના લેખક તથા વાચકને અભિનંદન છે. આ પુસ્તકને કેટલાએ સખી ગૃહસ્થો તરફથી મદદ મળેલી છે. એ મદદની કિંમત બીજાં દાન કરતાં ઓછી નથી.

પુસ્તકમાંના સિદ્ધાંતો.

આ પુસ્તકમાંનો એક પણ સિદ્ધાંત જો કોઈપણ મનુષ્યના જીવનમાં ઉપયોગનો થશે તો આખા પુસ્તકની કિંમત વસુલ થઈ ગઇ ગણાશે. ઘણીએ વેળા આપણે વિચાર કર્યા કરીએ છીએ, પણ યોગ્ય નિર્ણય ઉપર આવી શકતા નથી. આ પુસ્તકમાં આપેલા સિદ્ધાંતો અનેક અનુભવો થયા પછી મહાન્ પુરૂષોએ અને મહાન્ વિચારકોએ બાંધેલા છે. કોઇ પણ માણસ કોઇ પણ જાતનો મત ન બાંધી શકે તો તેની શી દશા થાય? જગતમાં અનેક ઠોકરો વાગ્યા પછી પણ કોઇપણ સિદ્ધાંત બાંધી ન શકાય? હવે એ સિદ્ધાંત ખરો છે કે ખોટો તે બીજાના અનુભવો સાથે સરખાવી જોવાથી તુલના થઇ શકે છે. આવા બહુ જ થોડા અને ઉપયોગી સિદ્ધાંતો કેટલાક પુસ્તક ઉપર, ભીંત ઉપર, કપડાં ઉપર કે

નોંધબુકમાં લખી રાખે છે. કેટલાક તો એ સિદ્ધાંતને આધારે અમુક વ્રત લે છે. અમુક સિદ્ધાંતને વળગી રહેવાથી માણસનું જીવન એક એક પગથીયું ઉપર ચડતું જાય છે. મનુષ્યમાંથી દેવ થવાય છે.

ભાગ ૬ ઠ્ઠાનો પરિચયઃ— આ પુસ્તકનો ટુંકો પરિચય આપતાં કેટલાંક અવતરણો આપવાની જરૂર રહે છે. પ્રસ્તાવના જરા લાંબી થાય તો લેખક તેમજ વાચક માફ કરશે. આ પુસ્તકની **કુલછાબ પહેલી** નીચે પ્રમાણે શરૂ થાય છેઃ—

"શું કીધું ને શું કરવાનો ?
કરવું એ નહિ તારે હાથ,
પ્રયાસ પાછળ છે પસ્તાવો,
હાર જીતનો જયમ સંગાથ, "

કેટલી સ્હેલી લીટીઓ ! ત્યાર પછી કેટલીએ ટુંકી ટુંકી વાર્તાઓ અને દૃષ્ટાંતો પછી નીચેની કડીઓ આવે છેઃ—**ફુલછાબ ત્રીજી.**

"ધરી કંથા લીધી ઝોળી, ખલકની બાદશાહી છે;
ખુમારી એ હમારી છે, ફકીરીમાં અમીરી છે.
ચડાવ્યા તાર વિણાના, થયો ઝણકાર જાદુનો,
બન્યા ગુલતાન ગાવામાં, ફકીરીમાં અમીરી છે."

એ કાવ્ય આગળ ચાલ્યું જ જાય છે. વાંચનાર પણ ફકીરીમાં મસ્ત બનતો જાય છે. **કુલછાબ ચોથીમાં** જગતની પ્રીતિ વિષેઃ—

"જુઠી દેખી પ્રીત જગતમેં, જુઠી દેખી પ્રીત,
અપને સુખકું સબ જગ રોવે. કયા દારા કયા મીત. જ.
મેરા મેરા સબહી કરત હે, હેતસે બાંધે ચીત. જ.
અંતકાલ કોઇ સંગ ન ચાલે, યહી અચરજ હી રીત. જ."

જુદા જગતનો ચિતાર આપતું કાવ્ય આગળ ચાલે છે ને પાછી વાર્તાઓ આવતી જાય છે. તેમાં રાજાના દીવાનના આઠ ગુણો તથા દુર્ગુણો ગણાવાય છે. **કુલછાબ સાતમીમાં** વળી કાવ્ય આવે છેઃ—

"રામબાણુ વાગ્યાં હોય તે જાણે
ધ્રુવને વાગ્યાં, પ્રલ્હાદને વાગ્યાં,
તો ઠરીને બેઠા ઠેકાણે—
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યાં. તે વેદ વચન પ્રમાણે.
રામબાણુ."

ફુલછાબ દસમીમાં આરોગ્યના નિયમો આપ્યા છે. તે ઘણા જ ઉત્તમ છે. **ફુલછાબ તેરમીમાં** લાલાજીના અવસાનની નોંધ લીધેલી છે, તેમજ તેમને પંજાબના સિંહ જણાવેલા છે. લેખકે ચાલુ બિનાઓ પણ બાજુપર નથી રાખી એ આ ઉપરથી સાબીત થાય છે. **ફુલછાબ સોળમીમાં** પછી આવે છે દોરંગી દુનીયાઃ—

"દુનિયા આ દોરંગી રે, વટ વ્હાલપની જાણે નહીં,
સંસારીઆ તો સંગીરે, સાચકના થાવાના નહીં.
ઘોલકડાંના ઘર ધણી, કર્યાં કરે ગડભાંગ;
આંટી ઘુંટી આણતાં, આડો વાળે આંક.
પુરાએલા પંખીરે, વનલીલાને પિછાને નહીં."

એ કાવ્ય-લલિતજીનું-લલકાર્યે જ છુટકો. વાંચનાર બેઘડી સંસારના ઝગડામાંથી મુક્ત થતો હોય એમ લાગે છે. વચ્ચે વચ્ચે "સ્ત્રી સમાજ" "વચનામૃતો" "વાક્યો" આવતાં જાય છે. "ઉદ્ધવ સંપ્રદાય" નો ઇતિહાસ આપેલો છે. "આઠ પ્રકારનું બ્રહ્મચર્ય," મૂકી **ફુલછાબ ચોવીસ** વાંચીએ તો દેહનો નિરધાર નથી" એ ઉપરનું કાવ્યઃ—

"લાંબા વિચારો મનુષ્યો કરે છે,
તૃષ્ણા ઘણી અંતર તે ધરે છે.
તે જોઇને કાળ હાસ્ય કરે છે,
આવી અજાણ્યા જીવને ગ્રહે છે."

એ કાવ્યની સાત કડીઓ ગુંજે છે. ત્યાર પછી "મૂર્ખની વ્યાખ્યા" આપનાર કાવ્ય આવે છે. "સ્ત્રીની હઠીલાઈ" વિષે, "વિષમ સમયમાં

ધીરજ રાખવા વિષે," "ભાવથી દાન કરવા વિષે," "જગત નાશવંત," એમ કાવ્યો આવતાંજ જાય છે. "ધર્મ અને કીર્તિ સ્થિર છે," "સ્ત્રીને સ્વર્ગ કયારે મળે?' "ચિંતા" વિષે લીટીઓ આવે છે. જેમકેઃ—**ફુલછાબ પચીશમી.**

ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન
ચિંતા બળી અભાગણી, ચિંતા ચિતા સમાન."

વળીઃ—

"જેને રામ રાખે રે, તેને કોણ મારી શકે?
અવર નહિ દેખું રે, બીજો કોઈ પ્રભુ પખે. ધ્રુવ૦
ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રે રાય,
થળ ને થાનક જળ ચલાવે, જળ થાનક થળ થાય.
તરણાંનો મેરૂ રે, મેરૂનું તરણું કરી દાખવે."

કાવ્ય તો લાંબુ છે. આપણે આગળ ચાલીએ. **ફુલછાબ છવીસમી.**

"જેનું કામે કાપી લીધું નાક, લોભે લાજ લીધી રે,
જેને રૂભે રોળી કીધો રાંક, ફજેતી કીધી રે."

ઈત્યાદિ નિષ્કુળાનંદની કડીઓ "મહાન દોષોથી થતી હાનિઓ" ઉપર સચોટ પ્રહાર કરે છે. વળી "પ્રભુનું જ ધાર્યું થાય છે." એ ઉપરઃ—

"ગાડાં તળે શ્વાન ગતિ કરે છે,
તે માન મિથ્યા મનમાં ધરે છે.
છે પ્રાણ નાડી પ્રભુને જ હાથ,
સૌને નચાવે વળી વિશ્વનાથ."

એ કાવ્ય ઠીક ઠીક છે. **ફુલછાબ સત્તાવીશમીમાં** કર્તવ્ય વિમુખ દુરાચર્ણીઓને કહેતાંઃ—

"ઉની ઉની રોટલી, શાક દાળ ને ભાત,
ખાતાં પીતાં ખેલતાં, જાય દિવસને રાત.

પહેરે ઓઢે અંગપર, ભાત ભાતનાં વસ્ત્ર,
પૈસા માટે પ્રેમથી, કરે પ્રયત્ન સહસ્ત્ર."

એ પ્રકારનું કાવ્ય લંબાણથી ઉપદેશ આપે છે. ત્યાર પછી "ચિત્ત વિષે," "લાજ વિષે" એમ બે કાવ્યોમાં તેમની જરૂર જણાવી છે. **છાબ અઠ્ઠાવીશમાં** "શ્રોતા અને વક્તા" ની શ્રદ્ધા ઉપરની વાર્તા, 'ગરીબને ત્યાં ગાવાં ન જાય" ઉપરની વાર્તા, "પ્રભુનો મહિમા," "વૈરાગ્યના વિચારો" વગેરે આવે છે. ત્યાર પછીનું 'ખાલી હાથે જવાનું છે" એ ઉપરનું કાવ્યઃ—

"કરોડોની ભલે મિલ્કત, ઘણો વૈભવ મહારાયા,
જતા ખાલી ન સાથે કંઇ, લઇને કોઇ પણ ધાયા,
જશે ખોવાઇ ખાધેલું, દીધું જે દાન તે ફાવ્યા,
પ્રભુ દરબાર મુકીને, મૂકે શું માટીમાં માયા?"

એ કાવ્ય આવે છે. **કુલછાબ ઓગણત્રીસમાં** "શ્રદ્ધા રાખવાથી હરિ મળે છે" એ ઉપર એક સુંદર વાર્તા છે. આ પ્રમાણે પુસ્તક પુરૂં થાય છે.

છેવટઃ— આ પુસ્તકની (ભાગ ૬ ઠ્ઠાની) વિશેષતા એ છે કે એમાં વાર્તાઓ બહુજ સારા પ્રમાણમાં લીધેલી છે ને તેની પસંદગી પણ ઉત્તમ છે. વચનામૃતો વચ્ચે વચ્ચે ઉભરાતાં જાય છે ને છેવટ આવે છે રસમય કાવ્યો. બીજું એ કે વચ્ચે વચ્ચે પંજાબ કેસરી લાલાજી, પ્રભુનો મહિમા, સ્ત્રીઓનું કર્તવ્ય વગેરે બાબતો ઉપર લેખકે સ્વતંત્ર ઉપદેશ આપેલો છે. એકંદરે બીજા પાંચ ભાગો કરતાં પણ આ ભાગ ચઢી જાય તેવો છે. છેવટે આ ફુલછાબોનાં પુષ્પો પણ વણ સૂંઘ્યા જેવાં છે. કોણ જાણે કોણ એ પુષ્પોનો ભોક્તા થશે?—

"अनाघ्रातं पुष्पं, किसलयमलूनं कररुहै—
रनाविद्धं रत्नं, मधुनवमनास्वादितरसम्

अखण्डं पुण्यानां फलमिव च तद्रूपमनघम्
न जाने भोक्तारं कमिह समुपस्थास्यत इति ॥

ભાવાર્થ:—સૂંઘ્યા વગરનું પુષ્પ, વણ લીધેલું કમળ, વિંધ્યા વગરનું મોતી, વણ ચાખેલું મધ, પુણ્યના અખંડ સ્વરૂપના ફળરૂપ એ:—તેનો ભોક્તા કોણ થશે તેની શી ખબર ? લેખક વધુને વધુ વિજયી થાવ એ જ ઇચ્છા.

તા. ૨-૨-૨૯
૬૫૦ અમૃતલાલની પોળ
ખાડીઆ, **અમદાવાદ.**

ગૌરીશંકર મોતીરામ ભટ્ટ.
બી. એ.

અનુક્રમણિકા.

ફુલછાબ પહેલી.

ફુલછાબ બીજી.

ફુલછાબ ત્રીજી.

ફુલછાબ ચોથી.

ફુલછાબ પાંચમી.

ફુલછાબ છઠ્ઠી.

ફુલછાબ સાતમી.

ફુલછાબ આઠમી.

ફુલછાબ નવમી.

ફુલછાબ દશમી.

ફુલછાબ અગીયારમી.

ફુલછાબ બારમી.

ફુલછાબ તેરમી.

ફુલછાબ ચૌદમી.

ફુલછાબ પંદરમી.

ફુલછાબ સોળમી.

ફુલછાબ સતરમી.

ફુલછાબ અઢારમી.

કુલછાબ ઓગણીશમી.

કુલછાબ વીસમી.

કુલછાબ એકવીસમી.

કુલછાબ બાવીસમી.

કુલછાબ તેવીસમી.

ફુલછાબ ચોવીસમી.

ફુલછાબ પચીસમી.

ફુલછાબ છવીસમી.

ફુલછાબ સતાવીસમી.

ફુલછાબ અઠાવીસમી.

ફુલછાબ ઓગણત્રીસમી.

ફુલછાબ ત્રીસમી.

કુલછાબ પાંત્રીસમી.

કુલછાબ છત્રીસમી.

કુલછાબ સાડત્રીસમી.

કુલછાબ આડત્રીસમી.

" ટાણે મળે તે નાણે મળે નહિ "

ધ્યાન આપવા યોગ્ય વિજ્ઞપ્તી.

હવે પછી

સાદી શિખામણ

(છ માસિક)

એક હજાર ગ્રાહક થશે તો સાદી શિખામણનો વિષય પુસ્તક રૂપે વર્ષમાં બે વખત પ્રકટ કરવામાં આવશે તેનો પહેલો અંક કારતક સુદી એકમને રોજ નવા વર્ષની મુબારકબાદી સાથે પ્રસિદ્ધ થશે અને બીજો એક ફાગણ માસમાં ધુળેટીને રોજ પ્રકટ કરવામાં આવશે. અગાઉથી આશ્રય આપનારના મુબારક નામો પ્રથમ અંકમાં પહેલે પાને જ પ્રકટ કરવામાં આવશે. આખા વર્ષનું લવાજમ પ્રથમથી લેવામાં આવશે લવાજમનો દર રૂા. ૨) પોસ્ટ સાથે રાખવામાં આવેલ છે. પ્રથમ અંકમાં ભિન્ન ભિન્ન જાતના નીતિ ધર્મના ઉત્તમ વિષયો દાખલ કરવામાં આવશે, માટે રૂપિઆ બે મોકલી સત્વર નામ નોંધાવો. આવું ઉત્તમ વાંચન આપે કદી પણ વાંચ્યું કે જોયું નહિ હોય અગાઉથી થએલ ગ્રાહકો જેટલા જ અંકો કાઢવામાં આવશે, માટે સત્વર નામ નોંધાવી સાહિત્યની સેવા કરવા નમ્ર વિનંતી છે.

લિ. સેવક,

મગનલાલ શંકરભાઈ પટેલ.

પાટણ—ઉત્તર ગુજરાત.

પ્રતિજ્ઞા.

દુઃખ ભોગવું દોહલું જો હું થણું,
નવ તે થકિ કાંઈ ગણું હું ઉણું;
સુખ નાવ બિજા તણું પ્રેરિ રસે,
સુખી થાઉં હું એ મન ભાવ વસે.
મુજ નેન ભલે જયપૂર વહે,
મન તે થકિના પરિતાપ લહે;
હરૂં અન્ય તણા જળ લોચનથી,
ઈશ! એટલું યાચું પૂરા મનથી.
ધન ચાહું ન માન ન ચાહું કંઇ,
નવ પ્રાણ વિષે પ્રીતિ કાંઇ રહી;
જીવું જો હું મચ્યો રહી કૃત્ય વીષે,
ઈશિ! વાંછુ સદા તુજ આશિષ એ.
અતિ ઉત્તમ ઈશ લીલા નિરખી,
પછી ગાઉં બધે હઇડે હરખી;
કર સાધન યોગ્ય મને ઈશહે,
મરણાંત સુધી મન એહ ચહે.
ભરીયું મુંજ અંતર દુઃખ ભરે,
મચી કૃત્ય વીષે જ જીવ હું ખરે;
કરતાં નીજ કૃત્ય જ દેહ પડો,
ધરૂં આશ મહાન જ પૂર્ણ કરો.

બે બોલ.

સાદી શિખામણનું પુસ્તક છઠું આપની સમક્ષ મુકતાં મને બેહદ ખુશાલી પ્રાપ્ત થાય છે. મારા પસંદ કરેલ વિષયમાં જનસમાજને રસ પડશે કે કેમ? તેની મને પ્રથમ પુસ્તક બહાર પાડતાં શંકા હતી, તે શંકા આ છઠ્ઠો ભાગ બહાર પડતાં નિવૃત્ત થાય છે. ગુર્જર સાહિત્યમાં નીતિ ધર્મના ગ્રંથો જેટલા પ્રમાણમાં જોઇએ તેટલા પ્રમાણમાં નથી અને જે છે તેનો ઉપયોગ સાધારણ વર્ગના લોકો તેનો લાભ લઇ શકતા નથી; કારણકે ઓછી કેળવણીને લીધે ઉંચી ભાષા સમજનારા પુરૂષો ઘણા થોડા હોય છે અને તેટલા ઉપરથી જ મારો વિચાર સાધારણ ભણેલા પણ ઉત્સાહથી આવાં પુસ્તકોનો લાભ લઇ શકે તે વિચારથી આ પ્રયાસ મેં કરેલો, તે પ્રભુ કૃપાથી ફળીભુત થયો છે.

એકલી શિખામણોથી મનુષ્યને આનંદ થતો નથી. એ શિખામણની સાથે વિવિધ વાતોનો પ્રસંગ હોય તો વાંચકવૃંદને વિશેષ લાભકારક થઇ પડે. જેમ મીષ્ટ જમણની સાથે તીખું તમતમું વિશેષ આનંદ આપે છે, તે જ પ્રમાણે આ પુસ્તકમાં શિખામણોની સાથે જનસમાજને ઉપયોગી થાય તેવી વિવિધ વાતોનો પ્રસંગોપાત સમાવેશ કરેલ છે.

જમાનો દિનપ્રતિદિન સુધારામાં આગળ વધે છે એટલે હાલના યુવાનોને કદાચિત્ આ પુસ્તક ઉપયોગી ન થાય તો તેમાં નવાઇ નથી; કારણ કે સાંપ્રત કાળમાં એટલાં બધાં નોવેલો બહાર પડેલાં છે કે જેની ગણતરી થઇ શકે જ નહિ. પણ યાદ રાખવાનું એટલુંજ છે કે નીતિને ધર્મના પુસ્તકોના વાંચન વિના આપણું જીવન સુખરૂપ કદી પણ થનાર નથી તે માટે જેમ બને તેમ

શૃંગારીક નોવેલો ઓછાં વંચાય અને આવાં ધાર્મિક નીતિના પુસ્તકો વંચાય તો જન સમાજની નીતિ ઉપર સારી અસર થતાં વાંચકવૃંદને જ્ઞાન સાથે ગમ્મત મળે છે. આ સંસારમાં અવતરી સુખને માટે કોને ઇચ્છા નથી? પણ એ સુખ કયે રસ્તે પ્રાપ્ત થાય છે તે પ્રથમ દરજ્જે વિચારવાનું છે. જેઓને લઘુવયમાં નીતિનું શિક્ષણ મળેલું છે તેઓ કદાપિ આડમાર્ગે નહિ જતાં સત્ રસ્તે ચાલી પોતાનું અમૂલ્ય જીવન સુધારે છે પણ જેઓને કુસંગનો પ્રસંગ છે તેઓને આવાં પુસ્તકો કદી પણ ઉપયોગી થઈ શકે જ નહિ એ તો નિર્વિવાદ છે.

આવાં પુસ્તકોનો જેમ બને તેમ વિશેષ પ્રચાર થાય અને તેનો જનસમાજ લાભ લે તે માટે આ વિષયનો પ્રથમ સાંજ વર્તમાન પેપરમાં અખતરો કરવામાં આવ્યો હતો.

જેમ જેમ આ વિષય ચર્ચાતો ગયો તેમ તેમ તેનો લાભ ઉત્સાહથી ઘણા લોકોએ લીધો અને છેવટે ઘણા તરફથી એવી માંગણી કરવામાં આવી કે આવા વિષયનું એક સારૂં પુસ્તક તૈયાર થાય તો તેનો લાભ ઘણા મનુષ્યો લઇ શકે, તે ઉપરથી મેં આ પ્રયાસ કરેલો છે.

આ છેવટનું પુસ્તક છે તેમાં કાંઇ દોષ દૃષ્ટિ દેખાય તો સારગ્રાહી થઈ હંસ જેમ પાણી પડતું મુકી દુધનો આહાર કરે છે તે જ પ્રમાણે આમાં કાંઈ સારૂં દેખાય તેનું ગ્રહણ કરવું ને દોષવાળું દૃષ્ટિગોચર થાય તેને પડયું મુકવું એ જ કર્ત્તાની અગ્રિમ વિનંતી છે.

મે. સાંજવર્તમાનપત્રના અધિપતિ ને માલેક મિ. વાચ્છા ગાંધીનો આ જગ્યાએ મારે ઉપકાર માનવો પડે છે કે તેઓ સાહેબે મને આ પુસ્તક બહાર પાડવામાં અનેક તરેહની મદદ કરી છે એટલું જ નહિ પણ આ ઉપયોગી વિષયને પોતાના પેપરમાં દર શનિવારે દાખલ કરી મહાન ઉપકાર કર્યો છે. જો તેઓ સાહેબે

મન ઉપર લીધું ન હોત તો આ પુસ્તકનો જન્મ થવો બહુ જ દુષ્કર હતો.

આ પુસ્તકના પ્રુફ વિગેરે સુધારવામાં મને મારા સ્નેહી રા. રા. જયશંકર ગણપતરામ તથા રા. રા. શિવલાલ ધનજીભાઇએ ઉત્સાહથી મદદ આપી છે તેનો પણ આ જગ્યાએ ઉપકાર માનવો ઘટે છે. વળી એ સિવાય રા. રા. દરબાર રૂપસંગજી કાળુજીએ પણ પુસ્તક છપાવવાના કાર્યમાં મને ઘણી મદદ આપી છે તેનો પણ આ જગ્યોએ મારે ઉપકાર માનવો ઘટે છે.

મુ. પાટણ
(ઉત્તર-ગુજરાત)
તા. ૧-૧-૧૯૨૯.
ઠે. ગુગડી દરવાજો.

ભવદીય
મગનલાલ શંકરભાઇ પટેલ.
સાદી શિખામણના
પ્રકાશક.





અખંડ પ્રૌઢ પ્રતાપ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ ધર્મધુરંધર સંસ્થાન
લીંબડીના નેક નામદાર મહારાણા શ્રી દોલતસિંહજી
સાહેબ બહાદુર કે. સી. એસ. આઈ.
સંસ્થાન લીંબડી (કાઠિયાવાડ)

सत्य परं धी मही ॥

ઉત્સર્ગ.

અખંડ પ્રૌઢપ્રતાપ નેક નામદાર ખુદાવિંદ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ ધર્મધુરંધર મહારાણાશ્રી ૭ મહારાણા શ્રીદોલતસીંહજી બહાદુર કે. સી. એસ. આઈ. સ્વસ્થાન લીંબડી (કાઠીયાવાડ).

નામદાર સાહેબ,

આપ નામદાર સાહેબે શરૂઆતથી જ લીંબડીની પ્રજાનું હિત હૈડે ધરી અનેક જાતના ઉત્તમ સુખ આપી નમુનેદાર રામરાજ્ય બનાવ્યું છે એટલું જ નહિ પણ રાજ્યના ધારાધોરણો સુધરેલા રાજ્યની પંક્તિએ મુકી જાતી દેખરેખ નીચે મહાન સુધારા કર્યા છે. આપ એક મહાન રાજકર્ત્તા છતાં નિરાભિમાન પણે રહી સનાતન ધર્મનું પાલન કરો છો, વિદ્યા, હુન્નર અને ખેતીવાડીના અનેક સુધારા વધારા કરી પ્રજાને કેળવણીનો ઉત્તમ લાભ આપો છો, અરજદારોની અરજ જાતે સાંભળી તેમને યોગ્ય મદદ આપો છો, ખેડુતોને કરના બોજામાંથી મુક્ત કરી સુખી કર્યા છે, ભારતવર્ષમાં ચાલતી અનેક લોકોપયોગી

સંસ્થાઓને સહાયભુત થયા છો, નીતિ-ધર્મનું રક્ષણ કરી સાધુ, સન્યાસી ને બ્રહ્મચારીઓ માટે આશ્રમો ખોલી ઉત્તજન આપો છો, કોઇ પણ યાચક આપના રાજયમાં આવી નિરાશ થયો નથી, ઉછરતા ગ્રંથકારોને યોગ્ય આશ્રય આપી સાહિત્યની ઉત્તમ સેવા કરો છો, વિદ્યાની વૃદ્ધિ કરવા અભિરૂચી ધરાવો છો, ઇત્યાદી ઇત્યાદી આપ નામદારશ્રીના મહાન સદ્દગુણોથી આકર્ષાઇ મારૂં **"સાદી શિખામણ"** નામનું પુસ્તક આપશ્રીને અર્પણ કરૂં છું તેનો સ્વીકાર કરવા કૃપાવંત થશોજી. એજ નમ્રપણે વિનંતિ.

મુ. પાટણ.	હું છું આપનો કમતરીન તાબેદાર સેવક
(ઉ. ગુજરાત).	**મગનલાલ શંકરભાઈ પટેલ**
તા. ૧-૧-૧૯૨૯.	ના હજુરમાં કુરનશ માન્ય રાખશોજી.

નેક નામદાર અખંડ પ્રૌઢ પ્રતાપ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ શ્રીમંત મહારાણાશ્રી દોલતસિંહજી સાહેબ બહાદુર કે. સી. એસ. આઇ. સંસ્થાન લીંબડીના મહારાજા સાહેબનું

સંક્ષિપ્ત

જીવન વૃત્તાન્ત.

પૂર્વાશ્રમ.

મહારાજા મહારાણાશ્રી દોલતસિંહજી બહાદુરનો જન્મ સંવત ૧૯૨૩ ની સાલના અષાઢ વદી ૬ ને રોજ થયો છે. આજે તેમને ૬૨ મું વર્ષ ચાલે છે. જામનગરના જામશ્રી વિભાજી સાહેબના માતુશ્રી સોનીબા સાહેબ તેવણ સાહેબનાં ફુઈબા થતાં હતાં. જામશ્રી રણમલજી જામનગરમાં મહારાજા સાહેબ પાસે રહેતા હતા, ત્યારે દાદભાસાહેબને ગુજરાતી અને અંગ્રેજી કેળવણી જામનગરમાં આપવા ગોઠવણ કરી હતી. અસલના એ કાળમાં ક્ષત્રિઓ અભ્યાસ કરવામાં પછાત હતા પરન્તુ મુળજીભાઇ દરબારે દાદભાસાહેબને અંગ્રેજી કેળવણી મેટ્રીક સુધી આપી હતી.

ઇમ્પીરીઅલ લાન્સર્સના કમાંડીંગ થયા.

ઇ. સ. ૧૯૮૮ માં નામદાર બ્રિટીશ સરકારે એવો ઠરાવ કર્યો કે દરેક ફર્સ્ટકલાસ સ્ટેટ બસો ઘોડેસ્વાર રાખે અને સરકારને જરૂર પડે ત્યારે મદદ કરવા મોકલે. તેની મીલીટરી ટ્રેનિંગ સરકારના ઓફી-સરો આપે પણ રાજ્ય કુટુંબનો કોઇ અંગ્રેજી ભણેલો મળી આવે તો પુના મીલીટરી લાઇન્સમાં ટ્રેનિંગ લેવા મોકલવા. તે ઉપરથી નામદાર મહારાજા સાહેબને વિનંતી કરી તેથી તે વખતના દીવાન સાહેબ મગનલાલ બાપુભાઇ વૈદે દાદભા સાહેબને એ કાર્ય શીખવા મોકલવા ભલામણ કરી તે મંજુર થઇ અને પુને તે શિક્ષણ લેવા પધાર્યા. એ કેળવણીમાં પસાર થઇ. ઈ. સ. ૧૮૯૪ ની સાલમાં તેઓ નામદાર સાહેબ જામનગરમાં પધાર્યા તે વખતે જામનગરના ઇમ્પીરીઅલ લાનસર્સના

કમાંન્ડીગ ઓફીસર તરીકે રૂપિઆ બસોના પગારથી નીમનોક થઈ. પોતાના હાથમાં એ ખાતું આવ્યા પછી તેઓ સાહેબે ઘણુ રજપુતોને જ એ ખાતામાં રાખ્યા ને ઘણા જ્ઞાતિ બંધુઓને મીલીટરી કેળવણી આપી ઉંચે દરજ્જે ચડાવ્યા. આ વખતે સંસ્થાન પોરબંદરના હાલના દીવાન સાહેબ જાડેજા શ્રી પ્રતાપસિંહજી સાહેબ તે વખતે જામનગરમાં લાન્સર્સમાં જમાદારના હોદે તેઓ સાહેબના તાબામાં હતા.

જામવિભાનું અવસાન અને એડમીનીસ્ટ્રેશન.

સંવત ૧૯૨૫ માં મહારાજા જામશ્રી વિભાજી દેવ થયા ને રાજ્યનો કારભાર સરકારના એડમીનીસ્ટ્રેટર ડબલ્યુ. પી. કેનેડી સાહેબના હાથમાં સોંપાયો. તેઓ સાહેબ આવતાં વેંત જ દાદભા સાહેબના કામથી ઘણા જ ખુશી થયા અને આસ્ટ્રેલીયા, વિલાયત અને યુરોપની મુસાફરી તેઓ સાહેબ પાસે કરાવી મીલીટરી ખાતાનો વિદેશી અનુભવ તેઓ સાહેબને ઘણો જ અપાવ્યો.

તેઓ નામદારશ્રી જ્યારથી અભ્યાસ કરતા હતા ત્યારથી જ તીક્ષણબુદ્ધિ, સમય સુચકતા, અને ઉંચ સદ્‌ગુણો તેઓમાં ભરપુર હતા. એટલું જ નહિ પણ વિનય અને વિવેકમાં બહુ જ આગળ પડતા હતા. તે સાથે સ્વભાવે બહુ જ નમ્ર ને દયાળુ હતા. તેઓની મુળથી સોબત ઉચ્ચ વર્ણની નાગર કોમના સદ્‌ગુણી સ્કોલરો સાથે હતી અને તેઓ સાથે હમેશાં ફરવા હરવા જતા તે વખતે વિદ્યાના વિષયોનું વર્ણન કરી આનંદ લેતા હતા. ન્હાની વયથી જ તેમને સત્સંગ ઉપર અનહદ પ્રીતિ હતી અને હમેશાં ઇશ્વરભક્તિ પ્રેમથી કરતા એટલું જ નહીં પણ મહાભારત, રામાયણ ભાગવત વિગેરેની કથાઓ શાસ્ત્ર પારાંગત કાલીદાસ શાસ્ત્રીના મુખથી સાંભળવા હમ્મેશાં તેમના સદને જતા. વળી રાત્રિના સમયે દીવાન સાહેબ મગનલાલભાઇ પાસે નારણજી શાસ્ત્રી કથા વાંચતા હતા તે સાંભળવા પણ હમેશાં ઉત્સાહથી જતા, એટલે કુમળી વયથી જ ધર્મના સંસ્કારો ઘણા ઉંચા તેમના પવિત્ર મગજ ઉપર વાસ કરી રહ્યા હતા. લાન્સર્સમાં

ઘોડા ઉપર સો માઇલની મુસાફરી એક દિવસમાં કરતા તેમની ચાલાકી ઘણી હતી. તેઓ ઉદ્યોગીને ઉમંગી હતા.

લીંબડી રાજ્યમાં આવવાનું પ્રારબ્ધ.

સંવત ૧૯૬૩ માં મર્હુમ મહારાણા સર જશવંતસિંહજી કે. સી. એસ. આઈ લીંબડીના ઠાકોર સાહેબને વિચાર થયો કે આપણે હવે કાંઈ પ્રજા થવા દૈવ અનુકુળ નથી તો કોઈ લાયક ગાદીવારસને દત્તક લેવા જરૂર છે. તેથી પોતાના અમાત્ય મંડળમાં વાત કરી ત્યારે નામદાર દાદભા સાહેબ છે તેનું ઝાલા કુટુંબ લીંબડીનું ભાયાત હતું અને તેમને ચલાળા ગામ ભાયા ભાગમાં મળેલું હતું તેનો ભાગ લાગ સંભાળવા વખતો વખત લીંબડીમાં પધારતા અને મર્હુમ ઠાકોર સાહેબને મળ્યા વગર અને માન આપ્યા વગર જતાજ નહિ. કોઇ વખતે સહકુટંબ પધારતા તે વખતે યુવરાજ સાહેબ દીગવિજયસિંહજી માત્ર બે ત્રણ વર્ષના બાળક હતા પણ તેનું સ્વરૂપ દેવ જેવું અને ભવ્ય મૂર્ત્તિ હતી અને બુદ્ધિની તીવ્રતા અને ચાલાકી જોઇ મર્હુમ ઠાકોર સાહેબને આ કુમારશ્રીને ખોળે લેવા વિચાર થયો અને તે પ્રમાણેનું કાર્ય સત્વર કરી લેવા પોતાના અમાત્ય મંડળને વિચાર દર્શાવ્યો, પણ અનિવાર્ય કારણથી તે વિચાર થોડી મુદત બંધ રહ્યો.

લીંબડી રાજ્ય મહેલમાં અગ્નિનો દેખાવ.

સં. ૧૯૬૩ના સીયાળામાં રાત્રિના વખતમાં રસોડાના ભાગમાંથી અચાનક અગ્નિ દેવતાનો પ્રકોપ થયો અને પાણીની સગવડ તે વખતે કંઇ નહિ હોવાથી મર્હુમ ઠાકોર સાહેબ તથા તેમનાં અ–સૌ રાણી સાહેબ પહેરેલે લુગડે મહેલ બહાર અગ્નિમાંથી જીવ બચાવવા પ્રભુ કૃપાથી નીકળી આવ્યાં અને લાલ બંગલે રહેવા પધાર્યા અને પાછળથી તમામ રાજ્યમહેલ તેની અંદરના કીમતી રાચરચીલાં, દરદાગીના સહીત સળગી ગયાં ત્યારથી પોતાના મનસાં વૈરાગ્યવૃત્તિ વિશેષ ઉત્પન્ન થઇ. મર્હુમ ઠાકોર સાહેબ હરહંમેશ સાધુસંત, સન્યાસીઓ અને વિદ્વાન શાસ્ત્રી-

ઓના સહવાસમાં વિશેષ રહેતા અને વેદાંત તથા ગીતાજીનું અધ્યન કરતા હતા, તેમજ અંગ્રેજી ભાષણ વધુ છુટથી સારૂં કરતા તેમજ ગુજરાતીમાં પણ ભાષણ કરતા અને ધર્મધુરંધર હતા. લીંબડી રાજ્યમાં સર્વ પ્રજાને ધર્મપરાયણ રાખનાર એ મર્હૂમ હતા. જેની યશ કીર્તિ આજ પણ સર્વ જગ્યાએ ગવાઇ રહી છે. તેમણે પોતાની હયાતીમાં સનાતન ધર્મના અનેક કાર્યો ઉત્તમ રીતે કરેલાં છે.

મહારાજા દોલતસિંહજીના નસીબનો ઉદય.

નામદાર મહારાણા દોલતસિંહજી ઠાકોરસાહેબ જામજશાજીના વખતમાં જામનગરમાં રાજ્ય ખટપટ વધી જતાં ત્યાંથી પોતાની નોકરીનું રાજીનામું આપી પોતાનો સરસામાન અને જોખમ લઇ લીંબડી પધાર્યા અને મર્હૂમને બધુ સોંપીને પોરબંદર રાજ્યમાં સેનાધીપતિ નીમાતાં પોરબંદરના રાણાસાહેબ ભોજરાજજી પાસે ગયા. ત્યાં કેટલાંક વર્ષો રાજ્યમાં સંતોષકારક અને લોકપ્રીયતા મેળવાય એવી રીતે નોકરી બજાવી. દરમ્યાન લીંબડીના ઠાકોર સાહેબ સર જશવંતસિંહજીની તબીયત બગડો અને પોતે રાજ્યકુટુંબ સહિત મહાબળેશ્વર પધાર્યા. ડાકટરોને તબીયત બતાવી દવા કરી પણ સાજા થાય એવું જણાયું નહિ એટલે પોતે ગાદીવારસ તરીકે કુંવરશ્રી દીગવિજયસિંહજીને લેવા તે કરતાં તેના પિતા હાલના ઠાકોર સાહેબને જ વારસ બનાવવા ઉત્તમ વિચાર સ્ફુર્યો અને પોતાનાં રાણી સાહેબ અને કારભારી મંડળને તે વિચાર જણાવતાં લખતરના મર્હુમ ઠાકોર સાહેબ કરણસિંહજી સી. આઇ. ઈ. કે જે મર્હૂમ જશવંતસિંહજીના પરમ મિત્ર ને સ્નેહી હતા તેની સલાહ લેવા તાર કરતાં તે મહાબળેશ્વર પધાર્યા. તેઓ નામદારશ્રીએ મર્હૂમના વિચારને અનુમોદન આપ્યું એટલે નામદાર મુંબઈના ગવર્નર સાહેબને ખબર આપ્યા કે તેમની તબીયત ઠીક રહેતી નથી અને હયાતી લાંબી રહે તેમાં શંકા છે તેથી લીંબડીના ભવિષ્યના રાજા તરીકે દોલતસિંહજીને મેં પસંદ કર્યા છે ને તેના નામનું વસીયતનામું મારી સહીથી કરી

આપ્યું છે. એ પ્રમાણે જાહેર કર્યું અને પોતે થોડા દિવસમાં દેવ થયા તે પહેલાં દોલતસિંહજીને તાર કરી પોરબંદરથી મહાબળેશ્વર બોલાવ્યા હતા. આ પ્રમાણે હાલના મહારાજા દોલતસિંહજી લીંબડી રાજ્યના માલેક થયા અને આજે આ વાતને વીશ વર્ષ થઇ ગયાં છે.

રાજ્યાભિષેક.

ઈ. સ. ૧૯૦૮ ના ફાગણ માસમાં ના. વુડ સાહેબે લીંબડી રાજ્યની લગામ ના. દોલતસિંહજી સાહેબને સોંપી હતી. નામદાર ઠાકોર સાહેબને દુનિયાનો બહોળો અનુભવ હતો અને નાનેથી મોટા થયા હતા એટલે ધીમે ધીમે રાજ્યના જુના અમલદારો ઝવેરભાઈ, નાથાભાઇ અમીન દીવાન તથા મેઘાભાઇ રેવન્યુ કમિશનર સાહેબ અને ના. ગંગાસ્વરૂપ બામા સાહેબની સલાહ લઇ રાજકાજમાં વાકેફ થયા અને રાજ્યમાં ધીમે ધીમે ઘણા સુધારા કર્યા છે. મર્હૂમ ઠાકોર સાહેબે એક યોજના લીંબડી શહેર ટાઉનપ્લાનની રીતે બાંધવા વિચાર લખી રાખ્યો હતો અને આખા શેહેરની માપણી કરાવી નકશા કરાવી તૈયાર કર્યા હતા તે પ્રમાણે હાલના ઠાકોર સાહેબે એમના પિતાના વિચારો અમલમાં મુકવા મન ઉપર લીધું અને લોકોને સમજુત કરી કરીને આ વીશ વર્ષમાં મર્હૂમની ઇચ્છા મુજબ આખું લીંબડી શહેર નવું બંધાવ્યું છે. લીંબડીના કેટલાક ભાગો બહુ ગંદા ને સાંકડા મે મેલેરીયાના જંતુ, પ્લેગના જંતુ અને કોલેરાના જંતુ ઉત્પન્ન કરે એવા હતા અને તેને લીધે ગામમાં હવા ખરાબ રહેતી હતી તે બધા ભાગો આજે હવા અજવાળાવાળા ખુલ્લા થઈ ગયા છે અને ગામમાં કોઈપણ જાતનો ચેપી રોગ હવે આવતો નથી. હેલ્થ ખાતાના નિયમો પ્રમાણે અને સેનીટરીના ધોરણ પ્રમાણે આખા શેહેરનું નવું બંધારણ થવાથી લીંબડી આજે શોભાદાર શહેર લાગે છે. તે મકાનોને દુકાનો બજાર વગેરે ભાગો પણ જોવા લાયક અને મનને આંનંદ પમાડે એવા થયા છે.

લીંબડીમાં નવાં બાંધકામો અને જાહેર સંસ્થાઓ.

નામદાર દોલતસિંહજી ઠાકોર સાહેબના રાજ્ય અમલમાં લીંબડીમાં નીચેનાં બાંધકામો થયાં છે.

(૧) વેલીંગટન ગર્લ સ્કુલ. (૨) ધી જ્યોર્જ રજપુત કોરોનેશન બોર્ડિંગ. (૩) સર જશવતસિંહજી હાઇસ્કુલ. (૪) ટાઉન હોલ અને લાઇબ્રેરી. (૫) કરણુસિંહજી સ્કેવેર અને ફોંટિન. (૬) યુરોપીઅન ગેસ્ટહાઉસ. (૭) દીગભુવનપેલેસ. (૮) વોટર વર્કસ એન્ડ ઇલેકટ્રીકલ વર્કસ. (૯) ઘનશ્યામ નિવાસ. (૧૦) નટવર નિવાસ. (૧૧) જશવંત નિવાસ. (૧૨) સેક્રેટેરીએટ હાઉસ. (૧૩) થીએટર. (૧૪) વોટસન વેજીટેબલ મારકેટ. (૧૫) જશવંતસિંહજી તળાવ. (૧૬) ફતેસિંહજી જીનીંગ ફેકટરી (૧૭)દોલતનિવાસ બાગમાં તખ્તેનિવાસ અને હરીનિવાસ બંગલા. (૧૮) શેઠ ઉગરચંદની કન્નાશાળા. (૧૯) કોઠારી છોટાલાલની જૈન બોર્ડિંગ, (૨૦) સ્થાનકવાસીની બોર્ડિંગ. (૨૧) જશવંતસિંહજી બ્રાહ્મણ બોર્ડિંગ.

એ ઉપરાંત ના. દોલતસિહજી ઠાકોર સાહેબે હાઇસ્કુલની કેળવણી લેવા તમામ વિદ્યાર્થીઓને ફી વગર કેળવણી આપવાનું ઠરાવ્યું છે તેથી ઘણા વિદ્યાર્થીઓ ગુજરાતી અંગ્રેજી કેળવણી લે છે.

ધર્મ કાર્યની સંસ્થાઓ.

જગન્નાથ શાસ્ત્રીનો આશ્રમ ઘણો વખાણુવા લાયક છે, તેમાં ઘણા સંન્યાસીઓ રહે છે તેના કાયમી નિભાવ માટે ત્યાં એક અન્નક્ષેત્ર બાંધવામાં આવ્યું છે. તેમાં રૂપિઆ ચાલીસહજાર આપી ટ્રસ્ટી નિમવામાં આવ્યા છે ને ત્યાં કાયમી અન્ન દરેક સાધુ સન્યાસીને હમેશાં મળે છે. બીજું રામમંદીર, જસુનાથ વિગેરેમાં સદાવ્રત ચાલુ કર્યાં છે. શહેરમાં સંસ્કૃત પાઠશાળા સારા પાયા ઉપર સ્થાપવામાં આવી છે. બ્રાહ્મણુના છોકરાઓ સંધ્યા ગાયત્રી ને કર્મકાંડ શીખે તે માટે જગન્નાથ આશ્રમમાં શુકલની ગોઠવણુ શિક્ષણુ ક્રમવાર કર્યું છે ને દર અમાસે પોતે જાતે પધારી પરીક્ષા

લઇ દરેક પુરી હાજરી રાખનાર વિદ્યાર્થીઓને એક એક રૂપિઓ દક્ષિણા આપે છે. કન્યાઓને ઉત્તમ શિક્ષણ દરેક વિષયનું ને હુન્નર ઉદ્યોગનું આપવા લેડી સુપ્રીન્ટેન્ડેન્ટ અંગ્રેજ ખાતું નીમીને પણ ઘણા ઘણા વર્ષથી કરી છે તેથી કન્યાઓ પણ બહુ પ્રવીણ ને લાયક બનતી થાય છે. ગાયન શીખવવા વિદ્યાર્થીઓ માટે નિશાળમાં ગાયન શાસ્ત્રી રાખી ગોઠવણ કરી છે. ૮·૪૫ અને એવું બીજું શિક્ષણ આપવા પણ ગોઠવણ કરી છે. ખેતીવાડી, વૈદક, ઉદ્યોગ હુન્નરનું ને યુનવરસીટીમાં વધારે જ્ઞાન સંપાદન કરવા વિદ્યાર્થીઓને સ્કોલર-શીપો આપે છે. મહાજનની પાંજરા પોળમાં વરસોવરસ ઘાસ તથા રોકડ રકમ આજે વીશ વર્ષથી અપાયા કરે છે અને કેટલાંક ગૌચરો ઢોરો માટે મફત ચરવાને માટે કાઢેલાં છે–એ સિવાય કલકત્તા, મુંબઇ, પાટણ અને રાજકોટ અને એવા મુખ્ય મુખ્ય ગામોની જાહેર સંસ્થાઓને પણ મોટી મોટી રકમો આપેલી છે અને બનારસ હિન્દુ યુનીવરસીટીમાં એક લાખની રકમ આપી છે. અનાથાશ્રમો અને બહેરાં–મુગાંની સંસ્થાઓ જ્યાં જ્યાં ચાલે છે ત્યાં પણ વાર્ષિક રકમો દર સાલ મોકલાવે છે. આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે તેઓની વૃત્તિ હમેશાં પ્રજાના ભલા માટે જ પ્રયાસ કરી રહી છે. તેઓ ધર્માત્મા ને પરોપકારી છે. મોટું રાજ્ય મળ્યા છતાં જનસમાજના કલ્યાણને માટે સતત્ યત્ન કરવા હમેશાં પ્રયત્ન કરી રહ્યા છે તે જ તેમનું ઉંચુ ચારિત્ર અન્ય મહારાણાશ્રીને ખરેખર ધડો લેવાનું છે.

દીનચર્યા.

પ્રભાતમાં વહેલા ચાર વાગે તેઓ નામદારશ્રી ઉઠે છે, ને પુજન, પાઠ ને ગીતાજીનો અભ્યાસ કરીને બહાર ફરવા પધારે છે પછી હવેલી તથા મોટા મંદીરમાં ને જગુનાથમાં દર્શને પધારે છે અને દશ વાગે ખાસ વાંચે લખે છે અને બાર વાગે આરોગવા પધારે છે, સાડાબારે કચેરીમાં પધારી ઓફીસનું કામકાજ કરે છે

ને અરજદારોની અરજ સાંભળે છે અને ત્રણ વાગે આરામ લેવા પધારે છે. ચાર વાગે સાંજે ટપાલનું કામ કરીને કોઇ આવ્યા ગયા ગૃહસ્થોની મુલાકાત લે છે. છ વાગે ગામમાં ફરવા પધારે છે ને દર્શન કરીને ગામ બહાર ફરવા પધારે છે અને આઠ વાગે મશાલની કચેરી કરે છે ત્યાં ચારણ, ભાટ, મીજમાનોની મુલાકાત લે છે અને સાડા આઠથી નવ સુધી ભજન કીર્તન કથા તથા વિદ્વાનોનો સમાગમ રાખે છે, ત્યારબાદ જનાનામાં પધારી સૌ કુટંબીને મળે છે દશ વાગ્યા પછી ભજન સાંભળે છે અને અગિયાર વાગે પોઢી જાય છે.

પોતે વિષ્ણુયાગ, સહસ્રચંડી ને મહારૂદ્ર આદી ધર્મકાર્યો ઘણાં કર્યાં છે અને ચારે ધામની યાત્રા કરી આવ્યા છે તેથી આ માહારાજા લીંબડીમાં ધર્મ ધુરંધર મહારાજા કહેવાય છે.

રાજ્ય કુટંબ.

પોતાના રાજ્યના બામા સાહેબ હયાત છે. અને તેનાં દર્શન કરવા હમેશાં પોતે પધારે છે અને હમેશાં બામા સાહેબ પાસે સવાર સાંજ વેદાંતની કથા વંચાય છે. બામા સાહેબ પણ ધર્મવાન, નીતિવાન અને શ્રદ્ધાવાન ગૌબ્રામણ પ્રતિપાલક છે અને ઉદાર દિલના છે, અને નામદાર ઠાકોર સાહેબ દોલતસિંહજી ઉપર પોતાના પેટના ફરજંદ માફક પ્રેમભાવ ધરાવે છે. મહારાણી સાહેબ બાલુબા સાહેબ નામદાર ઠાકોર સાહેબના રાણીસાહેબ પણ હમેશાં ઠાકોરસાહેબની સેવા કરવામાં વખત લીએ છે અને નીતિધર્મ પરાયણ રહે છે. તેઓને મલતી જીવાઈમાંથી ધર્મકાર્યના ઉતમ કાર્યો કરી રહ્યાં છે અને અનાથ બ્રાહ્મણોના પુત્રોને જનોઇ દેવામાં તથા દાન દેવામાં ને સાધુસંતો આવે જાય તેનો સત્કાર કરવામાં ને કુટુંબના ગરીબ સગાંવહાલાંઓને મદદ કરવામાં પોતાના પૈસાનો સદ્દવ્યય કરે છે. નામદાર ઠાકોર સાહેબને ૪ કુમારો ને બે કુંવરી સાહેબો છે

એક મોટાં કુંવરીસાહેબ રૂપાળીબાના લગ્ન મહારાજા નટવરસિંહજી પોરબંદરના રાણાસાહેબ સાથે કર્યા છે. તે ઘણાં સદ્ગુણી ધર્મવાન છે અને દયાળુ તેમજ રાજ્યની શોભા વધારે એવાં છે અને અંગ્રેજી કેળવણી લઇ હુંશિયાર બન્યાં છે. બીજાં કુંવરી નાનીબા સાહેબ પણ હજુ અંગ્રેજી કેળવણી લે છે અને દરેક રીતે સદ્ગુણીને લાયક છે. તેમનું સગપણ હજુ કર્યું નથી.

નામદાર દીગવિજયસિંહજી મોટા પાટવી યુવરાજ સાહેબ ૩૨ વર્ષની ઉમરના છે. તેમણે રાજકુમાર કોલેજમાં કેળવણી લીધી છે. ડેરાડુન કાડકોર્સમાં કેળવણી લીધી અને પછી વિલાયત પોતાનો અભ્યાસ વધારવા પધાર્યા હતા. ત્યાંથી ઉંચી કેળવણી લઇ આંહી રાજ્યકારભારમાં જોડાયા છે અને રાજ્યનું કેટલુંક કામકાજ તેઓ પોતે કરે છે. ન્યાયશાસ્ત્ર, ફીલસુફી, રેવન્યુ કામ, હીસાબી કામ, સરવે કામ અને બાગબગીચાનું અને એગ્રીકલચરનું કામ ને ઇન્જીનીયરીંગનું કામ ઘણું સારૂં જાણે છે અને એવો અનુભવ ધરાવનાર બીજા રાજકુમારને અમોએ અત્યાર સુધી જોયા નથી. વળી રાજસ્થાનો અને બ્રિટીશ સરકાર સાથે કેવા પ્રકારના તહનામાં થયાં છે અને તેમાંના અત્યારે કેટલા પળાય છે ને કેટલા પળાતા નથી અને રાજ્યોની સ્વતંત્રતા ઉપર બ્રિટીશ સરકારે કયાં કયાં વચ્ચે આવવું ધાર્યું છે તે બધું તમામ રાજ્યોમાં ગેઝીટીયર વાંચન એક મોટું પુસ્તક ફુલ્સકેપ પાના કદનું છપાવ્યું છે, તે વાંચી તમામ રાજાઓ તેમજ કારભારીઓ આ નામદાર યુવરાજ સાહેબની અગાધ સમજ શક્તિ અને લખાણ પદ્ધતિ જોઈ આનંદ ને સંતોષ પામે છે. વળી તેઓ પવિત્ર જીવન ગાળે છે, સાદા છે અને કુટુંબ વાત્સલ્ય છે, પ્રજાપર પ્યાર રાખે છે ને કેળવણીના હીમાયતી છે ને જુઠ ને અત્યાચારને ધિક્કારનારા છે, નેકી ટેકી ને દયાળુ છે તેઓ સાહેબને હમેશાં સત્ય પ્રીય છે અને બ્રહ્મચર્ય પાળનારા અને સનાતન ધર્મવાન છે. ભાષણ અંગ્રેજીને ગુજરાતી બહુ સારૂં કરે છે ને લાયકાતે ઘણા સારા છે વળી ઉદ્યોગી, ઉત્સાહી ને ઉમંગી છે. પિતા ઉપર પૂર્ણ ભક્તિભાવ ધરાવે

છે. માતા ઉપરનો પોતાનો અખંડ પ્રેમ છે અને રાજ્ય કુટુંબને પણ બહુ સારી રીતે રાખે છે. ના. યુવરાજ સાહેબ ઇડરના રાઠોડ મહારાણા શ્રી કેસરીસિંહજીની કુંવરીને પરણ્યા છે અને ખુદ રાણીસાહેબ પણ ઘણાં લાયક, વિવેકી ને સદ્‌ગુણી ધર્મવાન અને પોતાના સાસુ સસરાની આજ્ઞામાં રહી સદ્‌વર્તન રાખી રહ્યાં છે ને ભારે સુવાસ પ્રજામાં તેમ જ રાજ્ય કુટંબમાં મેળવી છે. તેમને સનાતન ધર્મ ઉપર અત્યંત પ્રીતી છે.

ના. યુવરાજના યુવરાજશ્રી રાયરાજેંદ્રસિંહજી ૧૨ વર્ષની ઉમરના થયા છે, તે હાલ રાજકુમાર કોલેજમાં રાજકોટ અંગ્રેજી અભ્યાસ કરે છે. ના. યુવરાજસાહેબને બે કુવરી સાહેબો છે. તેઓ પણ મહેલમાં અંગ્રેજી કેળવણી લે છે અને બહુ જ બુદ્ધિશાળી અને વિવેકી છે.

ના. યુવરાજસાહેબથી બીજા કુંવરસાહેબ રાજરાણા પ્રતાપસિંહજી સાહેબ છે અને તેઓએ પણ રાજકુમાર કોલેજમાં તેમજ વિલાયતમાં કેળવણી લીધી છે. તેમને ફીલસુફીનો શોખ છે અને બાગબગીચાનો શોખ છે. તેમ હમેશાં ઉત્તમ પુસ્તકો વાંચવામાં ને બગીચાના સુધારા વધારામાં પોતાનો વખત કાઢે છે. તેમ જ વેદોનું અધ્યયન હમેશાં કરે છે. સમાભાવના સારી છે ને ઉદાર દીલના દયાળુ ને સ્વચ્છવર્તન ને અંતઃકરણવાળા છે. તેઓને બે કુવર એક કુંવરી છે.

ત્રીજા નંબરના કુંમાર રાજરાણા ફતેસિંહજી સાહેબ છે. તેઓ સાહેબે જુનાગઢ બહાઉદ્દીન કોલેજમાં ને પુના ફરગ્યુસન કોલેજમાં ઉંચી કેળવણી લીધેલી છે ને બી. એ. એલએલ. બી બારીસ્ટર એટ લો વિલાયતમાં થયા છે. તે બહુ જ બુદ્ધિશાળી ને ઉદ્યોગી, ખંતીલા, ઉત્સાહી ને કાર્યદક્ષ છે-હાલમાં તેઓ લીંબડીના મુખ્ય કારભારી સાહેબના હોદ્દાઉપર બિરાજે છે ને રાજ્યકારભારનું સર્વેકામ પોતે ચલાવે છે.

ચોથા કુમારસાહેબ ઘનશ્યામસિંહજી રાજરાણા છે તેઓએ પુનામાં ખેતીવાડીની કેળવણી લીધી છે તથા રા. આ. કી. કરપાસે

તેમજ ડાકટર અપા પાસે ખેતી અને બાગનું કામ સીખી પુરતે અનુભવ લીધો છે, અને લીંબડી રાજ્યમાં અમેરીકાને વિલાયતના ટ્રેકટરહળ, ઘાસ કાપવાના સંચા અને એવાં બીજાં ખેતર ખેડવામાં ને ખળાંમાં અનાજ તૈયાર કરવાના તમામ ઓજારો ટ્રેકરથી જાતે ચલાવી ખેડ કરે છે ને રાણુાગઢ તાલુકાની જમીન ઉતમ પ્રકારની બનાવી ટ્રેકટરથી પોતે ખેડે છે. તેના કામથી ખેડુતો ઘણા ખુશી થયા છે ને ખેડુતો ઉપર પોતે બહુ જ હેત રાખે છે ને "ખેડુત જેવો હું છું" એમ કહે છે એવું બોલી ખેડુતોનો પ્યાર મેળવતા જાય છે! ને ખેડુતોને ખેતી આબાદ કેમ થાય તેજ યોજના કરે છે. હાલમાં તે અમેરીકા વધારે ખેતીની કેળવણી લેવા જવાના હતા પણ કેટલાક જરૂરી કામમાં રોકાતાં તે વિચાર તુરત માટે મુલતવી રાખ્યો છે. ક્રીકેટ, ટેનીસ, વિગેરે મર્દાનગી રમતના ઘણા શોખીન છે અને દરેક મુંબઇમાં આવતી ક્રીકેટ મેચમાં તેઓ ચુંટાય છે ને રનની સારી સંખ્યા મેળવે છે. પોતે દયાળુ છે, ગુપ્ત દાનેશ્વરી છે ને કુટુંબવત્સલ ને સાદા વિવેકી ને નમ્ર રાજકુમાર છે ને ગરીબોપર પૂર્ણ દયા રાખે છે.

પૂર્વ જન્મના પુણ્યનો પ્રભાવ.

આપણા શાસ્ત્રોમાં લખ્યું છે કે જેવું કર્મ કરે તેવું ફળ પામે, પ્રારબ્ધ કર્મ નામદાર મહારાજા દોલતસિંહજીના ઘણાં ઉત્તમ છે. રંકના રાજા થવું એ મહદ્ પુણ્ય હોય તોજ થવાય. તે ઉપરથી સિદ્ધ થાય છે કે પૂર્વજન્મે તેઓશ્રી મોટા યોગીશ્વર હોવા જોઇએ ને તેમણે મહદ્પુણ્ય કર્યાં હોવાં જોઇએ ને ઉત્તમ કર્મ કર્યાં છે તેના જ પરિણામે દાદભામાંથી મહારાજા દોલતસિંહજી ઠાકોરસાહેબ થયા. તે એમનાં મહાન પુણ્યનું શુભ પરિણામ સુચવે છે, રાજા થયા પછી રાજ્યમદ, ધનમદ, અધિકારમદ ને અભિમાન ઘણાઓને આવે છે પરન્તુ પુણ્યનો પૂર્ણ પ્રભાવ જેનો હોય તેને તે મદો આવી શકતા નથી. નામદાર લીંબડી મહારાણાશ્રી દોલતસિંહજી સાહેબ બહાદુર એવા ઉંચા પુણ્યના પ્રભાવ-શાળી છે કે આંબો ફળે તેમ નિચો નમે તેમ તેઓ નામદાર રાજા

થયા એટલે નમ્રતા, વિવેક, સાદાઇ, નિરાભિમાનપણું ધર્મ પરાયણતા, ગોબ્રાહ્મણપર પ્રીતિ ન્યાયવૃતિ અને કોઇનું પણ દીલ દુખાય નહિ એવું કામકાજ કરવું અને ટાઇમસર સુવું ને ઉઠવું ને દીન ચર્યા કરવી અને નવા જન્મમાં પણ પ્રપંચમાં ભલી વિધીને ફરી જન્મ લેવા ન પડે એવું વર્તન રાખે છે. આવા રાજાઓ આપણા દેશમાં એક પણ હશે નહિ એમ મારૂં માનવું છે. હાલ તેમનું વય ૬૨ વર્ષનું છે છતાં સમયપાલકપણું ને કામકાજ કરવાના નિયમો, આહાર વિહારનું મિતાહારીપણું બહુ જાળવે છે અને પ્રજા અને નોકર વર્ગને અને સ્નેહીઓના તરફ પ્રેમભાવ રાખી રહ્યા છે. નેકી, ટેકી ને વિવેકી એ તેમના મહાન ગુણો જન્મથી અત્યારસુધી દીપી નિકળ્યા છે. ભારત વર્ષમાં એમના જેવા ઉત્તમ ગુણ ધરાવનાર જવલ્લે જ હશે? પરમ કૃપાળુ પરમાત્મા નામદાર મહારાજા દોલતસિંહજી સાહેબને તથા તેમના કુટુંબ પરીવારને સુખી રાખો, દીર્ઘાયુષ કરો, ને યશ આબરૂ વધારો, અને વિદ્વાન લેખકોને ઉત્તેજન આપવાની વૃત્તિ રાખતા રહો એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના છે.

અત્યારે લીંબડીના મહારાજાને મોટા મોટા રાજાઓ માન આપે છે ને તેમની સલાહ પુછે છે અને નામદાર બ્રિટીશ સરકારના મોટા મોટા ઓફીસર સાહેબો પણ લીંબડી મહારાજાના બોલપર પૂર્ણ ઇતબાર રાખે છે ને તેઓને માનની નજરથી જુએ છે. નામદાર શહેનશાહ જ્યોર્જ પંચમ પાદશાહ સાહેબે થોડા વખત પહેલાં ના. દોલતસિંહજી સાહેબને કે. સી. એસ. આઇ. નો માનવંતો ચાંદ આપ્યો છે આવા સર્વત્ર માન પામેલા યશસ્વી ને ધર્મશીલ ના. દોલતસિંહજી મહારાજા કરોડ વર્ષના થાઓ એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરૂં છું. શાંતિ, શાંતિ, શાંતિ.

દોહરા.

અંતરથી આશિષ દઉં, દોલતસિંહ દરબાર;
કોટી ગણી તમ પર કરે, કરૂણા જગ કીરતાર.
દીર્ઘાયુષ રહો તમે, તપો અવિચળ રાજ.
સુખ સંપત સૌ પામજો, ગુણીયલ ગરીબનિવાજ.

"સાદી શિખામણ" ના પુસ્તક વિષે મળેલા અભિપ્રાયો.

"સાદી શિખામણ" પુસ્તક પાંચમા વિષે મે. રા. રા. પ્રોફેસર જેઠાલાલ ચિમનલાલ સ્વામીનારાયણ એમ. એ, એમ. એલ. સી. ના ઉદ્દગારો.

શ્રીયુત મગનલાલ શંકરભાઈ પટેલ સાદી શીખામણનાં પુસ્તકો લખી ગુજરાત દેશની અને ગુજરાતી ભાષાની અસાધારણ અને અપૂર્વ સેવા બજાવી રહ્યા છે. તેઓ ધાર્મિક તેમજ નૈતિક શાસ્ત્રોમાં ઘણા નિષ્ણાત છે અને તેમણે સઘળાં શાસ્ત્રોનું દોહન કરીને તેમાંથી જે અમૃત તુલ્ય સાર જડયો તેનો સંગ્રહ કર્યો છે. જેવી રીતે શ્રીમદ્ ભગવદ્ગીતા માટે કહેવાય છે કે—

सर्वोपनिषदो गावो दोग्धा गोपाल नन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥

બધાં ઉપનિષદો ગાયો છે અને ગોપાલને આનન્દ પમાડનાર શ્રીકૃષ્ણ પરમાત્મા તે બધી ઉપનિષદ્ રૂપી ગાયોનું દોહન કરનાર છે. પૃથાનો પુત્ર અર્જુન વાછરડો છે. સારી બુદ્ધિવાળો ગીતાના મહાન્ અમૃતનો દુધ માફક ઉપભોગ કરશે.

તેવીજ રીતે શ્રીયુત મગનલાલભાઇ પણ સચ્છાસ્ત્રોમાંથી ઉપદેશરૂપી અમૃતનું દોહન કરી રહ્યા છે અને તેનો લાભ ગુર્જર પ્રજાને સાદી શીખામણના ગ્રન્થો મારફત આપી રહ્યા છે.

અત્યાર સુધી શ્રીયુત મગનલાલભાઇએ સાદી શીખામણના ચાર ગ્રન્થો બહાર પાડયા છે અને હવે તેઓશ્રી પાંચમો ભાગ પ્રજાના કરકમલમાં સાદર કરે છે. પ્રજાએ જેવો તેમના પ્રસિદ્ધ થયેલા ચાર ગ્રન્થોનો સત્કાર કર્યો છે તેવો જ સત્કાર પાંચમા ભાગનો પણ કરશે એવી અમે અન્તઃકરણ પૂર્વક આશા રાખીએ છીએ.

શ્રીયુત મગનલાલભાઇએ ભેગા કરેલા ટુચકાઓમાં અને વાતોમાં નૈતિક અને ધાર્મિક બોધનો અસ્ખલિત ઝરો વહે છે. તેમનાં એક એક વાક્યનું મનન કરીએ તો તેમાંથી આપણે આપણો સંસાર સુધારી શકીએ એટલું જ નહી પણ આપણો પરભવ પણ સુધારી શકીએ. ગ્રન્થનું ગમે તે પાનુ ઉઘાડો અને તે વાંચો તો તમને તેમાંથી મનન કરવા માટે ઘણા ઉચ્ચ વિચારો મળશે. ગ્રન્થમાંથી ગમે તે વાત સવારમાં વાંચો અને આખો દિવસ તેનું મનન કરો. તેમાંથી તમને સમજવાનું અને હૃદયમાં ઉતારવાનું ઘણું મળશે. જ્યારે સમય આવે ત્યારે માણસની શક્તિ કામમાં આવે છે. આનું ઉદાહરણ શ્રી રામચંદ્ર પરમાત્માએ પોતાના જીવનમાં આપ્યું છે. તે બાબત નીચેની લીટીઓ શ્રી. મગનલાલભાઇએ ટાંકી છે તેમાંથી કેટલું બધું શીખવાનું મળે છે તેનો વાંચક વર્ગ પોતે જ વિચાર કરશે.

સીતા હરી જ્યારે રાવણે
ગઇ ક્યાં રામની શક્તિ અતોલી
એજ રાવણ બળ ક્યાં ગયું
જ્યારે રામે લંકા રોળી—
અજ્ઞાની જરા જોને ઝીણી આંખ ખોલી

સત્યને માટે માણસે કેટલી કાળજી અને તત્પરતા રાખવાની છે તેને માટે નીચેની લીટીઓ ઘણી સુન્દર છે.

ગમે તેટલો પરિશ્રમ વેઠજો,
ગમે તેટલાં દુઃખ સહન કરજો,
ગમે તેવી અગવડ કબુલ કરજો,
અને ગમે તેવી વિપત્તિઓ વહોરજો,
પણ
સત્ય ધર્મને કદી છોડશો નહી.

એક સ્થળે 'પિતાનો પ્રશ્ન' એવી નાનકડી વાર્તા છે. પિતાએ પુત્રને પુછ્યું "કાલે શું થશે તેની તને ખબર છે?" પુત્રે જવાબ આપ્યો "કાલની ખબર તો પ્રભુને જ હોય." પણ પિતાએ કહ્યું

"કાલની ખબર આપણને પોતાને પડી શકે છે." જ્યારે આપણને બુરું કામ કરવાની વૃત્તિ થાય ત્યારે આપણું ભવિષ્ય બુરૂ થવાનું અને જ્યારે આપણને સદ્ધર્મ ઉપર વળવાની અને સારૂ કામ કરવાની વૃત્તિ થાય ત્યારે સમજવું કે આપણું ભવિષ્ય સારૂ છે. આવી એક નાનકડી વાતમાંથી આપણે કેટલો બધો સાર લેવાનો છે?

સાઠ હજાર વર્ષ સુધી તપ કર્યું તો પણ સોભરી ઋષિને માછલાનો વિષય જોઇ પરણવાનું મન થયું. અને માંધાતાની પચાસ દીકરીઓને પરણ્યા. કારણ કે:—

बलवानिन्द्रिय ग्रामो विद्वांसमपि कर्षति ।

ઇન્દ્રિયોનો સમૂહ એટલો બળવાન્ છે કે જે વિદ્વાન માણસને પણ ઉંધે રસ્તે દોરે છે.

આવી રીતે અપાર વાર્તાઓનો સંગ્રહ છે.

ટુચકાઓ પણ સંખ્યાબંધ છે.

"એક ગરીબ મનુષ્યે એક શ્રીમંતને પુછ્યું કે, આપ શ્રીમાન કેમ થયા? ત્યારે તેણે કહ્યું કે હું હમેશાં ઉપજ કરતાં ખર્ચ કમી રાખતો હતો તેથી પૈસાદાર થયો."

આટલી નાનકડી વાતચીતમાં કેટલું ભારે રહસ્ય છે?

શિક્ષાપત્રીમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ જેઓ સ્વામીનારાયણ સંપ્રદાયના આદિ પુરૂષ છે તેમણે કહ્યું છે કે:—

आय द्रव्यानुसारेण व्ययः कार्योहि सर्वदा ।
अन्यथा तु महद् दुःखं भवेदित्य वधार्यताम् ॥

"આવકના દ્રવ્ય પ્રમાણે ખર્ચ સર્વ સમયે કરવો નહિ તો મોટું દુઃખ થાય એવું નક્કી ધારણ કરી લ્યો."

"કોઇ વખતે એક પળ માત્રનો સત્સંગ ભવસાગર પાર ઉતારી દે છે." આ વાક્ય કેટલું સુંદર છે. નીચેના સંસ્કૃત વાક્યની તેનાથી યાદ આવે છે.

क्षणमपि सज्जन संगतिरेका भवति भवार्णवतरणे नौका ।

આવી રીતે બોધપ્રદ વાર્તાઓનો અને ઉપદેશામૃતનું પાન કરાવનારા ટુચકાઓનો અપૂર્વ સંગ્રહ ગુર્જર પ્રજા સમક્ષ રજુ કરવા માટે શ્રીયુત મગનલાલભાઇને અત્યંત ધન્યવાદ ઘટે છે તેમનો અપૂર્વ પરિશ્રમ ફતેહમંદ થાઓ એ જ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

કડવાપોળ, **અમદાવાદ** } **જેઠાલાલ ચીમનલાલ**
તા. ૧૭-૯-૨૮. } સ્વામિનારાયણ.

પાટીદારમિત્ર પુ. ૧ લું. અંક ૫ મો.

વાચન મનન.

સાદી શિખામણ પુ. ૫ મું. સંગ્રહ કર્તા.

શ્રી. રા. રા. મગનલાલ શંકરભાઈ પટેલ

પાટણ (ઉ. ગુજરાત)

પુજ્ય મહાશય !

આપના તરફથી "સાંજવર્તમાનમાં" દર શનિવારે પ્રગટ થતી "સાદી શિખામણ" પુસ્તકના રૂપમાં પ્રગટ કરવામાં આવે છે. તેના શરૂઆતના ચાર ભાગ પ્રગટ થઇ ચૂકયા છે. તેની નોંધ અમારા તરફથી લેવામાં આવેલી છે. આ પાંચમો ભાગ આપના તરફથી થોડા વખતમાં અતિશ્રમ કરીને આપે પ્રકાશમાં મૂકેલ છે તેને માટે અમે સહર્ષ આપને મુબારકબાદી આપીએ છીએ.

આપના તરફથી "સાદી શિખામણ" નું પુસ્તક ૫ મું અમારા તરફ ભેટ મોકલવામાં આવેલ છે. તે સ્વીકારતા અત્યાનંદ થાય છે અને તેની સહર્ષ અત્રે નોંધ લેવામાં આવે છે.

પુસ્તકને જોતાંજ નામ ઘણું આકર્ષક લાગે છે, અને સ્વાભાવિક વાંચવાની ઉર્મિ થાય છે. પુસ્તકની સુંદરતા તરફ કળાની દષ્ટિએ યોગ્ય ધ્યાન આપવામાં આવેલ છે.

વાંચનને માટે કેટલાક પ્રકાર પાડવામાં આવે છે.

૧ ફક્ત નજર ફેરવવાના.

૨ એક વખત વાંચી જવાના.
૩ પસંદગીના ભાગો વાંચવાના.
૪ મૂખ પાઠ કરવાના.
૫ જરૂર પડે ત્યારે વાંચવાના.
૬ અભ્યાસ કરવાના.
૭ સતત્ મનન કરવાના.

ઉપરના પ્રકાર પૈકી "સાદી શિખામણ" ના પુસ્તકોનો સાતમા પ્રકારમાં સમાસ થઇ શકે. સતત્ મનન કરવા જેવા પુસ્તકોમાં હિન્દુઓની ભગવદ્ગીતા ખ્રીસ્તિઓનું બાયબલ, મુસલમાનોનું કુરાન, પારસીઓનું અવેસ્થા, અને શીખોનું ગ્રંથ સાહેબ વગેરે ધાર્મિક પુસ્તકોનો સમાસ થઈ શકે. એ સિવાય નીતિના, ચારિત્રના વગેરે પણ વારંવાર મનન કરવાના હોય છે." સાદી શિખામણ" એમાં મનુષ્યને ઉત્કર્ષ જીવન જીવવાને માટે અગત્યના દરેક વિષયો જુદા જુદા સ્થળેથી ચૂંટી ફૂલછાબ બનાવવામાં આવી છે.

આવા પુસ્તકોનું સાહિત્ય ચિરંજીવ હોય છે. જેથી પુસ્તક બાંધણી મજબૂત અને ટકાઉ હોવી જોઇએ. "સાદી શિખામણ" ના પુસ્તકો સારા કાગળ, ઉત્તમ છાપકામ અને મજબૂત બાંધણીથી તૈયાર કરેલા છે, જેથી એકજ નકલનો ઘણાં લોકો ઘણાં સ્થળે અને ઘણી વખત ઉપયોગ થવા છતાં પુસ્તક વિકૃત થવા સંભવ નથી.

પુસ્તકની શરૂઆતમાં નીચેનો દોહરો આપવામાં આવેલ છે.

"ઉતરે રસનો ઘૂંટડો, ઉઘડે અક્કલ તૂર્ત;
હૈયું ફૂલે હર્ષમાં, નાશે દીલનાં દર્દ."

સ્વ. રમણભાઇના "રાઇના પર્વતમાં" જેમ શેરડીનો રસ પીતા અમૃત જેવી અસર થાય છે. તેમજ આ પુસ્તકરૂપી રસનો ઘૂંટડો ઉતરતાં બુદ્ધિ ખીલે છે. અનેરો આનંદ આબાલવૃદ્ધ લે છે અને પરમ શાંતિના ગ્રાહક થવાથી દુનિયાના આદિ, વ્યાધિ, ઉપાધિ વગેરે દુઃખો જતાં રહે છે.

"કરો પુરૂષાર્થ બસ યારો, સમય પાછો નહિ આવે."

ઉપરની પદપંક્તિમાં કેવી અજબ શિખામણ સંગ્રહ કરવામાં આવી છે તે પુસ્તકના ગુણગ્રાહી વાચકોને અજાણ રહે તેમ નથી.

" જળમાં ઉત્તમ મેઘ જળ, જીવન ગતિ દેનાર;
બળમાં ઉત્તમ બાહુ બળ, વીર પુરૂષ શણગાર."

'મહાત્માઓની પ્રસાદી'

પ્રશ્ન ઉપસ્થિત થશે કે, જીવનની સર્વોત્કૃષ્ટતા કઇ? અમારા મત પ્રમાણે તો, આધ્યાત્મિક જીવન ઉચ્ચ શ્રેણીનું છે, તે સાધવાને માટે સંતસમાગમની જરૂર છે. આ પુસ્તકમાં સંતસમાગમ માટે વારંવાર ઉપદેશ કરવામાં આવેલ છે.

આખા પુસ્તકમાં મનુષ્ય જીવનને ઉપયોગી, શિખામણોનો સંગ્રહ ગદ્ય, પદ્ય સારી રીતે પુરો પાડવામાં આવેલ છે અને પ્રાચીન, અર્વાચીન, વગેરે આપવામાં આવેલ છે. ઋષિરાજના જે પદો સંગ્રહ કરવામાં આવ્યા છે, તે ગ્રામ્ય પ્રજાને અનુકૂળ અને સરળ થાય તેવા છે. પુરાણની નાની મોટી કથાઓ, બોધપ્રદ થાય તેવી રીતે આપવામાં આવેલ છે. રાજાઓના ધર્મ વગેરે કુમારપાળના જીવન પ્રસંગો લઇ દર્શાવવામાં આવ્યા છે, અમુલ્ય વચનામૃતના ગુચ્છો ઘણાં જ આકર્ષક, મોહક અને મનનકારક છે. સ્ત્રીઓને શિખામણરૂપ "સતી શરણુ થાતી નથી" વગેરે સ્ત્રીઓની મહત્તા દર્શાવે છે.

"અરે શું માનવનો અભિમાન,
પલકમાં ટળી જશે રે;"

જેવાં નાટચ ગાયનો પણ સમાજના ઘણાં ભાગને પ્રિય અને કંઠસ્થ રહે તેવા દાખલ કરવામાં આવેલ છે.

પાશ્ચિમાત્ય સાહિત્યમાંથી પણ અવતરણોની પસંદગી ઘણી ઉત્તમ રીતે થયેલી છે. મી. કોબેટ, કાર્નેગી, નેપોલિયન, એલેકઝાંડર બેલ, ન્યુટન, બેકન, લોર્ડ બેલ, ગોલ્ડ સ્મિથ, આર્નોલ્ડ, સર વોલ્ટર સ્કોટ, વગેરે પંડિતોના અવતરણો અને જીવનના ઉલ્લેખ કરવામાં

આવ્યા છે, જે સંગ્રહકર્તાની વિશાળ દૃષ્ટિની પ્રતિતિ કરાવે છે. આપણાં પ્રાચીન ઉપદેશ અનુસાર જ્યાં જે સારૂં મળે તે ગ્રહણ કરવું. પછી અર્વાચીન હોય કે પ્રાચીન, દેશી હોય કે વિદેશી, એમાં હઠાગ્રહ કરવાની જરૂર નથી. આપણું એટલું સારૂં અને બીજાનું ખોટું, એ સ્વાર્થદૃષ્ટિ છે. આથી આપણને સંગ્રહકર્તાના સમભાવની ખાત્રી થાય છે.

આપણા સાહિત્યમાંથી પણ દેવાનંદ, કેશવદાસ, બ્રહ્માનંદ, મુક્તાનંદ, ગોવિંદરામ, નિષ્કુળાનંદ, કવિ તાનસેન, કવિ સામળ ભટ્ટ, કવિ દયારામ, કવિ નર્મદાશંકર, પ્રાચીન કવિ નરસિંહ મ્હેતો, વગેરે કવિ રત્નોનો સારો પરિચય પુસ્તક વાંચનારને થાય તે માટે કાવ્યો સારી સંખ્યામાં સંગ્રહ કરવામાં આવેલ છે.

હાસ્ય વિનોદના માટે શિખામણ લેવા જેવા "બાદશાહ બીરબલના ટુચકા," દિલ્હીમાં કાગડા કેટલા? વગેરે દાખલ કરવામાં આવેલ છે, જેથી પુસ્તકની ઉત્તમતામાં વધારો થાય છે. દુનિયામાં સ્ફૂર્તિ, ચાલાકી, અને હાજરજવાબીપણાની વ્યવહારમાં જરૂર છે. સુસ્ત જીવન નકામું છે. તેની પ્રતિતિ વાચકને થાય છે.

દેશાભિમાનને લગતા, "આપણો દેશ ભિખારી કેમ?" "દેશાટન માટે વોશિંગ્ટનના વિચારો," "પાટણની કારીગરી." "કે આ છે પ્રિયતમા માતૃભૂમિ મારી?" જેવી "દેશાભિમાનની લાગણી" વગેરે પુસ્તકોમાં આપવામાં આવેલ છે.

"ગ્રહોને કોણ નડયું છે" નો છપ્પો. "રવિ ને શૌરરીપુ શંકુ, ચન્દ્ર ક્ષય રોગી આપ;" વગેરે આપીને ગ્રહો નડે છે, વગેરે વહેમો દૂર કરવા આપેલું દૃષ્ટાંત અગત્યનું છે.

"પુસ્તકોના વાચનનો લાભ." એક પંડિત કહે છે કે, "મારી દુઃખી સ્થિતિ આવે તો, હું ભગવાન પાસે એટલું માગીશ કે પુસ્તકો વાંચવા માટે મારી પવિત્ર બુદ્ધિ રાખજે."

ઉપરનું અવતરણ પુસ્તકનું મહાત્મ્ય દર્શાવવાનું બસ છે.

પુસ્તકો એ જીવનના મિત્રો છે.
જીવનનો આનંદ છે.
જ્ઞાનનો ભંડાર છે.
સુવર્ણનો ખજાનો છે.
અનુભવની પ્રણાલિકા છે.
નવરાશનો સદુપયોગ છે.
એકાંતનો આનંદ છે.
ઐચ્છિક જ્ઞાનની લબ્ધિ છે.
સ્વતંત્રતાની પાઠશાળા છે.........

ઉપરના કારણે જ નાના મોટાં ગામોમાં પુસ્તકાલયની જરૂર છે જેથી કરીને જનસમાજને જ્ઞાનપ્રાપ્તિ થાય છે.

નગરશેઠના ગુણ.

ન: નિષ્કલંક.
ગ: ગર્ભશ્રીમંત.
ર: રૈયતનું ભલુ કરનાર.
શે: શેહ (પ્રતિષ્ઠા પાડવી.)
ઠ: ઠરેલ બુદ્ધિ.

આ પ્રમાણે સારણી આપી નગરશેઠના કર્તવ્યનું ભાન કરાવવામાં આવ્યું છે. તેજ ગુણો આપણા નેતાઓ અને સંસ્થાઓના સંચાલકને લાગુ પાડી શકાય.

"મીયાંની સમજણ વિનાની દુવા," આની અંદર વગર સમજણનો આશીર્વાદ કેવો હાસ્યાસ્પદ છે તે બતાવ્યું છે. આવા વખતે ચૂપ રહેવું એજ શાણપણ છે.

સુવાકયમાળા પાન ૨૧૭ માં આપવામાં આવેલ છે. તેની પસંદગી ઘણી કુશળતાથી કરવામાં આવેલી જણાય છે. તે શિખામણની દૃષ્ટિએ ઉત્તમ છે.

એકંદરે પુસ્તક ઘણું જ ઉત્તમ છે. દરેક સંસ્થામાં તથા ઘરમાં

રાખવા લાયક છે. આવાં પુસ્તકો દરેક પુસ્તકાલયમાં સંગ્રહ થવાં જોઈએ. આ પુસ્તકો શિખામણના કોષ તરીકે કામના છે. શબ્દકોષ જ્ઞાનકથા, કોષ જેવા પુસ્તકો હાલમાં પ્રચારમાં આવ્યાં છે. તે જ પ્રમાણે આ "સાદી શિખામણના કોષ." શ્રીમાન મગનભાઇએ ગુજરાતને આપેલ છે અને આપતા રહેલ છે. સદરહુ પુસ્તકોને ગુજરાત વર્નાકયુલર સોસાયટિ તરફથી આવકાર મળશે એવી આશા રાખીએ છીએ.

આ પુસ્તકો બ્હેનોના હાથમાં વિના સંકોચે મૂકી શકાય તેવાં છે. અમારી પાટીદાર કોમની બ્હેનો પોતાના પ્રવૃત્તિમય વ્યવહારમાં પણ એકાદ વાર આ પુસ્તકો વખત મેળવીને વાંચશે એવી જ્ઞાતિબંધુ તરીકે આશા રાખીએ છીએ. બ્હેનો ઇચ્છે તો ઘરમાં નાના બાળકોને ઉપદેશ આપી શકે એવાં વચનો, વાર્તાઓ, અને કાવ્યોનો ઉપયોગ બાળકોને ગૃહશિક્ષણ આપવામાં કરી શકે તેમ છે.

અમારા તરફથી પાછલાં પુસ્તકોને માટે શિક્ષકોને ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવી હતી. આપણી વડોદરા રાજ્યની ગુજરાતી શાળાઓમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે અને તેને માટે "હિન્દુ ધર્મની બાળપોથી" અને "શ્રીમદ્ ભગવદ્‌ગીતા"નું ગુજરાતી ભાષાંતર ચલવવામાં આવે છે. "સાદી શિખામણ"ના પુસ્તકો પણ ધર્મ શિક્ષણમાં દાખલ કરી શકાય તેવાં છે. જો કે શાળાખાતા તરફથી શાળા પુસ્તકાલય તરીકે અમુક ભાગ પસંદ કરવામાં આવશે તો નાના બાળકોને આ પુસ્તકો ઉપયોગી થઇ પડશે. આશા છે કે તેને માટે ખાતું વિચાર કરશે. અસ્તુ. તે જ પ્રમાણે મે. રા. રા. કયુરેટર ઓફ સ્ટેટ લાયબ્રેરીઝ સા. તરફથી દરેક પુસ્તકાલયના ચાલુ બજેટમાં પુસ્તકો ખાતેની રકમમાં "સાદી શિખામણ"ના પુસ્તકો ખરીદવાની મંજુરી આપવામાં આવશે તો "સાદી શિખામણ"ના પુસ્તકોનો ઉપયોગ ગ્રામ્ય પ્રજા પણ લઇ શકવા ભાગ્યશાળી થશે. સાથે આશા રાખી શકીએ કે, શ્રી. મગનભાઇ તરફથી

પણ કંઈક કિંમતમાં ઘટાડો કરી પુસ્તકાલયોને સહાયક થવાની તજવીજ થશે.

છેવટે કર્તાની યશસ્વિતા ઇચ્છી તેઓ તરફથી જનસમાજને " સાંજ વર્તમાન " માં પ્રસિદ્ધ કરી " સાદી શિખામણ " નો લાભ આપવામાં આવે છે તેજ પ્રમાણે અપાતો રહેશે એવી આશા રાખીએ છીએ. " સાદી શિખામણ " પુ. ૬ સત્વરે પ્રગટ થઇ છેવટનો જ ભાગ ન થતાં બીજાં પુસ્તકો પ્રગટ કરવામાં આવશે એમ ઇચ્છીએ છીએ. પ્રભુ કર્તાને સફળતા બક્ષો. અસ્તુ.

વડોદરા સ્ટેટ જનરલ હોસ્પીટલ,

તા. ૫-૧૦-૨૮.

સુજ્ઞ મહાશય,

આપના સાદી શિખામણના પાંચે ભાગ મારા મિત્ર ડોકટર બારોટને ત્યાં હતા. તે વાંચી મને તેમજ મારા સર્વ કુટુંબીજનોને ઘણો જ આનંદ તથા સંતોષ થયો છે......ભાઈ અમૃતલાલ સુંદરજી પઢીઆરનાં સ્વર્ગના પુસ્તકો પછી દરેક વર્ગ વાંચી સમજી શકે તેવી સાદી ભાષામાં સાચું અને સરળ જ્ઞાનામૃતનું પાન તો આપના સાદી શિખામણના એક પછી એક નીકળતાં પુસ્તકો કરાવી રહ્યાં છે.

ઇશ્વર આપને તેવાં સાદી શિખામણનાં ઘણા ભાગો બહાર પાડવા લાંબું સુખદાયી આયુષ્ય અર્પે તેજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના. એજ

લી. ડોકટર પ્રાણજીવન મયારામ વૈદ્ય,

સ્ટેટ જનરલ હોસ્પીટલ

વડોદરા.

વડોદરા, ક્વીન હોસ્પીટલ,
તા. ૯-૯-૧૯૨૮.

પ્રિય મગનલાલભાઇ,

વકીલ સાહેબ સાથે મોકલાવેલા સાદી શિખામણના ચાર ભાગ મળ્યા વાંચી આનંદ થયો. ગમે તે પાનું ઉઘાડો ત્યાં કાંઇ ને કાંઇ દિલમાં પેસે એવી લીટીઓ મળે જ. સંસાર કે વ્યવસાયમાંથી કંટાળી ગયેલા મગજને શાન્તિરૂપ આ ગ્રંથ જણાય છે.

તમે મહાત્માઓ તથા સાધુ સંતોએ બાગમાં તથા વેરાનમાં વેરેલાં સુમધુર પુષ્પો એકઠાં કરી એક સારા માળીની પેઠે ગુચ્છો બનાવી જનતાને તેની મધુરી સુવાસ પહોંચાડવા જેટલી મહેનત કરી છે. સંસારી જીવને મળતી હોંસ અને તેના પાછળ રહેલો આશિર્વાદ તેમાંનો હિસ્સો તમને પણ યોગ્ય અપાવશે.

આપનો
વિઠ્ઠલરાય માધવજી ભટ્ટ,
કેમીકલ એનલાઇઝર
વડોદરા.

રા. રા. સમર્થ સાક્ષર શ્રી. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ બી. એ. અમદાવાદ તા. ૧૪-૯-૧૯૨૮ થી લખે છે કે,

રા. રા. મગનલાલ,

સાદી શિખામણ પુસ્તક બીજું તથા સાદી શિખામણ પુસ્તક પાંચમાના સાત ફારમ તમારા પત્ર સાથે મળેલા છે. વ્યવહારૂ જ્ઞાન આપતી કેળવણી મેળવવાને સાદી શિખામણ સરળ ભાષામાં સારૂ વાંચન પુરૂં પાડે છે.

લી. સેવક,
કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

મે. મગનલાલભાઇ સાહેબ,

ઘણા ઘણા સલામ સાથે લખવાનું કે આપે મને યાદ કરી આપનું " સાદી શિખામણ " નામનું પુસ્તક (ભાગ બીજો) મોકલ્યું તે પહોંચ્યું છે, જેને માટે આપનો મોટો ઉપકાર થયો છે. હું તે આખું પુસ્તક બરાબર વાંચી ગયો છું અને તેમાં મને ઘણો રસ પડ્યો છે, હાલના સમાજને એવાં જ પુસ્તકની જરૂર છે અને એ જરૂર આપે પુરી પાડી છે. તેને માટે આપને બેશક ધન્યવાદ ઘટે છે. હજુ એ દિશામાં આપનો પ્રયાસ જારી છે એટલે લોકોને વિશેષ લાભ મળશે એવી દરેક આશા રહે છે. માલીક આપના હાથે એવાં ઘણાં પુસ્તકો પ્રસિદ્ધ કરાવો. એવી મારી શુભ અંતઃકરણની પ્રભુ પ્રત્યે યાચના છે. માલીક આપને સુખી રાખે અને આપનું કલ્યાણ કરે.

લી. ગરીબ ફકીર,

મોટામીયાં (માંગરોળવાળા),

હાલ સુરત, હરીપુરા તા. ૩૦-૯-૧૯૨૮.

ગુજરાતી પંચ, તા. ૨૫ મી નવેમ્બર ૧૯૨૮.

સાદી શિખામણ પુસ્તક ૫ મું પ્રકાશક મગનલાલ શંકરભાઈ પટેલ, મુ. પાટણ (ઉત્તર ગુજરાત) કીં. રૂા. ૩).

જનસમાજમાં નીતિ પ્રસારવાના ઉદ્દેશથી અને તે સાથે આ દેશની દંતકથાઓ, કહેવતો, પ્રચલિત લોકકહાણીઓ, ઇત્યાદી જાળવી રાખવાના હેતુથી રા. મગનલાલ પટેલે "જુનું" નવી ઢબે સંગ્રહીને ગુજરાતી જનતાની સારી સેવા બજાવી છે. ચાર ભાગમાં તેમણે "સાદી શિખામણ" બહાર પાડયા પછી આ પાંચમો ભાગ બહાર પાડ્યો છે, જેમાં ૪૫ ફુલછાબ આપી છે. ધર્મપુરાણોની આખ્યાયિકાઓનાં કે લોકપ્રચલિત વાતોના દષ્ટાંતો, કવિતાઓ, શિખામણની વાતો, વગેરેનું આ પુસ્તકમાં વિવેકપૂર્વક એકીકરણ કરવામાં આવ્યું છે.

સાહિત્ય, નવેમ્બર ૧૯૨૮.

સાદી શિખામણ પુસ્તક પાંચમું સંગ્રહનાર મગનલાલ શંકરભાઇ પટેલ, પાટણ (ઉ. ગુજરાત) કીંમત રૂા. ૩–૦–૦.

અગાઉના ચારે પુસ્તક જેવું ને જેટલું આ બોધક અને શિક્ષક નીવડશે. જુદી જુદી ફુલછાબોમાંથી જ્ઞાન અને શીખની ખુશબો મહેકી રહી છે.

નાર, તા. ૯–૧૦–૨૮.

પ્રિય આત્મા મગનલાલભાઈ !

"સાદી શિખામણ" ના ભાગો વાંચ્યા જે ઘણા જ ગમ્યા. આપે સારો શ્રમ લઇ ગુજરાતને ઋણી બનાવ્યું છે. સાદી ભાષામાં અનેક અનુભવી આત્માઓના અનુભવી સૂત્રોની ગુંથણી ઉંચા પ્રકારની હોઈ આબાલવૃદ્ધને મનન યોગ્ય મારી દૃષ્ટિએ જણાય છે ગુજરાત જરૂર કદર કરશે જ. વિવિધ વાનગીઓ–સમાજની દૃષ્ટિએ–પસંદ કરવામાં પૂર્ણ સફળતા મેળવવા બદલ ધન્યવાદને પાત્ર હોઇ અમસમા વાચકોને ઋણી બનાવ્યા છે.

રણછોડદાસ માધવદાસ પટેલ.

સાદી શિખામણના કર્તા **મગનલાલ શંકરભાઇ પટેલને** તેમની કાર્યદર્શકતા અને સમયસૂચકતા માટે મારા અંતઃકરણપૂર્વકના ધન્યવાદ આપું છું; અને જનસમૂહને ભવિષ્યમાં એવા ઉપકારો કર્યે જાય એમ ઇચ્છું છું. ભાષાની સરલતા સમાયલા હાસ્યરસની સાથેના કાયમી ઉપયોગી બોધો માટે આ પુસ્તકો દરેક ઘરમાં રાખવા લાયકનાં છે. વાંચવું શરૂ કર્યા પછીથી પુરૂં થતાંસુધી દરેક પુસ્તક છોડવું ગમતું નથી એ જ તેની અમૂલ્ય કીંમત છે. તા. ૨૩–૧૧–૧૯૨૮.

વકીલ અંબાલાલ ગાંડાભાઇ પટેલ,
(બી. એ. એલએલ. બી.)
ભાવનગર.

વડોદરા, તા. ૨૮–૧૧–૧૯૨૮.

મે. રા. રા. પ્રોફેસર **મોહનલાલ એલ. શાહ,**
બી. એ. એમ. એસ. સી.
બરોડા કોલેજ.

"સાદી શિખામણ" નામના પુસ્તકના પાંચ ભાગ પ્રસિદ્ધ કરી ગ્રંથકર્તાએ ગુજરાતી સાહિત્યને વધારે સમૃદ્ધ કર્યું છે. આ પુસ્તકોમાં જે જે અવતરણો ગ્રંથકર્તાએ લીધેલાં છે, તે અમૂલ્ય, મનનીય ને નિત્યમિત્ર તરીકે રાખવા યોગ્ય છે. પુસ્તકોની ભાષા સાદી, સરળ અને હૃદયસ્પર્શી હોઇ, ઘણા કઠીન વિષયોનું આલેખન આબાલવૃદ્ધ સર્વને રસ પડે તેવાં રમુજી ને વ્યવહારૂ ઉદાહરણોથી કરવામાં આવ્યું છે, તેથી ગ્રંથકર્તાનો પ્રયત્ન ઘણો જ પ્રશંસનીય છે.

મે. રા. રા. **દુલેરાય છોટાલાલ અંજારીઆ** જી. એમ. એ. સી. લખે છે કે–સાદી શિખામણ ભાગ ૫ મો કીંમત રૂ. ૩–૦–૦ કર્તા **મગનલાલ શંકરભાઈ પટેલ,** પાટણ (ઉત્તર ગુજરાત). આ સાદી શિખામણનું પાંચમું પુસ્તક પીસ્તાળીસ ફુલછાબવાળું વાંચ્યું. જેમ ચતુર માળી પોતાના રાજાને બાગમાંથી રંગરંગનાં ઘણાં સુંદર ફુલ ગાલીચાના ભરતની માફક આંખને મોહ પમાડે એવા ગોઠવી રજુ કરે છે તે ભાઇ મગનલાલ પટેલે પણ આ પુસ્તકમાં મહાભારત, રામાયણ, કેશવકૃતી, મીરાંબાઈ, નરસીમહેતો, ભોજો ભક્ત, કવિ દલપતરામ અને બીજા ઉત્તમ પુસ્તકોમાંથી વીણી વીણીને શિખામણના કવિતો, વાકયો અને વાર્તાઓ સંગ્રહકરી છપાવી છે. સ્ત્રી પુરૂષો, બાળકોએ આ પુસ્તક પોતાના પાસે રાખી નીત્ય વાંચવા જેવું છે. જેમ મનોનિગ્રહથી મન નિર્મળ થાય છે અને સત્સંગ જેમ પુરૂષને ઉંચો દરજ્જો અપાવે છે તેમ આ શિખામણો વાંચવાથી ને મનન કરવાથી સ્ત્રી પુરૂષોનાં મન ઉંચા ગુણ સ્વભાવના બને છે. દરેક ભાઇઓ આ પુસ્તકને ઉત્તેજન આપી લાઇબ્રેરીમાં દાખલ કરાવશે તો કર્તાનો શ્રમ લેખે લાગશે, અમને તો આ બધાં પુસ્તકો

માટે પ્રથમથી જ ઉંચો મત છે અને દર વખતે તેના વખાણ લખવા એ વધારે પડતું ગણાય એટલે ટુંકામાં જ આ પાંચમા ભાગ વિષે અમારો અભિપ્રાય જણાવ્યો છે. તા. ૧-૧૧-૨૮ લીંબડી, (કાઠિયાવાડ)

તા. ૨૩ મી ડીસેમ્બર

રા. રા. મગનલાલ શંકરભાઇ પટેલ તરફથી દૈનિક સાંજવર્તમાનમાં પ્રગટ થતી સાદી શીખામણના લેખો મ્હારા વાંચવામાં આવ્યા છે. એ શીખામણો સ્થૂલ દૃષ્ટિએ નીરખતાં સર્વથા સાદી છે, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ યથાર્થ મનન કરી તેનું વ્યાવહારિક વર્તનમાં પરિવર્તન કરવામાં આવે તો મનુષ્ય પોતે કર્તવ્ય પરાયણ થઇ સંસારિક, સમાજીક, ધાર્મિક ઇત્યાદિ જનસમાજની પરમાર્થિક સેવાઓ બજાવી પોતાની અમુલ્ય જીંદગીનું સાર્થક કરી શકે છે, તથૈવ પોતાનું જીવન આદર્શરૂપ બનાવી શકે છે. કેટલાંક દૃષ્ટાન્તો એવા ઉમદા આપેલાં છે અને તે એટલાં તો બોધદાયક છે કે દરેક ગૃહનું પુસ્તકાલય આવા પુસ્તક વગર શૂન્ય ગણાય એ નિઃસંદેહ છે

મગનલાલ દલપતરામ ખખ્ખર.

સત્ય મિત્ર રવીવાર તા. ૨ જુન સને ૧૯૨૮

પુસ્તક પરીક્ષા.

સાદી શીખામણ.

સાદી શીખામણ નામનું પુસ્તક મી. મગનલાલ શંકરભાઈ પટેલ તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. આ પુસ્તક મી. મગનલાલનાં બહોળા વાંચનનું પરીણામ છે અને તેમનાં બોહોળાં વાંચનોનાં લાભ મેળવવાની આ પુસ્તક દ્વારા મળેલી તક આવકારદાયક લેખાશે આ

પુસ્તકમાં લોકોપયોગી કવિતાઓ, નાની વારતાઓ અને ઉપયોગી શ્લોકોનો ઘણો મજેનો સંગ્રહ ભેગો કરવામાં આવ્યો છે, કે જે સાદી અને ચાનકરૂપી શીખામણોથી ભરપુર છે અને નીતી રીતીના પાઠોનું શીક્ષણ આપનારો છે. સાંજ વર્તમાન પત્રમાં સાદી શીખામણનાં મથાળાં હેઠળ આ નીતીના સબકો શીખવનારૂં રસીલું લખાણ પ્રગટ થતું હતું. જે વેળાએ ઘણાઓની એવી ઈચ્છા હતી કે ભારે શ્રમ વેઠી કટકે કટકે પ્રગટ કરવામાં આવતું આ લખાણ પુસ્તકના આકારમાં જાળવી રાખવામાં આવે અને તે મુજબ કરવામાં આવેલું જોઈ સંતોષ ઉપજે છે. ખચીત આ પુસ્તક ઘરમાં રાખવા લાયક છે. હાલનું સાદી શીખામણનું પુસ્તક ત્રીજું છે. બે પુસ્તકો એ આગમચ પ્રગટ કરવામાં આવ્યાં હતાં અને વડોદરાના કેળવણી ખાતાએ સ્કુલ લાઇબ્રેરી માટે આવું પુસ્તક મંજુર કરવાનું વાજબી ધાર્યું છે. કર્તાએ વધુ ને વધુ સંગ્રહો આપતા જવાની પોતાની મહેનત ચાલુ રાખી છે અને થોડા વખતમાં તેઓ સાદી શીખામણનું ચોથું પુસ્તક બહાર પાડનાર છે. તેની કીમત પણ હાલનાં જ પુસ્તકની માફક રૂ. ૩ ની રાખવામાં આવી છે પણ આગમચથી ઘરાક થનારાઓ પાસેથી રૂ. ૨ લેવામાં આવે છે. એ ઉપરાંત કર્તાએ જ્ઞાન દીપક; સુખી સદન મોહનમાળા વગેરે પુસ્તકો પણ બહાર પાડયા છે.

સાદી શીખામણ પુસ્તક ત્રીજા વાળી હાલની ચોપડીમાં આપવામાં આવેલી લોભ વિષેની કવિતા અમો હેઠળ ઉતારીએ છીએઃ—

અતી લોભથી આંધળા થાય આંખે,
ચાતે ચેતીને કાંઇ ચીંતા ન રાખે;
ખરી ખોટનો માલ નાંખે વખારે,
અરે લોભને થોભ રાખો લગારે;
જુઓ માછલાં સ્વાદ લોભે મરે છે,
જુઓ લોભીયા કામ કેવાં કરે છે;
અકરમી ને દ્રવ્ય આપે ઉધારે,
અરે લોભનો થોભ રાખો લગારે;

અતી લોભીઆને ઠગારા ઠગે છે,
અતી લોભીઆ ફંદમાંહી ફગે છે;
અતી લોભીઆ કષ્ટને છે કીનારે,
અરે લોભનો થોભ રાખો લગારે;
વસીલો નહી લોકમાં લોભીયાનો,
સખો કે સ્નેહી કહો હોય શાનો;
વીવેકે કશું લોભીઆ ના વીચારે,
અરે લોભનો થોભ રાખો લગારે.
(સાદી શીખામણ–પુસ્તક ત્રીજું સંગ્રહ કર્તા.)

નવાબ દાણીઆ તા. ૨૮–૧૦–૨૮ રવીવાર.

માનવંતા શ્રીમાન્ મગનલાલભાઇ શંકરભાઈ પટેલ.
પ્રકાશક સાદી શિખામણ **પાટણ**, ગુજરાત.

દયાળુ સાહેબજી—

આપશ્રી તરફથી સાદી શિખામણના ભાગ પહેલાથી પાંચમા સુધી મળ્યા છે. દરેક ભાગમાં કીંમતી ફુલછાબો ગોઠવવામાં આવી છે. અમરવેલીના અમર પુષ્પો વાંચનારને સદા અમરતા આપે તેવા અમુલ્ય છે. આવા પુષ્પો એકઠા કરવા બદલ આપને વારંવાર ધન્ય છે. સાદી શિખામણના દરેક ભાગ દરેક ઘરમાં રાખવાથી શણગાર રૂપ બને તેમ છે આવા સુબોધ આપનારા પુસ્તકો પ્રગટ કરવામાં જે તકલીફ આપશ્રીએ લીધી છે તે સ્તુતિપાત્ર છે તેમજ આપના આવા મહાન મણીરૂપ પ્રયાસ બદલ લાખોવાર શાબાશી આપવી ઘટે છે. પુરાણી ઉધાર કરનારી કહેવતો કવિતાઓના ફકરાઓ મેળવવામાં આપે તન મન ધનથી દીલનો રંગ ચડાવી સમાજને આભારી કરેલ છે. આવા પારસમણીરૂપ પુસ્તકો ઠેર ઠેર રાખવા જરૂર લાગે છે. દરેક બ્હેનો અને ભાઈઓને આ પુસ્તક વાંચવા જરૂર છે. આવા પુસ્તકો અંધકારવાળા હૃદય મંદીરમાં કીસનલાઇટ જેવો પ્રકાશ પાડી

ઉજાસ આપે છે. આ પુસ્તકો ઝવાહીરના ભંડારરૂપે છે. મનપસંદ મોતીઓ આમાં ગોઠવાયેલી ફુલછાબમાંથી મળી આવે છે. આવા અમુલ્ય ભાગો પ્રગટ કરવા માટે પ્રકાશકને મારા ધન્યવાદ છે.

લી. મહંતશ્રી ઓધવદાસજી ગુરૂશ્રી મોતીરામજી મહારાજ,
મહાત્માશ્રી મૂળદાસ સ્વામીજીની ગાદીના ધર્મગુરૂ,
અમરેલીવાળા.

પારીસ તા. ૬-૧૨-૧૯૨૮

મુરબ્બીભાઇ મગનલાલભાઈ

તમે મને સાદી શિખામણના પાંચમા ભાગની બે કોપી મોકલી જે ઉપકાર કર્યો છે. તે બદલ હું તમારો સદાનો આભારી છું.

ખરેખર તમે જગતને આવા પુસ્તકો કે જેમાં વ્યવહાર અને ધર્મ સમાયેલા છે તે બહાર પાડી જે લાભ આપી રહ્યા છો તે ઉપકાર કદી પણ ભુલાય તેમ નથી. પ્રભુ પરમકૃપાળુ પરમાત્મા જરૂર તેની કદર કરશે.

કાલીદાસ. સી. શાહ

સત્સંગ સુધા પુસ્તક ૧ લું અંક ૧૧ મો.

પોષ માસ.

સાદી શિખામણ ભાગ ૫ મો. કર્ત્તા રા. મગનલાલ શંકરભાઇ પટેલ અગાઉના ચાર મનરંજક અને હૃદયસ્પર્શી ભાગોમાં, આ એક ઉમેરો છે. આ પુસ્તકોની ખુબી એ છે કે જ્યાંથી વાંચવું હોય ત્યાંથી વંચાય અને આનંદ સરખો જ આવે. મનુષ્યની ચારિત્ર્ય સુધારણા આમાંની એકાદ ફુલછાબનું ફુલ ઘડીભરમાં કરે !

સંસ્થાન ભાવનગરના નાયબ દીવાન સાહેબ ત્રિભુવનદાસભાઇનો અભિપ્રાય.

ભાવનગર. તા. ૫-૧-૧૯૨૯

રા. રા. ભાઈશ્રી મગનલાલભાઇ,

આપનો તા. ૨૦-૧૨-૨૮ નો પત્ર તથા તે સાથે મોકલેલ ફારમો તથા સાદી શિખામણનું પુસ્તક બીજું મળેલ છે. આપ "સાંજ-વર્તમાન"માં લેખો લખો છો તે પણ મારા વાંચવામાં આવે છે. તે ઘણા મનરંજક તથા બોધકારક છે.

આપે મોકલેલ ફારમોમાં સંગ્રહ કરેલાં જ્ઞાનનાં અને ઉપદેશનાં સૂત્રો ખરેખર બોધક છે, અને તે નિવૃત્તિમાર્ગપરાયણ જીવોને પસંદ પડે તેવાં છે. કવિતાના ફકરાઓ અને બોધક ટુચકાઓ આપે વિવેક પૂર્વક પસંદ કરીને તેનો કીંમતી સંગ્રહ પ્રકટ કરી ગુજરાતી વાચકો ઉપર મોટો ઉપકાર કર્યો છે. આવો એક સંગ્રહ નહિ પણ આ છઠ્ઠો સંગ્રહ આપે મને જોવા મોકલ્યો છે તે જાણી આ કામમાં આપના અથાગ શ્રમની તેમની સાબીતી તરત જ થઇ જાય તેવું છે, વળી શિખામણનાં બોધક વચનો અને ટુચકાઓ જેવા આકર્ષક અને સચોટ અસર કરનારા છે, તેવી જ તેની ભાષા પણ સાદી અને સરલ છે. "શાહસુજા" "સાચો વૈરાગ્ય," "વિશ્વાસનું ફળ" અને એવા અનેક ટુચકા દષ્ટાન્ત તરીકે બતાવી શકાય કે જે આપની સુંદર પસંદગીની સાક્ષી પૂરે છે. તે ખરેખર લોકોપયોગી થશે.

આપ ખુશીમાં હશો.

લી. **ત્રિભુવનદાસ ત્રિવેદીના**

યથાયોગ્ય.

☞ ભારે વખણાએલાં ઉત્તમ વાંચનના
અમુલ્ય પુસ્તકો.
અમૃતનો નિધિ!!! મહાત્માઓની પ્રસાદી
!!! સાંજ વર્તમાનમાં પ્રસિદ્ધ થતી!!!

સાદી શિખામણ.

પુસ્તક ૧ લું.

સદરહુ પુસ્તકમાં વાંચવા લાયક વિવિધ વિષયો દાખલ કરવામાં આવ્યા છે તે પુસ્તક વિરમગામના વતની શેઠ ચંદુલાલ મણીલાલ દેશાઇને અર્પણ કરવામાં આવેલ છે. કીં રૂ. ૧-૦-૦ ટપાલ ખર્ચ જુદું.

સાદી શિખામણ.

પુસ્તક ૨ જું.

(આવૃતિ બીજી)

પાટણના શ્રીમાન રાવબહાદુર શેઠ કીલાચંદ દેવચંદ જે. પી. ના ફોટા તથા સંક્ષિપ્ત જીવન વૃતાંત સાથે કીંમત રૂા. ૨-૦-૦ ટપાલ ખર્ચ જુદું.

સાદી શિખામણ.

પુસ્તક ૩ જું.

મુંબઇના મર્હૂમ રાવબહાદુર શેઠ કરમશી દામજી જે. પી. ને અર્પણ કરેલું ઉંચા કાગળમાં સોનેરી નામવાળા પાકા પુઠાનું તૈયાર છે કીંમત રૂ. ૨-૦-૦ પોષ્ટેજ જુદું.

સાદી શિખામણ.

પુસ્તક ૪ થું.

સદરહુ પુસ્તક પાટણના શ્રીમાન્ શેઠ પુનમચંદ લલ્લુચંદને

અર્પણ કરેલું છે તેમાં જ્ઞાન સાથે ગમ્મત થાય એવા ઉત્તમ વિષયો દાખલ કરવામાં આવ્યા છે. કીંમત રૂ. ૨-૦-૦ પોષ્ટેજ જુદું.

અમારા પુસ્તકો નીચેના સ્થળેથી મળશે.

પાટણ—ચમનલાલ મગનલાલ પટેલ ગંજ બજાર.

,, ગોવરધનદાસ વંદ્રાવનદાસ. બજારમાં

મુંબઈ—એન. એમ. ત્રીપાઠી પ્રિન્સેસ સ્ટ્રીટ.

,, મેઘજી હીરજી બુકસેલર—પાયધુની.

,, જે. એમ. પંડયા એન્ડ કુંપની અશોક બીલ્ડીંગ્સ.

,, જીવનલાલ એન્ડ સન્સ—કાલબાદેવી.

,, એન. ડી. મહેતાની કું. કાલબાદેવી.

,, શિવલાલ મગનલાલ પટેલ—ગિરગામ બેકરોડ શ્રીમાન રાવબહાદુર કીલાચંદ દેવચંદ જે. પી. ના બંગલામાં.

અમદાવાદ—મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે ત્રણ દરવાજા.

રાજકોટ—બેચર મેઘજી એન્ડ સન્સ બુકસેલર—પરામાં.

કરાંચી—ગુજરાતી બુકસ્ટોલ. ફીદાહુસેન કાદરભાઈ જોડીયા બજાર.

ભાવનગર—પુરૂષોત્તમ ગીગાભાઈ બુકસેલર બજારમાં.

વડોદરા—પુસ્તકાલય માસિકની ઓફીસમાં અને બુકસેલર એમ. સી. કોઠારી રાવપુરા.

નડીઆદ—બારોટ માણેકલાલ ગોકળદાસ ગણુપતીની પોળમાં.

સાદી શિખામણ.

પુસ્તક ૬ ઠ્ઠું.

કુલછાબ પહેલી.

આપણું ધારેલું કાંઇ બની શકતું નથી.

શું કીધું, ને શું કરવાનો ?
કરવું એ નહિ તારે હાથ,
પ્રયાસ પાછળ છે પસ્તાવો
હારજીતનો જયમ સંગાથ.
જન્મ ધર્યો તે મરવા માટે
જમ સાથે જાથુકની બાથ,
બળીયો એવો તું શું કરશે
કરવાનું તે કરશે નાથ.
સાધન તું છે માત્ર કર્મનું,
મુક અડપલાં મર્કટના.
પ્રભુ કરે તે ખરૂં માની લે
ફાં ફાંફાં મારે ફોગટનાં.

દોહરો.

મ્હેં કર્યું બસ મ્હેં કર્યું, એમ મૂર્ખ નર મિથ્યા બકે;
ખડખડ હસી કુદરત કહે, લે કર અગર જો થઇ શકે.

બ્રહ્મવિદ્યા.*

જ્યારે ધારશું પ્રભુજી ધણી, ત્યારે પીડા મટશે નર્ક તણી;
જ્યારે સેવશું પ્રભુનાં ચર્ણ, ત્યારે મટશે જન્મ ને મરણ. ૧
જ્યારે પાળશું પ્રભુજીના નીમ, ત્યારે સહેજે રહેશું હીમખીમ;
જ્યારે થાશું પ્રભુજીના દાસ, ત્યારે પ્રભુ રહેશે પોતા પાસ. ૨
જ્યારે કરશું પ્રભુજીમાં પ્રીતિ, ત્યારે સ્હેજે રહેશું જગ જીતી;
જ્યારે ધરશું પ્રભુજીને થાળ, ત્યારે નહિ નડે કર્મને કાળ. ૩
જ્યારે રહેશું હરિને હજુર, ત્યારે દુઃખ થાશે સરવે દુર;
જ્યારે બાંધશું પ્રભુજીની જોડ, ત્યારે દુઃખ મટશે કરોડ. ૪
જ્યારે કરશું પ્રભુજીને ગમતું, ત્યારે આપશે સુખ અતિ નમતું;
સુખ સાગર સુંદર શામ, જેને સુખે સુખી સહુ ધામ. ૫
તે પુરૂષોત્તમ જેના પતિ, તેને ન રહે રંકપણું રતિ;
એવી નહિ કોઈ સંપતિસાર, જેથી રહું હું ધર્મ કુમાર. ૬
અનેક બ્રહ્માંડનું જે કારણ, તેણે કર્યું છે તન ધારણ;
જેની ભ્રકુટિ વિલાસ માંય, કોટી બ્રહ્માંડ ઉત્પન્ન થાય. ૭
એવા સમરથ શ્રીજી, મહારાજ સર્વ ઉપર છે અધિરાજ;
સત્ય સંકલ્પ પુરણ કામ, તેણે ધર્યું નારાયણ નામ. ૮
ન્હોતી દીઠીને ન્હોતી સાંભળી, એવી ચલાવી રીત સઘળી,
પંચ વિષયમાં દોષ દેખાડી, લીધા જીવને તે થકી છોડી. ૯
ધ્યાન, ધારણાને જે સમાધિ, તેણે કરી વિસરાવી ઉપાધી,
ધર્મ જ્ઞાન વૈરાગ્યને ભક્તિ, એવી આપી છે સુખસંપતી. ૧૦
એવા અતીશે અલૌકિક એહ, તેથી બાંધવો અચળ સ્નેહ;
જેનું સ્વપ્નમાં દર્શન પામે, તેનું મન ન ચડે બીજે ભામે. ૧૧

---

* આ બ્રહ્મવિદ્યા ગઢપુરમાં લક્ષ્મીબાગની પર્ણકુટીમાં ભગવદ્ ભક્તિ કરી અક્ષર નિવાસી થએલા સદ્‌ગુરૂ સ્વામી હરિસ્વરૂપ દાસજીની પ્રસાદી છે.

જેના ગુણનો પાર ન આવે, કદી વેદ પુરાણ જો ગાવે;
એવી શી વસ્તુ છે આ ભૂમા, જેના થકી શોભાય પ્રભુમાં. ૧૨
સ્થિર રહેવું પ્રભુ સામું જોઇ, ચિત્તવૃત્તિ પ્રભુજીમાં પ્રોઇ,
એમ કરશું પ્રભુજીનું ધ્યાન, ત્યારે ટળશે સર્વ અજ્ઞાન. ૧૩
એવા પ્રભુજીના જપતાં નામ, સહેજે પામીએ અક્ષરધામ;
એમ કહ્યો છે શાસ્ત્રનો સાર, સમજી કરવો પ્રભુજીમાં પ્યાર. ૧૪
એમ પ્રભુજી રાજી થશે, ત્યારે જરૂર દર્શન દેશે;
અંતકાળે આવી અવિનાશ, તેડી જાશે અક્ષર વાસ. ૧૫
ભાવે કભાવે લેશે જે નામ, તે તો પામસે અખંડ ધામ;
જાણે અજાણે થાશે સંબંધ, તેના ટળશે જન્મનાં બંધ. ૧૬
વળી ગમે એવો પાપી હશે, અંતે સ્વામિનારાયણ કહેશે,
તે જાશે અક્ષર ધામે, એમ કહ્યું છે શ્રી ભગવાને. ૧૭
તો જે પ્રભુનો અશ્રિત હશે, તેને કલ્યાણનો શો સંશે;
માટે રાખજો પ્રભુનો વિશ્વાસ, થઇ રહેજો હરીના દાસ. ૧૮
ઝાલ્યું શ્રીજી સ્વરૂપનું જ્ઞાન, જાણજો એને અભયદાન;
એવું નથી બીજું સાધન, પ્રભુજીને કરવા પ્રસન્ન. ૧૯
એમ બોલ્યા મહામુનિ વાણી, સર્વ જીવ ઉપર દયા આણી;
આને ગાશે સાંભળશે જે જન, તેનું થાશે તેજોમય તન. ૨૦

જાનકીજીની સમજણ.

જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે અતિશે વિલાપ કરવા માંડયો તે વખતે લક્ષ્મણજી પણ અતિશે દીલગીર થયા પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યાં જે હું મારા દુઃખ સારૂ નથી રોતી. હું તો રામચંદ્રજીના દુઃખ સારૂ રોઉં છું! શા માટે જે રઘુનાથજી અતિ કૃપાળુ છે તે લોકાપવાદ સારૂ મુને વનમાં મુકી પણ હવે એમ વિચારતા હશે જે સીતાજીને મેં વગર વાંકે વનમાં મુકી છે એમ જાણીને કૃપાળુ છે તે મનમાં બહુ દુઃખ પામતા હશે માટે રામચંદ્રજીને કહેજો જે સીતાજીને તો કાંઈ દુઃખ નથી નેં વાલ્મિક ઋષિના આશ્રમમાં જઇને સુખે તમારૂં ભજન કરશે માટે તમે સીતાજીના

દુઃખે કરીને કાંઈ દુઃખ પામશો નહિ એમ સીતાજીએ લક્ષ્મણજી સંઘાતે કહી મોકલ્યું પણ કોઇ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહિ. આવી ઉત્તમ પ્રકારની સતી સીતાજીની સમજણ હતી.

ઝેર ગયા વિના શાન્તિ થતી નથી.

નાગને સો વરસે પાંખો આવે છે એટલે તે ઉડવા માંડે છે. ચૈત્ર વૈશાખની ગરમીના દિવસોમાં તેને ગરમી થતાં આકાશમાં ઉડે છે તે વખતે કેટલાક ઝેરીનાગ ચંદનના વૃક્ષપર શાન્તિ લેવાને માટે ચોંટી પડે છે પણ તે વખતે પોતાનું મોઢું કે જેમાં હળાહળ ઝેર ભરેલું છે તે વાયુ તરફ ઉંચું રાખે છે એટલે બાવના ચંદનની શાન્તિ તેના શરીરે થાય છે પણ મુખારવિંદનું ઝેર અમૃત થતું નથી. કારણકે જો મુખારવિંદને બાવના ચંદન સાથે રાખે તો જ વિખનું અમૃત થાય ? તે જ પ્રમાણે આપણે ધર્માલયના અગર તીર્થોના પવિત્ર સ્થાનોમાં વિચરીએ છીએ પણ આપણી વૃત્તિ ઘર તરફ છોકરાં ને સ્ત્રીમાં હોય છે એટલે અંતઃકરણમાં ખરી શાન્તિ આવતી નથી.

સ્વર્ગના સાત રસ્તા.

દોહરા.

દાન ધર્મ ધીરજ દયા, સત્ કીર્તિ સત્ ગ્રંથ;
પઠન શ્રવણ એ પુરૂષને, સાત સ્વર્ગના પંથ.

સ્વભાવ ટળતો નથી.

એક રાજાએ પોતાના કુંવરના વિવાહ પ્રસંગે ગામના સદ્ગૃહસ્થોને જાનમાં આવવાનું નિમંત્રણ કરેલું હતું. તેમાં એક કુંભારનું નામ પણ હતું. તે કુંભાર બહુ પૈસાવાળો હતો એટલે રાજા પાસે લક્ષ્મીને લીધે તેનું સારૂં માન હતું. કુંભારે રાજા પાસે અરજ કરી કે હું મારા વાહન (ગધેડા) સાથે જાનમાં આવીશ. પ્રથમ તો રાજાએ આનાકાની કરી પણ કુંભારનો અત્યાગ્રહ જોઇને રાજાએ હા પાડી. વહેવાઇને ત્યાં જતાં સામૈયું થયું. ગધેડો પોતાના સ્વભાવ

પ્રમાણે તરેહવારના વાજીંત્ર વાગવા શરૂ થતાં ભુંકવા માંડ્યો. આથી તમામ રાજાઓમાં તે રાજાની હાંસી થવા લાગી. સ્વભાવ ટળતો નથી તે આ સાધારણ દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે. આપણામાં પણ કહેવત છે કે, ગધેડો ગંગાજીમાં નાહ્યો હોય તોપણ કાંઈ સાર્થક થતું નથી. તે તો હમેશાં પોતાના સ્વભાવ પ્રમાણે શુભાશુભ કાર્યનો વિચાર કર્યા વિના ભુંકવા જ માંડે છે.

નહી ત્રણમાં નહિ તેરમાં નહીં છપ્પનના મેળમાં.

એક શ્રીમાનપુરૂષે પોતાની જન્મભુમીમાં એક રખાત રાખી હતી. જ્યારે તે શ્રીમાન કમાવા માટે પરદેશ ગયો ત્યારે ત્યાંથી થોડા પૈસા પોતાની રખાતને દેવા માટે પોતાના એક ભરોસાવાળા મિત્ર ઉપર મોકલ્યા હતા. તેનો મિત્ર બહુ સુજ્ઞ અને વિચારશીલ હતો તેથી તે પોતાના મિત્રની રખાત પાસે જઇને કહેવા લાગ્યો કે તમારે કેટલા ધણી છે ? તેણે કહ્યું કે હાલમાં મારે ત્રણ ધણી છે ! શ્રીમાનના મિત્રે કહ્યું મને તેના નામ મેહેરબાની કરી બતાવશો ? રખાતે ત્રણ નામ તુર્ત તેને બતાવ્યાં. પણ તેમાં પોતાના મિત્રનું નામ જણાયું નહિ. ત્યારે તેને પૂછ્યું કે પૂર્વે તમારે કેટલા પતિ હતા ? ત્યારે તેણે કહ્યું પ્રથમ મારે તેર ધણી હતા. તેના નામ જોતાં તેમાં પણ પોતાના મિત્રનું નામ દેખાણું નહિ ત્યારે વળી પૂછ્યું કે સર્વ મળીને તમારે કેટલા ધણી થયા છે ? ત્યારે રખાત કહે મારે કુલ છપ્પન ધણી થયા છે. તેમાં પણ પોતાના મિત્રનું નામ જણાયું નહિ. એટલે પોતે ત્યાંથી એકદમ ઉઠી પોતાને ઘેર આવી પોતાના મિત્રની પરણેતર સ્ત્રીને મોકલેલા પૈસા આપી પોતાના મિત્ર ઉપર કાગળ લખ્યો કે " તમે તો નહિ ત્રણ નહિ તેર નહિ છપ્પનના મેળમાં " છો માટે તમારા મોકલેલા પૈસા તમારી રખાતને નહિ આપતાં તમારી ધર્મ પત્નીને આપ્યા છે. આ પત્રથી તેના મિત્રને પોતાના ખરા દુર્ગુણનું ભાન થયું. અને પોતાના પાપાચરણ માટે અતિશે પસ્તાવો કરવા લાગ્યો.

મા ! પદમણી કોને કહેવાતી હશે ?

એક વખતે એક ઉંટનું ન્હાનું બચ્ચું પોતાની માતા સાથે એક ગામથી બીજે ગામ જતું હતું. રસ્તામાં જતાં બચ્ચાંના કાન ઉપર "પદમણી" સ્ત્રી કેવી હોય છે તેના શબ્દો પડ્યા. આથી બચ્ચુ વિચાર કરવા લાગ્યું. તેની માએ તેને પૂછ્યું દીકરી તું શું વિચારમાં છે ? તેણે પોતાની માને કહ્યું મા "પદમણી" સ્ત્રી કોને કહેતા હશે ? માએ પોતાનાં બચ્ચાંને હસતે મુખે ધરતીપરની ધૂળ ચાટી કહ્યું ? બેટા ! લોકો "પદમણી" નો વહેમ મારા ઉપર લાવે છે એમ હાથ ઉંચા કરી કહેવા લાગી. બચ્ચું આ સાંભળી મનમાં હરખવા લાગ્યું કે મારી માતુશ્રી ખરેખર પદમણી જ હશે ! આવી રીતે મિથ્યાભિમાની મનુષ્યો ગૃહસ્થાઇનો તથા વિદ્વતાઇનો ડોળ રાખી વિના પ્રયાસે મનમાં અમથાં ફુલાય છે, પણ તેઓ મનમાં નથી સમજતા કે હું જે બોલું છું તેમાં લવલેશ સત્યપણું સમાએલું નથી. એવા નાદાન મનુષ્યો અંતે પસ્તાવામાં પડે છે.

તજવા લાયક શું છે ?

તજવા લાયક તરત છે, ચાકર જગમાં ચાર;
તસ્કર, રોગી, આળસુ, પ્રતિ ઉતર દેનાર.

'બહુરત્ના વસુંધરા'

બહુરત્ના વસુંધરા એમ કહેવાય છે, તેનું મનન અને ચિંતન કરો. તે સમજવાથી અંતઃકરણમાં તે પ્રકારનો અનુભવ થાય છે. દુર્બલ અને સંપન્ન; તેમજ ઉન્મત્ત અને શાણા થવું સૃષ્ટિના આદિ-કાળથી અખંડ રીતે ચાલ્યું જ આવ્યું છે. કેટલાક શ્રીમાન લોકો રંક બને છે તો કેટલાક રંક લોકો શ્રીમાન બને છે; તેજ પ્રમાણે વિદ્વતા અને પાંડિત્ય પણ આવે છે અને જાય છે. એક ભરાય છે તો બીજું ખાલી થાય છે. જે ભરાય છે તે પણ કાલાંતરે ખાલી જ થાય છે. આ પ્રકારે આ સૃષ્ટિ ચાલે છે. સંપત્તિ એતો બે પહોરની છાયા છે અને આયુષ્ય પણ ધીમે ધીમે ઘટતું જ ચાલે છે; માટે બાલ અને

તરૂણાવસ્થા ગઈ એટલે વૃદ્ધાવસ્થા આપણને પણ આવવાની જ. આ લક્ષ્યમાં રાખીને ગમે તે થાય તો પણ આપણો જન્મ સાર્થક કરી લેવો જોઇએ. દેહ ને જેવો કરીએ તેવો થાય છે અને યત્ન કરવાથી કાર્ય પણ સધાય છે, તો પછી દુઃખ શા માટે વેઠવું?

સંસારનો અનુભવ.

મનુષ્યના અંતઃકરણમાં નાના પ્રકારના તરંગો ઉઠે છે તે એકે સારૂં ખાવું, સારૂં પીવું, સારાં વસ્ત્રાભૂષણ ધારણ કરવાં અને સર્વ સારૂં સારૂં થાય એવી હોય છે; પરન્તુ તે પ્રમાણે કાંઈ થતું નથી. તે સારૂં કરવા જાય તો અકસ્માત્ ખૂરૂં થાય છે. કોઇ માણસ સુખી હોય છે તો કોઇ દુઃખી હોય છે એવી ઘટના જગતમાં પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે, અને આથી દુઃખી થાય છે ત્યારે માણસો અંતે પ્રારબ્ધપર સર્વ ભાર નાખી દે છે. તેઓ અચૂક પ્રયત્ન કરી શકતા નથી અને જે કરે છે તે યથાવત્ સમજીને કરતા નથી. ગમે તે કરો પણ તેમને તેમનો અવગુણ સમજાતો નથી, તેઓ પોતાના દોષ જાણી શકતા નથી, તેઓ અન્યના દોષ જાણે શી રીતે? ઉપર દર્શાવેલા નિયમ અનુસાર નહિ વર્તવાથી સ્વાભાવિક રીતે જ દરિદ્રતા પ્રાપ્ત થાય છે. લોકો અન્યના મનના હેતુ જાણતા નથી, તેથી તેઓ તેમની સાથે જોઇએ તેવી રીતે વર્તી શકતા નથી; અને મૂર્ખતાથી લોકોમાં અનેક કલહ ઉત્પન્ન થાય છે. પછી તેઓ કલહ વધારી પરસ્પર દુઃખ પામે છે. પ્રયત્ન બંધ પડે એટલે અંતે યાતના જ ભોગવવી પડે છે, માટે આવું વર્તન વિહિત નથી. નાના પ્રકારના લોકોની પરીક્ષા કરવી જોઇએ અને જે જેવો હોય તેને તેવો જાણવો જોઇએ. સંસારનો વ્યવહાર જોવા જઇએ તો પ્રાયઃ એમ જણાય છે કે મનુષ્ય પોતાનો પક્ષપાત કરે છે અને અન્યની નિંદા કરે છે; પરન્તુ પોતાની પ્રતિષ્ઠા જાળવવાને માટે સજ્જનને નિંદા પણ સહન કરવી પડે છે. જો નિંદા સહન કરવામાં ન આવે તો સ્વાભાવિક રીતે જ ઉદ્વેગ થાય છે. જ્યાં આપણને ઠીક લાગતું નથી ત્યાં રહેવું કદાપિ ગમતું નથી અને કોઈની

મર્યાદા તોડીને જવું પણ ઠીક લાગતું નથી. જે સત્ય બોલે છે તે સત્ય વર્તન કરે છે. તેને સર્વ માણસો ચહાય છે. ન્યાય અને અન્યાયની વાત પરસ્પર કરતો નથી, ત્યાં સુધી તેની ઉપર લોકોની ભક્તિ થતી નથી; અને લોકો તેને એક સાધારણ માણસ સમજે છે. જ્યાં સુધી ચંદન ઘસાતું નથી ત્યાંસુધી તેનો સુગંધ પ્રગટ થતો નથી અને એને પણ સાધારણ વૃક્ષના જેવું માનવામાં આવે છે. તે પ્રમાણે ઉત્તમ ગુણો પણ જ્યાંસુધી લોકોના જાણવામાં આવતા નથી ત્યાંસુધી તેની કદર શી રીતે થઈ શકે?

ફુલછાબ બીજી.

કન્યાદાનનો પ્રતાપ.

નારદ મુની સગર રાજા પ્રત્યે બોલ્યા કે હે રાજન! પૂર્વે તમારો શિયાળનો અવતાર હતો. તારી સ્ત્રી સગર્ભા હતી તેને માણસનું માંસ ખાવાની તીવ્ર ઇચ્છા થઈ ત્યારે તમે માણસનું માંસ લેવા કુંભારવાડામાં ગયા ત્યાં એક ત્રણ માસની કન્યા પોતાની મા સાથે સુતી હતી, તે બાળકીને તમે લાવ્યા. પછી તમારી સ્ત્રીને પ્રસવ થયો એટલે તે માણસનું માંસ ન ખાધું ને તમે તે કન્યાનું પોષણ કરી અઢાર વર્ષની કરી એક વખતે તમારા રહેઠાણ પાસેથી એક મહર્ષિ જતા હતા તેની દૃષ્ટિ તે કન્યા પર પડતાં તેને પરણવાનું મન થયું. તમે સાનંદે તમારી કન્યા તેને પરણાવી કન્યાદાન દીધું તે વખતે તમારા પાસે બીજું તો કાંઇ સાધન નહોતું પરન્તુ તે મહર્ષિના પ્રદેશમાં અનાજ પાણી ન લેવાનો તમે નિશ્ચય કર્યો. એક વખત એવો આવ્યો કે પાણી વિના તમારો દેહ તે પ્રદેશમાં છૂટી જતાં તમોને કન્યાદાનના પ્રતાપે દેવતાના વિમાન તેડવા આવ્યા ને તમે અત્યારે

જે સુખ ભોગવો છો તે કન્યાદાનના મહાન પ્રતાપના લીધે જ સમજવું. આ જગતમાં સર્વ દાનો કરતાં કન્યાદાન શ્રેષ્ટ છે.

લોભીનું લક્ષણ.

એક લોભીઓ માણસ પોતાના બાળકોને સાંજના વાળુ વખતે બે પૈસાની ખોટી લાલચ આપી કહેતો કે અત્યારે જે વાળુ ન કરે તેને બે પૈસા હું આપું છું. ન્હાના બચ્ચાં બે પૈસાના લોભથી ભુખ્યાં સુઈ જતાં. પ્રભાતે વળી તે જ લોભીયો પોતાના બાળકો પાસેથી બે પૈસા પાછા પડાવી લેવાને માટે કહેતો કે જે બે પૈસા મને આપે તેને હું રોટલી જમવા આપું. ભૂખ્યાં બાળકો બે પૈસા રાતના લીધેલા પાછા આપી સવારનું ભોજન કરતા આવી રીતે પોતાના વહાલાં બચ્ચાંને છેતરી તે લોભીયો એક વખતનું અનાજ હમેશાં બચાવતો હતો. લોભીઆ કેવા હોય છે તે આ સાધારણ દૃષ્ટાંતપરથી જણાશે કે "લોભને થોભ હોતો નથી."

અત્તરની સુગંધ.

એક ભંગીયો એક વખતે અચાનક એક અત્તરીયાની દુકાને ઝાડુ કાઢવા માટે ગયો હતો. તેને અતરીયાની દુકાન પાસે સાફસુફ કરતાં અત્તરીઓ તેના ઉપર ઘણો જ પ્રસન્ન થયો અને તેને હીના અત્તરનું એક પુમડું ખુશી થઈ આપ્યું. ભંગીએ તેને જોરથી સૂંઘ્યું કે તરત તે બેભાન થઈ પૃથ્વીપર પડી ગયો આસપાસ માણસો આ બનાવ જોઈ ભેગા થયા અને તેની સારવાર કરવા લાગ્યા પણ કોઇનો ઉપાય ચાલ્યો નહિ. છેવટે તેની જ જ્ઞાતિનો એક માણસ આવતાં તેણે તેના રોગનું ખરૂં કારણ શોધી કાઢયું. તુરત તેના પાસે નર્કનો ટોપલો લાવી મુકતાં તેને ભાન આવ્યું. આ વાતનો સારાંશ એ છે કે જેની રગેરગમાં દુર્ગંધે વાસ કર્યો છે તેને અત્તરની સુગંધ આરોગ્યરૂપ નહિ થતાં આપદારૂપ થાય છે. તે જ પ્રમાણે માયામાં રાત્રી દિવસ મચી રહેલા મનુષ્યને સત્સંગ જેમ અસર કરી શકતો નથી તે જ પ્રમાણે એ ભંગીને જન્મથી દુર્ગંધ સાથે પ્રસંગ હોવાથી અત્તરની સુગંધ તેને વિષરૂપ થઇ પડી હતી.

અદેખા માણસ માખી રૂપ છે.

એક મહાત્માએ પોતાના એક શિષ્યને પ્રસન્ન થઈને રીદ્ધિસિદ્ધિ દીધી હતી પણ જતી વખતે તેને એવો ઉપદેશ આપ્યો હતો કે જે વસ્તુ મેં આપી છે તેને પવન નાંખી સંભાળજે. તેમાં માખી ન પડે એટલે કે અદેખા લોકો નકામી તારી ઇર્ષા ન કરે તેને માટે આ આપેલી ઉત્તમ વસ્તુનો સદ્વ્યય સંભાળથી કરજે, કારણકે જગતમાં અદેખા લોકો વિનાકારણે અન્યનો વૈભવ જોઈ બળી મરે છે. જેમ માખી દુધ પાકમાં પડી વિનાકારણે પોતાના પ્રાણ ખુએ છે એટલું જ નહિ પણ તે વસ્તુને પણ અપવિત્ર બનાવી ખાનારાને પણ ઉલટી કરાવી હેરાન કરે છે તે પ્રમાણે અદેખાને વિઘ્ન સંતોષી માણસોથી હમેશાં ચેતતો રહે જે. તે તારા વૈભવ જોઇ અગ્નિની પેઠે બળી મરશે! માટે મહાત્મા પુરૂષોએ અદેખા મનુષ્યને માખી રૂપ કહ્યા છે તે સત્ય છે.

મિત્રાચારી ન કરવા લાયક.

વ્યસની કપટી સ્વાર્થી, વૃથા વચન વદનાર;
મિત્રાચાર ન ચારથી, તેજ સુખી સંસાર.

ઉત્તમ અવસર.

ભગવાન કહે છે કે “ તને મહારામાં આરામ મળશે, પણ જગતમાં ચિંતા મળશે. મારામાં શાન્તિ મળશે પણ જગતમાં દુઃખ મળશે ” માટે આ ઉત્તમ અવસર પ્રાપ્ત થયો છે તો પ્રભુને શરણે જઇ તેનું ભજન કરવું, કારણકે ફરી ફરી આવો અવસર મળવાનો નથી. મોટા સદ્‌ગુરૂ વિના જગતને અને આત્માને કોઇ જુદા પાડી શકે જ નહિ! ને જુદા પડયા વિના પરમાત્મામાં પ્રીતિ થાય જ નહિ! માટે દરરોજ એક કલાક તો અવસ્ય શ્રદ્ધાથી બધી વાસનાઓ તજી શ્રી હરીનું ભજન કરવું એ ઉત્તમ છે. મૃત્યુ તો અવસ્ય એકદિ વસ આવીને ઉભું જ રહેશે તેની પાસે મુદત મંગાશે નહિ, માટે હે ભાઇ! વિષયને તજીને જ્ઞાનરૂપી અમૃત પીવાની ટેવ રાખ કારણકે આંહિતો તારે બે દિવસ રહેવાનું છે પણ જ્યાં કરોડો વર્ષ ગાળવાનાં છે તેના માટે કાંઇ તૈયારી

મનુષ્ય દેહ મળ્યા છતાં નહિ કરીએ તો પછી કરશું ક્યારે ? પુનઃ પુનઃ આવો સમય આવનાર નથી. પોતે પોતાને ઓળખી લેવો એ ખાસ જરૂરનું છે. મહાત્મા પુરૂષો કહે છે કે વિદ્યુતનાં ઝબકારામાં જેણે મોતી પરોવી લીધું તે જ ખરૂં બાકી તો ચોરાશીના ફેરામા પડવાનું છે.

શહાસુજાના ઉત્તમ વિચારો.

તપસ્વી શહાસુજાએ પોતાની પુત્રી એક ફકીરને પરણાવી હતી. જ્યારે આ બાદશાહની બેટી પોતાના પિતાની આજ્ઞાથી ફકીરના ઘરમાં ગઈ ત્યાં ફકીરની ઝુંપડીમાં શીંકા ઉપર કટકો રોટલો પડેલો દેખી પોતાના સ્વામી (ફકીરને) કહેવા લાગી કે હે સ્વામીનાથ ! આ શું છે ? ત્યારે ફકીરે કહ્યું એ કાલ સવારના નાસ્તા માટે રોટીના ટુકડા છે. ત્યારે સ્ત્રીએ કહ્યું સ્વામીનાથ! તમે ફકીર થયા છતાં હજુ કાલની ચિન્તા કરો છો ? તમને પરમેશ્વરપર વિશ્વાસ જણાતો નથી. મારા બાપે તમારો વૈરાગ્ય ને જ્ઞાન જોઇ મને પરણાવી પણ તમોને હજુ કાલની ફીકર રહે છે ! માછલાં પાણીમાં ફરે છે તેને ટાઇમસર કોણ ખોરાક આપે છે જેઓ જગત છોડી પરમાત્માને શરણે ગયા તેને વળી કાલની શું ચિન્તા ? એમ કહી સીંકા ઉપરના રોટલાના કટકા કુતરાને નાંખી દીધા ? આ ફકીર કરતાં તેની સ્ત્રીનો વૈરાગ્ય વિશેષ હતો કેમકે તેને પરમેશ્વરમાં સંપૂર્ણ વિશ્વાસ હતો નહિ તો એક બાદશાહની બેટી ફકીરનું ઘર માંડે ખરી ? પણ નાની ઉમરથી તેને આત્મજ્ઞાન થએલું હતું એટલે ફકીરી ને તે અમીરી જ સમજતી હતી. ધન્ય છે એવી સન્નારીઓને !

કુલછાબ ત્રીજી.

બોલવાથી બગડયું.

એક જંગલની પર્ણકુટીમાં એક ગુરૂ ને શિષ્ય રહેતા હતા ત્યાં તે જ ગામનો રાજા અનાયાસે દર્શનને માટે આવી ચડયો. તે વખતે ગુરૂજી આશ્રમ છોડી બહાર ગયા હતા. ને તેનો શિષ્ય હાજર હતો. તેને રાજા ગુરૂ ધારીને પગે લાગ્યાને વિનંતી કરવા લાગ્યા કે મહારાજ! મને પુત્ર નથી તે થાય તેવો આશિર્વાદ આપો શિષ્યે તુર્ત વગર વિચાર્યે કહી દીધું જાઓ પુત્ર થાશે. રાજા તુર્ત પગે લાગી વચનમાં વિશ્વાસ રાખી પોતાની રાજધાનીમાં આવ્યો. પછીથી તે શિષ્યના ગુરૂજી આશ્રમમાં પધાર્યા. શિષ્યને હકીકત પુછતાં ખરી બનેલી હકીકત કહી દીધી. ગુરૂજી પુછે છે કે તું કાંઇ બોલ્યો તો નથી કે? શિષ્યે કહ્યું કે મેં તેમને પુત્ર થશે એમ તેમની માગણી ઉપરથી કહ્યું છે. ગુરૂજી કહે એના જન્મમાં સાત જન્મ સુધી પુત્ર નથી, પણ હવે સંતનું વચન મિથ્યા ન જવું જોઇએ તેથી તું બોલ્યો તો જા, પુત્ર થઈને તેને ત્યાં અવતર! પછી થોડા સમય બાદ ગુરૂજીના વચન પ્રમાણે તે શિષ્ય રાજાજીને ત્યાં પુત્ર રૂપે અવતર્યો, પણ યોગી હોવાથી પૂર્વનું સર્વજ્ઞાન પોતાને રહેલું હતું. તેથી તેણે વિચાર્યું કે "બોલવાથી બગડયું" તો હવે બોલવું જ નહિ. તેથી તે ભાઈ બોલે જ નહિ. રાજાએ બહુ બહુ ઉપાયો કર્યા. એક દિવસ પ્રધાન સાથે થોડી સેના લઇ પુત્રને શેહેર બહાર ફરવા મોકલ્યો. વનમાં એક તીતરપક્ષી બોલ્યું, એટલે સૈનિકોએ સેંકડો ગોળી છોડી તેને મારી નાંખ્યું. તે જોઈ રાજકુંવરથી અનાયાસે બોલાઇ ગયું કે "બોલા સો મારા ગયા." તે જોઈ બધા ખુશ થઇ ગયા અને રાજાને વધામણી મોકલાવી કે કુંવર સાહેબ બોલ્યા. પુનઃ રાજાએ બહુ તજવીજ કરી પણ કુંવર

બોલતો જ નથી. પ્રધાનને કહ્યું કે આઠ દિવસમાં મહારા કુંવરને તમે બોલાવો, જો તે નહિ બોલે તો હું તમોને ફાંસીએ ચડાવીશ. પ્રધાને રાત્રે રાજકુંવર પાસે જઈ નમ્રતાપૂર્વક ઘણી વિનંતી કરીને કહ્યું કે મારા પ્રાણ બચાવો. જો આપ બોલશો નહિ તો મારે વિના કારણે મરવું પડશે. કુંવરે કહ્યું કે ભાઇ ! બોલ્યો ત્યારે જ મારે આ જન્મ લેવો પડયો. ભલે તમે મરો કે જીવો ! તમે પણ રાજા આગળ (કુંવર બોલ્યા એ રીતે) બોલ્યા ત્યારે તમને વેઠવું પડે છે. એ શું બોલવાથી બગડયું નહિ ?

સાચો વૈરાગ્ય.

એક મનુષ્ય કબીર સાહેબના દર્શન કરવા ગયો હતો તે વખતે કબીરસાહેબ ઘેર નહોતા. પેલા માણુસે તેની સ્ત્રીને કહ્યું કે કબીર સાહેબ કયાં ગયા છે ? ત્યારે સ્ત્રીએ કહ્યું કે તેઓ શમશાન ગયા છે. ત્યારે પેલા માણુસે કહ્યું હું પહેલવહેલો જ દર્શન કરવા આવેલો છું માટે તેમની ઓળખાણ માટે નિશાની શું ? એમ પુછતાં સ્ત્રીએ કહ્યું, જેના માથા ઉપર વાદળીની છાયા જણાય તે કબીર જાણવા. ઠીક, એમ કહી એ માણુસ સ્મશાન તરફ દોડયો. જુએ છે તો શબ સાથે ચાલનારા બધાને માથે વાદળી જોઇ ગુંચવાયો. તે પણ માણસો સાથે સ્મશાન સુધી ગયો. શબને બાળીને પાછા ફરતાં ફક્ત કબીરજીનાં માથા ઉપર વાદળી દીઠી ત્યારે નજીક જઇ પગે લાગી તેનું કારણ પુછતાં કબીરસાહેબે કહ્યું; કે જતી વખતે બધા સ્મશાન વૈરાગ્યવાળા હતા તેથી સર્વે ઉપર છાયા હતી. હવે પાછા આવતાં બધા તે ભુલી ગયા. માત્ર એકલો હું જ તે વૈરાગ્યવાળો કાયમ રહ્યો છું, તેથી ફક્ત મારા માથા ઉપર વાદળીની છાયા છે. કારણકે સાચા વૈરાગ્યથી એક જ રંગ રહે છે. બાકી બીજો તો સ્મશાન વૈરાગ્ય છે.

દૃઢ નિશ્ચયનું ફળ.

એક વખતે એક સંત મહાત્મા પાસે એક મનુષ્ય કથાનું શ્રવણ કરવા આવ્યો હતો. ત્યાં તેને સંત મહાત્મા તરફથી એવો બોધ મળ્યો કે, ' પ્રારબ્ધમાં હશે તો ખાવાનું પણ આવી મળશે જ "

જીજ્ઞાસુ પ્રયત્નવાદી હતો તેથી આ વાતની ધડ તેના અંતઃકરણમાં બરોબર બેઠી નહિ. તુર્ત પોતે મહાત્માને પૂછ્યું, "મોઢામાં કોણ મુકશે?" સંત કહેઃ ભાઈ! તે પણ પ્રારબ્ધ જ કરશે. હવે જીજ્ઞાસુ ખંતીલો હોવાથી એ વચનની પરીપૂર્ણ ખાત્રી કરવા સારૂ ઘર છોડી બીજે ગામ એક માતાનું મંદીર હતું ત્યાં જ બેઠો. એક દિવસ ગયો, બીજો પણ ગયો અને ત્રીજો દિવસ પણ પુરો થયો તે જ રાત્રે ગામ લોકોએ કોલેરાના રોગની માનતા માનેલી તે મુજબ કોલેરા અદ્રશ્ય થઇ ગયેલો જોઇ સવામણનો શીરો કરી માતાની આગળ અર્પણ કરી ચાલ્યા ગયા. પેલો બેસી રહ્યો હતો. રાતના બાર વાગે ચોર લોકો ચોરી કરી ત્યાં આવ્યા તેમને ભુખતો કડકડીને લાગી હતી. એટલામાં શીરો દષ્ટિએ પડતાં સર્વે જણ રાજી થયા, પણ મનમાં વિચાર કર્યો કે આમાં ઝેર હોય તો શી ખાત્રી! તેથી કોઇને ખવરાવીને ખાવું. પેલા બેઠેલાને પુછ્યું કે તમે કેમ ખાતા નથી "તમ ખાઓ મારે જરૂર નથી" ચોર લોકોએ હાથ પગ ઝાલી તેના મોઢામાં કોળીઆ મુકી ખવરાવવા માંડયું. પછી તે મનુષ્યે પોતાના હાથે નિરાંતે ખાધું. આ ઉપરથી તેની ખાતરી થઇ કે દ્દઢ નિશ્ચય રાખવાથી સિદ્ધિ મળે છે એ નિઃસંદેહ છે.

સ્વર્ગ ઢુંકડું કોને છે!

હીંસા ચોરી અસત્યતા, સુરનિંદા પરનાર;
પાંચ તજ્યે દો પાપતો, સ્વર્ગ સમીપ જ ધાર.

નીચું કામ ન કરો.

દોહરો.

સો લાંઘણ કદી સિંહને, થઇ તો ઘાસ ન ખાય,
ઉત્તમ નર નીચે પદે, મરણ લગી નવ જાય.

ધનના ગુણ.

રૂપ પુજ્ય પંડિતપણું, આબરૂ ઉંચું કુળ,
જોતાં શોધી જગતમાં, દ્રવ્ય પાંચનું મુળ.

શત્રુ જેવા ચાર દોષો.

દોહરો.

આળસ અતિશય ઉચરવું, અગર જાદ સંતોષ;
ચાર શત્રુસમ ભુપને, દેશ બુડાવણ દોષ.

દરરોજ સંભાળવા યોગ્ય

દોહરો

ઉપજ ખરચ સજ્જન અહી, સેન, ગામને દેશ;
સતિ દિન દિન સાંભરે નીતિવંત નરેશ.

ખુશ મિજાજ

કોઇ એક બાદશાહે એક નજુમીને બોલાવીને પૂછ્યું કે ખુશ મીજાજ રહેવાને માટે શો ઉપાય કરવો? તેણે કહ્યું "બાદશાહ સલામત હમેશાં ખુશ મિજાજ રહેનારા માણસોના કપડાં આપ પહેરો તો હમેશાં પ્રસન્ન રહેશો."

બાદશાહએ રાજ સભાના અધિકારી અમલદારો અને આખા રાજ્યમાંના શ્રીમંતોમાં એવા હમેશાં પ્રસન્ન રહેતા માણુસની તપાસ કરાવી પણ તેવો કોઇ મળ્યો નહિ. છેવટે એક મજુર કે જે હંમેશાં ખુશી રહેતો હતો, તે આ કાર્યમાં ઠીક માનવામાં આવ્યો. પણ દુર્ભાગ્યથી કહો કે સુભાગ્યે કહો પણ તેની પાસે એવું કોઇ કપડું નહોતું કે જે બાદશાહ પહેરે! તેથી કંઇ થઇ શકયું નહિ. ટુંકામાં પ્રસન્નતાનો આધાર આપણા પોતાના મન ઉપર જ છે. પ્રસન્નતા આપણા મસ્તકમાં જ નિવાસ કરે છે. તેને મેળવવી એ આપણા પોતાના જ અધિકારમાં છે.

ફકીરીમાં અમીરી છે.

(ગજલ)

ધરી કંથા લીધી ઝોળી, ખલકની બાદશાહી છે;
ખુમારી એ હમારી છે, ફકીરીમાં અમીરી છે. ૧
ચડાવ્યા તાર વિણાના, થયો ઝણકાર જાદુનો;

બન્યા ગુલતાન ગાવામાં, ફકીરીમાં અમીરી છે. ૨
સૃષ્ટી ચોગાનની વચ્ચે, હમે ધુણી ધખાવી છે;
અલખની લ્હે લાગી છે, ફકીરીમાં અમીરી છે. ૩
દીવાના છો કહે દુનીયા, હમે ડાહ્યા દીવાનામાં;
જગતની શી પડી હમને, ફકીરીમાં અમીરી છે. ૪
ભયાનક જગતથી ભાગી, છુપા કો સ્થાનમાં રેશું;
પુકારો ત્યાં કરીશું કે, ફકીરીમાં અમીરી છે. ૫
જીવ્યા તો જગતને કાજે, સેવા ધર્મ સ્વીકારી;
વડાઇ ક્યાંય ના દીઠી, ફકીરીમાં અમીરી છે. ૬
અમીરી શી ? ફકીરી શી ? હમારે મન સૌ સરખું;
ગયાં જ્યાં ભેદના ભાવે, અભીદામાં સૌ સરખું. ૭
અજબ જ્યોતી હવે જાગી, પ્રભુમય વિશ્વને જોયું;
બ્રહ્માનંદ રહ્યો વ્યાપી, સહુ અજ્ઞાને ખોયું. ૮

લોભીને હલકા મનુષ્યોની સોબત.

ઉપજાતિ વૃત.

મહત્વલોભે નર મૂર્ખ થાય,
મિથ્યા તરંગો કરીને ફુલાય;
મર્યાદ ભુલી નીજ યોગ્યતાની,
ભરે ફલંગો કંઇ લંગડાની.
નીચા જનોની કરી મીત્રતાને,
સહાય શોધે ઉંચી સિદ્ધિ માટે;
દમામ પોલો કરી રાજી થાય,
પોતે જ પોતા થકી તે ઠગાય.

ફુલછાબ ચોથી.

પ્રસ્તાવિક સુબોધ.

દોહરા.

નાનું ઝાડ નમાવીએ, તેમજ તે નમી જાય;
વૃદ્ધ થયા પછી વાળતાં, થાવર કટકા થાય. ૧
કપાય તોએ નવ કરે, ચંદન દુર સુગંધ,
કષ્ટ થયે ફુલપાન જયમ, સદ્ગુણુનો સબંધ. ૨
સજ્જન દેખે સોનુ તો, ધુળમાંથી લે ધોઈ;
ગુણીયલ તે જ ગુણગ્રહે, ભુપભલો કે બોઇ. ૩
ગોરી ગ્રાહક રતનકો, ગુણ ગ્રાહક રાજન;
કવિતા ગ્રાહક જો રસીક, ભુપતી ભોજ સમાન. ૪
રણ ચડંતા સાહેબા, તું મત જોજે વાટ;
તારા બેલી ત્રણ જણ, હૈડું કટારી ને હાથ. ૫
લેશ વચનને લોપતાં, સીતાજી સંતાપ,
પામ્યા જન વિખ્યાત છે, એવું સમજો આપ. ૬
વિદ્યા ધનકુળ રાજમદ, ચોખા દારૂ ચાર;
કેફ ઉતરવે તેહને, ધન ધનવાર હજાર. ૭
મટે કલેષ મુની વૃતથી, મટે પુણ્યથી પાપ;
મૂર્ખપણું ભણતાં મટે, સંપથકી સંતાપ. ૮
જળમોતી છીપ સંગથી, કેળે નીર કપુર;
સંગ પ્રમાણે સાંપડે, જગમાં ગુણ જરૂર. ૯

નાશવંત દેહની ત્રણ સંજ્ઞા.

દોહરો.

ત્રણ સંજ્ઞા આ દેહ તણી, કૃમીવીટ ભસ્મ કહાય;

ચોથી કદી ન નીપજે, કરતાં કોટી ઉપાય.

આજ્ઞા નહીં પાળનાર પુત્ર.

એક શ્રીમંતનો પુત્ર પોતાના પિતાની બરોબર આજ્ઞા પાળતો નહોતો ને તે બાબત વખતો વખત તેનો પિતા તેને ઠપકો દેતો. તેની પાડોસમાં એક આંબલીનું વૃક્ષ હતું તે જ્યારે જ્યારે તેનો પુત્ર પોતાની આજ્ઞા ન પાળે ત્યારે તે એક ખીલો ઝાડમાં નાંખતા. પાંચ સાત વર્ષે આખું થડ ખીલાથી ભરાઇ ગયું ત્યારે તે શ્રીમાનના પુત્રને શુદ્ધ બુદ્ધિ જાગૃત થતાં તેના પિતાશ્રી પાસે વિનંતી કરી કે હે પિતાશ્રી! હવે હું આપની આજ્ઞા સર્વે યથાર્થ પાળીશ. માટે તમે ઝાડમાંથી તમામ ખીલા કાઢી નાખો. પિતાશ્રીએ પોતાના પુત્રના વચન પ્રમાણે સદરહુ ઝાડમાંથી તમામ ખીલા કાઢી નાંખ્યા પણ ઝાડમાં કાણાંતો કાયમ રહ્યા તે જોઇ પુત્રના મનમાં ખેદ થયો કે પિતાશ્રી! આપે મહારા દોષરૂપી તમામ ખીલા તો ઝાડમાંથી કાઢી લીધા પણ કાણાં પુરાણાં નહિ! તે શી રીતે પુરાય? ત્યારે પિતાશ્રીએ કહ્યું કે જે જે આજ્ઞાઓનું ઉલ્લંઘન તેં કરેલું છે તેના દોષ કદી મટવાના નથી. હવેથી તું સરળ રીતે ચાલીશ તો ઝાડમાં નવાં કાણાં નહિ પડે પણ જે પડેલાં છે તેતો કાળેકરી મટશે. હાલ તુર્તને માટે તેનો પુરાઇ શકશે નહિ! કેટલીક વખત આવા સાધારણ દૃષ્ટાંતથી મનુષ્યની બુદ્ધિ જાગૃત થાય છે.

માયાનું દર્શન.

જ્યાં બરોબર હરિરસ જામ્યો હોય ત્યાં માયા એકાએક દર્શન આપે છે. જેઓ પરમાત્માના ધ્યાનમાં ગુલતાન થાય છે તેને માયા છેતરે છે. જેઓ માયાને તરછોડી પ્રભુપરાયણ થાય છે તેને રીદ્ધિસિદ્ધિ દર્શન આપે છે પણ એમાં ભગવાનના એકાંતિક ભક્ત લેશમાત્ર લોભાતા નથી-અને જેઓ લોભાય છે તેઓ પ્રભુમાં ખરો પ્રેમ રાખી શકતા નથી. તે ઉપર એક સાધારણ દૃષ્ટાંત છે કે કોઇ એક ગામમાં

એક પુરાણી મહારાજ ભક્તોને કથાનું શ્રવણ કરાવી રહ્યા હતા. ત્યાં એક વ્યાપારી હરિરસમાં ગુલતાન થઈ રહ્યો હતો. તેને હરીરસમાં બહુ જ મીઠાસ લાગી હતી. તેવામાં તેના કોઈ સ્નેહીએ એકદમ આવીને તેને કહ્યું, પાનાચંદ શેઠ! ઉઠો! ઉઠો!! તમને શોધીને થાકયો. આજ બજારમાં કેટલોક માલ અનાયાસે મને મળી ગયો છે મેં તેમાં તમારો ભાગ રાખ્યો છે, નફો સારો છે. આપણે તુર્ત વેચી નાંખીસું તો પણ ફાયદો સારો રહે તેમ છે. માટે તમે ઝટપટ ચાલો, દેર કરો માં. માયામાં લુબ્ધ થએલો શેઠ હરિરસ ને પડતો મુકી માલ લેવા બજારમાં ગયો. ત્યાં તો માયાએ પોતાનું સ્વરૂપ ફેરવી નાંખ્યું. માયા તે માયા જ છે! તેને પ્રગટ દર્શન દીધાં. તુર્ત અમેરીકાના તાર આવ્યા ને ભાવ તદ્દન બેસી ગયો. લાભને બદલે શેઠને વીસ હજાર રૂપિઆની નુકશાની આવી. જુઓ હરીરસ મુકી માયામાં લુબ્ધ થયો ત્યારે માયાએ તેને કેવો ફસાવ્યો. આ વાત પાનાચંદ શેઠે પેલા પુરાણીને કહી પુરાણીએ તુરત કહ્યું કે "ભાઇ! ભગવતગુણોના શ્રવણ રૂપી અમૃતને છોડી તું માયામાં ફસાણો તો તારી આવી દશા થઇ. વિષ્ણુ દર્શન ન થયું ને લક્ષ્મીબાઇ પણ દેખાવ દઇ નાશી ગઇ માટે મનનો સંયમ રાખી ઇશ્વર ભક્તિમાં એકતાર થયા વિના માયા કદી પણ છુટતી નથી. એ તો મનુષ્યના નવાનવા રંગ પ્રસંગોપાત બતાવ્યા વિના રહેતી નથી.

જગતની પ્રીતિ.

જુઠી દેખી પ્રીત જગતમે, જુઠી દેખી પ્રીત. ટેક
અપને સુખકું સબ જગ રોવે, કયા દારા કયા મીત, જ
મેરો મેરો સબહી કહત હે, હેતસે બાંધે ચીત. જ
અંતકાલ કોઇ સંગ ન ચાલે, યહી અચરજ કી રીત. જ
મન મુરખ જીન અજહુ ન સમજત, સુખ દેહારે નીત જ.
નાનક ભવજળ પાર પડો જબ, ગાઓ હરીકો ગીત. જ

મંત્રજંત્ર અજ્ઞાની પાસે ચાલે.

એક વખતે જંત્રમંત્રથી સિદ્ધ થએલ કોઇ એક બ્રહ્મચારી ટોટલા ગામમાં આવ્યો હતો. તે જેને ઘેર ગામમાં ભોજન કરવા જાય ત્યાં પોતાના પુજવાના વિષ્ણું સાચવવાનું કહી મુકી જાય. પરન્તુ બીજે દિવસે તો તે વિષ્ણુ બ્રહ્મચારી પાસે આવી જાય. આમ થવાથી બ્રહ્મચારીને ભોજનના આમંત્રણ ઘેર ઘેરથી આવવા લાગ્યાં. આ આશ્ચર્ય સાંભળીને ખુશાલ ભટ્ટ (પછીથી સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામી) બ્રહ્મચારીને ભોજનનું આમંત્રણ આપ્યું. બ્રહ્મચારી વિષ્ણુ લઇને જમવા આવ્યા. જમીને રીવાજ મુજબ વિષ્ણુ ખુશાલ ભટ્ટને સાચવવા સોંપ્યા; પરન્તુ બીજે દિવસે વિષ્ણુ તો બ્રહ્મચારી પાસે ગયા જ નહિ. તેમણે હતા તેટલા મંત્રપ્રયોગો રાત્રિમાં કરી જોયા પણ કાંઇ વળ્યું નહિ, તેથી બીજે દિને પ્રભાત થતાં જ તેણે પલાયન કર્યું.

અંતઃકરણ પવિત્ર કરવાનું સાધન.

નીતિ અને ધર્મ માટે જે નિયમો ઘડાયા હોય છે, તે ધર્મ કહેવાય છે અને તેને અનુસરનાર મનુષ્ય ધાર્મિક કહેવાય છે. તેમ ન કરનાર સમાજનો તેમજ પ્રભુનો ગુન્હેગાર ગણાય છે. યાદ રાખવું કે ધર્મ રક્ષણ માટે છે નહિ કે ભક્ષણ માટે ધર્મ ધર્મનું રક્ષણ કરે છે જ. કોઇ પણ મનુષ્ય જો ધર્મનું યથાર્થ રીતે પાલન કરે તો ધર્મ તેનું અવશ્ય રક્ષણ કરે છે. આ સનાતન સિદ્ધ સિદ્ધાંત છે કે ધર્મ પાલન એ અંતઃકરણ પવિત્ર કરવાનું સાધન છે. અને તેજ પ્રમાણે સંયમ અને નીતિ મનુષ્ય જીવનને ઉત્તમ સંસ્કારી અને સફળ બનાવવામાં ઉત્તમ સાધન રૂપ છે.

ખરી પરીક્ષા.

પીતળ સોનાપાસ શોભીતું સારખું;
અગ્નિ દીજે આંગ, પડે પછી પારખું.
શત્રુ મિત્ર સમાન, દેખીતા દોયરે,
દુઃખ આવે દેખાય, અહી જે હોય રે.

રાવણની માંગણી.

જ્યારે રાવણને રામચંદ્રનું છેલ્લું બાણ વાગ્યું ત્યારે તે પ્રાણ છોડવા લાગ્યો તે વખતે રામચંદ્રજીએ તેની બહાદુરી જોઇ તેને કાંઇ પણ માગી લેવાની છેલ્લી તક આપી. તે વખતે રાવણ બોલ્યો કે મારે જે જોઇતું હતું તે આજ પ્રત્યક્ષ મળ્યું છે અર્થાત્ મુવા પછી જેના દર્શનની અભિલાષા રાખવામાં આવે છે તે મને જીવતાં આપના દર્શન મળ્યાં તો હવે મારે શું બાકી રહ્યું ? માટે હે પ્રભુ! મ્હારે આપના પવિત્ર દર્શન વિના અન્ય કાંઇ પણ જોઇતું નથી. એમ બોલી રાવણ વૈકુંઠમાં ગયો.

લોટ ખાવો ને ભસવું સાથે બને નહિ.

ભરતજીએ જ્યારે મૃગના દેહનો ત્યાગ કરી બ્રાહ્મણને ઘેર અવતાર ધારણ કર્યો ત્યારે તેને ભગવાન વિના બીજે ઠેકાણે રખે ને હેત થઇ જાય તેને માટે બહુજ બીક રાખતા હતા, અને તેથી તેને પોતાના મન સાથે દૃઢ સંકલ્પ કર્યો હતો કે સંસારના વ્યવહાર સામી દૃષ્ટિ રાખવી જ નહિ એમ જાણીને પોતે ગાંડાની જેવા વરતતા અને તેથી તેઓ જડ ભરત કહેવાણા "લોટ ખાવો ને ભસવું" એ કદી એક સાથે બની શકતું નથી. સંસારને પ્રેમથી ચાહવો ને પ્રભુના ભક્ત ગણાવું એ કદી સાથે બની શકતું નથી. એતો મહા દુર્લભ છે.

એક ખાખી બાવાનો ખોરાક.

એક ખાખી બાવો ગામમાંથી ભિક્ષા માગીને પાદરના એક બગીચામાં રસોઇ કરતો હતો. તેને દેખીને એક ઢાઢીના મનમાં એમ થયું કે આંહી સાધુ મહારાજ રસોઇ કરે છે માટે મને કાંઇ પણ પ્રસાદી મળશે એમ ધારી ખોટી આશા રાખી તે ખાખી બાવાની રસોઇ થતી હતી ત્યાં થોડે દુર બેઠો અને તે બાવાના બહુજ વખાણ કરવા લાગ્યો. તે બાવાએ હાથભર રોટી ને વેંતભર દાળ તૈયાર કરી હતી તેથી ઢાઢીના મનમાં એમ હતું કે આટલું બધું તે જમી શકશે નહિ. ઢાઢીને જોઇ બાવાજી બોલ્યા કે કેમ બેઠા છો ? ત્યારે ઢાઢીએ

પ્રસાદી લેવાની આશા બતાવી. તે સાંભળી બાવાજી તુર્તુ બોલી ઉઠયા.

"હાથભર રોટી, ઓર વેંતભર દાળ,
નહિ ધરાઉ તું ખાઇશ ટાઢી (રાખ)
તે ખાતાં નહિ ધરાઉં તો ખાઇશ દાઢી."

દાઢી તુર્ત બોલ્યા ચાલ્યા વિના ચાલતો થયો. તેને મનમાં બીક લાગી કે આ કોઇ અઘોરી યોગી છે તે રખે મને પણ ખાઇ જાય! ત્યાં મારો પ્રસાદીનો કયાંથી ઘડો થાય!

કુલછાબ પાંચમી.

કાળની ગતિ વિચિત્ર છે.

મહા બળવાન રાવણ જયારે યજ્ઞ કરતો હતો ત્યારે પોતાનાં માથાં કાપી યજ્ઞમાં હોમતો હતો તેપણ સમય હતો અને તેને પણ એક વખત એવો આવ્યો કે તે જ માથાં જંગલમાં રખડતાં હોઇ કાગડા કુતરા ચીંખે છે એ પણ સમયની બલીહારી છે.

પ્રભુ રાજી કેમ થાય?

એક વખતે શ્રીજી મહારાજને રાજબાઇએ પ્રશ્ન પુછયો કે મહારાજ! તમે કયા ગુણે કરીને રાજી થાઓ? ને કયા દોષે કરીને કુરાજી થાઓ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે આટલા તો વચનમાં દોષ છે. તે કીયા તો પોતાના અંતરમાં કાંઇક વિશેષ વરતવાનું હોય તેનું અમને એકવારે કહી દેવું જે હે મહારાજ! તમે કહો તો હું આવી રીતે વરતું પણ વારંવાર ન કહેવું. જે મહારાજ હું આમ વરતું કે આમ વરતું તે તમે કેમ મને કહેતા નથી તે ન ગમે. અને અને પોતાનો ઈષ્ટદેવ જાણે ને વારે વારે મારા વેણુ ઉપર વેણુ લાવે

તે ન ગમે. અને હું કોઇની આગળ વાત કરતો હોઉં ને બોલાવ્યા વિના વચમાં બોલે તે ન ગમે. અને ભગવાનનું ધ્યાન કરવું તથા ધર્મ પાળવો, ભક્તિ કરવી ઇત્યાદિક જે જે શુભ ક્રિયા કરવાની છે તેને જે ભગવાન ઉપર નાંખે, જે ભગવાન કરાવશે તો થાશે તે ન ગમે. અને આમ હું કરીશ ! આમ હું કરીશ ! એમ કેવળ પોતાનું જ બળ રાખે પણ ભગવાનનું બળ ન રાખે તે ન ગમે. અને જેને બોલ્યામાં પોતાના અંગનો ઠા ન હોય તે તો અતીશે ન ગમે. અને વ્યવહારીક કામ કરવાં હોય તેમાં લાજ અને આળસ ન હોય, ને ભગવાનની વાર્તા તથા કીર્તન ગાવાં તેમાં લાજ રાખે અને આળસ રાખે તે ન ગમે. અને ત્યાગનો તથા ભક્તિનો અથવા કોઇ રીતનો જે અહંકાર બોલીમાં લાવે તે ન ગમે. અને સભા બેઠી હોય ત્યારે સૌથી છેલ્લો આવીને બેસે પણ પોતાને જ્યાં ઘટતું હોય ત્યાં ન બેસે તે ન ગમે. તથા કોઇક મોટા તે સભામાં બેઠા હોય ને તેને કુણી મારીને ભાગ કરીને પોતે બેસે તે ન ગમે. અને બાઇ માણુસ હોય તેને પોતાના અંગને ઢાંકીને લજ્જા સહીત વરતે તે ગમે. તથા ચાલે ત્યારે નીચી દષ્ટી રાખીને ચાલે પણ ફાટી દષ્ટી રાખે નહિ તે ગમે. અને અમારાં દર્શન કરતા હોય તે કોઈ બાઇ ભાઇ આવે અથવા કુતરૂં નીસરે કે ઢોર નીસરે કે કાંઇક ખડખડે તેની સામું વારંવાર દર્શન મુકીને જુએ, પણ એક દષ્ટીએ દર્શન ન કરે તેની ઉપર તો એવી રીસ ચડે જે શું કરીએ, સાધુ થયા નહી તો એનું કાંઇ તાડન કરીએ પણ તે તો થાય નહિ કેમકે સાધુને તાડન કરવું એ પાપ છે. અને જે કપટ રાખે પણ પોતાના મનમાં જે સંકલ્પ જેને કહેવા યોગ્ય હોય તેની આગળ પણ કહે નહિ તે ન ગમે. અને માન તથા ક્રોધ રાખે તે પણ અમોને ન ગમે. એવી રીતે પ્રભુને રાજી કરવાના મહાન ગુણો છે.

શુક મહામુનિ.

ધૃતાચી નામની અપ્સરા શુકી (પોપટીનું સ્વરૂપ લઇ નિરંતર

પૃથ્વીને વિષે વિહાર કરતી હતી. આ અપ્સરા અત્યંત સ્વરૂપવાન હતી. કોઈ સમયે તે વનમાં વિચરતી હતી તે વખતે વનની અતિશે શોભા જોઇને સ્વેચ્છાથી તેણીએ પોતાનું દીવ્ય સ્વરૂપ પ્રગટ કર્યું. ને સુશોભીત વૃક્ષ લતાઓમાં ક્રીડા કરવા લાગી. એટલામાં દૈવયોગે ત્યાં થઇને વ્યાસમુની જતા હતા તેના જોવામાં તે દીવ્ય અપ્સરા આવી અને તે સુંદરીને જોઇ તે અતીશય મોહાતુર થઇ ગયા. તથા તેને રોમરોમ કામદેવ વ્યાપી ગયો. પોતે જ્ઞાતા હોવાથી વ્યાપેલા વેગને ઘણો વાર્યો છતાં તેનો આવેશ સહન ન થઇ શકવાથી તેનું દીવ્ય વીર્ય સ્થાનભ્રષ્ટ થઇ સ્ખલીત થઇ ગયું! એ વીર્યમાંથી તુર્ત એક દીવ્ય બાળક ઉત્પન્ન થયું તેજ શુક મુનીશ્વર! એ શુકી રૂપી અપ્સરાને જોઇ વીર્યપતન પામ્યું અને તેમાંથી ઉત્પન્ન થયા માટે તે બાળકનું નામ શુક પાડયું. એજ શુકદેવ જન્મયોગી શુક મહામુનિ કહેવાયા.

મહાપુરૂષોની માગણીઓ.

ઉદ્ધવ સંપ્રદાયમાં અનેક સદ્‌ગુરૂઓ મહા સમર્થ થઈ ગયા છે તેમાં મુક્તાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામી મહા વૈરાગ્યવાન હતા. એટલું જ નહિ પણ તેઓ શાસ્ત્ર પારાંગત હોઇ અનેક સંપ્રદાયના ગ્રંથો તેમણે બનાવ્યા છે. તેમનાં શરીરો બહુ જ સુંદર હતાં. તેઓએ પોતાના ઇષ્ટદેવ શ્રી સહેજાનંદ સ્વામી પાસે નીચે મુજબની માંગણીઓ કરી હતી.

મુક્તાનંદ સ્વામી શરીરે બહુ જ રૂપાળા હતા તથા તેમની શરીર સંપત્તિ સર્વે પ્રકારે બહુ જ સારી હતી. તેઓને ગળ્યું અને ચીકણું જીંદગીભર નહિ ખાવાનો નિયમ હતો તેમણે પોતે ક્ષયરોગની માંગણી કરી હતી તેથી તેને ક્ષયરોગ લાગુ પડતાં ગળ્યું ચીકણું કદી પણ ખાતા નહિ પરંન્તુ ક્ષયરોગ વાળાનું શરીર કદી પણ ટકી શકે નહિ પણ પરમાત્માની કૃપાથી તેમનું શરીર ઘણી મુદત સુધી ક્ષયરોગ હોવા છતાં પણ ટકી રહ્યું હતું.

શુકાનંદ સ્વામી—ગઢડામાં એક વખત શ્રીજી, મહારાજ પાસે શુકાનંદ સ્વામીને તાવ આવતો હતો તે વખતે પોતાની પાસે બોલાવેલા તેઓ તાવમાં મહારાજ પાસે આવ્યા ને તાવ બહુ જ આવેછે આ કહેતાં મહારાજે તેમના સામું જોતાં તાવ નાશી ગયો ને તેથી કોઇ વખત તાવ તેમને આવતો જ ન હોતો. પછી જ્યારે ઉતરાવસ્થા થઇ ત્યારે દેહની આશક્તિને ટાળવાને માટે એક વખત શ્રીજી મહારાજ પાસે તાવની માગણી કરી હતી તેથી ઘણી મુદત શરીરમાં તેમને તાવ રહ્યો હતો, પણ પોતાના નિયમમાંથી લેશ માત્ર નહિ ડગતાં હંમેશાં ભજન કીર્તનમાં ખબરદાર રહેતા. તેમનાપર શ્રીજી મહારાજની પૂર્ણ પ્રસન્નતા હતી. તેઓ મોટા સદ્ગુરૂ હતા. આ લોકના કોઈપણ મોટા રોગને ઉપાધીથી લેશમાત્ર તેઓ કદી પણ કચવાતા નહિ ધન્ય છે તેમની રહેણી કરણીને આધુનિક સમયમાં તેવું વર્તન રાખનાર સદ્ગુરૂઓ જવલ્લે જ હશે !

આત્માનો નાશ કેમ થાય?

અમુક કાર્ય કરવું એ આપણું કર્તવ્ય છે અથવા તે જ ન કરવું એ કર્તવ્ય છે એમ સારી રીતે સમજાયા છતાં પણ જો તે કર્તવ્યમાંથી વિરૂદ્ધ વર્તવામાં આવે તો તે પાપ છે. એ પાપ મનુષ્યના અંતઃકરણને ખાય છે તેથી તેના મુળ સ્વભાવમાં એક પ્રકારનું તોફાન થાય છે અને તેનું પરીણામ એવું આવે છે તે અંતઃકરણમાં કુવાસનાનું પ્રારબ્ધ વધીને શુભ વાસનાનો નાશ થાય છે એ જ તેના આત્માનો નાશ છે.

ઉપવાસ.

મનુષ્ય બાર દિવસ, પક્ષી ૯ દિવસ, કુતરો ૨૦ દિવસ, માછલી હજાર દિન, સાપ ૯૦૦ દિન, મેંઢક ૧ વર્ષ સુધી ભોજન વિના રહી શકે છે.

ફળ ખાવાં એ ઉત્તમ છે.

ફળની અંદર જીવનતત્વ (વીટેમીન્સ) હોય છે માટે મનુષ્યે

ધ્યાન રાખી ફળ ખાવાં જોઇએ' જુઓને કેરીની મોસમમાં મનુષ્યને નવું લોહી આવે છે.

મૂર્ખને બોધ આપતાં નુકશાન થાય છે.

કહી કહીને કહીએ કોયને, નથી કેને કહ્યાનું કાજ રે;
પારકા દોષ દેખાડતાં, થાય આપણું અકાજ રે. કહી.
ફાટે આભે ન લાગે થીગડી, સીદ દીલે કરીએ દાઝ રે;
લાગ્યો દાહ જે ડુંગરે, એ તો ઓલાય નહિ આજ રે. કહી.
આવે પુર ઉતાવળે, સરવે સરીતા સમાજ રે;
રહીએ તેને જો રોકવા, થાય તન પોતાનું તાજ રે. કહી.
તીર આદીક ગોળો તોપનો, તેનો કરવા જાયે વાજરે;
ત્યાં જોખમ થાય જીવનું, એની સૌ પાડે હા જ રે. કહી.
એવા વેગમાં હોય ઉતાવળા, અતી રજ, તમને રાજ રે;
નિષ્કુળાનંદ ન છેડીયે, એને છેડયે જાયે લાજ રે. કહી.

રાજાનો દીવાન.

જ્યારે કોઇ રાજાનો નવો દીવાન થાય ત્યારે રાજા તેને આઠ મેખ આપે છે તેથી તુર્ત બે આંખે આંધળો બે પગે લુલો (એટલે ગાડી વિના ચાલી શકે નહિ.) બે હાથે સલામ ન કરે એવો બે કાને બહેરો (એટલે ગરીબ પ્રજાજનની અરજી સાંભળતો નથી.) થાય છે. જ્યારે રાજા તેને નવમી મેખ મારે છે ત્યારે તુર્ત આઠ મેખો એકદમ નિકળી જાય છે. (તુર્ત સરલ સ્વભાવ થઈ જાય છે.)

મન કેમ વશ કરવું.

આ જગતમાં બંધન કરનારને મુકાવનાર પોતાનું મન જ છે. પ્રથમ દરજ્જે મનને વશ કરવું જોઇએ એમને વશ કરવા માટે પ્રથમથી ઇંદ્રિયોના આહાર બંધ કરવા જોઈએ, કેમકે મન પવિત્ર ને શાન્ત થયા વિના જે જે ક્રિયા કરવામાં આવે છે તેનું ફળ આપણને સંપૂર્ણ મળી શકતું નથી, માટે જ મહાન પુરૂષોએ સંયમ પાળવાની સુચના કરેલી છે. મનને

વશ કરવાનું મુખ્ય સાધન એકાંતમાં પરમાત્માનું ધ્યાન એ અકસીર ઉપાય છે. અને તેમ કર્યા વિના તોફાની મન કદી પણ વિષયથી પાછું ફરતું નથી. કારણકે વિષય એવા જબરા છે કે તેમાં મનને જવા દેવાથી બહુ જ નુકશાન કરે છે.

કુંડળીઆ ૬ ઠ્ઠી.

પ્રમાદ એ પાપ છે.

કરૂણા સાગરની કૃપા તો ઘણી થઈ છે. આપણા ઉપર મહાન દયા લાવી સારે સ્થાને જન્મ આપ્યો! શરીરે સુખી રાખ્યા! વિદ્યા આપી! ઇંદ્રિયો સાબુત આપી! સદ્દગુરૂનો યોગ આપ્યો! છતાં આપણે આપણું હિત ન સાધી લઇએ તો પછી કોની ભૂલ! આપણને આટલું સાનુકુળ છતાં શું નડે છે? એક પ્રમાદ. અને એ પ્રમાદ એ પાપનું મુળ જ છે. એ પ્રમાદથી કેટલાક મૂર્ખ લોકો સાચા હીરાને મુકી કાચના ભાગીદાર થાય છે માટે ચેતી શકાય તો ચેતી જાઓ! આવો ઉત્તમ યોગ ફરીને લાખો ઉપાયે પુનઃ મળનાર નથી. ગયો સમય ફરીને આવવો એ કેટલી મુસીબતની વાત છે એવું સમજી આત્મહિત કરવા કદી પણ પછાત રહેવું નહિ જોઇએ!

આવ્યો અવસર એળે ગુમાવ્યો.

એક મૂર્ખ મનુષ્યપર પરમાત્માએ દયા કરીને તેને ઘેર સાક્ષાત્ ગંગાજીને મોકલ્યાં પણ તે મૂર્ખ હતો તેથી ગંગાજીને કહેવા લાગ્યો, કે માતુશ્રી! બે ઘડી ખમો. હું ખાબોચીયામાં મોઢું જોઇ આવું છું. ગંગાજીને આ જોઇ મનમાં હાસ્ય ઉત્પન્ન થયું. અહો! જગતમાં કેવા મૂર્ખ જીવો પડયા છે કે જેને કોહીનુરની કીંમત નથી ત્યાં મહારી પરીક્ષા તો તે બીચારા ગમાર ક્યાંથી કરી શકે? એમ મનમાં

વિચારી પોતે અદૃશ્ય થઇ ગયાં અને પ્રભુ પાસે જગતના મૂર્ખ જીવોની મૂર્ખાઇનું વર્ણન કરવા લાગ્યા કે "લક્ષ્મી ચાંડલો કરવા જાય તોપણ મૂર્ખ મોઢું ધોવા જાય છે" ત્યાં મારી પરીક્ષા તે બીચારા શું કરી શકે?

આશા કોઇની પુરી થતી નથી.

થઈ ધુળ સર્વના સ્વપ્નો,
મરણ પામે સમય થાતાં;
પુરી આશા કવચીત થાયે,
નશીબ છે જેમનાં મોટાં.
જગતમાં તેમ ક્ષણ માંહી,
રમત સૌ જાય છે ઉડી;
નિમીષમાં આ જીવન ભેળા,
તણા સૌ સાજ ને તોડી.

એક દૈવી બાળક.

એક પંડિતને ત્યાં પાંચ વર્ષની વયનો બાળક હતો. એક વખતે તે પંડિત પોતાના ઘરકામ વાસ્તે બહારગામ ગયો હતો. વાંસેથી રાજાના માણસે કાંઇ જરૂર પડવાથી પંડિતને રાજ્યસભામાં બોલાવ્યો. પંડિત ઘર આગળ નહિ હોવાથી તેના પાંચ વર્ષનો બાળક તુર્ત રાજા પાસે ગયો અને રાજ્ય સભામાં ગાન વિદ્યા બતાવી સભાને રંજન કરી. આ જોઇ રાજાને આશ્ચર્ય લાગ્યું કે આ શું! ન્હાનો બાળક આટલું જ્ઞાન ક્યાંથી મેળવી શકયો હશે? તેથી તુર્તુ તેણે બાળકને પૂછ્યું કે તારામાં આ જ્ઞાન ક્યાંથી આવ્યું? ત્યારે તે બાળકે રાજાને કહ્યું કે હે રાજા! હું બાળક છું છતાં સરસ્વતી બાળક નથી તેની કૃપા જેના ઉપર થાય તે જગતમાં દીગ્વિજય સહેલાઇથી કરી શકે છે. તુર્ત રાજાના મનનું સમાધાન થયું કે પૂર્વ જન્મમાં આ બાળક વિદ્યામાં કુશળ હોવો જોઇએ!

વિશ્વાસ ફળ આપે છે.

એક ગુરૂ પાસે તેનો શિષ્ય હંમેશાં પ્રસાદીને માટે માંગણી કર્યા કરતો હતો. એક વખતે ગુરૂ વિચારમાં હતા તે વખતે આ શિષ્યે પોતાની માંગણી પ્રસાદીને માટે કરી હતી. તે વખતે ગુરૂએ ક્રોધમાં આવી જઇ પોતાના પાસે એક લાકડાનો કટકો પડયો હતો તે ઉપાડી શિષ્ય તરફ ફેંકયો. શિષ્યને તો પોતાના ગુરૂમાં દૃઢ વિશ્વાસ હતો તેથી તેણે તુર્ત તે લાકડાનો કકડો લઇ નાશવા માંડયું. તે ઘણો દુર જઇ એક ન્હાના ગામમાં એક મંદીર હતું ત્યાં આવી તે લાકડાના ટુકડાની પ્રેમભાવથી પુજા કરવા લાગ્યો. ગામના લોકોને તેના ઉપર વિશ્વાસ બેઠો તેથી ઘણા લોકો સાંજ સવાર તે લાકડાના કકડાના દર્શને આવવા લાગ્યા. થોડી મુદત પછી તે લાકડાના કકડા-ને તે શિષ્યે એક મોટા આસન ઉપર પધરાવી તેની પ્રતિષ્ટા કરી આ વાતની ગામના રાજાને ખબર પડતાં તે પણ દર્શને આવ્યા ને પોતાને પુત્ર નહિ હોવાથી આ દેવની બાધા રાખી. નવ માસે પુત્રની રાજાને પ્રાપ્તિ થતાં આ શિષ્યને એક સુંદર મંદીર બંધાવી આપી મહંત તરીકે સ્થાપ્યો. થોડી મુદતે તેનો ગુરૂ અનાયાસે રાત્રે ત્યાં આવી રાત રહ્યો, પોતાના શિષ્યને લક્ષ્મીવાળો થયેલો જોઇ મનમાં બહુ રાજી થયો ને શિષ્યને તેનું કારણ પુછતાં શિષ્યે સદ્દગુરૂના પગમાં મસ્તક નમાવી બે હાથ જોડી કહ્યું આ બધી આપની પ્રસાદી (લાકડાનો કડકો) નો જ મહિમા છે. મહારામાં કાંઇ નથી પણ આપે મને જે દિવ્ય પ્રસાદી આપી તેની કૃપાવડે આ સઘળી વિભુતી એકઠી થઇ છે. ગુરૂએ જાણ્યું કે શિષ્યને મારામાં વિશ્વાસ પરીપૂર્ણ હતો તેથી જ પરમાત્માએ તેને આ ફળ વગર પુરૂષાર્થે આપેલું છે. માટે ખરેખર વિશ્વાસ એજ ફળ આપે છે એ નિર્વિવાદ છે.

ગુપ્ત કર્મ.

ભોજન ભાવી વિચાર વળી,
ગૃહ દુઃખ મૈથુન ધર્મ;

પાંચ ન કદી પ્રકાશવાં,
જો કદી નિષ્ફળ જાય.

× × ×

પ્રથમ વિચાર કર્યા વિના,
બોલે ભૂપતી બોલ.
બોલ પડે કદી બદલવો,
તો પછી શો રહે તોલ.

દિવાનના દુર્ગણો.

ગાફલ નિર્દય આળસુ, દીર્ઘસુત્રી અભિમાની;
દયા દાન તપ ત્રણ અધિક, આઠ દિવાનથી હાની.

સ્રીનું સુખ.

સ્રીનું સુખ તો ચોરાસી લાખ યોનીમાં જ્યાં જ્યાં હતાં ત્યાં ત્યાં સર્વત્ર પ્રાપ્ત થયું છે તે પણ મનુષ્ય દેહથી અધિક પ્રાપ્ત થયું છે કેમકે એ જીવ જ્યારે બકરો થયો હશે ત્યારે હજાર બકરીઓને પોતે એકલો ભોગવતો હશે, અને જ્યારે ઘોડો કે પાડો કે સાંઢ કે બુકો વનરો ઇત્યાદિક પશુના દેહને પામ્યો હશે ત્યારે તેને વિષે પોતપોતાની જાતની અતીશે રૂપવાન જોબનવાન એવી અનંત સ્રીઓ એકેએક એને મળી હશે ને તેમાં કાંઇ પ્રારબ્ધનું કારણ નથી ને પરમાત્માની કૃપાનું પણ કાંઇ કારણ નથી. એતો સહેજે જ મળી હતી પણ જો ભગવાનનું ભજન નહિ કરે તો જે જે યોનીમાં જશે ત્યાં ત્યાં અનંત સ્રીઓ પ્રાપ્ત થશે ને તેમાં કાંઈ દેવતાનું પણ સેવન પુજન નહિ કર્યું જોઇએ! ને કોઇ મંત્રનો પણ જપ નહિ કર્યો જોઈએ! એતો સહેજે જ તે સ્રીઆદિના સુખને પામશે, માટે હવે તે સુખનો ઇશક નહિ રાખતાં અખંડ બ્રહ્મચર્ય-વ્રત રાખી પ્રભુની ભક્તિ કરવી જોઈએ? વિષયમાં કાંઇ સુખ નથી એ તો ખેરના ધગધગતા અંગારા જેવા છે. જુઓને મોટા મોટા મહાન પુરૂષો એ જ વિષયમાં ધાપ ખાધી છે! પતંગ દીવો જોઇ બળી મરે છે તેમ ભ્રમર કમળમાં બંધાઇ હેરાન થાય છે તે જ

પ્રમાણે આપણે ખોટા રૂપમાં ન લોભાતાં આત્મસુખમાં તલ્લીન થવું જોઇએ ! વિષયની તૃપ્તિ કોઇને થઈ નથી ને થવાની પણ નથી માટે ચેતી જઇને વિષયની વાસના જેમ બને તેમ શાન્ત રાખી પ્રભુ પરાયણ થવામાં વૃત્તિ રાખવી જો તેમ નહિ બને તો આખરે હેરાન થવું પડશે એ નિર્વિવાદ છે.

જગતનું પ્રધાનપણું.

આ જીવને જગતનું પ્રધાનપણું હૃદયમાંથી લેશમાત્ર ટળતું નથી. અને પરમેશ્વરને સર્વ પ્રકારે સુખના સિંધુ જાણે છે તોપણ પરમેશ્વરમાં જીવનું ચિત્ત બરોબર ચોંટેતું નથી તેમ સત્સંગ તેના હૃદયમાં મુખ્ય થાતો નથી અને ધન, સ્ત્રી આદિ સંસારીક નાશવંત પદાર્થમાંથી પ્રીતિ ટળતી નથી. એતો જ્યારે સદ્ગુરૂનું શરણ લેવાય ત્યારે જ સાચી સમજણ થાય છે ત્યાં સુધી ખરૂં સુખ ઓળખાતું નથી.

સત્સંગથી પ્રભુ વશ થાય છે.

શ્રી કૃષ્ણભગવાને ઉદ્ધવજી પ્રત્યે ભાગવત્‌ના એકાદશ સ્કંધમાં કહ્યું છે કે અષ્ટાંગયોગ, સાંખ્ય વિચાર તથા ખટશાસ્ત્રના પઠન તથા તપ, ત્યાગ યોગ, યજ્ઞ, વ્રતાદિ કરીને હું તેવો વશ થતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું. પ્રભુને વશ કરવાનું મુખ્ય સાધન સત્સંગ છે. એ સત્સંગને હમેશાં દીવ્ય સમજવો. મનુષ્ય બુદ્ધિ રાખવી નહિ આજ છીયેને કાલ નથી એવો આ જગતનો વિચિત્ર ખેલ છે માટે જે કામે આવ્યા છીએ તે કામ પરીપૂર્ણ કરી લેવું કે વાંસેથી આપણને પસ્તાવાનો સમય આવે નહિ.

અશ્વસ્થામા (કુસંગનો પાસ.)

અશ્વસ્થામા બ્રહ્મરૂપ થયો હતો પણ તેને કુસંગનો પાસ લાગ્યો હતો માટે શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત પાંડવને તેને વિશે દયા ને સ્નેહ થયાં જ નહી તેમ કેવળ જે આત્મજ્ઞાની છે તે બ્રહ્મરૂપ થાય છે તોપણ તેને કુસંગનો પાસ જતો નથી.

ફુલછાબ સાતમી.

મારામાં કાંઈ વાંક નથી.

જીવ માત્રનો એવો સ્વભાવ છે જે જ્યારે કાંઇ પોતામાં વાંક આવે ત્યારે એમ બોલે જે મુને બીજે કોઈએ ભુલાવ્યો ત્યારે મારામાં ભુલ પડી પણ મારામાં કાંઇ વાંક નથી પણ એમ કહેનારો મહામુર્ખ છે કે મને બીજો તો કોઇ કહેશે જે તું કુવામાં પડ ત્યારે એને કેવે કરીને શું કુવામાં પડવું? માટે વાંક તો અવળું કરે તેનો જ છે બીજાને માથે દોષ દે છે તે ખોટું જ કરે છે.

દયા અને સ્નેહ

સ્નેહનું સ્વરૂપ તો મધ જેવું છે તે જ્યાં ત્યાં ચોંટે છે અને દયાનો શ્વભાવ એવો છે કે જ્યાં દયા કરે ત્યાં તેવા રૂપે થવું પડે છે. જુઓને બીચારા મૃગના બાળક ઉપર ભરતજીએ દયા કરી તો મૃગરૂપે અવતરી હેરાન થવું પડ્યું, માટે દયા એવી ન કરવી કે તેમાં સ્નેહ રહે ને તેના પેટે અવતરવું પડે દયાને અને સ્નેહને ટાળવાના બેજ ઉપાય છે તે એ કે આત્મજ્ઞાન ને વૈરાગ્ય.

અંત વખતની સ્થિતિ.

એક પાપી માણસના અવસાન વખતે અમે જોવા ગયેલા તે વખતે તે વાતચીત કરતાં આનંદથી તે દેહ મુકી જરા પણ કષ્ટ વિના પરલોકમાં ચાલ્યો ગયો તે વખતે તેના સગાવહાલાં તથા ગામના બીજા લોકો "સ્વર્ગે ગયો" "મોત ભારે સુધર્યું" "બોલતાં ચાલતાં ગયો" આવી વાતો કરવા લાગ્યા આ સંબંધી અત્રે એક મહાત્મા પાસે વાત કરતાં તેને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો.

"સંસારમાં કેટલાક પાપી માણસો અંત સમે બોલતાં ચાલતાં ખબરદાર થકા દેહને મેલે છે અથવા કોઇ સિપાઇ સિપાઈ કે રજપુત હોય ને તેને શરીરમાં ઘા વાગે એટલે ખબરદાર થકા બોલતાં ચાલતાં

મરી જાય છે તે શું સ્વર્ગે જાય છે ! ભગવાનથી વિમુખ હોય ને તે ખબરદાર થકો દેહ મુકે તો પણ શું તેનું કલ્યાણ થાય ? તેનો તો નર્કમાં જ નિવાસ થાય છે ને ભગવાનનો ભક્ત હોય ને તે ભગવાનનું નામ સ્મરણ કરતો થકો દેહ મુકે અથવા બાધીતાનું વૃતિને યોગે કરી બેશુદ્ધ થઇને દેહ મુકે તો પણ તે સ્વર્ગે જ જાય છે એ નિઃસંદેહ છે.

માયાનો રંગ.

દોહરો.

માયા કે હું નીત નવી, પૂરી કરૂં ના આશ;
મરી ગયા જુરી ઘણા, કંઇક ગયા નીરાશ.
કંઇક કરે છે કાસદાં, કંઇકિ કરે વેપાર;
ચોરી કરવા ચોરજન, તુજ કારણ તૈયાર.
લાંચ ખાયછે લાંચીયા, સતી તે કરે અસત્ય;
ધરમી કરે અધરમને, તે સહુ તારૂં અકૃત્ય.
પંડિતો પાછળ રહે, મુરખ પામે માન;
વખાણ પામે નવાનવા, વિશ્વમાં લક્ષ્મીવાન.
તું તો તત્ત્વ ત્રણલોકનું, જબરૂં તારૂં જોર;
સહુ તુજથી કહેવાય છે, સાહુકાર ને ચોર.

રામબાણ.

રામબાણ વાગ્યાં હોય તે જાણે.

ધ્રુને વાગ્યાં પ્રહ્‌લાદને વાગ્યાં, તો હરીને બેઠા ઠેકાણે,
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યા, તે વેદ વચન પ્રમાણે. રામ.
મોરધજ રાજાનું મનહરી લેવા, હરિ આવ્યા તે ટાણે,
લઇ કરવત મસ્તક પર મેલ્યાં, પુત્ર પત્ની બેઉ તાંણે. રામ.
મીરાંબાઈ પર ક્રોધ કરીને. રાણોજી ખડગજ તાણે.
વિષના પ્યાલા ગિરધરલાલે, આરોગ્યા અમૃત કીધાં ઠેકાણે. રામ.
નરશીમેતાની હુંડી સ્વીકારી, ખેપભરી ખરે ટાણે;

એવા સંત અનેક ઓધાર્યા, ધનો ભગત ધીર આણે. રામ.

લોભીયાની યુક્તિ.

એક મનુષ્ય બહુ જ લોભી હતો. તેના પાસે રૂપીઆ સોથી દોઢસોની મુડી થઇ. હવે તેને ત્યાં રાખવી તેથી રાત દિવસ તે યુક્તિ શોધ્યા કરતો હતો. એકજણે તેને વાંસળી લુગડાની કરી તેમાં પૈસા ભરી કમરે બાંધવાની સુચના કરતાં આ લોભીઆને તે વાત પસંદ પડી. તુર્ત તેણે એક વાંસળીમાં પૈસા ભરી પોતાના ચોરણા ઉપર તે વાંસળી બાંધી એક વખતે તેને એક ગામથી બીજે ગામ જવાનો પ્રસંગ આવ્યો. પોતાની વૃતિ અતિષે લોભી હતી તેથી તે સ્ટીમર રસ્તે તથા રેલવે રસ્તે નહિ જતાં પાંચ આના આપી મછવામાં બેઠો. રસ્તામાં તેને દિશાએ જવાની વૃતિ થતાં ટાંન્ડેલને પુછવા લાગ્યો. ટાંન્ડેલે કહ્યું કે આ વહાણના સુકાન પાસે જઇને બેસ. તે લોભીઓ ત્વરાથી સુકાન પાસે જઇ નાડી ખોલવાને બદલે પેલી વાંસળી ભુલમાં ખોલતાં વાંસળી એકદમ દરિઆમાં પડી ગઈ લોભીઓ બહુ જ આક્રંદ કરવા લાગ્યો પણ દરિયામાં શું વળે ? લોકો આ લોભીયાની નવિન યુક્તિ જોઇ હસવા લાગ્યા. કહેવત છે કે " કીડી સંચે ને તેતર ખાય. લોભીયાનું ધન અકારત જાય. "

કાવ્યપ્રસાદી.

અવનિમાં જ્યાં જ્યાં ફર્યો, નવ લાધ્યું નિજ ધામ;
તોયે તેની શોધમાં, ગાળું વેળ તમામ. ૧
વન ઉપવન સાગર અને, સરિતા તીર સુચંગ;
મ્હાણું મોઝ લગીર ત્યાં વળે નહિ મન જંપ. ૨
ઘરઘર કરતું ઘેલડું મન મારૂં મુંઝાય;
સાંપડશે ના કોઇ દિ ? ચીંધો કો ઉપાય ? ૩
નિજ ઘરથી છૂટો પડે, વીત્યો કાળ અતિશ;
શ્રમ ગાળે સૌ ગાત્રને તોયે હું હૂંઢીશ. ૪
આશ ધરૂં છું એક એ, ચાલ સખે ! મુજ સાથ;

આપણુ બંને શોધશું, નિજ નિજ સાચું ધામ. ૫
ના, ના; શું કરતો હશે? ના કીધે પત જાય;
રંગે સંગે ચાલતાં ધાર્યે ધામ જવાય. ૬
રે! મારગના સાથીનો નવ કરવો વિશ્વાસ;
અરધે પંથે વાળીને કરતો હાલ હવાલ. ૭
પણ દોષુ હું કુણને? ઘરમૂળમાં મુજ દોષ;
મારે અંતે એકલા જાવું છે વણ રોષ. ૮
અન્ય જનોને આસરે પહોંચાયે ના અંત;
રે! રે! દિલ ધીરજ ધરી લે મારગનો તંત. ૯
સ્હાય થશે સ્વામી ખરે, ધર શ્રદ્ધા સત ઉર;
આવી જડશે અંતમાં ધામ ધરા રસપૂર. ૧૦

ફુલછાબ આઠમી.

૧ કર્માધિન.

દરીઆ કાંઠે ઘણાં ગામો છે, પણ સર્વ કોઇમાં મોતી પાકતાં નથી. ઘણાંખરાં તો શંખલા અને રેતી મેળવી આનંદ માને છે, અને મોતી તો ભાગ્યવંત ભોગવે છે.

૨ શાંતિ શેમાં છે?

તાડની ભલે ટોચે રહો કે નીચે રહો પણ તેનો છાંયડો બીલકુલ હોતો નથી. તેમ સંસારમાં ભલે ધનવાન કે ગરીબ હોય પણ પ્રભુની ભક્તિ વિના શાંતિ આવતી નથી.

૩ સંતોષમાં સર્વ સમૃદ્ધિ છે.

જેમ ચિંતામણિમાં ચૌદ લોકની સમગ્ર ચીજો રહી છે, તેમ સાચા સંતમાંથી સર્વ સમૃદ્ધિ મળી શકે છે. માટે તેનો સંગ તન, મન અને ધનથી કરી ખરો આનંદ મેળવવો જોઇએ.

૪ દાન દેવા વિષે.

પ્રભુએ જો તને આપ્યું, જરી કંઈ દાન દેતો જા;
ખરી છે દીનની સેવા, જરી કંઈ ધ્યાન લેતો જા.
બનાવ્યા મ્હેલને માળા, દેખીતા ખુબ રૂપાળાં;
ગરીબની ઝુંપડી ઉપર, જરી કંઈ ધ્યાન લેતો જા.

૫ શિક્ષાના દોહરા.

સંપત ગઇ તે સાંપડે, ગયા વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.
ભૂલ્યા ત્યાંથી ફરી ગણો, જાગ્યા ત્યાંથી સવાર;
જો જન જાણે એટલું, તો ઉતરે ભવપાર.
તુજને પૂછું હે સખા! જીવન ક્યું ન મરાય;
જો મુવા પીછે મીલો, સો જીવત ક્યું ન પમાય.
કાંતો તલ કાચા ભલા, કાંતો તેલ કઢાય;
અધકચરી ઘાણી બુરી, બેઉ બાતથી જાય.

૬ અતિથિ સત્કાર.

એક અરણ્યમાં એક દિવસે, હોલો અને હોલી રહેતા હતા તેના આશ્રમે એક વખતે એક પારધી, દુષ્ટ વાસનાથી આવી ચઢયો. હોલો અને હોલી પ્રભુના ભક્ત, નિષ્કપટીને પૂર્વના સંસ્કારી હતા. તેઓ ત્રણ દિવસથી અનાજ નહિ મળવાથી ભૂખ્યા રહેલા, પરંતુ પોતાના આશ્રમે પારધીને વરસાદના સમયમાં ધ્રૂજતે શરીરે આવેલો જોઈ હોલા હોલીને બહુ જ દયા આવી, તેથી અતિથિનો સત્કાર કરવા માટે હોલાએ અડખેપડખેના પાંદડાં ભેગા કરી અગ્નિ લાવી તાપ કર્યો ને પેલા આવનાર અતિથિને સુખ દેવાને માટે શ્રમ કર્યો. પારધીએ તે તાપથી પોતાની શરદી ઉડાડી. પરંતુ તેને બહુ જ ભૂખ લાગી હતી તેથી પોતે ખોરાકની રાહ જોઇ રહ્યો, પરંતુ હોલાહોલી પાસે કંઇપણ અનાજ નહિ હોવાથી પોતે હોલો અગ્નિમાં પડી અતિથિ સત્કાર કર્યો, જ્યારે હોલો પેલા પારધીના સત્કાર માટે અગ્નિમાં પડયો ત્યારે

હોલીએ પણ વિચાર કર્યો કે, મારે પણ હવે જીવીને શું કરવું. એટલે તે પણ પડી. ત્યારે પારધીને સત્યજ્ઞાન ઉત્પન્ન થયું કે અરે હું તો દુષ્ટ વાસનાથી વરસાદના ભયથી હોલાની પાસે આશ્રય લેવા આવ્યો પણ તેણે તો પોતાના પ્રાણ આપી મારૂં આટલું બધું આતિથ્ય કર્યું. તો પછી મારે પણ જીવીને શું કરવું છે. એમ ધારી પોતે પણ અગ્નિમાં પડવા જાય છે, તેવામાં શ્રી પ્રભુએ પ્રગટ થઇ હોલાહોલીને સજીવન કર્યાં ને પારધીને પણ સત્યજ્ઞાન આપ્યું.

૯ ઉપયોગી પ્રશ્નો.

૧ બુદ્ધિમાન કોણ? જે સંસાર ઉપર પ્રેમ ન કરે તે.

૨ ધનવાન કોણ? પ્રભુ જે કંઇ આપે તેમાં સંતોષી રહે તે.

૩ ચતુર કોણ? સંસાર જેને ફસાવી શકતો નથી તે.

૪ ફકીર અથવા ત્યાગી કોણ? જેના અંતરમાં સંસારિક કામનાઓ નથી તે.

૫ કૃપણ કોણ? ઇશ્વરે આપેલા ધનનું દાન કરવામાં સંકોચ રાખે તે.

૮ એક મહાત્માનો અમુલ્ય ઉપદેશ.

એક મહાત્મા પોતાના શિષ્યોને મરણ વખતે બોધ આપી ગયા કે, "શિષ્યો તમે મારૂં માન્ય રાખો તો હું અમુલ્ય વચનો તમારા હિતને માટે કહું છું તે એ કે,

૧ જ્ઞાનીજનોનો સંગ હંમેશાં રાખજો,

૨ મૂર્ખ લોકોથી દૂર રહેજો."

૯ ભાવિ મિથ્યા થતું નથી.

પાંડવ કુળોત્પન્ન જન્મેજય રાજા એક સમયે સભામાં બેઠા હતા, ત્યાં વ્યાસ દેવજી આવ્યા. કાર્યપ્રસંગે વાત નીકળતાં ભાવિ બળવાન છે તે વિષય ચર્ચાયો. તેથી જન્મેજયે કહ્યું કે, "હે ભગવાન! જાણવા છતાં ભાવિ ટળી શકે નહિ?" તે સૂણી વ્યાસજી કહે "જો એમ હોય તો હે રાજા હું તને તારૂં જે ભાવિ બનવાનું છે તે આ વખતે તને આગળથી ચેતવણી આપીને

કહું છું. જે સૂણી તને થનાર જે વિઘ્નો છે. તે તારાથી ટળી શકે તો ટાળજે." એમ કહી રાજાનું ભવિષ્ય ભાગવા લાગ્યા. વ્યાસજી કહે, "હે રાજા પ્રથમ તું અશ્વમેધ યજ્ઞનો ઘોડો ખરીદીશ નહિ ? છતાં તે ખરીદીશ, વળી પણ જો ઘોડો ખરીદ કરે તો તેપર સ્વારી કરીશ નહિ ? છતાં તે પર તું બેસીશ. કદાચ તેપર સ્વારી કરે તો દક્ષિણ દિશામાં જઈશ નહિ ? છતાં તું જઇશ, કદાચ તું વગડામાં જાય તો ત્યાં એક નોતમ તરૂણી મળે તેને વરીશ નહિ ? છતાં તું તેને લાવીશ, વળી પણ તું તેને લાવે તો પટરાણીપદે સ્થાપન કરીશ નહિ ? તે પણ તું કરીશ, તેને કદાપી પટરાણી કરે તો યજ્ઞમાં તેની સાથે બેસીશ નહિ ? છતાં તું બેસીશ, કદાચ તું બેસશે તો યજ્ઞમાં યુવાન બ્રાહ્મણને બોલાવીશ નહિ ? છતાં તું બોલાવીશ, છતાં તું યુવાન બ્રાહ્મણને બોલાવે તો ગુસ્સો કરીશ નહિ ? છતાં તું ગુસ્સો કરીશ, તે બદલ તને અઢાર બ્રહ્મહત્યા લાગશે, જેના વડે તને અઢાર કોઢ નીકળશે. તે ટાળવાનો ઉપાય હું તને કહું છું કે કોઇ પવિત્ર બ્રાહ્મણ પાસે મહાભારતના અઢાર પર્વ સાંભળજે, તેમાં કંઈ પણ શંકા કરીશ નહિ ? છતાં તું શંકા કરીશ, જેથી તને તારા શરીર પર નીકળવાના અઢાર કોઢમાંથી સત્તર કોઢથી તું મુક્ત થઇશ. ને એક કોઢ તને રહી જશે."

"હે રાજા ! આ તારૂં ભાવિ મેં તને સંભળાવ્યું છે. હવે તારે તેનો ઉપાય કરવો હોય તે કર." એમ કહી વ્યાસજી અદૃશ્ય થયા, ત્યારબાદ કેટલોક સમય વિત્યા કેડે જન્મેજય રાજાએ દૃઢ નિશ્ચય કર્યા છતાં પણ ભાવિએ તેને ભૂલાવ્યો. લોકોની નિંદાના ભયથી તેણે કોઈ નવરંગી ઘોડો ખરીદ્યો. ત્યારબાદ થોડે થોડે તેના પર સ્વારી કરવા લાગ્યો. પછી એક દિવસ દક્ષિણ દિશાએ ઘોડે બેસી ગયો, ત્યાં એક, સુકોમળ કન્યા ઉભી હતી. તેને ઘેર લાવી પટરાણી કરી. ત્યારબાદ યજ્ઞ કર્યો, વૃદ્ધ બ્રાહ્મણો વરેણીમાં નહિ મળતાં યુવાનને નોતર્યા. યુવાન બ્રાહ્મણોએ હાસ્ય કરતાં રાજાને ગુસ્સો ચઢયો. ને

તેના સંકલ્પથી અઢાર જણુાનો શીરચ્છેદ કર્યો. જેથી અઢાર કોઢ નીકળ્યા. ત્યાર પછી ભારત સાંભળવા બેઠો, તેમાં કૌરવ પાંડવના યુદ્ધમાં ભીમસેને પોતાના હાથમાં હાથીઓ લઈ હાથીને ઉછાળીને ફેંક્યા, જેના ખોખાં હજી આકાશમાં રખડતાં ફરે છે તે કથા સાંભળી તેને શંકા પણ થઇ. તે વખતે મહાન ઋષિઓએ તેને ઘણું સમજાવ્યો પણ તેણે તે વાત માની નહિ. તે બોલ્યો કે હાથીના ખોખાં આજદિન સુધી આકાશમાં રખડે એ વાત કોઈ માની શકે નહિ. જ્યારે વાત તેના માન્યામાં આવી નહિ, ત્યારે એક કોઢ તેના શરીરમાં રહ્યો. માટે જે ભાવી છે તે કોઇથી મિથ્યા થતું નથી. જન્મેજય જેવા મહાપ્રતાપી ડાહ્યા રાજા પણ આગળથી ચેતવ્યાં છતાં ભૂલ ખાઇ જાય ત્યારે પામર પ્રાણીઓની તો શું ગતિ થાય ?

૧૦ અતિશય સર્વ અસાર છે.

(દોહરા)

અતિશય શરમ ધરી રહે, ઉચરે નહીં ઉચ્ચાર;
અર્થ સરે નહિ એહનો, અતિશય સર્વ અસાર. ૧
અતિશય પરોપકારી તે, મોત વગર મરનાર;
કરે વછુટયો વાઘને, અતિશય સર્વ અસાર. ૨
અતિશય દયા દીલે ધરે, દીસે મિલન દેદાર;
વસ્ત્રી વિંછળતાં પણ ડરે, અતિશય સર્વ અસાર. ૩
અતિશય સાચું ઉચરતાં, લાજ ન રહે લગાર;
ચાહી કહે સહુ ચાડીઓ, અતિશય સર્વ અસાર. ૪
અતિશય સંતોષી તજે, ઉદ્યમનો આધાર;
તેથી સારૂં શું થશે, અતિશય સર્વ અસાર. ૫
ઠામો ઠામ ઠગાય બહુ, સહુ સાથે સજનાર;
અતિશય સ્નેહીપણું સદા, અતિશય સર્વ અસાર. ૬
અતિશય હિંમત હોય તે, કરે કામ અવિચાર;
મૂર્ખ કહે સહુ માનવી, અતિશય સર્વ અસાર. ૭

અતિશય વિદ્યાભ્યાસમાં, પામે આયુષ્ય પાર;
પણ પુરૂં ન ભણી રહે, અતિશય સર્વ અસાર. ૮
અતિશય ઉદ્યોગી નહિં, વિરામ લે પળવાર;
પછી પોતે માંદો પડે, અતિશય સર્વ અસાર. ૯
અતિશય પરદુઃખ દીલ ધર્યે, બળ્યા કરે બહુવાર;
સ્વપ્ને નહિ સુખની ઘડી, અતિશય સર્વ અસાર. ૧૦

ફુલછાબ નવમી.

૧ શિખામણના દોહરા.

હરીદાસને હિંમત ઘણી, ગણે તન તરણા તોલ;
લાલચ મુકી લોકની, પામવા વસ્તુ અમોલ.
વેશે લેશ લેવાય નહિં, શાહુકાર કે નરેશનું સુખ;
બોલી દોસીનો બહુ તેમજ કરે, પણ દામ હુકમનું રહે દુઃખ.
જે જે જર જોરી કરી, કર્યું ન રૂડું કામ;
વ્યર્થ ગયા તે વૈતરા, દાખે દલપતરામ.
પૈસાનો વળી પદ્દીનો, વિશેષ શો વિશ્વાસ;
રાવણુ કેરી રિદ્ધિ પણ, પળમાં પામી નાશ.
સેવા સમુ ન ધન જગતમાં, સેવા ધર્મનું મૂળ છે;
સેવા વગરનું જીવવું, તે આ જગતમાં ધૂળ છે.
વાત થકી વખણાય નર, વાત થકી નિંદાય;
હલકો પડે વાત થકી, વાતે કીમત થાય.
વચન થકી સુખ વિશ્વમાં, વચન થકી દુઃખ વીર;
વચન ખટકતા ખળખળી, નયણે વરસે નીર.

ગુપ્ત રહે નહીં ગુણ કશા, શુભાશુભ સરખાય;
ધારે વેશ નરેશનો, પણ વચને પરખાય.
હશે ફૂલ કે હીંગ કે, ગંધ થકી પરખાય;
સજ્જન દુર્જન વચનથી, જગમાં તરત જણાય.
બાળપણાથી બોલવા, અદબ શીખીએ એમ;
મેળવીએ બહુ મિત્રતા, જન મન રીઝે જેમ.

૨ સાધુની સેવાથી શું ફળ મળે છે?

જગતમાં સાધુ પુરુષની સેવાથી ત્રણ લાભ થાય છે. વિનય, શિષ્ટાચાર અને ઉદારતા શીખાય છે.

૩ સદાચારના પ્રકાર.

સદાચારના બે પ્રકાર છે. જનસમાજ પ્રત્યે ધર્મથી અને નીતિપૂર્વક વર્તવું એનું નામ બાહ્ય સદાચાર છે. અને પ્રભુ પ્રત્યે ધ્યાન, ભજન, શ્રદ્ધા, પ્રાર્થના, સંતોષ, કૃતજ્ઞતા, દર્શનની આતુરતા, પ્રેમ, આજ્ઞા પાળવી ઇત્યાદિ રૂપે જે આચરણ હોય તે આંતરિક સદાચાર છે.

૪ સંસારની વાસના.

સંસાર એ તો કુતરાની ચાટ જેવો છે. અનેક કુતરાંને એકઠાં થવાના સ્થાન જેવો છે, પરંતુ તેમાં પણ જે મનુષ્ય સાંસારિક ભોગ વિલાસમાં હંમેશા રચ્યો પચ્યો રહે છે, તે તો કુતરા કરતાં એ અધમ છે; કેમકે કુતરાં તો ખાધું કે તરત જ ચાટથી દૂર ચાલ્યા જાય છે ને માણસો તો ત્યાંના ત્યાંજ ઉભાં રહે છે.

૫ ઉત્તમ નીતિ તો આનું નામ.

બૃહસ્પતિનો પુત્ર કચ મૃતસંજીવની વિદ્યા શીખવા માટે, શુક્રાચાર્ય પાસે રહ્યો. અહીં ગુરુની સેવા ભક્તિ કરી કચ તેમને બહુ પ્રસન્ન રાખતો. ગુરુને દેવયાની નામે પુત્રી હતી તે પણ કચ પર માયા રાખતી. ગુરુની ગાયોને ચારવા માટે કચ એક વખત વનમાં લઇ ગયો. અહીં રાક્ષસો રહેતા હતા તેમને અને દેવોને બહુ વિરોધ

હતો. તેથી રાક્ષસોએ વિચાર કર્યો કે, જો આપણે કચને મારી નાંખીએ તો તે મૃતસંજીવની વિદ્યા શીખી કે શીખવી શકે નહિ, કારણ કે તેઓ ધારતા હતા કે જો કચ એ વિદ્યા શીખશે તો દેવો સાથે લડવામાં આપણે ફાવશું નહિ. આ ધારણાથી કચનો ઘાત તેઓએ કરાવ્યો. હવે જ્યારે મોડી રાત સુધી કચ ગુરુના આશ્રમે આવ્યો નહિ ત્યારે દેવયાનીએ પોતાના પિતાને વિનવ્યા કે, પિતાજી! કચ હજી આવ્યો નથી. તેની શોધ કરવા જાઓ. ગુરુએ સમાધી ચઢાવી જોયું તો, કચને મરી ગયેલો જોયો. તેને ઘેર લાવી મૃત સંજીવની વિદ્યા વડે શુક્રાચાર્યે સજીવન કર્યો. કચ ફરી સજીવન થયાની વાત જાણી રાક્ષસોને ફિકર થવા લાગી. તેઓએ બીજી તક શોધી કચના પ્રાણ લીધા અને શુક્રાચાર્યને જમવાનું આમંત્રણ આપી મદ્ય સાથે મેળવેલું કચનું માંસ ખવરાવી દીધું. તે દિવસે પણ લાંબો વખત કચને ઘર બહાર રહેલો જોઇ, દેવયાનીએ શુક્રાચાર્યને કચની તપાસ કરવા વિનંતિ કરી. ગુરુએ સમાધી ચઢાવી જોયું. તો કચને પોતાના જ પેટમાં દીઠો, એટલે ગુરૂ બોલ્યા. "પુત્રી! કચ તો મારા પેટમાં છે! એને હવે કેવી રીતે સજીવન કરવો? જો એને સજીવન કરવા જાઉં તો મારૂં મૃત્યુ થાય છે. એટલે તેને જીવતો કરવાનો હવે કોઇ ઇલાજ રહ્યો નથી." આ સાંભળી દેવયાની બોલી "પિતાજી! પ્રથમ આપ તેને પેટમાં ને પેટમાં મૃતસંજીવની વિદ્યા શીખવો, પછી બહાર નીકળશે એટલે આપને સજીવન કરશે." ગુરૂએ તેમ કર્યું અને આ પ્રમાણે બહાર નીકળેલા કચે, પોતાની વિદ્યાના બળે ગુરૂને જીવતા કર્યા. પછી કચે જવા માટે ગુરૂજીની રજા લીધી. તેને જવાની તૈયારીમાં જોઇ દેવયાનીએ વિચાર કર્યો કે, આવો વિદ્યાવંત ને નીતિમાન પુરુષ મારો પતિ થવાને યોગ્ય છે. માટે તેને જ યાચના કરૂં. એમ ધારી દેવયાની બોલી કે, "હે કચ! તમે જાઓ છો, તો મારો પત્ની તરીકે સ્વીકાર કરી મને પણ સાથે લેતા જાઓ." આ વચન દેવયાનીના મૂખમાંથી નીકળતા કચ પ્રથમવારે બોલ્યો, "આર્ય ભગિની! તમે મારા ગુરૂનાં પુત્રી છો, તો તમારો સ્વીકાર

મારાથી કેમ થાય ? નીતિશાસ્ત્ર કહે છે કે, ગુરુ એ પિતા, ગુરુપત્ની એ માતા, અને ગુરુનો પરિવાર એ ભાઇબ્હેન છે. તો પછી નીતિ ઉપર પગ મૂકી, તમને વરવા કરતાં મૃત્યુવશ થવું હું વધારે પસંદ કરૂં છું." દેવયાનીએ બહુએ વિનવ્યો. પણ જ્યારે કચ નીતિ વિરૂદ્ધ, પગલું નહિ ભરવા દૃઢ રહ્યો ત્યારે દેવયાનીએ નિરાશ થઈ શ્રાપ દીધો કે, "જા તને તારી શીખેલી મૃતસંજીવની વિદ્યા તને ફળશે નહિ. નીતિને રાહે ચાલતાં અનાયાસે મેળવેલી વિદ્યા. અફળ જવાનો શ્રાપ પોતે આનંદથી વહોરી લીધો. ધન્ય છે ! તેની નીતિને. આવા નીતિમાન મહાપુરુષોથી જ આર્યાવર્ત્તનો ઉદય થયો હતો. ઉત્તમ પ્રકારની નીતિ તે આનું નામ કહેવાય.

૬ કિંમત વિષે.

અમુલ્ય પણ સ્હેજે મળે, જે સસ્તુ તે ઠામ;
નદી કિનારે નિરનો, એક ન ઉપજે દામ.
જળનું નિર્જળ દેશમાં, ઉપજે અગણિત મુલ્ય;
ગંગાતટ જે જન વસે, તેને જળ તૃણ તુલ્ય.
જોઇએ ત્યારે નવ જડે, એનું મુલ્ય અપાર;
જાય પ્રાણ જ્યાં જળ વિના, કિંમત હેમ હજાર.
અછતે પડે અગત્ય જો, તે વસ્તુ મહામુલ્ય.
નિર્જળ સ્થળ પ્રાણાંત તક, નીર લાખ ધન્ય તુલ્ય.
સૌને ખપતે સસ્તુ છે, તે પ્રભુ કૃપા અતુલ્ય;
પંડિત, પાણી ને પવન, છે નિર્ધન નીર્મુલ્ય.
સાત વેદના સર્વજન, કિંમત અફુલ તુલ્ય;
સરખા કાગળ હુંડીના, આંક પ્રમાણે મુલ્ય.
બહુ જન માને જેહને, તો તે મોઘું થાય;
સોનું છે શા કામનું, નહી ઓઢાય ખવાય.
વખાણુ કે નિંદા થકી, વધે ઘટે નહિ વાલ;

ઉપજે કિંમત એટલી, જેમાં જેવો માલ.
વસ્તુ પરાઈ ધાસતાં દીલે કોણ દીલગીર;
ધોબણના બાળોતીઆં, તે પાણીના ચીર.
મોંઘું સોંઘું શીદ ગણે, પરધન જ્યાં પરાય;
તેલ ગોળ ઘર પારકે, જોડા ઘોડા ખાય.

૭ કાગડાને વિષે બોધ.

(કવિત.)

કહું તને સૂણ કાગ, રૂડો નથી તારો રાગ;
કોયલનો કશો વાંક, કાઢીએ તે કારણે,
કોયલ સાથે કંકાસ, મિથ્યા તું શા માટે કરે,
બકવાથી તને કોઇ બાંધશે ન બારણે.
સરજનહારે સરજ્યો સ્વર, તેથી તું સંતોષ પામે,
વૈર કરે તારો વાંક થશે, ન નિવારણે.
દાખે દલપતરામ, માન નહિ મળે આમ;
માર મનમાંથી રીસ, ધાર મન ધારણે.

૮ કાગડા ને હંસનો સંવાદ.

(કવિત.)

કાગડો કહે છે.

કાગ કહે રાગ મારો હંસથી અધિક રૂડો,
અંગ તણો રંગ પણ જાનવર જાણશે;
મરદની મુછે રંગ હોય, હંસ અંશ જેવો,
રંગ બાંધી રંગ જ મુજ અંગ, તુલ્ય આણશે;
પતિવ્રતા પત્નીનો પતિ પરદેશ હોય,
પતિજથી તે તો મારા બોલને પ્રમાણશે;
શું કહું, વિશેષ વાત સુણો દલપત્તરામ,
વિવેક વિનાના લોક, હંસને જ વખાણશે.

હંસ કહે છે.

હંસ કહે હાડીઆ તું ચાડીઆની ચાલ છોડ;
બાડીઆ તારા તે બોલ, ચાહી કોણ ચાખશે,
આપના વખાણ આપો આપ કહી આપ મુખ,
દુનિયા તો દેખશે તેવા જ ગુણ દાખશે.
માન મળે તને તો હું તને નથી અપમાન દેતો,
માન અપમાન જોગ માનવીઓ ભાખશે;
દાઝે બળ્યો દ્વેપ કરે, તેથી દલપત્ત કહે,
રાગ રંગ રૂડો ગણી; તને કોણ રાખશે.

૯ સહન શીલતાના લક્ષણ.

સહનશીલતાના ઘણાં લક્ષણો છે. ૧ નિંદાનો ત્યાગ, ૨ નિર્મળ સંતોષ, ૩ અને આનંદપૂર્વક ઇશ્વરની આજ્ઞાઓનું પાલન.

૧૦ વિનયના લક્ષણ.

વિનયના ત્રણ મૂળ છે. ૧ પોતાના અજ્ઞાનનું સ્મરણ કરવું, ૨ પોતાનું પાપ સ્મરણ કરવું, ૩ પોતાની ખામીઓ અને આવશ્યક્તાઓનું પ્રભુ પ્રત્યે નિવેદન કરવું.

ફુલછાબ દસમી.

૧ આરોગ્યના નિયમો.

અમેરિકાના એક આરોગ્ય-સમાહમાં નીચે પ્રમાણે લખેલું છે.

૧ તમે જે ઘરમાં રહેતાં હો તેને ચોકખું ને પુરી હવાઉજાસવાળું રાખો.

૨ ઋતુ, હવા અને રહેઠાણને અનુકૂળ છિદ્રોવાળાં ઢીલાં વસ્ત્ર પહેરો.

૩ તમારો ધંધો ઘરમાં બેસીને કામ કરવાનો હોય તો એકવાર અચુક બહાર જઇને ફરી આવવાનું કદી પણ ચૂકતાં નહિ.

૪ તાજી હવામાં સૂઓ, અને બને તો ખુલ્લાં આકાશ નીચે.
૫ ઉધરસ કે છીંક ખાઓ ત્યારે મોં આડો રૂમાલ રાખો, અને બીજા પણ એમ કરે એવો આગ્રહ કરો.
૬ જમવા બેસતાં પહેલાં હાથપગ અવશ્ય ધૂઓ.
૭ અતિશય ન જમો.
૮ શાકભાજી અને બીજા ફળ છુટથી આરોગો.
૯ ધીમે ધીમે જમો. ચાવીને જમો.
૧૦ જમ્યાબાદ દિવસનું નવ દશ પ્યાલા પાણી પીઓ.
૧૧ ટટાર બેસો, ઉભાં રહો અને ચાલો.
૧૨ દાંત ને પેઢા ચોકખા રાખો.
૧૩ આરામ રમત કે કામ, જે કરો તે બધું હદમાં કરો. અતિશય કરશો નહિ.
૧૪ આનંદી રહો, બળતર અને ચિંતા આરોગ્યની ચુડેલ છે.
૧૫ હાથ લાગી જે તે દવા ન લો. બનાવટી પેટંટ દવાથી ચેતતા રહો.
૧૬ હમેશાં સાબુ ચોળી નહાવાની ટેવ રાખો.
૧૭ બની શકે તેટલી કસરતનો મહાવરો રાખો.
૧૮ દિવસમાં બે ચાર વખત નહિ તો, એક વખત અવશ્ય હસવાની ટેવ પાડો.
૧૯ બજારૂ ચીજ ખાવી બંધ કરો.
૨૦ ચા, કોફી, બીડી, તમાકુ એ વ્યસનથી હમેશાં દૂર રહો.

૨ ક્ષમાના ઉત્તમ ગુણો.

ક્ષમા એ જ ધર્મ છે, ક્ષમા એ જ યજ્ઞ છે, ક્ષમા એ જ વેદ છે, ક્ષમા એ જ શાસ્ત્ર શ્રવણ છે, ક્ષમા વિના જે પુન્ય કરવામાં આવે છે, તે નિરર્થક છે, ક્ષમાવાન એવા પુરૂષો યજ્ઞવાળા લોકોનું ઉલ્લંઘન કરી તેથી પર જે દિવ્ય લોક તેને પામે છે, તેમાં સંશય નથી. તપસ્વીઓને ક્ષમા એ જ તેજ છે, ક્ષમા એ જ બ્રહ્મ છે, તથા

સત્યવાનોને ક્ષમા એજ સત્ય છે, તથા ક્ષમાશીલોને ક્ષમા એજ શૌચ છે, ડાહ્યા પુરૂષોને હંમેશાં ક્ષમા કરવી, ક્ષમાવાનને આ લોક ને પરલોકમાં સુખ મળે છે. જુઓને જગતના ઇશ્વરો એવા બળવાન વૈકુંઠનાથ, બ્રહ્મા તથા શંકર પણ નિત્યે ક્ષમાની જ પ્રસંશા કરે છે. ક્ષમા એ વીરનું ભૂષણ છે'

૩ અખંડ સુખ શાંતિ મેળવવાના ઉપાય.

અપકાર ઉપર ઉપકાર કરવો; અવગુણ ઉપર ગુણ કરવા; ક્રોધને શાંતિથી વશ કરવો; કડવું બોલનારને મીઠાશથી વશ કરવો, વેરી તરફ ક્ષમા બતાવવી; હિંસા અને નિંદા કરનાર તરફ દયા બતાવવી; અને દુઃખ દેનારને પણ ધન્યવાદ આપતાં શીખવો; તેથી હમેશાં અખંડ સુખ શાંતિ રહેશે.

૪ રાજા રતીદેવ.

ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલો બુદ્ધિમાન એવો સંસ્કૃતિ નામનો રાજા હતો, તેને રતીદેવ નામનો પુત્ર હતો. તે સર્વ લક્ષણથી સંપન્ન, દયાળુ, બુદ્ધિશાળી અને પવિત્ર હતો અને પોતાના ગુજર્યા બાદ તેણે ધર્મથી રાજ્ય કર્યું. તે રાજા પરોપકાર કરવાના સ્વભાવવાળો હોઇ, તેણે યજ્ઞ નિમિત પોતાની ભારે સમૃદ્ધિ બધી બ્રાહ્મણોને આપી દીધી, વળી જે કોઈ વસ્ત્રપાત્ર, ધનાદિક પ્રાપ્ત થયું તે પણ બધું તે, તેજ વખતે બ્રાહ્મણોને આપી દેતો હતો. તે રાજા અતિશે ધીર હતો. અને પોતાના કુટુમ્બ સાથે અયાચિત વૃત્તિ સાથે વર્તતો. કયારેક ચોપડવાળું લુખ્ખું, કયારેક થોડુંક અને કયારેક વધારે અન્ન કે જળ જે કંઈ પ્રાપ્ત થાય તે રાજા ગ્રહણ કરતો. આ પ્રમાણે તે વર્તવાને રાજાને એક સમયે ઇશ્વરેચ્છાથી અન્ન અને જળ વિના, અડતાળીસ દિવસ વીતી ગયા. ઓગણપચાસમે દિવસે કોઇ બ્રાહ્મણે રાંધેલું અન્ન અને પાણી આપ્યું. પણ રાજાએ તેનું ગ્રહણ ન કર્યું. પણ પુત્રાદિકને વહેંચી આપીને તે જેવો જમવાને માટે બેસવા જાય છે એવામાં એક અતિથિ બ્રાહ્મણ અન્નને માટે તે રાજાની પાસે

આવ્યો. એટલે તે રાજાએ તે બ્રાહ્મણને અન્ન આપી દીધું. એટલામાં બીજો અતિથિ આવી પહોંચ્યો તેને પીવાનું પાણી પણ આપી દીધું ને પોતે વાયુનું ભક્ષણ કરીને રહ્યો. છેવટે તેમની અચળ ટેક ઉપરથી શ્રી હરિએ તેમને સાક્ષાત દર્શન દીધાં ને પ્રશ્ન વડે માગવાનું કહેતાં પોતે એવી માંગણી કરી કે:—

"સિદ્ધિઓથી મુક્ત એવી ઇશ્વરની ગતિને હું નથી ઇચ્છતો તેમ બીજા જન્મને પણ નથી ઇચ્છતો પણ સંતોના મધ્યમાં રહીને આ સમગ્ર દુ:ખી પ્રાણીઓ દુ:ખ વિનાના થાય અને તે દુ:ખ મને પ્રાપ્ત થાય એવું ઇચ્છું છું. ક્ષુધા, તૃષા, શ્રમ, શરીરની મહેનત, દીનતા, ક્લેશ, શારીરિક તથા માનસિક શોક, મોહ એ સર્વ જીવવાની ઇચ્છાવાળા અને દુ:ખી એવા મનુષ્યોના નિવૃત્ત થાઓ અને એ બધું મને પ્રાપ્ત થાઓ." એવી માગણી કરી હતી. ધન્ય છે એવા પરોપકારી મહાપુરુષોને! આધુનિક સમયમાં તેવા રાજાઓ થવા દુર્લભ છે.

૫ પંચવિષય તજવા વિષે.

નારી નજરે જુઓ કોઇ, વનિતાની તો વાત ભૂંડી;
સ્વાદસ્નેહ સુખદાઇ હોય, ઇચ્છા એની ટાળો ઉંડી.
માન મોટો છે આરે અજીત, સમજીને સંગ તજો;
ન કરો એ પંચની પ્રતિત, હેતે શું હરિને ભજો.
આવો અવસર જાય અમુલ્ય. પાછો તે પામતો નથી;
તેનો તપાસી કરવો તોલ, ઉંડો અતિ અંતરથી.
માંડી જુડી જુગટાની જેમ, જીત્યા તો જીત થઇ;
કહે નિષ્કુળાનંદ તો એમ, હાર્યો તો હાર સઇ.

૬ સર્વે પુન: મળે પણ લાજ ગઇ આવે નહિ.

અન્ન, ધન ગયે મળે, વસ્ત્ર ગયે વસ્ત્ર મળે;
ગયે ભુવન મળે ભુવન, દીન ગયે દીન મળે.
રાજ ગયે આવી મળે રાજ, સાજ સમાજ સહી;
પણ ગઈ મળે નહિ લાજ, કહેવાની હતી તે કહી.
લાજ ખોઇને કરવું કાજ, એ તો અકાજ ખરું;

ભલે મળે ત્રિભુવનનું રાજ, ઘોળ્યું પરહરો પરૂં.
બેઠી બદનામ જેને શીશ, ટળે નહિ કોઇ પળે;
કહે નિષ્કુળાનંદ વસા વિસ, લખાય છે તે કાગળે.

૭ ગરજ વિષે.
(દોહરા.)

આપ આપની ગરજથી, ગરજુ જગત જણાય;
વગર દરદ ઘર વૈદને, જરૂર કોઇ નવ જાય.
તમાન તજીઓ તેહની, જેની ગરજ સદાય;
જળ સાથે રીસાઇને, કહો મત્સ ક્યાં જાય.
જેની ગરજ પડે સદા, તેને કેમ તજાય;
બાળે છે ઘર આગ પણ, ઘરમાં રોજ રખાય.
કદી હલકાની ગરજ પણ, ભારેને પડનાર;
કાષ્ટ નાવને આસરે, પત્થરા ઉતરે પાર.
ગરજ સમે ગરજુ જનો, બોલે મીઠા બોલ;
ભાર ન ગણશો ભાઈ એ, તેનો તરણા તોલ.
તેનો દોષ ગણાય નહિ, જે ઉપયોગ અગાધ;
એંઠી ખેળ ગણાય પણ, કાગળનો નહિ બાધ.

૮ ધન મેળવવું મુશ્કેલ છે, ખર્ચ કરવું તો સહેલું છે.
(કુંડળીઓ.)

આંગળીએ કષ્ટથી, વીંટી આવે વીર;
કરથી તે તો કાઢતા, નયણે આવે નીર.
નયણે આવે નીર, કલ્પના તે પર કરતાં.
શ્રમથી ધન સાંપડે, વિષમ લાગે વાવરતા,
દાખે દખપતરામ, રચી પચીને જે રળીએ;
તેતો ધન વપરાય, કષ્ટથી કર આંગળીયે.

૯ શુક અને સીતા.

જનકપુરમાં જનક રાજાને ત્યાં સીતાજી છ વર્ષની નાની ઉમરના હતા. ત્યાં એક દિવસ સખીઓ સંગે વનમાં રમવાને ગયા હતાં.

વનમાં હરતા ફરતાં અને રમતાં રમતાં જાતજાતના પુષ્પો ને ફળો જ્યાં ત્યાં સૌ બાળાઓ વીણતી હતી તેવામાં એક પોપટ અને મેના ઝાડ ઉપર વાતો કરતાં સીતાજીના સાંભળવામાં આવ્યા. પોપટ વાત કરતો હતો. અને મેના સાંભળતી હતી. પોપટની વાતમાં મીઠાશ ઉપજવાથી સીતાજી ઝાડ નીચે ઉભાં ઉભાં ધ્યાન દઇ તેની વાત સાંભળવા લાગ્યાં. પોપટ બોલ્યો કે અયોધ્યાના દશરથ રાજાને રામ-ચંદ્રજી નામે કુમાર છે. તે જનકપુરના રાજા જનકવિદેહીની પુત્રીને સ્વયંવરમાં શિવનું ધનુષ્ય ભાંગીને વરશે પણ રાજા દશરથે તેની એક રાણી કૈકેઇને બે વચન આપેલાં છે તે વચનમાં કૈકેઇ રામચંદ્રજી માટે વનવાસ અને પોતાના દીકરા ભરત માટે અયોધ્યાનું રાજ્ય રાજા દશરથ પાસે માંગશે. પછી રામચંદ્રજી તથા સીતાજી અને તેમના એક ઓરમાન ભાઇ લક્ષ્મણજી ત્રણે જણાં વનમાં ચાલી નીકળશે અને વનવાસ દરમીઆન લંકાનો રાજા રાવણ સીતાને હરી જશે.

આ વાત સીતાજી કાન દઈને સાંભળતાં હતાં. તેમાં તેમને ઘણો રસ પડ્યો હતો. એવામાં પોપટે વાત બંધ કરી. હવે પછી પોપટની વાતમાં સીતાનું શું થશે ? અને તે સીતાની પછી શી દશા થઈ એ જાણ-વાની બાબત સીતાજીની અધિરાઈ અતિશે વધી ગઇ તેથી તે લાગલા જ વનની દેખરેખ રાખનાર વનરક્ષક પાસે દોડી ગયા અને તેને કહ્યું કે પેલા ઝાડ ઉપર બેઠેલા પોપટ અને મેનાને જાળ નાંખી પકડી મારા હાથમાં દે. વનરક્ષકે તેમ કર્યું અને પોપટ તથા મેના સીતાને હાથ પડયાં. અધિરા બનેલા સીતાજી પોપટને કહેવા લાગ્યા કે, " પેલા ઝાડપર મેનાને તું વાર્તા સંભળાવતો હતો, તે સીતાની વાત તેં પડતી મૂકી છે ત્યાંથી મને આગળ કહી સંભળાવ." સીતાને લંકાપતિ રાવણ ઉપાડી ગયો. તથા તેની શી દશા થઇ, તે જાણવાની મને જીજ્ઞાસા છે. પોપટે કહ્યું, " બાઈ એ વાત મને એટલી જ આવડે છે. બુદ્ધિ વગરના અમે પંખી જાત તેથી એ વાર્તા મને પુરેપુરી આવડતી નથી. " એક સમયે મુનિ વાલ્મિકિના આશ્રમમાં અમે

રહેતાં હતાં. ત્યાં મુનિ તેમના શિષ્યોને ભણાવતા હતા. તેમાંથી મેં મેનાને સંભળાવી તેટલી વાત મને યાદ રહી છે. માટે કૃપા કરી અમને છૂટાં મૂકો. બાળહઠ લઈ બેઠેલાં સીતાજીને પોપટના બોલવા ઉપર વિશ્વાસ રહ્યો નહિ તેથી ધમકી આપી બોલ્યાં કે " જો તું મને આખી વાત નહિ સંભળાવે તો તને તથા તારી મેનાને પાંજરામાં પુરી રાખીશ. " એમ કહી એક ચાકર પાસે પાંજરૂં મંગાવ્યું અને પાંજરાંનું બારણું ઉઘાડી જેવા તે બન્નેને અંદર ઘાલવા જાય છે તેવા જ પોપટ જોર કરી સીતાજીના હાથમાંથી છૂટો થઇ નાશી ગયો. પણ ગરીબ બિચારી મેના જે તે વખતે ગર્ભવંતી હતી તે જોર કરી ઉડી શકી નહિ તેથી તે પાંજરામાં ફસાઈ પડી. તેને જેવી પુરવામાં આવી કે તૂર્તજ તેણે પ્રાણ મૂકયાં. મેનાને મુએલી જોઈ સીતાજીને ઘણો પશ્ચાતાપ થયો. પણ થયું ન થયું શી રીતે થાય ? આખરે તેમણે પાંજરામાંથી મેનાનું મડદું કાઢયું. એ સઘળું આકાશમાર્ગે રહેલો પોપટ જોતો હતો. તે પોતાની વહાલી સ્ત્રીને મરણ પામેલી જોઇ નિરાશ થઇ પંથે પડયો. હવે પોપટે વિચાર કર્યો કે પત્ની વિયોગથી દુઃખી થયેલો હું હવે જીવીને શું કરીશ ? એમ વિચાર કરીને એક તીર્થસ્થાને ગયો અને ત્યાં પાણીમાં પડી દેહત્યાગ કર્યો. મરતી વખતે તેણે સીતાજીને શ્રાપ દીધો. જેમ હું પત્ની વિયોગથી દુખી બની ઝુરી ઝુરી મરૂં છું તેમ તું પણ ગર્ભવંતી થઇશ, ત્યારે પતિવિયોગ પામીશ અને પતિવિરહ વેઠતાં દુખી થઈશ. દુર્ભાગ્યે બન્યું પણ એવું કે સીતાજીને ગર્ભ રહ્યો હતો તે વખતે રામચંદ્રજીએ તેમનો ત્યાગ કર્યો. અને તેમને વનમાં મોકલી દીધાં. જ્યાં પતિવિયોગમાં તેમણે પોતાનું આયુષ્ય પુરૂં કર્યું અને પોપટની કળકળતી આંતરડીથી દેવાયલો શ્રાપ સત્ય થયો.

૧૦ ફાંસ કાઢતાં પેસે સાલ.

એક વખત ઉગરવા આંચ, લુચ્ચાને જો દઇએ લાંચ;
બચિત પછી નહિ છોડે ખ્યાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.

જે રાજા જાણે નહિ ન્યાય, ત્યાં જઇને જો ફરિયાદ થાય;
કદીએ ત્યાંથી ન થાય નીકાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
વરને વશ કરવા ઉર ધરે, કામની ભોળી કામણ કરે;
ઉલટું વેર વધે જ વિશાળ, ફાંસ કાઢતાં પેસે સાલ.
ધનની મનમાં ઇચ્છા ધરે, જુગટાં જેવો ધંધો કરે;
ઉલટી તનની ઉતરે ખ્યાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
લોભી વૈદ કને જે જાય, ઓસડનો કરવા ઉપાય;
ઉલટો રોગ વધારે થાય, ફાંસ કાઢતાં પેસે સાલ.
દીલમાં શિયાળીઆથી ડરી, સિંહ શરણ ઇચ્છે છે ઉર ધરી;
હાણ કરે તનની તે હાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
સાચવવા સોની મહોર, ચોકી કરવા રાખે ચોર;
મૂરખ ખોઇ બેસે માલ, ફાંસ કાઢતાં પેસે સાલ.
દુષ્ટ ગુરૂને દઇ માન, સુધારવા સોંપે સંતાન;
ચોગણી ઉલટી વધે કુચાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.

કુલછાબ અગીઆરમી.

૧ દેખાદેખી કરવા વિષે.

જેનું કારજ જે કરે, બીજો કરે બગાડ;
તાળું તોડી નવ શકે, કકડા કરે કુહાર.

૨ સર્વેને સુખ થવા ઇચ્છનાર જાજળીજી ઋષિ.

જાજળીજી નામના એક મહાન ઋષિ હતાં. તેણે વનમાં જઇ પ્રભુની ભક્તિ શરૂ કરી અને પ્રભુના ધ્યાનમાં એવા લાગી ગયા કે તેમને પોતાના દેહનું ભાન પણ રહ્યું નહિ. તે જ્યાં આગળ ઉભા હતા તેના પાસે કેટલીક સુગરીએ તેમના શરીર ઉપર વૃક્ષ જાણી બંને

કાનની બહાર માળા બાંધ્યા હતા. તેમાં ઇંડાં મૂકીને અહોનિશ સુગરીઓ વનમાં ચારો લેવા જતી. જાજળીજી ઋષિ તો અડંગ પગે ઉભા રહ્યા ને તેમને મનમાં ઘણી જ દયા આવવા લાગી. અને પોતે વનમાં આજુ બાજુ સુગરીના બચ્ચાને ઇજા થશે એમ ધારી ક્યાંઈ પણ જાય નહિ. ધન્ય છે તેની ધીરજને ! ઇંડામાંથી ઇંડજ થતાં પક્ષીઓ ઉડી ગયા. તો પણ કેટલાંક સમય સુધી પોતે ત્યાં બચ્ચાઓની વાટ જોઇ ઉભા રહ્યા. ઝીણાં મોટાં જીવનું પોતાના શરીરે દુઃખ ખમી જાજળીજી ઋષિની પેઠે દયા બતાવનાર મહા પુરૂષ તેમના તુલ્ય હજુ કોઇ પણ આવો થયો નથી. ધન્ય છે. તેમની દયાને ?

૩ શુકજી.

શુકજી મહા આત્મદર્શી તથા તત્વજ્ઞાની હતા એક વખતે પોતે ગજપુરમાં રાજા પાસે જતાં રસ્તામાં લોકોએ તેમને અનેક પ્રકારના દુઃખ આપ્યા પણ પોતે લેશમાત્ર ક્રોધ ન કરતાં ગજપુરમાં આવી રાજાનું કલ્યાણ કર્યું અને રસ્તામાં તેમને જે જે દુઃખ પડયા હતા તે મનમાં પણ લાગ્યા નહિ અને એમ કહેવા લાગ્યા કે સંસારી લોકો બીચારા અજાણ છે. જેને શોક કે હર્ષ નથી તે જ ખરા મહાત્મા ગણાય છે. તેઓ આવરણ રહીત આત્મદર્શી હતા. વ્યાસજીને તેમણે વનમાં રહી ઉત્તર આપ્યા હતા.

૪ સનકાદિક.

પુરાણોમાં સનકાદિકની વાત પ્રચલિત છે. એમના સમ બીજા કોઇ ઋષિ થયા નથી. તેમણે પંચવિષય સાથે મૂળથી વેર કરી પ્રભુ ભજ્યા છે. પંચવિષયના નશ્વરસુખ માટે જગતના જીવો તથા દેવતાઓ રાત્રિદિવસ ભૂખ્યા ફરે છે. તે સુખ સનકાદિકને સ્વપ્નમાં પણ ગમતું નથી, તે પ્રભુની ભક્તિ કરીને પરમાત્માને પ્રસન્ન કર્યા છે, જ્યારે પરમાત્મા તેમના ઉપર પ્રસન્ન થઇ તેમને માગવાનું કહેતા "પંચવિષયથી સદાકાળ દૂર રહેવા માટે પાંચ વર્ષની વય માગી છે." ધન્ય છે તેમની મનોવૃત્તિ ?

૫ મુદ્દગલ ઋષિ.

મુદ્દગલ ઋષિને એવી ટેવ હતી કે, પંદર દિવસ સુધી અનાજ વીણીને ભેગું કરતા અને પંદરમે દિવસે અભ્યાગતને જમાડીને જે વધે તે પોતે જમતા. એક વખતે પોતે જમવા બેસવાની તૈયારી કરે છે ત્યાં દુર્વાસા ઋષિ આવી ચઢ્યા ને તેમને આમંત્રણ આપવાથી સર્વે અનાજ જમી ગયા જે કાંઈ શેષ રહ્યું તે પોતાના અંગ ઉપર ચોળીને પોતે જંગલમાં અનાજ વીણવા ગયા. એમ કરતાં કરતાં મુદ્દગલ ઋષિને એક વર્ષના અપવાસ થયા. પણ તેને ભાગ્ય અનાજ ખાવાનું આવ્યું જ નહિ. આથી દુર્વાસા વગેરે ઋષિ તેમનાપર પ્રસન્ન થયા અને સ્વર્ગથી વિમાન આવ્યું. કેમકે તેમની સત્ય ટેક હતી. તે જોઈ તેઓ બોલ્યા કે, "અલ્પ સુખ સ્વર્ગનું ભોગવી પાછું પડવાનું રહે છે માટે હું ત્યાં નહિ આવું અને અવિચળ પદ મેળવીશ ત્યારે જ હું મૃત્યુલોકને છોડીશ. આવી તેમની ખરી ટેક હતી. તેમનાપર પરમાત્મા પ્રસન્ન થયા અને અવિચળપદ આપ્યું.

૬ ક્ષમાવાન કોણ કહેવાય?

જયદેવ મહાભક્ત હતા. તે પોતાની પત્નિને સાથે રહી, હમેશાં ઈશ્વરભજન કરતા હતા. બંને જણા શહેરમાંથી ભીક્ષા માંગી જે અનાજ મળે તે આનંદથી ખાઇ રાત્રિદિવસ પ્રભુનું ભજન કરતાં હતાં. પોતે જે અન્ન માગી લાવતા તેમાંથી પણ ભૂખ્યા લોકોને અનાજ આપી સંતોષતા હતા. કેટલોક કાળ ગયા પછી એક વખતે દુશ્કાળ પડ્યો. અનાજના સાંસા પડવા લાગ્યા. ત્યારે જયદેવ પોતાના શિષ્યને ત્યાં પત્નિ સાથે અનાજ જાચવા ગયા. ત્યાં શિષ્યે અનાજ નહિ આપતાં કેટલુંક ધન આપ્યું. તે લઇ પોતે પોતાના આશ્રમે આવતાં હતાં. રસ્તામાં ચોર મળ્યા. ચોર લોકોને રાજી થઈ બધું ધન આપી દીધું. પણ ચોર લોકો તેમનાથી પ્રસન્ન નહિ થતાં તેમના હાથ પગ કાપી અરણ્યમાં એકલાં મૂકી ચાલતા થયા, ત્યાં તે જ ગામનો રાજા શિકારે આવતાં જયદેવપર તેની નજર થતાં તેમને પાલખીમાં બેસાડી પોતાની રાજધાનીમાં લાવ્યો. રાજા તેમનો

શિષ્ય થયો. પછી પાછો દુષ્કાળ પડવાથી પેલા ચોરો અનાયાસે તે જ નગરમાં આવ્યા. જયદેવનું માન રાજા પાસે સારૂં હતું. તેમની નજર ચોરપર પડતાં તેઓ મનમાં સમજી ગયા કે, આ મારા હાથપગ કાપનાર ચોરો છે, એમ જાણ્યા છતાં બહુ પ્રકારે ચોરોને આસનાવાસના કરવા સેવકોને હુકમ કર્યો. ચોર લોકો મનમાં સમજવા લાગ્યા કે આપણે ઉગરવાનો હવે એક જ ઉપાય છે કે અહીંથી ગુપ્ત રીતે જતા રહેવું કેમકે આપણો અપરાધ એવો છે કે તે માર્યા વિના મૂકશે નહિ! ચોરે ચાલવાનું કર્યું ત્યારે જયદેવને ખાનગી ખબર મળતાં તેમણે ઘઉંના ગાડાં ભરાવી સાથે મોકલાવ્યાં. થોડેક જઇ એક ઝાડીમાં ચોર ઉતર્યા ને ઘઉંનાં ધાડાં ખાલી કરી ખેડુત લોકો જેવા જવાની રજા માગે છે ત્યારે ચોરોએ કહ્યું કે, તમારા ગામમાં જયદેવ જાતનો ઝાંપડો છે. એક વખત રાજાના ગુન્હામાં આવ્યો હતો. તેને રાજાએ મારવાને અમોને સોંપેલ હતો, પણ અમે તેને દયા કરી તેને જીવતો મૂક્યો તેના બદલામાં અમારી ચાકરી બરદાશ કરી અમોને ઘઉંના ગાડાં અપાવ્યાં છે. આટલું બોલતાં પૃથ્વી ફાટી ને ચોર લોકો ધરતીમાં સમાઈ ગયા. ગાડાવાળાએ ઘેર આવી આ વાત જયદેવને કહી. તેણે સાંભળતાં પોતાના હાથપગ ધસ્યા. તો એકાએક ઇશ્વરકૃપાથી સાજા થઇ ગયા. ક્ષમાવાન તો આનું નામ. ધન્ય છે જયદેવની ધીરજને! એવા સાચા ભક્તથી આર્યાવૃતની જાહોજલાલી અત્યાર સુધી અવિચ્છિન્ન ટકી રહી છે.

૭ કુસંગનો સંગ.

જેનું કામે કાપી લીધું કાન, લોભે લઇ લાજ લીધીરે;
જેની જીભે રોળી કર્યો રાંક, માને તો ફજેતી કીધીરે.
એવા જનનું જાણો જરૂર, નથી સુખ જોયા જેવું રે;
દોષભર્યું જાણીતાં જો દૂર, અઘે અવરાણું એવુંરે.
તેને પાસે વસતાં વાસ, લંછન તો લાગે જ લાગે રે;
તજો તેને આણી તન ત્રાસ, જેથી કુબુદ્ધિ જાગેરે.
એવા પાપીનું સ્પર્શતા અંગ, પુણ્ય જાય પોતાતણુંરે;
કહે નિષ્કુળાનંદ એ કુંસંગ, તે સંગે જનં ઘણુંરે.

૮ જીવતા છતાં મુઓ.

એવા જન જીવતા જરૂર, મુઆ છે માની લેજોરે;
દેખી દુર્ગંધને રહેજો દૂર, આભડછેટ એ તો છે જોરે
કાઢ્યા વિના નહી સૂઝે કામ, સુતક એ સીદ રાખો રે;
બાળી જાળી એનું દામ, વાંની વહેતે જળે નાંખોરે.
ઘણું રાખતા એ ઘરમાંય, સુજી કે સડી જાશેરે;
કાઢો વેલ્યમ કરજો કાય, ઘણું રાખે ગંધ થાશેરે.
કેડે કરવી નહિ તેની કાંણ, ખરખરો ખોટો ખોળીરે;
કહે નિષ્કુળાનંદ સુજાણ, કહ્યું મેં તપાસી તોળીરે.

૯ ખરૂ ઔષધ,

કઠણુ વચન કહું છું રે, કડવા કાંકરા રૂપ;
દરદીને ગોળી દઉં છુ રે, સુખ થાંવા અનુપ.
ખરે મને જે જન ખાશેરે, આવું જે ઔપધ;
જીરણુ રોગ તેનો, સુખી થાશે સદ્ય.
પણુ બીક રહેછે રે બોલતાંરે, સાચી દેતાં શીખ;
ખરાં છિદ્ર કેતાં ખોલતાંરે, વવાઈ જાશે વીખ.
દેહમાનીને દીનમાંરે, સૂણુતાં જાશે સુખ;
પ્રજ્વળશે તેહ પળમાંરે, દાઝયે થાશે દુ:ખં.
માટે કહું ન કહું કોઇને રે, એમ આવે વિચાર,
નિષ્કુળાનંદ વિચારી જોઇનેરે, પછી કરૂં ઉચ્ચાર.

૧૦ કુસંગનો સંગ કરનાર બચતો નથી.

ભાદરવે ભેંસ પૂછલી હોય,
હાથી અજાડીએ પડયો હોય,
લલાટમાં ગોળી વાગી હોય.
ચંદન ઘો અડી ગઇ હોય,
ખાટકી પાસે બકરી ગઇ હોય,
પારધી કર પશુ આવ્યું હોય,
ઝેર પીધું હોય તે ન બચે.

તેમ કુંસંગનો સંગકરનાર કદી બચે જ નહિ.

કુલછાબ બારમી.

૧ સુધન્વા.

એ ભગવાનના પરમ એકાંતીન ભક્ત હતા. તે હંસધ્વજના પુત્ર હતા. તેમને પરમાત્મા અને હરિજનોમાં અચલ શ્રદ્ધા હતી. એક વખતે અલ્પદોષમાં આવતાં તેમના પિતાશ્રી તેમના ઉપર કુરાજી થતાં તેમને ઉકળતા તેલની કડાઈમાં નાંખી દીધા. પણ આતો કૃષ્ણના અનાદિ ભક્ત હતા. તેથી તેમને લેશમાત્ર આંચ નહી આવતા જેવી રીતે મનુષ્ય બરફમાં રહે છે તે પ્રમાણે તેમાં નિર્વિઘ્ને રહ્યા. આ જોઈ સર્વેને અચરજ થયું. કેટલાંકના મનમાં એમ લાગ્યું કે, સુધન્વા મંત્ર જાણતા હશે. અને કેટલાંક એમ જાણતાં કે તેમણે કોઈ દેવદેવીના મંત્રની ઉપાસના કરી છે. પણ તે સર્વ ખોટું હતું. મંત્ર તો ફક્ત એક હરિસ્મરણ જ હતું, અને તેના પ્રતાપે તેમને કાંઈ પણ હરકત લેશમાત્ર પ્રભુકૃપાથી આવી નહિ.

૨ ધિરજ વિષે.

ધિરજ સમ નહીં ધનરે સંતો ધિરજ.
આવે અર્થ દોહલે દનરે...સંતો—ટેક.

અનતોલ દુઃખ પડે ત્યારે આવી, તે તો ન સેવાય તન;
તેમાં કાયર થઇને કેદી, ન વદે દીન વચન.–સંતો.
ધિરજવંતને આવે અત્યંત, દુઃખ બહુ દુરીજન,
તેતો સર્વે સહે શરીરે, જાણી ને જન અજારે–સંતો.
ધિરજ ધારીરે નર નારી, પામે તે સુખ સદન,
કષ્ટ કાપવાનો એ છે કુહારો, વાઢે વિપત્તિના વચનરે–સંતો.
આગે સીતા, કુંતાને, દ્રોપદી, ધારી ધીરજ અતિ મન
નિષ્કુળાનંદના નાથને કર્યાં, પુરણ એણે પ્રસન્નરે.–સંતો.

૩ જડભરત.

એ બહુ ધિરજવાળાં હતા તેમને બીલકુલ દેહની આસક્તી નહતી. હમેશાં આત્મદર્શી હતા, તે પોતે મહા સમર્થ મુનિ કહેવાતા, તથા નિરાભિમાની રીતે ભુમંડળમાં વર્તન ચલાવી, ઋષિમુનીના તેમણે મહાનધર્મ બતાવ્યા છે. આધુનિક સમયમાં મહાન ઋષિઓ જડભરત તરીકે કહેવામાં આવે છે. તેમના અનેક ચરિત્રો આપણામાં પ્રસિદ્ધ છે. તેમના ભાઇઓએ તેમને ખેતરની સંભાળ રાખવાને માટે રાખ્યા હતા તેઓ જડ પદાર્થની પેઠે રાત્રિ દિવસ ખેતરની રખવાળી કરતા. એકવખત રાત્રે તેમના ખેતરમાં ચોરલોકો આવ્યા. તેણે આ જડભરતને જડપદાર્થની પેઠે ઉભેલાં જોઇ ચોરે મનમાં વિચાર કર્યો કે, આને આપણી દેવીનો ભોગ આપીએ. એમ ધારી જડભરતને ચોરલોકો દેવીના મંદિરમાં હવન પ્રસંગે લઈ ગયા. આ મહાપુરૂષને જોઈ દેવી તેના પાયે પડી, અને પોતાના ભક્તોપર અતિશય કોપાયમાન થઈ ઘણાનો સંહાર કરી નાખ્યો. ને જડભરતને પગે પડી અને આ મહાન તપસ્વી ઋષિનો આશીર્વાદ લીધો.

૪ કોનાથી ચેતવું ?

ચાર પ્રકારના માણસોથી હમેશાં ચેતતા રહેવું.

૧ જુઠું બોલનારો. આનો સંગ કરવાથી હંમેશાં ઠગાવાનું છે.

૨ મૂર્ખ. આ માણસ ભલે તમારો શુભેચ્છક હોય, તોપણ તેની મૂર્ખતાથી તમારૂં અશુભ થવાનું.

૩. કંજુસ અથવા લોભી. આ માણસ પોતાના સ્વાર્થની ખાતર તમને કોઈવાર પુષ્કળ હાનિ પહોંચાડશે.

૪ નીચ હ્રદયવાળો. આ માણસ આપત્તિ સમયે તમારો નાશ કરશે.

૫ શુભ સંગ્રહ

૧ જે માણસ વિપત્તિ આવવા પહેલાં જ દૂર કરવાનો ઉપાય ગોઠવી રાખે છે. તે જ ખરો જ્ઞાની છે.

૨ ધનનો લોભ, લોકો પાસેથી માનમોટપ મેળવવાની લાલસા અને લોકપ્રિય થવાની આકાંક્ષા એને મહાન શત્રુઓ સમજવા.

૩ કાંઇ પણ કાર્ય કરતી વખતે યાદ રાખજો કે, હું જે કંઇ કરૂં છું તે બધું પ્રભુ જુએ છે. જે બોલું છું તે બધું પ્રભુ સાંભળે છે, મોન ધરતી વખતે, જો કે હું શાને માટે મૌનધરી રહ્યો છું તે પણ પ્રભુ તો જાણે જ છે.

૪ સાવચેત રહેજો કેમકે આ સંસાર તો શયતાની દુકાન છે. એ દુકાનમાંથી ભૂલેચૂકે પણ કોઇ વસ્તુ ઉપાડશો નહિ. નહિં તો એ શયતાન તમારી પાછળ પડીને તે વસ્તુના બદલામાં તમારૂં ધર્મરૂપી ધન પડાવી લેશે.

૫ કુટુમ્બીની પાસે, રોગીઓની પાસે, પ્રભુ પ્રેમીઓની પાસે અને રાજાની પાસે ખાલી હાથે જવું નહિ.

૬ સંસાર એ સમુદ્ર છે. એનો છેડો એક તરફ સ્વર્ગ ને બીજી તરફ નર્ક તરફ છે. સાચા સ્વર્ગ તરફ જવા ઇચ્છનાર મુસાફર માનવી માટે અધર્મ અનીતિની નિવૃત્તિ ઉપરાંત વિષયની નિવૃત્તિ પણ અગત્યની હોડી છે.

૭ સંસારીઓનો સંસર્ગ અને માર્ગ છોડી દઇ પ્રભુપદના અનુભવિઓનો માર્ગ અને સમાગમ સાધવો તથા મળેલું જ્ઞાન આચરણમાં ઉતારવું અને સદા તેના જ સ્મરણ ભજનમાં મશગુલ રહેવું.

૮ પરમેશ્વર, દુનિયાઇ જીવન, પાપ વાસના અથવા શયતાન, ઘર સંસાર જનસમાન. આ પાંચ બાબતો હમેશાં સાથે જ રહે છે.

૯. જેઓ પોતાના આચરણમાં ભૂલો અને દુર્બળતા સિવાય બીજું જોતાં, બોલતાં કે શોધતાં નથી તેનું જેઓ નાનાં પ્રાણીઓ ઉપર પ્રેમ રાખે છે તેના ઉપર પ્રભુ પ્રેમ રાખે છે. તેમનું જ શ્રેષ્ઠ આચરણ કહેવાય છે.

૧૦ સાધનોની સહેજે સમજણુ પાડવી, ધર્મ પાળવાને મહેનત ન જણાવે, સાધુજનો પ્રત્યે સ્નેહાળ થાય અને સર્વ સાથે સદાચરણથી વર્તવું એ સાધકના સૌભાગ્ય ચિન્હો છે.

૧૧ વાવે છે ઝેર ઝાડવાં, કરે છે અમૃતની આશા તે; ભાઇને એમ નહિ રહો, નક્કી થાશે નાશ.

૧૨ જ્યારે સંપત્તિનો પ્રદેશ આવી પડે છે, ત્યારે કૃતજ્ઞતાના વાહન ઉપર મુસાફરી કરવી.

૧૩ પુજન અર્ચનનો પ્રદેશ આવે છે ત્યારે પ્રભુ પ્રેમના વાહનનો ઉપયોગ કરવો.

૧૪ વિપત્તિનો પ્રદેશ આવતાં સહનશીલતાનું વાહન વાપરવું.

૧૫ પાપનો પ્રદેશ ઓળંગવાનો આવતાં પ્રશ્ચાત્તાપના વાહનનો ઉપયોગ કરવો.

૧૬ તમે બહાર નીકળો ત્યારે જેને લેખો તેને તમારાથી શ્રેષ્ઠ માનજો.

૧૭ કોઇ ગમે તેમ બોલે તો પણુ તમારે તો તેમાંથી માત્ર સત્ય ને હિતકારક મનાય તે જ ગ્રહણુ કરવું.

૧૮ અત્યંત નીચ સાથે નમ્રતા રાખવી.

૧૯ પદ્દીમાં કે ગૌરવમાં શ્રેષ્ઠ હોય તેનું સન્માન કરવું.

૨૦ જ્યાં જાઓ ત્યાં ધનવાન અને સત્તાવાનથી દૂર અને પ્રભુપરાયણુ રહેજો.

૨૧ સુખમાં પણુ મૃત્યુને ચહાવું,

૨૨ આરોગ્ય છતાં પણુ જીવનને શત્રુ માનવું.

૨૩ ઇશ્વરના કથાકીર્તન તરફ પ્રીતિ અને સ્મરણુ ચિંતનમાં આશક્તિ રાખવી.

૨૪ નકામો વખત કાઢવો નહિ.

૨૫ પૂર્વે કરેલા પાપનો ખેદ કર, ફરીથી પાપમાં પ્રવૃત્ત ન થવાય.

૨૬ ઇશ્વર માટે આચરવાના કર્તવ્યોમાં જે ખામીઓ રહી હોય તે દૂર કરવી.

૨૭ અન્ય લોકો તરફથી જે અઘટીત આચરણ થઈ ગયું હોય તેનો બદલો વાળી આપવો. શરીરના લોહી માંસ જે અઘટીત ભોગથી વધાર્યા હોય. તેનો ક્ષય કરવો.

૨૮ જેમણે પાપની મધુરતા ચાખી છે તેણે મનને સાધવાની કડવાશ પણ ચાખવી.

૨૯ જેને માત્ર બાહ્યાચાર રોજ વધારે પ્રિય લાગે છે, તે ઠગાય છે.

૩૦ જે માણસ પોતાના ધર્મગ્રંથનો પાઠ કરતાં છતાં સંસાર પ્રતિ આશક્ત રહે છે તે માણસ ધર્મનો ઉપહાસ જ કરે છે.

૩૧ મહાત્મા યુસફ કહે છે કે, "મારાં પાપો ભલે પ્રગટ થાય, પરંતુ શુભ કાર્યો પ્રગટ થવાથી તો મને હાનિ જ થવાનો ભય રહે છે"

૩૨ જેને પરલોક અને પ્રભુ કરતાં પણ સાંસારિક સંપત્તિ વધારે મહત્ત્વની જણાય છે. તે પ્રભુ પાસે તો આશા કેવી રીતે રાખી શકે?

૩૩ એક રાત્રિ પણ ઉંડા ભાવથી ઇશ્વરનું ભજનચિંતન કરવું. તેને રણાંગણમાં લડવા કરતાં પણ શ્રેષ્ઠ માનું છું." 'યુસફ'

૩૪ ઇશ્વર સિવાય બીજો જુઓ નહિ. એવી જ રીતે ધ્યાન ધારણા કરો.

૬ મને ફૂટ કહેજે?

એક અફીણી પોતાનો હુકો ભરીને એક વખતે એક ગામથી બીજે ગામ જતો હતો. રસ્તામાં તેને એક કોલસાથી ભરેલું ગાડું મળ્યું. તે જોઈ પેલા બંધાણીએ ગાડાવાળાને આજીજી કરીને કહ્યું કે મને તું તારા ગાડા ઉપર બેસવા દે!" ગાડાવાળાએ કહ્યું કે, ભાઇ આ કોલસાથી ભરેલું ગાડું છે ને તારા હાથમાં હુકો છે. તેથી વખતે દેવતાની ચીનગારી મારા ગાડામાં પડે તો કોલસા સળગી ઉઠે" ત્યારે પેલા બંધાણીએ કહ્યું કે, "ભાઇ! મારા હુકાથી તારા કોલસા નહિ

સળગે; ને જો સળગે તો મને ફટ કહેજે." એ ઉપરથી ગાડાવાળાએ તે બંધાણીને ગાડા ઉપર બેસવા દીધો. અર્ધો ગાઉ ગયા કેડે બંધાણીના હુકામાંથી દેવતાની ચીનગારી પડતાં કોલસા પવનના જોરે સળગ્યા. જોરમાં ભડકો થવાથી ગાડાવાળો કહે 'અરે ભાઇ! તેં બહુ જ ભૂંડું કર્યું" ત્યારે બંધાણી કહે કે, "ભાઇ! મને ફટ કહે! ત્યારે ગાડાવાળો કહે "તને તો ફટ જ છે? પણ ફટ કહે શું સાર્થક? આ નુકસાન થયું તેનું શું કરવું. છેવટે ગાડું તથા કોલસા બળી ગયા. ને બંધાણી પોતે નિર્લજ થઈ બોલ્યાચાલ્યા વિના પોતાના મુખે ફટ કહી ઉભો રહ્યો. કેફી માણસના સંગથી વખતે મોટું નુકશાન થાય છે. માટે તેના વચનપર કોઈ વિશ્વાસ રાખતું નથી.

૭ રાજમહેલમાંથી શોધ.

કોઇ એક મુસાફરનો ઉંટ ખોવાયો હતો, તેથી તે પાસેના શહેરમાં જઇ રાજાના ચોથે માળે જઈ તપાસ કરવા લાગ્યો. રાજાએ એકદમ અચાનક આવતાં મુસાફરને પૂછ્યુ.' તું કેમ અહીં આવ્યો છે?" ત્યારે તેણે કહ્યું કે મારૂં ઉંટ ખોવાયું છે. તે શોધવા આવ્યો છું." ત્યારે રાજાએ કહ્યું "બેવકુફ! ઉંટ તે કંઇ રાજમહેલમાં ચોથે મજલે આવે ખરૂં." ત્યારે મુસાફરે કહ્યું કે, તું ચોથે માળે અને તે વૈભવમાં ઇશ્વરને મળવાની ઉમેદવારી રાખી પ્રભુને યાદ કરે છે તે તને મળશે ખરા કે?" રાજાને આ મુસાફર (ફકીર)ના શબ્દોથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં પ્રભુ ભજનનો સમય જંગલમાં એકાંતવાસમાં રાખ્યો.

૮. સર્વથી વધારે ગરીબ.

એક વાર એક ગૃહસ્થે હજાર મુદ્રાઓની થેલી તપસ્વી ઇબ્રાહીમ નામના મહાત્મા પાસે ધરી, ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, "ગરીબ પાસેથી પાઈ પણ લેવા હું માગતો નથી" ધનવાને કહ્યું. કે "હું ગરીબ નિર્ધન નથી. મારી પાસે તો પુષ્કળ ધન છે." પછી ઇબ્રાહીમે કહ્યું કે, "પરંતુ તમારે હજી પણ વધારે ધન તો જોઇએ છે જ ને?" ધનવાને કહ્યું કે, "હા" એટલે મહાત્માએ કહ્યું કે, "ધનવાન

છતાં પણ જેની ધનેચ્છા ટળી નથી તેને હું સહુથી વધારે ગરીબ ગણું છુ."

૯. હીણાને શિખામણ લાગતી નથી.

એક પુરૂષને ચાર પુત્ર હતા. તેમને તેણે પરણાવ્યા. એ ચાર પુત્રોની વહુમાંથી એક વ્યભિચારીણી થઇ. અને તેણે પોતાના જેઠનું ઘર માંડયું તેથી તેને બીજી એક સુજ્ઞ બાઇ શીખામણ દેવાને ગઇ, ત્યારે તે કહેવા લાગી. "એમાં મેં શું અવળું કર્યું છે. મેં સાસુ, સસરો, દીયર, ગોર, ગોત્રજ, કુળદેવ તો બીજા નથી કર્યા; વળી નણંદ, જાતિ એમને એમ છે. એ કાંઈ ફર્યાં નથી. ફેરવણીમાં મેં ફક્ત એક પતિથી બીજા પતિનો પાટલો કર્યો છે. માટે તમે મારા ઉપર શું કરવા આળ ચઢાવો છો ? જો આ પ્રમાણે મારી ફજેતી કરો છો પણ હું કાંઇ બોલતી નથી પણ બીજાને એમ કહેશો તો તમને સખ્ત શિક્ષા કરશે આવી રીતે તે અભાગણી પોતાનું પતિવ્રત કાયમ રાખે છે પણ અંતે તેની ફજેતી થયા વિના રહેતી નથી.

૧૦ ભાઇભાઇમાં પ્રિતી.

યુરોપમાં સ્વીટઝર્લાંડ એક પહાડી દેશ છે, ત્યાં શિયાળામાં બહુજ ઠંડી પડે છે. અને બરફ પડે છે. અને તેના ઉપર ઘણા છોકરાઓ રમે છે. એક વાર બે સગા ભાઇ બરફ ઉપરે રમતાં રમતાં દૂર નીકળી ગયા એટલામાં રાત પડી ગઈ, અને અંધારાને લઇને પાછા આવી શક્યા નહિ. મોટો ભાઇ નવ વર્ષનો હતો. પણ બુદ્ધિમાન અને ચતુર હતો. નાનો ભાઇ ઘણોજ અણસમજુ હતો. જ્યારે તેને ટાઢ વાઇ ત્યારે પોકે પોક મૂકીને રોવા લાગ્યો. તેનો મોટો ભાઇ પણ વધારે ઠંડીથી ગભરાયો હતો. પણ નાનાભાઇને સમજાવતો હતો. જ્યારે ઘેર આવવાનો રસ્તો ન જડયો ત્યારે મોટાભાઇએ વિચાર કર્યો. રાત તો કાઢવાની જ છે. કોઈ રક્ષણની જગ્યા શોધવી જોઇએ. શોધતાં શોધતાં એક ગુફા જડી. તેમાં તે બુદ્ધિમાન બાળકે સુકા પાંદડાં તોડી પાથરી દીધાં. અને તેનાપર પોતાના નાનાભાઇને

સુવાડી દીધો અને પોતાના કપડાં કાઢીને ઓઢાડયા. જ્યારે આથી પણ તેની ઠંડી ઓછી ન થઈ ત્યારે તેને દાબીને સુઇ રહ્યો. અને જેમ તેમ કરીને રાત કાઢી. જો મોટો ભાઈ પોતાની બુદ્ધિથી ન ચાલ્યો હોત તો બંને મરી જાત. સવાર પડતા જ છોકરાંઓનો બાપ શોધતો શોધતો ત્યાં આવ્યો. અને પોતાના બંને છોકરાંઓને જોઇને ઘણો આનંદ પામ્યો. મોટાભાઇનો નાનાભાઇ ઉપરનો સ્નેહ જોઇને પ્રસન્ન થયો. પોતાના બંને છોકરાંઓને ખોળામાં લઈને કોઇવાર નાનાને તો કોઇવાર મોટાને બચ્ચી લેવા માંડયો. અને આનંદ પામતો પોતાને ઘેર ગયો.

કુલછાબ તેરમી.

કળીયુગને રહેવાના સ્થાન.

એક દહાડો રાજા પરિક્ષિત મૃગયાને માટે વનમાં ગયો હતો. તે પ્રસંગે તેણે એક ગાય તથા એક બળદને પોતાના ભણી દોડી આવતાં જોયાં. તે એની પછવાડે એક શૂદ્ર હાથમાં મૂશળ લઇને ધશ્યો આવતો હતો. રાજાએ શૂદ્રને બોલાવી ધમકાવીને કહ્યું કે અરે તું કોણ છે? ગાય બળદને કેમ મારે છે? શું તેં અર્જુનને ગયો જાણ્યો? પાંડવના કુળમાં કોઇ એવો નિર્બળ નથી કે જેની સમક્ષ કોઇ દુષ્ટ રંકને સતાવશે. એમ બોલી રાજાએ ખડગ ઊંચક્યું. શૂદ્રતો ડરીને ઉભો રહ્યો. પછી રાજાએ ગાય અને બળદને પાસે બોલાવી પૂછ્યું કે તમે કોણ છો? દેવતા કે બ્રાહ્મણ? શામાટે નાસો છો? હું છતાં તમને દુઃખ દે એવો કોઈ સમર્થ નથી. એ વચન સાંભળી બળદ માથું હલાવતો બોલ્યો, મહરાજ, આ પાપ રૂપી કાળી બીહામણી મૂર્તિ જે આપણી સામે ઊભી છે તે કલિયુગ છે. એના

આવવાથી હું ભાગુ છું. આ ગાય તે પૃથ્વી છે. એ પણ ભયથી નાસે છે. મારૂં નામ ધર્મ છે, મારા ચાર પગ તે તપ, સત્ય, દયા ને શૌચ છે. સત્યુગમાં મારા વીસ વસા હતા, ત્રેતામાં સોળ, દ્વાપરમાંબાર ને કળીયુગમાં ચાર રહ્યા છે. પૃથ્વી બોલી મહરાજ! મારાથી આ યુગમાં રહી નહિ શકાય, કેમકે શુદ્ર રાજા થઇને ઘણો અધર્મ કરશે તે ભાર મહારાથી નહિ ઝીલાય. રાજાએ ક્રોધે ભરાઇ કળીયુગને કહ્યું કે હમણાં હું તને મારી નાંખું છું. કળીયુગ પગે પડી કાલાવાલા કરી બોલ્યો હે પૃથ્વી નાથ! પણ હવે તો હું તમારે શરણ છું, મને કાંઈ રહેવાનું ઠામ બતાવો; કેમકે ત્રણ કાળ ને ચાર યુગ જે બ્રહ્માએ નિર્માણ કર્યા છે તે કોઇ પ્રકારે મિથ્યા થનાર નથી. એ સાંભળી રાજાએ કળીયુગને કહ્યું કે તારે પીઠું, પાતળનું ઘર, હત્યા, ચોરી, અને સુવર્ણ એટલામાં રહેવું. એ આજ્ઞા પ્રમાણે કળીયુગે જઈ પોતાનો વાસ કર્યો, રાજાએ ધર્મને મનમાં રાખ્યો ને પૃથ્વી પોતાના રૂપમાં મળી ગઇ.

મૂર્ખાઇનો નમુનો.

શેઠાણી શેઠને હમેશાં ઠપકો આપતાં કે તમે તમારા મુનીમને સર્વે કામ સોંપો છો પણ મહારા ભાઇને એકે કામ સોંપતા નથી. શું તેમાં કમી આવડત છે? એક વખતે શેઠે પોતાના સાળાને જંગલમાં ઘાસ લેવાને માટે ગાડું જોડાવી મોકલ્યો. ગાડું ઘણા દિવસથી ઉંગેલું નહિ હોવાથી જતી વખતે "ચુંચું" બોલતું હતું. ઘાસ ભરી પાછા આવતી વખતે ભારને લીધે તથા નદીમાં પૈડાં પલળવાના કારણે "ચુંચું" નો અવાજ બંધ થએલો જોઇ શેઠનો સાળો મનમાં બીવા લાગ્યો. અરે ગાડું તો મરી ગયું? બોલતું ચાલતું હતું તેને આમ એકાએક શું થયું? તુરત બળદને છોડી નાંખી ગાડાને અગ્નિ સંસ્કાર કર્યો ને પોતે રોતો રોતો ઘેર આવ્યો. આ બનાવ જોઈ આડોસી પાડોસી હસવા લાગ્યા. મૂર્ખના સરદાર તે આવા હોય છે. તેના માથે કાંઈ શીંગડાં હોતાં નથી.

નામાંકિત હાવર્ડ.

આ હાવર્ડ યૂરોપખંડમાંના તમામ કેદખાનાની શોકકારક દશા ફેરવી નાંખનાર હતો. તે ધનવંત હતો. તેણે પોતે સઘળી બાજુનું નુકશાન ખમી ગરીબ દુઃખી અને દરદીની હાલત સુધારવામાં અને તેઓના સુખ વધારવાની તજવીજો કરવામાં જ પોતાની ઉમર ખોઇ. તેણે મફત કેળવણી આપવાને નિશાળો બંધાવી. પોતે થોડાક ઉપર ગુજરાન ચલાવી પોતાની આવકનો ઘણો ભાગ તે ધર્મ કામમાં નાંખતો. તેણે દેશ દેશના કેદીઓ અને રોગીઓની ઘણી જ સારી બરદાસ લીધી. ટુંકામાં એટલું જ કે દુખીઆરાના પોકારને સારી પેઠે કાન માંડવાને તે હમેશાં તત્પર રહેતો તેનું નામ ઇગ્લાંડ દેશના પરોપકારી પુરૂષોમાં આજ પણ પહેલે નંબરે ગણાય છે.

ભગવાનનો ખપ પડે ખરો?!

એક વખતે એક મોટા સદ્‌ગુરૂ એક પટેલીઆની વાડીએ સ્નાન કરવા ગયા હતા, તે વખતે પટેલીઓ ઘઉંને કોસ કાઢી પાણી પાતો હતો. તેને જોઇ સદ્‌ગુરૂએ કહ્યું, પટેલ ઘઉં સારા છે કે? પટેલીઆએ કહ્યું કે અમે પાણી પાઇએ તે કેમ સારા ન હોય? અમારે આમાં ભગવાનની ઓશીયાળ નથી, કારણકે વરસાદની કાંઇ જરૂર નથી, આતો પાણી પાઇને કરીએ છીએ. થોડા દિવસ જતાં તે ઘઉંમાં ગેરૂ આવતાં ઘઉં બગડી ગયા ને જીરા જેવા થયા. પછી તેજ સદ્‌ગુરૂ ત્યાં સ્નાન કરવા પધારતાં પટેલનાં લુગડાં રાતાં દેખી પુછવા લાગ્યા કે પટેલ, તમારાં લુગડાં રાતાં કેમ છે? ત્યારે તેણે કહ્યું કે મહારાજ! અમારા ઘઉંમાં ગેરૂ આવ્યો છે. ત્યારે સદ્‌ગુરૂ એ પુનઃ પૂછ્યું કે ગેરૂ એટલે શું? ત્યારે પટેલે કહ્યું એ એક જાતનો રોગ છે. સદ્‌ગુરૂએ ફરી પૂછ્યું કે તેને તમે કેમ આવવા દીધો? ત્યારે પટેલ કહે, તે કાંઇ આપણા હાથમાં નથી એ તો ભગવાનના હાથમાં છે. ત્યારે સદ્‌ગુરૂ કહે કે તમે પ્રથમ કહેતા હતા કે ભગવાનની ઓશીયાળ નથી પણ આ ઉપરથી ભગવાનનો ખપ પડતો દેખાય છે.

મિથ્યાભિમાની કોણ ?

લુઓ નામનો એક કાઠી રાત અંધો હતો. તે એક વખત પોતાના સાસરે કાંઇ કામ સારૂ ગયો હતો. તે વખતે તેની સાસુએ લાપસી કરીને પીરસીને જ્યારે તે ઘી લેવા ગઇ ત્યારે લુબાની પાસે એક વાછડી આવી તે લાપસી ખાઈ ગઈ ત્યારે સાસુએ આવીને કહ્યું કે આ લાપસી કેમ વાછડી ખાઇ ગઇ ? ત્યારે લુઓ કહે મેં જાણ્યું જે તમારી પાળેલી હશે તે કેમ હંકાય ? તે સારૂ હાંકી નહિ. ત્યારે સાસુએ એક લાકડી લુબાને આપીને કહે જે હવે આવે તો હાંકજો. પછી સાસુએ ફરી લાપસી પીરસી પછી ઘી લઇને આવી ત્યારે લુઓ જાણે જે આ વાછડી આવી તે હાંકું એમ ધારી લાકડી સાસુને મારી. ત્યારે સાસુ બોલી જે લુબા લાગી. ત્યારે લુઓ જાણે કે આગ લાગીને હું બળી જઇશ. ત્યારે લુઓ બોલ્યો જે મને કાઢજો હું તો રાત–અંધો છું. એ પ્રગાણે મીથ્યાભિમાનીઓ ખોટું માન રાખીને ફરે છે પણ અંતે ખરી હકીકત બહાર આવ્યા વિના કદી પણ રહેતી નથી.

કલ્યાણના ખપવાળાજ કષ્ટ ખમે છે.

એક મોટા સદ્ગુરૂ હતા તેમની પાસે એક સેવક આવ્યો ત્યારે ગુરૂ બોલ્યા કે ભાઇ તું આવ્યો તો ખરો પણ શું ખાઇશ ? મારે તો એક શેર ચોખા આવે છે તેમાં મારૂં પૂરૂં થાય છે. ત્યારે તે શિષ્ય બોલ્યો ! કેમ મહારાજ ? એ ચોખાનું ઓસામણ નિકળશે તે ખાઇશ. એમ કહીને એ સેવક રહ્યો. એટલામાં બીજો એક શિષ્ય થવાને તે સદ્ગુરૂ પાસે આવ્યો ને તેને ગુરૂ પાસે રહેવાની આજ્ઞા માગી. ત્યારે ગુરૂ બોલ્યા કે, ભાઈ તું શું ખાઇશ ? ત્યારે તે સેવક બોલ્યો કે આ પ્રથમ સેવક આવ્યો છે તે શું ખાશે ? ત્યારે ગુરૂ બોલ્યા કે મારે ખાવા એક શેર ચોખા આવે છે તે ચોખાનું ઓસામણ એ ખાય છે. ત્યારે એ બીજો સેવક બોલ્યો કે હું એ ચોખાનું ધોવરામણ ખાઈશ. પછી એ સેવક પણ રહ્યો. ત્યાં તો ત્રીજા સેવકે આવીને ગુરૂ પાસે રહેવાની આજ્ઞા માગી ત્યારે ગુરૂ બોલ્યા કે ભાઇ તું રહીશ

તો ખરો પણ શું ખાઈશ? ત્યારે તે સેવક બોલ્યો કે પ્રથમ આ બે સેવક આવ્યા છે તે શું ખાય છે? ત્યારે ગુરૂ બોલ્યા કે મારે એક શેર ચોખા આવે છે તેનું ઓસામણ એક જણ ખાય છે ને એક જણ ચોખાનું ધોવરામણ ખાય છે. ત્યારે તે શિષ્ય બોલ્યો કે ચોખા રાંધવાની હાંડલીનું ધોવરામણ ખાઇશ. એમ કહીને એ સેવક રહ્યો. ત્યાં તો ચોથો સેવક આવ્યો ને તેને ગુરૂ પાસે રહેવાની આજ્ઞા માગી. ત્યારે ગુરૂ બોલ્યા ભાઈ તું રહીશ તો ખરો પણ શું ખાઇશ? ત્યારે તે શિષ્ય બોલ્યો કે આગળ ત્રણ સેવક આવ્યા છે તે શું ખાય છે? ત્યારે ગુરૂ બોલ્યા જે મારે જમવા એક શેર ચોખા આવે છે તેનું ઓસામણ એક ખાય છે બીજો ધોવરામણ ખાય છે ને ત્રીજો ચોખા રાંધવાની હાંડલાનું ધોવરામણ ખાય છે. ત્યારે તે ચોથો શિષ્ય બોલ્યો કે જે તમે જમીને ચળુ કરશો તેની એંઠવાણી હું ખાઇશ. એમ કહી ચોથો શિષ્ય પણ રહ્યો. એ રીતે જેને કલ્યાણનો ખપ છે તે અનેક કષ્ટ સહન કરી સદ્ગુરૂની સેવામાં રહે છે.

ભગવાનના ભક્તના દ્રોહનું મોટું પાપ છે.

જ્યારે રામચંદ્ર મૃગ પાછળ ગયા ને લક્ષ્મણને સીતાજીની રક્ષા કરવા મુકી ગયા ત્યારે સીતાજીને લક્ષ્મણજીએ કહ્યું કે મને તો અહીં રહેવાની આજ્ઞા કરી છે તેથી હું નહિ જાઉં. ત્યારે સીતાજી બોલ્યાં જે અરે દુષ્ટ તારા મનમાં એમ છે કે રામચંદ્રજીને મારશે ત્યારે આ સીતાને સ્ત્રી કરીશ ને મ્હારા ઘરમાં રાખીશ! હું મારા પ્રાણ કાઢી નાંખીશ પણ તારી સ્ત્રી થઇને કદી રહેનાર નથી. એવું સીતાજીનું વચન સાંભળીને લક્ષ્મણજીને મૂર્ચ્છા આવી ગઇ તેથી પૃથ્વી ઉપર ઢળી પડયા ને નેત્રમાંથી આંસુની ધારા થઈ. થોડીવાર પછી સચેત થઇને રામચંદ્રજીની પાછળ ગયા. પણ સીતાજીને એવો દોષ લાગ્યો કે રાવણને ઘેર જવું પડયું ને કૃષ્ણાવતારમાં રાધીકાજી થયાં એ દોષે કરીને એટલું કષ્ટ ભોગવવું પડયું. માટે વચન વિચારીને બોલવાં. વચનના બાણ ખરા બાણ કરતાં કારી છે માટે વચનરૂપી બાણ જોઈ

વિચારીને છોડવાં, નહિ તો તેમાંથી વખતે વિપરીત પરીણામ આવી પડે છે.

અજ્ઞાનતાથી સર્વનો નાશ થાય છે.

કોઇ બે માણસો બદરીકાશ્રમની યાત્રાએ એક વખતે જતા હતા. રસ્તામાં એક માણસે બીજા માણસને કહ્યું કે કાંઇ કથાનો આરંભ કરો તો આપણો પંથ સુલભ થઇ જાય. તે ઉપરથી એક જણ શ્રોતા બન્યો ને બીજો વક્તા બન્યો. વક્તાએ નીચે પ્રમાણે કથાનો આરંભ કર્યો:—

એક હતો પતી (મુળપુરૂષ–પરબ્રહ્મ) ને એક હતી પત્ની (મુળમાયા–આદીશક્તિ). તે બંને વચ્ચે એટલી બધી પ્રીતિ હતી કે ઉભય એક રૂપે જ વર્તતાં હતાં તેમાં જરા પણ ભિન્નભાવ નહોતો. આ રીતે કેટલોક કાળ ગયા પછી તેમને એક પુત્ર (સત્વગુણ) ઉત્પન્ન થયો તે મહાન કાર્ય કરતા ને સર્વ વિષયમાં પારંગત હતો. પછી તે પુત્રને એક કુમાર (રજોગુણ) થયો. તે પિતા કરતાં પણ વિશેષ ચતુર થયો. તેણે બહુ જ વ્યવસાય ફેલાવ્યો. બહુ જ કન્યા અને પુત્રો ઉત્પન્ન કરી અનેક તરેહની ઘણીક પ્રજા વધારી. તેના જે વડો પુત્ર (તમોગુણ) થયો તે અજ્ઞાન ને ક્રોધી હતો. જરાક ભુલ થતાં તે ખુબ સંહાર કરવા લાગ્યો. પીતા (મુળપુરૂષ) ચુપ જ બેસી રહ્યો. વડા પુત્રે (સત્વગુણરૂપ વિષ્ણુએ) ઘણા વ્યવસાય કર્યા. આ જ્યેષ્ટ પુત્ર સર્વજ્ઞ અને ભલો નિકળ્યો. પૌત્ર (રજોગુણરૂપ બ્રહ્મા) તેનાથી અરધા ચતુર નિકળ્યા અને પ્રપૌત્ર (તમોગુણરૂપ શંકર) તો છેક અજ્ઞાન નિકળ્યા અને જરાક ચુક થતાં સંહાર કરી નાંખે એવા ક્રોધી નિકળ્યા. આ પ્રમાણે પુત્ર સર્વનું પાલણપોષણ કરતો, પૌત્ર વંશવૃદ્ધિ કરતો હતો અને પ્રપોત્ર ચુક કરનારનો તુર્ત જ સંહાર કરતો. આ પ્રમાણે (સત્વ, રજ ને તમ) એ ત્રણ ગુણોથી વંશવૃદ્ધિ થઈ, પુષ્કળ વિસ્તાર થયો અને ઘણો કાળ આનંદમાં વ્યતિત થયો. પરીવાર એટલો બધો વધી પડયો કે ગણી શકાય નહિ અને

વડીલોની આજ્ઞા કોઈ માને નહિ; જેથી પરસ્પર કપટભાવ વધતો ગયો. પરીણામે ઘરમાં એક બીજા વચ્ચે ભારે ઝગડો થયો અને તેથી ભારે સંહાર થયો. મોટા મોટા વચ્ચે વેર થયું. સર્વ નિર્વંશ બની ગયા, અને ત્યાર પછી જેમ ઉન્મત્તતાને લીધે યાદવોનો નાશ થયો હતો તે પ્રમાણે અજ્ઞાનતાથી તે સર્વનો સંહાર થઇ ગયો.

મહીંનું મહીં છે એ શું ?

એક સદ્‌ગુરૂએ એક સોની પાસે રૂપાનો પ્યાલો કરાવ્યો તેમાંથી રૂપિઆ એકનું રૂપુ વધ્યું તે સોનીએ પોતે રાખી લીધું. આ સોની તેમનો પરમ ભક્ત હતો. જ્યારે ઓચ્છવનો દિવસ આવ્યો ત્યારે તેણે તેજ રૂપિઓ સદ્‌ગુરૂના પગમાં ધર્યો. ત્યારે સદ્‌ગુરૂએ તે સોનીને પૂછ્યું કે આ રૂપિઓ ક્યાંથી ? ત્યારે તેણે જાણ્યું કે મહારી ચોરી અંતર્યામીપણે સદ્‌ગુરૂ જાણી ગયા છે. તેથી તેણે બે હાથ જોડી નમ્રપણે કહ્યું કે " એ તો મહીંનું મહીં છે " એટલે કે આપે મને રૂપાનો પ્યાલો કરવા આપેલ તેમાંથી રૂપિઆ એકનું રૂપું વધેલ તે મેં આપની આજ્ઞા વિના લઇ લીધેલ તે હું પાછું આપના ચર્ણમાં ધરૂં છું. મહાત્માએ સભા વચ્ચે કહ્યું કે જુઓ ! આ સોની ભક્ત કેવા લાયકને ભલા છે કે એક રૂપિઆનો વધારો પોતે નહિ રાખતાં અમોનેજ પાછો આપે છે. આથી તે સોનીને પોતાના કૃત્યની મનમાં અત્યંત દીલગીરી થઇ. પ્રભુથી કાંઇ છાનું નથી.

ભોંયમાં પેસી ભોંયરે, કરીએ કાંઈ વાત;
ઘડીએ મનમાં ઘાટ તે, જાણે જગનો તાત.

ખરે વખતે ભકતની રક્ષા ભગવાન કરે છે.

રામાનુજના મામાના દીકરા ગોવીદારય પણ યાદવ પ્રકાશ ગુરૂના શિષ્ય મંડળમાં હતા. તેમણે રામાનુજને ગુરૂનો દુષ્ટ અભિપ્રાય સુચવ્યો. એટલામાં ગંગાજીએ જતાં માર્ગમાં આંધી ચડી અને ગાજ-વીજ થઈને વરસાદ પડવા માંડયો, એટલે રામાનુજ એ ટોળાથી છુટા પડી ગયા. ગુરૂએ ધાર્યું કે વગડામાં હિંસક પ્રાણીઓએ રામા-

નુજનો વિનાશ કર્યો હશે, તે ઠીક થયું. પણ ભક્તના દુઃખનો નાશ કરનાર ભગવાન ભક્તની વારે ધાયા. ભગવાન અને લક્ષ્મીજી ભીલ ભીલડીનો વેશ લઇ રામાનુજની સમક્ષ આવીને ઉભા રહ્યા, અને શ્રી કાંચી જવાનો માર્ગ બતાવ્યો તથા તત્કાળ રામાનુજને શ્રી કાંચીના સમીપમાં મુકી દીધા. ગામની ભાગોળે જઇ ભીલડીએ ભીલ પાસે જળ માગ્યું એટલે રામાનુજે પોતે વાવમાં ઉતરીને જળ લાવીને જોયું કે તત્કાળ ન મળે ભીલ કે ન મળે ભીલડી. ભગવાન અને લક્ષ્મીજી તુર્ત અદશ્ય થઇ ગયાં.

પંજાબના સિંહ.

લાલા લજપતરાયનું અવસાન.

હિંદના એક મહાન, આગેવાન પંજાબના નરકેસરી લાલા લજપતરાયજીનો સ્વર્ગવાસ તા. ૧૭–૧૧–૧૯૨૮ ને રોજ થતાં સમગ્ર હિંદમાં ચારે તરફ શોક છવાઈ રહ્યો છે. તેઓએ આપણા ઉપર મહાન ઉપકારો કર્યા છે એટલું જ નહિ પણ હિંદના ભલા માટે પોતાની લાખો રૂપીઆની કમાણી જતી કરી તન, મન ને ધનથી ભારતવર્ષની ઉત્તમ સેવા કરેલી છે. એ મહાન પુરૂષનું સદાકાળ સ્મરણ રહેવાને માટે આ પુસ્તકમાં તેની નોંધ લેવામાં આવે છે. પરમાત્મા તેમના આત્માને શાન્તિ આપો!!

ભવિષ્યની વાત તો ભગવાન જાણે.

એક વિશનગરનો બ્રાહ્મણ હતો. તે એક વખત વડતાલે શ્રીજી-મહરાજના દર્શને ગયો. હતો તે વખતે શ્રીજીમહરાજે તેને કહ્યું કે તમારા પાસે કેટલી મુડી છે? ત્યારે તેણે કહ્યું કે પાંચસે રૂપીઆ છે. ત્યારે શ્રીજીમહારાજ કહે કે એ રૂપીઆ અમોને ધર્માદાના કામમાં વાપરવા આપશો? ત્યારે બ્રાહ્મણે હા પાડી પણ તે વખતે ખરી હકીકત જાહેર કરી કે તે રૂપિઆ વીશનગરના શાહુકારને ત્યાં વ્યાજે મુક્યા છે. ત્યારે શ્રીજીમહારાજ કહે અત્યારે ને અત્યારે અહીંથી ચાલતે પરભાર્યો ત્યાં જજે વચમાં ક્યાંઇ પણ રોકાઈશ કે વિસામો લઇશ મા

ને પરભાર્યો શાહુકારની દુકાને જોડા ઉતાર્યા વિના જજે ને તારા રૂપિઆ માગજે ને કહેજે જે મારે રૂપિઆ લીધા વિના ઘેર જવું નથી. એમ ઉતાવળથી રૂપિઆ લીધા પછી ઘેર જજે. બ્રાહ્મણે તે વચનપર વિશ્વાસ રાખ્યો ને તે પ્રમાણે કર્યું રૂપિઆ લીધા પછી બીજે દિવસે તે શાહુકારે દીવાળું કાઢ્યું. ભવિષ્યની વાત તો ભગવાન હોય તે જાણે, મનુષ્યને કાંઈ ખબર પડે નહિ. જો તે બ્રાહ્મણે વચન ન માન્યું હોત તો તેના રૂપિઆ ખોટા થઈ જાત.

પુરૂષાર્થ રાખ્યા વિના પરમપદ મળતું નથી.

એમ વિચાર કરવો કે આ દેહમાં ચાર અંતઃકરણ, દશ ઇંદ્રિયો, પંચ પ્રાણ છે તેમ હું જીવાત્મા છું તે પણ આ દેહના વિશેજ છું ને એ સર્વ થકી અધિક છું સર્વનો નિયંતા છું પણ એમ ન માનવું કે હું તો તુચ્છ છું ને અંતઃકરણ તથા ઈંદ્રિયો બળવાન છે. જેમ કોઈ રાજા હોય ને બુદ્ધિહિન હોય પછી એના ઘરના મનુષ્ય હોય તે પણ તેનું વચન માને નહિ પછી એ વાતની જ્યારે ગામના મનુષ્યને ખબર પડે ત્યારે ગામમાં પણ કોઇ હુકમ માને નહિ. પછી દેશના મનુષ્ય એ વાત સાંભળે ત્યારે દેશના મનુષ્ય પણ તેનો હુકમ માને નહિ પછી તે રાજા ગ્લાની પામી અસમર્થ થઇને બેસી રહે અને કોઈ ઉપર હુકમ ચલાવે નહિ તેમ રાજાને ઠેકાણે જીવ છે ને ઘરના મનુષ્યના ઠેકાણે અંતઃકરણ છે ને ગામના ને દેશના મનુષ્યના ઠેકાણે ઇંદ્રિયો છે. તે જ્યારે એ જીવ નાદાર થઇને બેસે ને પછી અંતઃકરણ ઉપર હુકમ કરીને પરમેશ્વર સન્મુખ રાખવાને ઇચ્છે ત્યારે અંતઃકરણ તેનું કહ્યું કરે નહિ ને ઇંદ્રિયોને વશ રાખવા ઇચ્છે તો ઇંદ્રિયો પણ એને વશ રહે નહિ. પછી એ જીવ કાયાનગરનો રાજા છે પણ રાંકની પેઠે ઓશીયાળો થઈ રહે છે માટે પુરૂષાર્થ રાખવો અને હીંમત હારવી નહિ, નહિ તો આવી ગતી થશે.

પર્વતદાસ અને નરસિંહ મહેતા.

પર્વતદાસ પોતાના ભત્રિજા નરસિંહ મહેતાને વર્ણાશ્રમના ધર્મ પાળવાને માટે વખતો વખત શિખામણ આપતા હતા. એક વખતે

તેઓ દ્વારકાની યાત્રાએ જતાં રસ્તામાં પાણીની તરસ લાગવાથી તથા ક્ષુધા લાગવાથી હેરાન થવા લાગ્યા. નરસિંહ મહેતાના મનમાં એમ આવ્યું કે આ વખતે કાકાને શ્રીકૃષ્ણ પરમાત્માનો પ્રતાપ જણાવું. એવો સંકલ્પ કરતાં અઘોર વનમાં આહેરનું રૂપ લઇ એક પર્ણકુટી સાથે શ્રીકૃષ્ણ પરમાત્મા દેખાયા, નરસિંહ મહેતે તો તુર્ત ભગવાન ધારી તેમનું પાણી તથા ખોરાક લીધો પણ પર્વતદાસને મનમાં શંકા થઇ કે આપણાથી આહેરનું પાણી કેમ પીવાય? તેથી તેણે પાણી નહિ પીતાં ચાલવા માંડયું. દ્વારકાં ગયા પછી તેમની ખાત્રી થઇ કે રસ્તામાં જે આહેરનું સ્વરૂપ ધરી આપણા માટે પાણી ને રસોઇની જે રચના કરી રહ્યા હતા તે જ આ શ્રી રણછોડરાય છે. તે દિવસથી પોતાના ભત્રિજા નરસિંહ મહેતાને વર્ણાશ્રમ ધર્મનો બોધ દેવો મુકી દીધો ને તેને શ્રીકૃષ્ણના મહાન ભક્ત સમજવા લાગ્યા.

કુલછાબ ચૌદમી.

અવિનાશીને અરજી.

સ્વસ્થાન શ્રી વૈકુંઠપુરી પરમધામના અધિપતિ ભક્તવત્સલ ભગવાન, ગરૂડજીના સવાર, પાંડવના પ્રતિપાલક, અનાથનાનાથ, સર્વના ઉપરી, દેવાધિ દેવ, મુદલ મંગલ, સ્વરૂપ સચ્ચિત ઘનસ્યામ, અખંડ લક્ષ્મીના અલંકાર, ગૌબ્રાહ્મણના રક્ષક, જગતની ઉત્પત્તિ કરનાર, પાલન કરનાર, સંહાર કરનાર એવા પૂર્ણ પુરૂષોત્તમ ભગવાનની હઝુરમાં અરજદાર સ્વસ્થાન શ્રી મૃત્યુ લોકના રહીશ પંચભૂત! દેહ નગરીથી લી. આપની ઇચ્છાથી આ ભૂતળ વિષે જન્મ લેનાર મુસાફરના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ આપના પવિત્ર ચરણમાં સ્વિકારશો.

અરજ ગુજારવાની એ છે કે હે દયાળુ ભગવાન! અમને આ સંસાર સાગરમાં ઉત્પન્ન કરવા સારો હેતુ ધારી આપની ગૃહ નગરીથી પ્રથમ માતાના ઉદરમાં ગર્ભ સ્થળ બનાવેલું હતું, ત્યાં (ગર્ભવાસમાં) નવ માસ પુરા થતાં, બે પ્રકારનો લાભ મેળવવા સમજુતી આપી હતી, કે નિત્યના પ્રમાણમાં સંસારનો વ્યવહાર કરવો તથા પરમેશ્વરનું ભજન કરવું. આ પ્રમાણે કહેલું હતું પણ આત્મ નગરી જે શરીર છે તેની અંદર ઘણા દુષ્ટ અમલદારો નિવાસ કરી રહ્યા છે, અને તે લોકો આપના હુકમનું અપમાન કરાવે છે ને ધારાસર નગરીનું કામ ચલાવવામાં વિઘ્ન કરે છે, તે આસામી નામવાર હું આપને જાહેર કરૂં છું. પ્રથમ મુખથી આ નગરીનો રાજા જીવરાજ ભાઇ છે, મનજીભાઇ વજીર છે, ક્રોધજીભાઈ ફોજદાર છે, લોભજીભાઇ લશ્કરી અમલદાર છે, અહંકારભાઈ માજીસ્ટ્રેટ છે, પર નિંદા પોલીસ પટેલ છે, કામદેવભાઇ કામદાર છે, ધનજીભાઇ સર ન્યાયાધીશ છે, પંચભુત આકાશ, વાયુ, જળ, અગ્નિ અને પૃથ્વી એવા પાંચ પાટીદાર ગરાસીયા છે, બુદ્ધિ બાઇરાજ પટરાણી છે, જીવ્હાબાઈ પંચતણી છે, તૃષ્ણાબાઇ દાસી છે, વિવેકભાઇ વણજારા છે, જડતાપણું જમાદાર છે. આત્મ નગરીના દશ દરવાજા છે તેમાં મુખ્ય દરવાજે બત્રીશ શાહુકારો નિવાસ કરી રહ્યા છે અને તે લોકો અન્નજળ વગેરે પદાર્થ ખરીદ કરવા બેઠા છે. આવી રીતે આ તમામ અમલદારો ભેગા થઇ રહી, નારાયણ પ્રભુ ! અમારૂં ભાન ભુલાવી પોતાની શિરજોરીથી અમારા પર બળાત્કાર વાપરી ઈશ્વરનું ધ્યાન ધરવામાં તથા પરોપકાર કરવામાં અટકાવે છે. તેમજ અમોને નિરૂપાય બનાવી મનજીભાઇ વજીર સંસારના ખોટા વ્યવહારના અટપટા કામથી વિશ્રામ પામતો નથી. ચાલીસ વર્ષ સુધી આ તન નગરીનું રાજ્ય જુવાનસિંહજી ભાઇનુંછે તેમાં પોતાનું કંઇ સાધન થતું નથી તેટલામાં તો જરા-સિંહજી નામનો રાજા આવી સદરહુ રાજ્ય છીનવી પોતે પોતાના કબજામાં લે છે અને પોતાના નવીન સિક્કાની ફરજ પાડી નગરના

વાવટા શ્યામ રંગના હતા તેને શ્વેત રંગના કરી નાંખે છે. જુવાનસિંહના રાજ્યમાં આ નગરી ચેતન હતી તેમાં નવા બજાર નવસેં નવ્વાણું શેરીઓ, બોંતેર કોઠા અને ઇડા પીંગલા, શુષુમ્ણા મળી ત્રીવેણીનો ઘાટ છે. સાતપુરી છે, બોતેર હજાર નાડી છે. આવું રમણીક શહેર પૃથ્વી ઉપર રચ્યું હતું તેને એકદમ જરાસિંહજી નામનો રાજા આવી પાયમાલ કરી નાંખે છે. જરાસિંહજીની ધાસ્તીથી સાતપુરીના દેવોની સત્તા કમી થાય છે, મસ્તકપુરી ડોલવા લાગે છે, હસ્તપુરી કંપવા લાગે છે, ચરણપુરી થરથરવા લાગે છે, લોચનપુરીનું તેજ ઓછું થાય છે, કરણપુરી ઉજ્જડ થઇ જાય છે, નાસિકાપુરીમાં શ્વાસ ઠરતો નથી, નગરીની અંદર માલ ખપતો નથી, તેથી મૂખ્યનગરીના બત્રીસ સાહુકારો દુકાન ઉપાડી ચાલતા થયા છે, નગરી જ્યારે જરજરી થાય છે, ત્યારે ભાઇ, પુત્ર અને સ્ત્રી કોઇ માને નહિ, આવી અશક્તિ વેળાએ દુઃખ સહન કરવું પડે છે તો હે દયાળુ ભગવાન! જરાસિંહજીરાજાનો ઉપરી અમલદાર કાળ નામનો પોલીટીકલ એજન્ટ વારંટની સાથે આવી આ તન નગરીના જીવરાજભાઇને પકડી જવા દશ દરવાજાને સીલ મારી દે છે ત્યારે છેવટનું સંકટ જોઈ મનજીભાઈ વજીર ભક્ત વત્સલ ભગવાનને શરણ આવી અરજ કરે છે કે હવે મારી ભૂલ કબુલ કરૂં છું, પુત્ર કપુત્ર થઇને ચૂકે છે પણ છોરૂ શરણ થઇ આવ્યા તો આપ અપરાધ ક્ષમા કરશો. પારસમણીનો સ્પર્શ થતાં લોહને કંચન કરે છે તો આપ અધમઉદ્ધારણ જગત્કર્તા ઇશ્વરને ચર્ણે જતાં અમારા દુઃખનો સંભવ રહેવો ન જોઇએ. અગ્નિ જેમ ઘાસ લાકડાં વીગેરે બાળી ભસ્મ કરે છે તેમ અમારા દોષ બાળી દેવા આપ સમર્થ છો. આ સંસારમાં ત્રણ પ્રકારના તાપ છે, આધ્યાત્મ, આધિદેવ ને આધિભૂત તેમને શાંત કરી આપના નિજસ્વરૂપને પ્રયત્ન કરતાં દેહનગરી છુટી ગયા પછી અમને આપની હજુરમાં દાખલ કરશો; ભારતભ્રૃકુટી જાહેરખબર દ્વારા અરજદારને જવાબ સાથે લખવાનું કે તહોમતદાર મનજીભાઇને જ્ઞાનરૂપી પાંજરામાં ઉભો

રાખી જીન્હા બાઈ પંચાંગ નીતિ પ્રતિજ્ઞા ઉપર જુબાની લેતાં આ-ત્મઘાતી થયેલ છે, પોતે થયેલ ગુન્હો કબુલ કરતાં મૂકેલો ગુન્હો સાબીત થાય છે, તેજ વેદશાસ્ત્રને મહાત્મા શીખેની સાક્ષી પુરતાં છુટી જવામાં કાંઇ સાધન કરેલ નથી તેથી કેસ રજુ કરી જમરાજાની પોલીસકોર્ટમાં ઉભો રાખવો અને નર્કદ્વારમાં દાખલ કરવો એજ યોગ્ય છે. પરન્તુ આ માણુસ પ્રભુના ચરણમાં અરજ કરે છે તો દેવદરબારથી ફરજ પાડવામાં આવે છે કે પ્રથમ તેને ગુરૂપદેશ કરો કે પરમાત્માની પ્રેમલક્ષણા ભક્તિ કરશો, હૃદયમાં ધ્યાન ધરશો, ધર્મથી ચાલશો, મહાત્માનો સમાગમ રાખશો, વેદશાસ્ત્ર ગીતાનું શ્રવણ, આશ્રયે આવેલા દરેક પ્રાણીનો પોતાની શક્તિ મુજબ આદરસત્કાર કરશો, સાંજ સવાર ને મધ્યાન ત્રણું વખત પાંચ માળા પરબ્રહ્મ પરમાત્માના નામની કરશો તો થોડા દિવસમાં કલ્યાણ થઈ હઝુર કોર્ટમાંથી મનજીભાઇ વજીરને છોડી દેવાનું વ્યાજબી ધારી દેવદરબારમાં દાખલ કરવામાં આવશે.

હજામ ને વાઘ.

એક જંગલમાં એક હજામ ચાલ્યો જતો હતો તેને રસ્તામાં વાઘ મળ્યો. તેને દેખીને હજામના તો હાંજાજ ગગડી ગયા પણ તેને એક વાકય યાદ રહી ગયું હતું તે એ કે "હિંમતે મરદા ને મદદે ખુદા." હીંમત રાખી કામ કરવાથી પરમેશ્વર મદદ કરે છે. તેથી તુર્ત તેણે હિંમત રાખી વાઘને કહ્યું આવ કુતરા એકને તો મેં પકડયો છે ને આજ તારો વારો! એમ કહી તેને પોતાની કોથળીમાંથી અરીસો વાઘના સામે ધર્યો—આરશીમાં વાઘ દેખતાં વાઘ મનમાં ઘણો જ બીવા લાગ્યો તે ઉભી પુંછડીયે તુર્ત ભાગી ગયો. તે વનમાં વાઘનું જોર બહુ હતું. સાંજ પડવા આવી તેથી હજામે મનમાં ધાર્યું કે હવે રાત્રે અઘોર અરણ્યમાં જવામાં સાર નથી એમ ધારી એક વડના ઝાડ ઉપર બેઠો. રાતના બે વાગ્યે ચાર—પાંચ વાઘ આવ્યા. તેમાં એક બાંડો વાઘ મહાવિક્રાળ હતો. તે અંદર અંદર વાતો કરવા લાગ્યા

કે આજે મને એક હજામ મળ્યો હતો તેણે એક વાઘને પોતાની કોથળીમાં પુર્યો હતો તે જોઇ હું તો ભાગી છુટયો. ત્યારે બીજા વાઘે કહ્યું: શું ગપ મારે છે વાઘ તે વળી કોથળીમાં પુરાતા હશે ? નામર્દ ! તારી તો બુદ્ધિ ખસી ગઈ છે. આ વાત સાંભળતાં હજામ જાગી ઉઠયો ને તે ચાર પાંચ વાઘ જોતાં હજામ નરમ પડી ગયો ને ઝાડ પર ધ્રુજવા લાગ્યો એટલે ઝાડ પણ ખુબ હાલવા માંડયું ઉપલી ડાળપર એક વાંદરૂં સુતું હતું તે એકાએક ભયનું માર્યું નીચે પડયું તેને પડતાં દેખી હજામ બોલ્યો કે "પકડ જે બાંડા વાઘને" એ શબ્દ સાંભળી તમામ વાઘો કુતરા પેઠે ઉભી પુછડીએ ભયના માર્યા ભાગી ગયા ને હજામભાઇ ખુશીથી બચી ચાલતા થયા કેટલીક વખતે અક્કલ એ મોટા હથીયારનું કામ કરે છે પણ તેને યુક્તિથી વાપરવી જોઇએ.

વાણિયાનું માણેક !

એક વાણિયાના ઘરમાં રાત્રે ચોર ચોરી કરવા આવ્યા હતા. પેલી રાતરે એક વીંછી પકડીને તે વાણીઆએ એક લોટામાં ઢાંકી મુકયો હતો. ચોર લોકો જ્યારે ચોરી કરવા લાગ્યા ત્યારે વાણિયે જાણ્યું કે હવે વાણિયાગત કર્યા વિના આપણા સ્વબળથી આ ચોર લોકો પકડાય તેવા નથી તેથી સ્ત્રીને કહ્યું કે "પેલું માણેક કયાં મુકયું છે ? સ્ત્રી પણ ચતુર હતી તેથી સમસ્યામાં તુર્ત સમજી ગઇ હતી. તેણે જવાબ એવો આપ્યો કે મહારી ભુલથી રાતરે પાણીઆરે પડયું રહ્યું છે. ચોર લોકો મનમાં સમજી ગયા કે ખરેખર માણેક હશે ! તેથી એકદમ પાણીઆરા પાસે જઇ લોટો ઉઘાડી અંદર આંગળી નાંખી જોવા લાગ્યા એટલે તો વીંછીએ ફટકાવ્યો. બીજાએ પણ તેમ કર્યું તેને પણ કરડયો. રડારોળ થવા લાગી ત્યાં પોલીસના માણસો આવી પહોંચ્યા ને તુર્ત ચોર લોકોને પકડી લીધા. જુઓ વાણિઆભાઇની હુંશીયારી. જો તે પ્રમાણે તેણે અક્કલ વાપરી ન હોત તો તેને મોટું નુકશાન થાત કેટલીક વખતે આવી કળાથી ઉત્તમ કામ પાર પડે છે.

ઉત્તમ, મધ્યમ ને કનિષ્ટ જનો વિષે.

મનહરછંદ.

અરથ જે પોતાનો છોડી, પર ઉપકાર કરે,
જન તે જગત માંહી, ઉત્તમ જણાય છે;
પરનો પોતાનો બેઉ, જણનો સુધારો કરે,
ભક્તજન માને તે તો, મધ્યમ જણાય છે;
અરથ જે પોતાનો સાધી, બીજાનો બીગાડે તેવા,
અવિદ્યાના ઓથ માંહી, અધમ ગણાય છે;
પરનું પોતાનું બેઉ, જણનું બીગાડી નાખે,
અધમા અધમ દાસ, ગરીબ ગણાય છે.

કુસ્રછાબ પંદરમી.

મહાન પુરૂષ એડીસન.

મહાન શોધક એડીસન જન્મથી નહિ પણ નહાનપણમાં તેને કોઇએ માથા ઉપર લાકડીનો પ્રહાર કરેલો તેથી બહેરા થએલા હતા. જ્યારે તેણે પોતાનો કાન ડોકટરને બતાવ્યો ત્યારે ડોક્ટરે ઓપરેશન કરવાની સુચના કરી. તે વખતે પોતે એવો વિચાર કર્યો કે આસપાસની ગડબડ અને અવાજોની પીડા ટળી જવાથી હું વિચાર કરતાં શીખ્યો છું. હજી મારે મરતાં પહેલાં ઘણી બાબતો વિચારવાની છે. જો મારો કાન સુધરે તો મારે વિચાર કરવાનું બંધ પડી જાય ને નવી ટેવ પડે, માટે તેવી ટેવ પાડવા જેટલો હવે મને અવકાશ નથી. તેથી ભલે છે તેમજ રહે. તેણે આખર અવસ્થામાં ફોનોગ્રાફની શોધ કરી જગતમાં પોતાનું અવિચળ નામ રાખ્યું છે. તેમને મોટરમાં ફરવાનો શોખ હતો. પ્રખ્યાત ફોર્ડ મોટર બનાવ-

નાર કરોડપતી તેમના ગાઢ સ્નેહી છે. ખોરાકમાં તેઓ હમેશાં રોટલીને દ્રાક્ષ લે છે તથા રાતના બે વાગ્યા સુધી પોતાને વાંચવાનો અભ્યાસ છે. એક મિનિટ પણ નકામી ન જવા દેવી એ ખાસ તેમનો હેતુ છે.

ગ્લેડસ્ટનના શિક્ષાના વચનો.

(૧) પુસ્તકો એ પરલોકવાસી મહાન મનુષ્યના શબ્દો છે અને તેમના આત્મા સાથે વાતચીત કરવામાં સર્વોત્તમ સાધન છે.

(૨) જ્ઞાન જેમને સુખના ભંડાર રૂપ લાગતું હોય એવા માણસો જગતમાં થોડાજ હોય છે.

(૩) અનુભવથી મને જણાયું છે કે વિશ્વાસ રાખવામાં મોટું ડહાપણ છે ને ન રાખવામાં મોટી મૂર્ખતા છે.

(૪) મનુષ્ય પૈસા વડેજ સુખ સંપાદન કરી શકે છે એમ સમજને જો આપણે ચાલીએ તો તે આપણી મોટી ભૂલ છે.

(૫) ધર્મ એ મહાન શક્તિ છે. તેની આગળ રાજાઓએ તથા રાજ્યપ્રકરણી પુરૂષોએ પણ પોતાના કામોની જડતી આપવીજ પડશે.

(૬) આપણે પોતાનું કર્તવ્ય બજાવવામાં કદી પાછી પાની કરવી જોઇએ નહિ, તેમ તેમાંની અડચણો પ્રત્યે દુર્લક્ષ્ય પણ કરવું જોઇએ નહીં.

(૭) પાપના સંબંધમાં ઇશ્વરનો ભય રાખીને વર્તવું એટલે તેમાં સઘળું આવી જાય છે.

(૮) અનુભવ થવા પહેલાં પુષ્કળ વાતોપર વિશ્વાસ મુકવો એ ડહાપણ છે.

(૯) એ નિરંતર લક્ષમાં રાખવું જોઇએ કે આપણને પ્રથમથી પડેલી ટેવોને રોકવાથી આપણી બુદ્ધિ અને નીતિની વૃતિઓ પણ ફેરવાતી જાય છે.

(૧૦) હું સમસ્ત જીવન પરતંત્ર વિદ્યાર્થી હતો ને હજી પણ વિદ્યાર્થી છું.

સુવિચાર માળા.

તમે ધનપતિ હો કે ગરીબ, અમીર હો કે ફકીર એ બધું સો વરસ પછી ભુલાઇ જશે પરન્તુ તમારાં આચરણ યા દુરાચરણનો પ્રભાવ હજારો વર્ષ સુધી રહેશે.

* * * *

સદાચાર વિદ્વાનનું ભુપણ છે અને તેની જીવન યાત્રાને સુગમ કરનાર છે.

* * * *

ઉત્તમ ચારિત્ર્યની કીંમત હીરા, માણેક, સુવર્ણ, રાજ્ય સત્તા અને સિંહાસન કરતાં અનેક ધણી વધારે છે.

* * * *

ધનની જરૂર નથી, સત્તાની જરૂર નથી, સ્વતંત્રતાની જરૂર નથી અને આરોગ્યતાની પણ જરૂર નથી માત્ર સુચારીત્ર્યની જરૂર છે.

* * * *

સંસારની સર્વ પદવીઓમાં મનુષ્યનું પદ સર્વથી શ્રેષ્ટ છે.

* * * *

સુચારિત્ર્ય જ શક્તિ છે, સુચારિત્ર્ય જ દ્રવ્ય છે, સુચારિત્ર્ય જ ધર્મ છે, સુચારિત્ર્ય જ મોક્ષ છે અને સુચારિત્ર્ય જ બધી ઉન્નતિનું મૂળ છે.

* * * *

હુએનસંગ (ચીનો મુસાફર)

હુએનસંગ એક ચીનો મુસાફર હતો. પંદર વર્ષ સુધી ભરતખંડમાં રહ્યો હતો. ત્યારબાદ પોતાના દેશ ચીનમાં ગયો હતો તે વખતે હિંદમાંથી બુદ્ધ દેવની ૧૫૦ યાદગાર વસ્તુઓ, એક સોનાની મૂર્તિ એક ચંદનની મૂર્તિ એક ચાંદીની મૂર્તિ અને ૬૫૭ પુસ્તકો એટલો સામાન લઇને ચીનમાં પાછો વળ્યો. તે વખતે ચીનના શેરશાહે તેને એક પ્રાંતના હાકેમની જગ્યા આપવા કહ્યું ત્યારે તેણે જવાબ વાળ્યો મારે તો ચીન

દેશની સેવા કરવી છે. તેણે ઘણા પુસ્તકોનો ૨૦ વરસ સુધી અનુવાદ કર્યો હતો. ખરેખર શુભ સંકલ્પમાં અપાર શક્તિ છે.

જમદગ્નિ અને વિશ્વામિત્ર

એક વખતે રૂચીક ઋષીએ સત્યવતીને ગર્ભ રહે એવા હેતુથી યજ્ઞ વિધિપૂર્વક એક ચરૂ તૈયાર કર્યો. સત્યવતીની માને આ વાતની ખબર પડતાં તેણે પણ પોતાની પુત્રી મારફત પ્રાર્થના કરાવી તેથી ઋષિએ પોતાની સાસુને એક મહાન ક્ષત્રિય ઉત્પન્ન થાય એવા હેતુથી એક બીજો ચરૂ તૈયાર કર્યો. આ બન્ને ચરૂઓ તૈયાર કરીને ઋષિએ પોતાની પત્નીને આપ્યા અને કયો ચરૂ કોનો છે એ સઘળી સમજણ પાડીને પોતે અરણ્યમાં ગયા.

સત્યવતીએ સ્વામીના આપેલા બંને ચરૂ માને બતાવ્યા અને ઋષિએ કહેલી સૂચનાઓ પણ આપી. પછી માએ કહ્યું " પુત્રી! દરેક માણસ પોતાનો પુત્ર બળવાન ને ગુણવાન થાય એમ ઉત્કૃષ્ટ ઇચ્છા ધરાવે છે. પરન્તુ પોતાનો સગો અત્યંત ગુણવાન ને વીર્યવાન થશે કે નહિ તે બાબતમાં બહુ કાળજી રાખતો નથી. માટે તારો ચરૂ મને આપ ને મારો ચરૂ તું લે. વળી મારો પુત્ર રાજ્યપુત્ર થવાનો તેથી તેને પૃથ્વીનું પાલણ કરવાનું મહાન કાર્ય કરવું પડશે જેથી તેને બળની ખાસ જરૂર છે.

તારો પુત્રતો બ્રાહ્મણ થવાનો એટલે તેને બળની શી જરૂર? માતાનું કથન સાંભળીને ભોળી પુત્રીએ પોતાના ચરૂની અદલ બદલ કરી આ રીતે બંને જણાએ ચરૂ ભક્ષણ કર્યું.

જ્યારે ઋષિએ અરણ્યમાંથી પાછા આવી સત્યવતીનું મુખ જોયું ત્યારે ચરૂનો થએલો ફેરફાર તેઓ કળી ગયા અને કહ્યું અરે પાપી સ્ત્રી! આ તેં શું કર્યું? તારૂં શરીર આટલું બધું રૈંદ્ર અને ક્ષાત્ર તેજથી ચમકી રહેલું જણાય છે! જરૂર તેં તારી માતા માટે તૈયાર કરેલા ચરૂનું ભક્ષણ કર્યું છે જો એમજ હોય તો તેં ભયંકર ભુલ

કરી છે, કારણકે મેં એ ચરૂમાં ઉત્તમ ક્ષત્રીયને યોગ્ય સઘળા શૌર્ય, વીર્ય, બળ વગેરે રઉદર ગુણોનું આરોપણ કરેલું છે. તારા ચરૂમાં તો મહા બ્રાહ્મણને યોગ્ય એવા શમ, દમ, તીતીક્ષા વગેરે સઘળા શાન્ત ગુણોનું આરોપણ કરેલું છે. તેથી આ ચરૂનો ફેરફાર કર્યાથી તને અસ્ત્ર ધારણ કરનાર હીંસક ને રૌદ્ર એવો ક્ષત્રીય પુત્ર થશે. અને તારી માને શમદમાદી ગુણસંપત્તિ વાળો બ્રાહ્મણ પુત્ર થશે. પતિના વચન સાંભળીને સત્યવતીને અતિ ખેદ થયો પછી સત્યવતીને જમદગ્નિ નામે પુત્ર થયો અને તેની માને વિશ્વામિત્ર નામે મહાન ઋષિ પુત્ર ઉત્પન્ન થયો.

ગયો અવસર ફરીને મળતો નથી.

મહાન દયાળુ મહાપ્રભુએ આપણા ઉપર મહાન ઉપકાર કરીને આપણને મોક્ષ ભૂમી (ભરતખંડમાં) ઉત્તમ મનુષ્યનો જન્મ પ્રભુની ભક્તિ કરવા આપ્યો છે પણ તે નહિ કરતાં પાંચ વિષયના ખોટા સુખમાં, આવેલો અવસર વૃથા ચાલ્યો જાય છે તેનો વિચાર કરવો જોઇએ. તે વિષે એક સાધારણ દૃષ્ટાંત છે કે કોઈ એક બ્રાહ્મણ કોઇ ચક્રવર્તી રાજા પાસે દાન લેવા ગયો હતો તેને રાજાએ કહ્યું કે બાર વાગે આવજો. તમને હું પાંચ હજાર સોના મહોરો આપીશ. પછી રાજાએ તે બ્રાહ્મણની પરીક્ષા લેવા માટે સારાં સારાં ભોજન, સેવક ને પલંગ, ગાદલાં આપ્યાં. પછી તે બ્રાહ્મણ તો સારાં સારાં ભોજન જમીને પલંગ, ગાદલાં ને પગચંપી કરનાર સેવકને જોઇ જાણે લગાર સુઈલઉં એમ ધારી એશઆરામ કરવા લાગ્યો ત્યાં તો દાન લેવાનો સમય ચાલ્યો ગયો. ત્યારબાદ રાજા પાસે ગયો અને દાનની માંગણી કરી. રાજાએ કહ્યું અરે મૂર્ખ વિપ્ર ! અત્યારે સમય વિનાનું દાન કેવું? મેં તને બાર વાગે હાજર થવાને કહ્યું હતું તે તું કેમ ભુલી ગયો. હવે તો અવસર ચુકયા મેહુલા. તારો સમય ગયો એમાં મારો શો દોષ ? આ પ્રમાણે ઘણા અજ્ઞાની માણસો પંચ વિષયમાં ખોટું સુખ માની પોતાનો અમૂલ્ય અવસર એળે ગુમાવી આખરે પસ્તાવામાં પડે છે.

માટે આવેલો સમય નહિ ભુલતાં પોતાનું કાર્ય સાધી લેવા માટે હમેશાં તત્પર રહેવું જોઇએ.

ભગવાનને સત્ય જાણ્યા ક્યારે કહેવાય?

એક કઠીયારો ભગવાનનો મહાન ભક્ત હતો તે એક વખતે માંદો થયો. તે ચાર દિવસ સુધી ખાઇ શક્યો નહિ પછી સાજો થયો ને લાકડાં કાપવા ગયો તે જેવો લાકડાં કાપવાને કુહાડો મારે એટલે બ્રહ્માંડ ડોલવા લાગે. ત્યારે બ્રહ્માએ જાણ્યું કે આ મારૂં બ્રહ્માંડ કઠીઆરો લઈ લેશે એમ જાણીને પોતે ભગવાન શ્રીકૃષ્ણ જેવો વેષ ધારીને પકવાનના થાળ રીદ્ધિસિદ્ધિ પાસે તૈયાર કરાવી ભક્ત પાસે આવ્યો અને કહ્યું કે તને દર્શન દેવા આવ્યો છું. તે તું દર્શન કર ને આ દીવ્ય પ્રસાદી લે. ત્યારે કઠીઆરે કહ્યું કે "આવા ભગવાન હશે! તું તો દેવલોકનો વાઘરો છે તે તારૂં એઠું હું ખાઉં નહિ? તારે કલ્યાણ જોઈતું હોય તો મારા આંગણાની રજ લઇને માથે નાંખ." એમ કહ્યું ત્યારે બ્રહ્મા લજ્જા પામી પાછો ગયો. ભગવાનના એકાંતિક ભક્ત ભગવાન વિના ચૌદ લોકના સુખથી લોભાતા નથી. એવા મહાન ભક્તોની સ્થિતિ બહુજ ઉંચા પ્રકારની હોય છે તે દેહ છતાં વિદેહી ગણાય છે અને માયિક પંચ વિષયના નશ્વર સુખમાં કદી પણ લોભાતા નથી.

શરીરની રચના.

આ દેહ તો હાડકાની મેડી છે ને તેને માંસનું લીપણ કર્યું છે ને ચર્મની કલી, (ચુનો દીધો છે) તે માંહી પરૂ પાચ રૂધીર વિષ્ટા આદિ મળ ભર્યા છે એટલું જ નહિ પણ માંહે કામ, ક્રોધ, માન, મોહ, રસાસ્વાદ ઇર્ષા, અહંકાર, આદિ દોષો ભરેલા છે. તેણે કરીને બંધાએલો જીવ તે દેહને મોહે કરીને સારો માને છે. પણ તેમાં સારૂં શું છે? તેનો વિચાર કરવો ઘટે છે. દેહમાં સારૂં કાંઇ નથી ને અજ્ઞાની માણસો એ દેહને રાજી કરવા નાના પ્રકારની તૃષ્ણા રાત દિવસ કર્યા કરે છે તે તૃષ્ણાનો પાર આવે નહિ. "તૃષ્ણા તું ભયી ન કટી, સબ જીવનકી લાજ લેત" તૃષ્ણા સર્વની લાજ લે

તેવી છે માટે આ શરીરનો ખોટો મોહ મુકી પ્રભુ પરાયણ થવું કેમકે આવો દેહ છે તે પણ લાંબો કાળ રહી શકે તેમ નથી માટે તેમાં રહેલા આત્માનું શ્રેય થવા માટે સત્પુરૂષનું શરણ લેવું જોઇએ કે જેથી ચોરાસી લક્ષ યોનીનું બંધન છુટી જાય અને આ દેહ છુટયા પછી અપાર સુખમાં સદા કાળ રહેવાય.

જીવમાંથી માયાનો રાગ કાઢી નાંખવાથી સુખી થવાય છે.

શુકદેવજી બાર વર્ષ માતાના ઉદરમાં રહ્યા અને પછી માયાને ખેંચાવીને જન્મ્યા ને તુરત ચાલી નિસર્યા ત્યારે તે વ્યાસદેવજી પાછા વાળવાને ગયા ને સાદ કર્યો જે પુત્ર પાછા વળો! ત્યારે વૃક્ષમાં રહીને બોલ્યા જે હું પાછો વળીશ નહિ. પછી ગોપી તલાવડીએ ગોપીઓ ન્હાતી હતી તેને ભટકાઇને ચાલ્યા તો પણ તે ગોપીઓએ વસ્ત્ર ન પહેર્યાં. તે પછી વ્યાસદેવજી આવ્યા તેને દેખીને ઝટઝટ વસ્ત્ર પહેરી લીધાં ત્યારે વ્યાસજીએ પૂછયું જે તમે સોળ વર્ષના છોકરાને જોઇને વસ્ત્ર ન પહેર્યાં ને મને બુઢ્ઢાને જોઇને વસ્ત્ર પહેર્યાં તેનું કેમ? ત્યારે તે ગોપીઓએ કહ્યું કે તેને સ્ત્રીપુરૂષનો ભાવ નથી ને તમારે છે. પછી વ્યાસદેવજી શુકદેવજીને ભેળા થયા ને કહ્યું કે ભલે તમે તપ કરવા જાઓ પણ જનકની પાસે જાજો. પછી શુકદેવજી જનકરાજાને ત્યાં ફરતા ફરતા ગયા ને જનકરાજાએ પોતા પાસે રાખ્યા ત્યારે એક દિવસ શુકદેવજીને વિચાર થયો. જે બે સ્ત્રીઓ પરણ્યા ને બેને દીકરા થયા તેમાં એક માનેતીના છોકરાને ખભે બેસાર્યો ને અણુ-માનેતીનો દીકરો આવ્યો ત્યારે તેનો હાથ ઝાલી તિરસ્કાર કર્યો ત્યારે જનકરાજા કહે હાં હાં! શુકદેવજી માનેતીનો દીકરો પડી જશે! ત્યારે શુકદેવજી શરમાયા ને જનક રાજાને ગુરૂ કર્યા. તે માયાને ખેંચાવીને જન્મ્યા ને વૃક્ષમાં રહીને ઉત્તર આપ્યો તેવા સમર્થ હતા તો પણ માયા આટલી રહી ગઇ તેમ આપણે પણ ઉપરથી માયા ત્યાગ કરી બેઠા હોઇએ અને અંતરમાં ઘાટ સંકલ્પ રહેતો હોય તે વૈરાગ્ય દુનિયાને દેખાડવાનો છે. એનાથી ખરી શાન્તિ થતી નથી.

એતો જીવમાંથી માયાનો રાગ કાઢી નાંખવાથી જ સાચી શાન્તિ થાય છે, તે વિના કોટી સાધને થઈ શકતી નથી.

પુત્રે પિતાને પુછેલા ચાર પ્રશ્નો.

એક વખતે હીરાલાલભાઇ કાશીની યાત્રાએ જતાં તેના દીકરા ઝવેરીલાલે પિતાશ્રીને પૂછ્યું કે બાપા! પ્રભુ શું કરે? પિતાશ્રીએ ઉત્તર આપ્યો કે એતો રાયનો રંક ને રંકનો રાય સહેજવારમાં કરી શકે છે. પુત્રે તે જ વખતે બીજો પ્રશ્ન પૂછ્યો કે ત્યારે બાપુ! પ્રભુ કયાં રહેતા હશે? પિતાશ્રીએ કહ્યું તેનો વાસ સર્વ ઠેકાણે છે. એક રજ જેટલી જગ્યા પણ તેના વિનાની ખાલી નથી તેથી તે સર્વ વ્યાપક કહેવાય છે. તું નિશાળમાં ભણે છે તેમાં કવિતા આવી હશે કે "આસપાસ આકાશમાં અંતરમાં આ ભાસ, ધાસચારાની પાસ પણ વિશ્વપતિનો વાસ" પુત્રે કહ્યું બાપુ, એ ખરૂં પણ પ્રભુ શું ખાતા હશે? પીતાશ્રી કહે બેટા, તને આવા પ્રશ્ન પુછવાની ક્યાંથી શક્તિ આવી? મને લાગે છે કે તું ધર્મના પુસ્તકો વાંચવાનો અભ્યાસ રાખતો જણાય છે. લે, હું આ તારા ત્રીજા પ્રશ્નનો ઉત્તર આપું! પ્રભુ ગર્વગંજન કહેવાય છે તેનો ખોરાક અભિમાનને ખાઇ જવાનો છે. જો જગતમાં જેને અભિમાન આવ્યું તેનો નાશ થયા વિના રહેતો નથી. પૂર્વે રાવણ ને શિશુપાળના ગર્વનો તેણે નાશ કર્યો હતો. પુત્ર પિતાશ્રીનો ઉત્તર સાંભળી અતિ પ્રસન્ન થયો અને છેવટનો એક પ્રશ્ન પુછ્યો કે પિતાશ્રી! પ્રભુ ક્યારે હસતા હશે! પીતાશ્રીએ કહ્યું કે બેટા જ્યારે મનુષ્ય તેના કાયદાથી વિરૂદ્ધ ચાલે છે ત્યારે પ્રભુ હસે છે. તે શામાટે કે પોતે શું કહીને આ ભારતખંડમાં આવ્યો હતો અને કેવી વર્તણુક રાખે છે. એ ઉપરથી પ્રભુને હસવું આવે છે. આ ચાર પ્રશ્નોના ઉત્તર પુરા થઇ રહેતાં મથુરાંનું સ્ટેશન આવ્યું. બાપ દીકરો આનંદથી પરમાત્માના દિવ્ય ચરીત્રોની વાતો કરતા એક ધર્મશાળામાં આવી રાત રહ્યા.

ફુલછાબ સોળમી.

૧ ગાંઠનું ગોપીચંદન કેમ જાય છે?

(ચોપાઇ)

મતલબીઆ થઇ આવે મિત્ર, પ્રથમ જણાવે પ્રેમ પવિત્ર;
મતલબ સાધી માર્ગે થાય, ગાંઠનું ગોપીચંદન જાય.
કરજ કરી પરણાવે પુત્ર, તે માંડે જુદું ઘર સુત્ર;
પીડા પામે માત પિતાય, ગાંઠનું ગોપીચંદન જાય.
જે ચોરીનો રાખે માલ, તેમાં નફા તણો નહિ માલ;
લાભ, લાજ ને માલ લૂટાય, ગાંઠનું ગોપીચંદન જાય.
કૃપણ મનુષ્યની નોકરી કરે, અતિ આશા અંતરમાં ધરે;
ભૂખે મરે નહિ પેટ ભરાય, ગાંઠનું ગોપીચંદન જાય.

દોહરો.

એવું કામ ન કીજીએ, મળે ન જેમાં માલ;
ઉલટું પેસે અંગમાં, ફાંસ કાઢતાં સાલ.

૨ જેને જે પ્રમાણે જોઇએ તે પ્રમાણે મળેલું છે.

(મનહર)

આહાર મેળવવા, ઉપાય કામ કરવાને;
શત્રુ સામે પોતાના, શરીરને ઉગારવા.
કોઇ પ્રાણીને તો, પરમેશ્વરે, આપ્યા છે શીંગ;
કોઇને તો દાંત દીધા જોરથી વિદારવા,
કોઇને પ્રભુએ આપ્યું, પૂંછડે પરમ બળ;
કોઇને તે નખ આપ્યા, મહાબળે મારવા,
કહે દલપતરામ જગ કીરતારે આપી,
માણુસને વિદ્યા, સર્વ કારજ સુધારવા.

૩ મોંઘાંને સોંઘાં કોણ?

સોનું ને શ્રીમંત જન, મોંઘાં હજો હંમેશ;
પણ પંડિત, પાણી, પવન, સોંઘા હજો સુરેશ.

૪ સંપ વિષે.

(દોહરા)

સંપ સજો સગ્જન સહુ, સંપ સૌ સુખ થાય;
સંપ વિના ઉદ્યોગ સૌ, જરૂર નિષ્ફળ જાય.
જથા બંધ સંપી વસે, તેને દુઃખ ન થાય;
કદી દબાય ન કણસલું છુટી જુવાર દબાય.
શ્રેષ્ઠ કાજ પણ સહજમાં ઝાઝા મળી કરાય;
લાખ જણા એકેક દે લાખ તણો ઢગ થાય,
વિચરે અતડો એકલો, તેને હરકત થાય;
મરે એકલી સોગઠી, જુગ નહી મર્યો જાય,
મોરલી નાદે નાગ જ્યમ, ડોલે દ્વેષ વિસારી;
સંપની વાણી સાંભળી, સૌ રીઝે સંસારી.
હરના ઘરમાં હરઘડી, થતું હશે તોફાન;
સંપ ન દેખી શંકરે, કીધું હશે વિષપાન;
સંપ કહે તે સર્વનુજ, ફંદની વાતો ફોક;
સંપ વિના શ્રી વિષ્ણુ પણ, સદાય પામે શોક.
સંપ કહે સાકર વિષે, કુસંપ ગંધક તેલ;
મળતાં કાળો કોયલો, નિરખ્યો નક્કી બનેલ.

૫ શ્રવણની ભક્તિ.

એક દિવસ દશરથ રાજાને રાત્રે સ્વપ્નું આવ્યું કે જાણે ત્રણ બ્રાહ્મણોની તેણે હત્યા કરી. સવારમાં ઉઠીને સ્વપ્નાની વાત પોતાના કુળગુરુ વસિષ્ઠને કહી અને આવું પાપી સ્વપ્નું આવ્યું તે માટે અફ્સોસ કરવા લાગ્યા. ગુરુએ કહ્યું, "તમે પુણ્યદાન કરજો એટલે સ્વપ્નામાં કરેલી બ્રહ્મહત્યાનું પાપ ધોવાઇ જશે." કેટલેક દિવસે રાજા

આ વાત ભૂલી ગયા. પછી એક દિવસ રાજા દશરથ હરણનો શિકાર કરવા વનમાં ગયા પણ દૈવયોગે કોઈ હરણ નજરે પડયું નહીં. આખરે સાંજ પડી એટલે થાક્યાપાક્યા એક સરોવરને કાંઠે આવી પહોંચ્યા. સાંજનો સમય છે એટલે કોઈ હરણ પાણી પીવા આવશે એમ ધારી રાજા એક ઝાડ ઉપર બેઠા. એવું બન્યું કે શ્રવણ નામનો એક બ્રાહ્મણ પોતાના આંધળા માબાપને કાવડમાં બેસાડી ખભે કાવડ લઈ તેમને જાત્રા કરાવવા ફરતો હતો. તે તેના તરસ્યાં માતપિતાને પાણી પાવા સારૂ આ સરોવરે આવી ચઢચો. સરોવરની પાળે કાવડ ઉતારી, તેમાં બેઠેલા માબાપને ત્યાં મૂકી શ્રવણ પાણીના આરે આવ્યો અને પાણી ભરવા સારૂ જેવું કમડલું પાણીમાં બોળે છે તેવાજ પાણીના બડબડીઆ થવા માંડયા. તેનો સ્વર રાજાને કાને આવતાં મૃગનો પાણી પીવાનો આ અવાજ છે એમ રાજાએ દૂરથી અનુમાન કર્યું ને શ્રવણને દૂરથી મૃગ માનીને બાણ માર્યું. તે તેના શરીરમાં લાગલું જ પેઠું. ઘાની વેદનાથી હે ભગવાન ! કરતો શ્રવણ જમીનપર ઢળી પડયો. મનુષ્યનો અવાજ સાંભળી રાજા ચમક્યો ને નીચે આવી પાણીને આરે જુએ છે તો પોતાની ભૂલનો ભોગ થયેલ એક મનુષ્ય દીઠું. રાજાએ પૂછ્યું, "ભાઈ! તમે કોણ છો ? અજાણપણથી હું તમારા અપરાધમાં આવ્યો છું તેની ક્ષમા કરજો!" શ્રવણે ઉત્તર વાળ્યો. "હું બ્રાહ્મણ છું પણ બીજી વાત પડતી મૂકી આ પાણીનું કમંડલું પડયું છે તે લઇ પાળ ઉપર બેઠેલાં પેલાં મારાં વૃદ્ધ ને આંધળાં માતપિતાને ત્યાં જઇને પાણી પાઓ. તે બીચારાં ક્યારનાંએ તરસ્યાં થયાં છે, અને પાણી પાવામાં આ અણધારી ઢીલ પડી તેથી તેઓ પાણી વિના ટળવળતાં હશે ! મહેરબાની કરી જલદી જાઓ." રાજા દશરથે શ્રવણને મરવાની તૈયારીમાં તરફડીઆં મારતો જોઇ કહ્યું, હે બ્રાહ્મણ ! મારા અપરાધનો મને પારાવાર પસ્તાવો થાય છે. જે તમારા જેવા માતપિતાની સેવા કરનારની હત્યા મારે હાથે થઇ, પણ તમોને ખાત્રી આપું છું કે તમારી પેઠે હું તમારા માબાપની સેવા કરીશ." આટલી વાત કરતાની વારે શ્રવણનો આત્મા પરલોકવાસી

થયો. ધન્ય છે ! તેની સેવાને ! આધુનિક સમયમાં શ્રવણુની પિતૃભક્તિ શ્રેષ્ઠ ગણાય છે.

૬ દોરંગી દુનિયા.

(રાગ-ધિરાના પદનો)

દુનિયા આ દોરંગીરે, વટ વ્હાલપની જાણે નહી;
સંસારી આતો સંગીરે, સાચકના થવાના નહી.
ધોલકડાં ઘરધણી, ક્યાં કરે પડ ભાંગ;
આંટી ધુંટી આણુતાં, આડે ચાળે આંક.
પુરાયેલા પંખીરે, વન લીલાને પીછાને નહી;
દુનિયા દોરંગીરે, વટ વ્હાલપની જાણે નહી.
પળના પાપી પુતળાં, રીઝે ખીજે વ્હેમાય;
દ્વેશ, ક્લેશ, અભિમાનમાં, રચી, પચી કોલાં ખાય.
પુરાં એ પ્રપંચીરે, પ્રભુજીને પીછાને નહી. દુનિયા.

૭ વરસાદનો સાદ.

(સોરઠા)

દીલભર દીલના ભાવ, સંભાળીને સંચરો;
ન આણીએ અભાવ, અધિન જન પર મેહુલા
મોતીડાંના મેહ, વણુ માગ્યા વરસાવતો;
કાં તું તેનો તેહ, ટળવળાવતો, મેહુલા ?
દેખા દે છે દેવ, દાતાનાજ દીદારમાં;
મન ભરીએ તુજ દેહ, પ્રભુ પરખાવો મેહુલા ?

૮ પ્રસ્તાવિક દોહરા.

જ્ઞાન વિના મૂક્તિ નહિ, નરદેહ વિના નવ હોય;
સદ્ગુરુ વિના વ્યાપે નહિ, કોટી કલ્પ સુધી જોય.
જળમાં ઉત્તમ મેઘજળ, જીવન ગતિ દેનાર;
બળમાં ઉત્તમ બાહુબળ, વીરપુરૂષ શૃંગાર.

ઉદ્યોગથી લક્ષ્મી મળે, મળે દ્રવ્યથી માન;
દુર્લભ વારસ જગતમાં, મળવો મિત્ર સુજાન.
મતિ વિનાના મુંઢને, પંથ ન સૂઝે કાંઈ;
બળદ ઘાંચીનો ઘાણીએ, ધુમે જેમ ઘરમાંહી.
કયા વૃક્ષ દુનિયા મહી, સરસ બળદ છે એ જ;
સેવા કરે નર સમય પર, હાથે તે સાથે જ.
મન કાળું તન ઉજળું, એનો જડે ન ભેદ;
કપટજાળ વિકરાળ છે, ખલક કરે સૌ ખેલ.
ન્યાય નિયમ સહુ રંકને, સમર્થને સૌ માફ;
વાધે માર્યું માનવી, તેનો શો ઇન્સાફ ?
માયા જાળ તું મૂકપર, સતચારિત્ર વિચાર;
ભવ જલ તારણ પોતે રામ, ધર્મ હૈયામાં ધાર.
ધર્મ થકી ધન સંપજે, ધર્મે સુખીઆ થાય;
ધર્મે યશ વાધે ઘણો, ધર્મે કહો સૌ કોય.
ધર્મ કરે જે પ્રાણીઆ, તે સુખીઆ ભવમાંહી;
જગમાં સૌ જીત કરે, આવી લાગે પાય.
ધર્મે ધર્મ સૌ કહે કરે, ધર્મ ન જાણે કોય;
ધર્મ શબ્દ જગમાં વડો, વિરલા બૂઝે કોય.
ચારે ગતિ ભમતાં થકાં, જીવે કીધા આહાર;
તોપણ ભૂખ્યો પ્રાણીઓ, સમતા નહિ લગાર.

૯ સંસારનું સુખ.

સંસારનું સુખ સત્ય જાણી,
કરે સુખાર્થે બહુ પાપ પ્રાણી;
તે સુખ સ્વપ્નવત નાશ થાય,
જે કર્મ કીધાં નહિ તેહ જાય.
માટે કદી પાપ કરો ન કોઇ,
મુવા મરે છે જન તેહ જોઇ;

કરો સદા ઈશ્વર ભક્તિ ભાવે,
ભવાબ્ધિનો જે થકી પાર આવે.

૧૦ સંસાર કેવો છે?

સંસાર આ સ્વપ્ન સમાન જાણો,
પાપો તથા પુન્ય ખરા પ્રમાણો;
આ લોકમાં ઇશ્વર ભક્તિ સાચી,
તેના વિના વાત સમર્થ કાચી;
સ્વપ્ના વિષે દ્રવ્ય મળ્યું જુએ છે,
તે જાય તો છાતી કુટી મરે છે;
જાગ્યા પછી દ્રવ્ય નથી જણાતું,
છાતી કુટયાનું દુઃખ નથી થાતું.

કુલછાબ સત્તરમી.

૧ સદ્ગુરૂ નિષ્કુળાનંદ સ્વામી.

કચ્છ દેશમાં લાલાજી નામે એક સુતાર હતા. પૂર્વના પુણ્યને લીધે તેને મહા વૈરાગ્ય થતાં, તેઓ સુતારનો ધંધો મૂકી, સ્ત્રી તથા છોકરાંનો ત્યાગ કરી સાધુ થયા હતા. પાછળથી તેઓ સમર્થ કવિ પણ થયા હતા. તેમણે ઉદ્ધવ સંપ્રદાયમાં ઘણાં ગ્રંથો કર્યા છે. તેમણે પોતાપર એક પદ નીચે પ્રમાણે કરેલું છેઃ—

મૈં હું આદિ અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ,
કહા કષ્ટ ને કહાં કુહાડા, કહો હે ઘડનારહાશ;
જબ તે મોયે સદ્ગુરૂ મીલીયા, મીટ ગયા સર્વે ચાળા,
મૈં હું આદિ અનાદિ. ૧

કોણુ કુળને કોણુ કુટુંબી, કોણુ માત ને તાત;
કોણુ ભાઇ ને કોણુ ભગિની, બ્રહ્મ હમારી જાત.
મૈં હું આદિ અનાદિ. ૨
નહીં રહા મૈં નહી ગયા, મૈં નહીં સુધર્યો બીગરા;
હમે હમારા કુલ સંભાર્યા, મત કરના કોઉ જગરા,
મૈં હું આદિ અનાદિ. ૩
પાણી મેસે પુરૂષ બનાયા, મળ મુત્રકી ક્યારી;
મળ્યા રામને સર્યા કામ, અબ ન રહી કોઉસીયારી.
મૈં હું આદિ અનાદિ. ૪
આગે તપસી તપસા કરતાં, રહી ગઇ કિંચિત કામ;
તે કારણુ આ નર તન ધરીયો, સો જાનત હે રામ.
મૈં હું આદિ અનાદિ. ૫
જે કારણુ આ નર તન ધરીઓ, તે સરીયું છે કામ;
નિષ્કુળાનંદ કહે, પ્રગટ મળ્યા મોએ, ટળ્યું નામ ને ઠામ.
મૈં હું આદ અનાદિ. ૬

૨ શિયાળે સિંહને ભગાડયો.

એક જંગલમાં એક મોટું કોતર હતું, ત્યાં કાયમ સિંહનું રહેઠાણુ હતું. એક વખત ત્યાંથી એક શિયાળ તથા તેની પત્ની જતાં હતાં. શિયાળની પત્ની ગર્ભવંતી હતી. શિયાળે તેની પત્નીને કહ્યું કે, "હે પત્ની આ સિંહનું રહેઠાણુ છે, માટે તું સત્વર ચાલ, નહિંતર સિંહ આવશે તો આપણુને મારી નાંખશે." શિયાળની પત્ની કહે "હું ગર્ભવંતી છું ને વળી મારા પેટમાં દુઃખે છે. માટે મારાથી હવે એક ડગલું પણુ ભરાય તેમ નથી. વળી તમે મરદ થઇ ડરો છો શું ? સિંહ બિચારો આપણુને શું કરનાર છે." એમ કહી શિયાળની સ્ત્રી કોતરમાં ગઈ ત્યાં તેને બચ્ચુ અવતર્યું. હવે શિયાળના મનમાં થયું કે, "હિંમતે મરદા તો મદદે ખુદા." અક્કલનો ઉપયોગ કર્યા વિના, હવે ચાલે તેમ નથી. તેથી તેની સ્ત્રીને પોતે સમજાવી રાખી. એટલામાં સિંહ આવતો દૃષ્ટિએ પડયો. ત્યારે શિયાળે તેની પત્નીને કહ્યું કે, "હે સ્ત્રી ! બાળક

કેમ રૂવે છે ?" ત્યારે તે બોલી." મારા બાળકને સિંહનું કાળજું ખાવું છે માટે રૂવે છે." આ શબ્દો સિંહને સંભળાતા, સિંહ મનમાં ડરવા લાગ્યો, કે "રખેને આ જંગલી જનાવરો મને મારી નાંખે." તેથી પાછો ફર્યો. થોડે દૂર જતાં એક લીમડાના ઝાડ ઉપર વાંદરો બેઠો હતો. તે સિંહને પાછો જતો જોઈ કહેવા લાગ્યો અરે કેસરી! તું કેમ પાછો નાશે છે ? તું વનનો રાજા છે, છતાં કેમ ભયભીત થાય છે ?" ત્યારે સિંહે કહ્યું, "વાનરભાઈ! મારૂં કાળજું ખાનાર કોઇ જનાવર મારા આશ્રમમાં આવતાં મને ભય ઉત્પન્ન થયો છે." ત્યારે વાંદરો કહે, "હે નામર્દ ! ચાલ હું તારી સાથે આવું ?" ત્યારે સિંહ કહે, "તે મને મારવા આવે ત્યારે તું ભાગી જાય તે વખતે મારે શું કરવું ?" ત્યારે વાંદરો કહે, "મારા બોલની તને પ્રતીતિ ન આવતી હોય તો આપણા બંને પૂછડાની ગાંઠ વાળી આપણે સાથે જઇએ." સિંહે હા, પાડી. એટલે વાંદરાએ ઝાડ ઉપરથી ઉતરી સિંહના પૂંછડા સાથે પોતાના પૂંછડાની ગાંઠવાળી અને શિયાળ તરફ ચાલ્યા. તેને આવતો જોઇ ફરી શિયાળે તેની સ્ત્રીને પૂછ્યું કે, "બચ્ચા કેમ રૂવે છે ?" ત્યારે તેની સ્ત્રીએ ઉત્તર આપ્યો કે "તેને સિંહનું કાળજું ખાવું છે." શિયાળે કહ્યું, "જો આ વાંદરોને સિંહ આવે છે." સ્ત્રીએ કહ્યું સિંહ તો નાશી ગયો હતો ને ?" ત્યારે શિયાળે કહ્યું," આ વનમાં મારો એક ભાઇબંધ વાંદરો છે. તેને મને વચન આપેલું હતું કે "હું ગમે તેમ કરીને ભોળવી સિંહને તારી પાસે લઈ આવીશ ને કદાચીત નહિ આવે તો હું પૂછડે બાંધીને લઇ આવીશ." આ વાત સિંહે ફરીને સાંભળી તેથી તેણે કપટ છે એમ ધારી નાસવા માંડયું. વાંદરો પણ તેના વાંસે ઘસડાતો જાય. આ પ્રમાણે એક શિયાળે સિંહ અને વાંદરાને નસાડયો. માટે બુદ્ધિની ચાતુર્યતાથી વખતે સિંહ જેવા જોરાવર પ્રાણીના પંજામાંથી પણ મુક્ત થઈ શકાય છે.

૩ ઉપદેશામૃત.

જ્યારે સોનાની લંકા લૂંટાય,
ત્યારે ઉંઘ અભાગીને થાય;

નીધિ અમૃતનો ઉભરાય,
તોય તરસ્યો અભાગી જાય.

× × ×

રાજા રીઝે રાજ્યથી,
વિપ્ર રીઝે વિદ્યાય;
સાધુ રીઝે સેવા થકી,
નીચ રીઝે નિંદાય.

* *

રડવું તે સૌ છે વૃથા,
બન્યું હતું બનનાર;
લખ્યું વિધાતા નવ મટે,
કરનારો કિરતાર.

\+ + +

કાવ્ય શાસ્ત્ર ને વિનોદમાં, કાળ સુજ્ઞનો જાય;
વ્યસન, ઉંઘને, કલહમાં, મૂર્ખ તણો ખોવાય.

૪ દગો કોઇનો સગો નહિ.

એક શહેરમાં કોઇ એક તપસ્વી આવીને રહ્યા હતા. ગામના બધાં લોકો તેમના દર્શને આવતાં તે જોઇને ગામનો રાજા, તપસ્વીના ગુણાનુવાદ સાંભળી તે મહાત્મા પાસે સમાગમ કરવા આવતો હતો. એક વખતે રાજાએ પોતાની પુત્રીના લગ્ન માટે તે મહાત્માને પૂછતાં તે મહાત્માએ રાજાને દુષ્ટબુદ્ધિથી અવળી શિખામણ આપી કે, " હે રાજા ! આ પુત્રીને તું વધારે વખત તારા રાજ્યભુવનમાં રાખીશ તો તારા રાજ્યનો નાશ થઈ જશે." આ વાત રાજાને મહાત્મા ઉપરના વિશ્વાસના કારણે ખરી લાગવાથી પોતાની વ્હાલી પુત્રીનો ત્યાગ કરવા રાજાએ પોતાના મન સાથે વિચાર કર્યો. છેવટે ગુરુજીની સલાહ લીધી કે, " હવે મારે મારી પુત્રીનું શું કરવું ! " ગુરુ ખળ

ને સ્ત્રી લંપટ હોવાથી મનમાં સ્ત્રીની આકાંક્ષા રાખી કહેવા લાગ્યો, "હે રાજા! મારૂં કહેવું સત્ય માનતો હોય તો એ પુત્રીને બંધપેટીમાં મૂકી આપણા નગરના પાદરમાં આવેલી સરિતામાં તણાતી મૂકી દે! જેથી સ્ત્રીહત્યા તેમજ બાળહત્યા પણ લાગશે નહિ, અને તમે પણ થનાર વિઘ્નથી નિર્ભય થશો." બાવો ખળતાથી બોલે છે, તે પર રાજાએ લક્ષ આપ્યું નહિ. પરંતુ તેના વાક્યો સત્ય માની રાજાએ પેટી બનાવી તેમાં રાજકુમારીને મૂકી બંધ કરી પેટી તણાતી નદીમાં મૂકી. તે લુચ્ચા બાવાએ પોતાના શિષ્યોપર છુપો પત્ર લખ્યો, કે આજરોજ આપણી નદીમાં જે પેટી તણાતી આવે છે તે તમારે કાઢી તેને આપણા મકાનમાં ઉપલે માળે ગોઠવવી, પરંતુ તે તમારે ખોલવી નહિ. આ બાવાનું મકાન તેજ નદી કિનારાપર આ રાજ્યધાનીના નગ્રથી માત્ર દશેક માઇલ દૂર હતું. આ પ્રકારનો પત્ર લખી તેણે પોતાના શિષ્યને પહોંચાડયો. પેટી નદીમાં મૂકાવી બાવો અતિશય રાજી થયો. ઇશ્વર ઇચ્છાથી પેટી અર્ધી મજલ પહોંચતાં કોઇ બીજાં નગરનો રાજા પ્રધાન સાથે શિકાર કરવા નીકળેલો તેમને તૃષા લાગવાથી તેઓ જળા-શય પર આવેલા. તેઓએ નદીના પ્રવાહમાં જતી આ પેટી જોઈ બહાર કાઢી તેને ખોલી અંદર જોતાં સુકન્યા જોઇ. રાજકન્યા મોટી ઉંમરની હોઇ તે બોલી શકતી. તેમજ જાણી શકતી હતી. રાજા કન્યા જોઈ આશ્ચર્ય પામ્યો. તેણે કન્યાને પૂછતાં સઘળી હકીકત રાજાને વિદિત કરી. આ વખતે રાજાએ પૂર્ણ વિચાર કરી દગાખોર બાવાને તેનું ફળ આપવું જ જોઇએ એમ વિચારી પોતે એક રીંછને પકડી પેટીમાં પૂર્યો ને કન્યાને બહાર કાઢી. પેલા શિષ્યોએ ગુરૂની આજ્ઞા પ્રમાણે નદીના પ્રવાહમાં તણાતી પેટી ખેંચી લઇ બીજે માળે ચઢાવી દીધી. બીજે દિવસે ગુરૂજી કાંઈ બાનું કરી ત્યાં આવ્યા. અને પેટી ઉઘાડતાં રીંછે તેનો જીવ લીધો. તે ઉપરથી કહેવત છે કેઃ—

(દોહરો.)

દગો કોઇનો સગો નહિ, દગે બાંધ્યો દાવો;
રાજ્યકુમારી રાજ્ય કરે, રીંછે માર્યો બાવો.

પ્રસંગ તેવો રંગ.

એક ગામમાં એક વિપ્ર રહેતો હતો. તે પોતાના ખટકર્મો આદી સત્સંગ છોડી કુસંગને રસ્તે ચાલ્યો. તેને એક હજામ સાથે મૈત્રી થઇ, તે એટલે સુધી કે, તે હજામ જ્યારે પરગામ ગયો હોય તો તેનાં ઘરનું રખવાળું કરતો. એક વખતે હજામને કોઈ જરૂરી-આતના કામે બીજે ગામ જવાનું થયું ત્યારે આ વિપ્ર ત્યાં રાતવાસો રહ્યો. દૈવયોગે તે ગામમાં તાલુકાનો ફોજદાર આવી પહોંચ્યો. તેને તે ગામથી રાત્રીના સમે ગામ જવાની જરૂર હતી. રાત્રી અંધારી હતી તેથી અજવાળા માટે મશાલની જરૂર જણાઈ. થાણદારે ગામના પટેલને પૂછાવ્યું કે "અમારે હજામની જરૂર છે." સિપાઇને હુકમ કરતાં હજામના ઘરમાં સૂતેલ પેલા વિપ્રને પકડી લાવ્યો. વિપ્રે ઘણાં કાલાવાલા કર્યા કે, "હું વિપ્ર છું. ને હજામે કહ્યું હતું કે મારા ઘરની રખવાળી કરવા એક રાત અહીં સૂઇ રહેજે. એટલે હું દેખરેખ રાખવા સૂતો છું. પેલા સિપાઇએ નહીં માનતાં વિપ્ર પાસે મસાલ ઝલાવીને થાણદારની હજુરમાં હાજર કર્યો. માટે હલકાં માણસની સોબતથી ખરાબ પરિણામ આવે છે.

૬ ગિરધરનો કુંડલીઓ.

જાકી ધન ધરતી લઇ, તાહિન લીજૈ સંગ;
જો સંગ રાખેહી બને, તો કરી રાખ અપંગ.
તો કરી રાખ અપંગ, ફિર ફરકે સોન કીજૈ;
કપટ રૂપ બતરાય, તાહિકો મન હર લીજૈ.
કહ ગિરધર કવિરાય, ખુટક જે હૈ નહિ તાકી;
કોટિ દિલાસા દેઉ, લઇ ધન ધરતી જાકી.

૭ વચનામૃત.

૧ વ્યાયામ એ શરીરને સુદૃઢ, બલિષ્ટ, અને નિરોગી બનાવવા અને દીર્ઘાયુ રાખવા માટે આવશ્યક સાધન છે. "પહેલું સુખ તે જાતે નર્યા," એ કહેવત જ બતાવે છે કે, મનુષ્ય માત્રનું પ્રથમ સુખ નિરોગી શરીરમાં રહેલું છે.

૨ આત્મસંયમ અને નિશ્ચય સિવાય માણુસ અધ્યાત્મ સાધી શકતો નથી.

૩ મનુષ્યને માટે મરણુ અનિવાર્ય હોઇ, તે છેલ્લો દિવસ આવે ત્યાંસુધી દુબળો, પાંતળો કે રોગિષ્ટ ન જીવતાં તે તંદુરસ્તીમાં અને શાંતિ–આનંદ અને ઉત્સાહમાં જીવન જીવે તે માટે નિરોગી રહેવા દરેકે પ્રયત્ન કરવો જોઇએ, અને તે કાર્ય વ્યાયામથી પાર પડી શકે છે.

૪ યુવકોના ઉત્સાહને યોગ્ય માર્ગે દોરવો અને રાષ્ટ્ર હિતનું સાધન બનાવવું એ જ આજના નેતાઓનું કામ છે.

૫ બાળકની શારીરિક, માનસિક, નૈતિક, આર્થિક, બધી રીતે તેની સ્થિતિ સુધારવી એ માતાનું કર્તવ્ય છે.

૬ તમે કામ કરતા થઇ જાઓ. પહેલ કરો અને સાહસ ખેડો. અન્યાય સહન કરો, અને નિડર થઇ જાઓ. જો તમારામાં એકવાર ભય અને કાયરતા જતી રહી તો તમારો માર્ગ સરળ થઈ જશે.

૭ પ્રભુ સિવાય કોઈથી ડરો નહિ, અને સત્યને માર્ગે પ્રયાણ કરો. જો આ બે રસ્તે તમે તમારી આત્મશુદ્ધિનો આરંભ કરશો તો તમને આસપાસના વિલાસી અને વૈભવી જીવનપર તિરસ્કાર આવશે.

૮ રાષ્ટ્રિય ઉન્નતિ ત્યારે જ થશે કે જ્યારે બધી જાહેર પ્રવૃત્તિમાં બહેનોને સાથે રાખશો ત્યારે જ.

૯ સ્વામી વિવેકાનંદ કહે છે કે, "દરેક બાબતના મૂળમાં ધર્મનું તત્ત્વ સમાયેલું છે. ધર્મ બરાબર હોય તો બધુંજ બરાબર ચાલે છે."

૧૦ ભર્તૃહરિ કહે છે કે, "મહાત્માઓનું ચિત્ત ધન મળવાથી

કમળથી પણ કોમળ હોય છે; પરંતુ દુઃખમાં પહાડના પત્થરથી પણ કઠણ હોય છે. ”

૮ રાજાપ્રજાનો સંબંધ.

" કથામાં લખ્યું છે કે, પ્રાચીનકાળે ખેતી કરવાને માટે સૌએ જમીનના જુદા જુદા ભાગ કરી લીધા. ખેડવાને પ્રસંગે કોઇ લોભીએ બીજાની જમીન લઇ લીધી તેને પકડીને બીજા લોકે કહ્યું, " જો તેં ભુડું કર્યું છે, હવેથી એવું કરતો ના. ” તેણે કહ્યું, " નહિ કરૂં. ” પણ લાગ ફાવ્યે એણે બીજી વાર ને ત્રીજી વાર પણ એવું કર્યું. સૌએ કહ્યું, " ચાલો આપણે એક જણના હાથમાં અપરાધીનો ન્યાય કરવાનું સોંપીએ. એ અપરાધીને શિક્ષા કરશે. પ્રયોજન પડશે તો દેશનિકાલ કરશે. એને બદલે 'એ જણને' આપણા અનાજમાંથી આપણે કંઇક અનાજ આપીશું. ” (બુદ્ધ ભગવાન કહે છે, વશિષ્ટ !) જેને લોકે એમ એકમતે નક્કી કર્યો તે મહા સમ્મત (સૌની સંમતિએ નક્કી થયેલો તે) કહેવાયો. એ પહેલો રાજા એ સામ્યધર્મ પાળે ને સૌને મુગ્ધ કરે. ” (બુદ્ધ અગણ્ણ સુતાન્ત)

૯ સ્ત્રીસમાજ.

એક હાથે તાળી નહિ પડે, જે દેશ આગળ પડતો છે ત્યાં સ્ત્રીઓને મોખરે રાખીને કામ કરે છે. હાલ કે ભવિષ્યમાં સ્ત્રી વગર દેશની ઉન્નત્તિ થવાની નથી. ઘણા લોકો તો દીકરીનો જન્મ થાય તો કહે " પથરો આવ્યો. ” જેના ઉપર ભવિષ્યની આબાદી, સુખનો આધાર તેને પહેલોજ પથરો કહે પછી શું સારૂં કામ આવે ! દીકરો કંઇ દળદર ટાળીજ દેશે ? દીકરી પારકે ઘેર જશે તેથી દીકરો સારો થશે તો એક ઘર શોભાવશે, પણ દીકરી તો બે ઘર દીપાવશે. બાપનું અને સાસરાનું. સ્ત્રીને અભણ રાખશો, હક્ક નહિ આપો તો ઘર અને સમાજ દુઃખીજ રહેશે. મનુ મહારાજ કહે છે તેમ સ્ત્રીઓનું સન્માન કરો, તોજ દેવો તમને પ્રસન્ન થઈ દેશની ઉન્નતિ કરશે. ”

૧૦ પ્રભુને માટે તાલાવેલી.

એક ગુરૂદેવે શિષ્ય પ્રતિ કહ્યું, "બચ્ચા, પ્રભુને માટે તું જો તલસીશ તો પ્રભુ તારી કને અવશ્ય આવશે." શિષ્ય ગુરુનું કહેવું પરિપૂર્ણ સમજ્યો નહિ. પછી એક દહાડો ગુરુ શિષ્ય બંને નદીએ નહાવા ગયા. ત્યાં ગુરુએ શિષ્યને આજ્ઞા કરી કે "ડુબકી માર" અને શિષ્યે તે આજ્ઞા તુરત માથે ચઢાવી ડુબકી મારી. એટલે તત્ક્ષણ ગુરુ તેના ઉપર ચઢી બેઠા અને તેને નીચેથી ઉપર ચસકવા દીધો નહિ. પછી તરફડીઆ મારતાં મારતાં જ્યારે શિષ્યનો દમ નાકે આવ્યો ત્યારે તેને છોડી મેલ્યો અને પૂછ્યું. "કેમ બચ્ચા! ત્યાં તને કેવું લાગ્યું?" શિષ્યે જવાબ આપ્યો કે, "અરે! મહારાજ! શું કહું? હવાના એક દમ માટે મને ત્યાં સજ્જડ તાલાવેલી થતી હતી" ગુરૂએ પૂછ્યું," પ્રભુને માટે એવી તાલાવેલી થાય છે ખરી?" શિષ્યે કહ્યું, "ના, મહારાજ!" ત્યારે ગુરૂએ કહ્યું કે, "ઇશ્વરને માટે એવી જ તાલાવેલી રાખ, એટલે તને તે ખસુસ આવી મળશે."(વિવેકાનંદ)

ફુલછાબ અઢારમી.

મર્દની મ્હોબત વિષે.

મ્હોબત કીજે મર્દ શું,
કબહુક આવે કામ;
શીર સાટે શીર દેત હે,
દુઃખીયનકો વિશ્રામ;
દુઃખ અપને તન ઝીલે,
મટે ન જબલગ માંહી;

તહાં અપનો કર હીલે,
કથે સુકવિયાં કાન;
સત્યસે સાચી સોબત,
કબહુ આવે કામ;
મર્દસે સાચી મ્હોબત.

લોભના લક્ષણ.

કવિત.

લોભને વિવેકને વિચાર સાથે સ્નેહ નથી,
લોભ તો જુવે ન કદિ સબંધ સગાઇને;
લોભ તો મિત્રાઈને ન માને માન આધુ કરે,
લોક લાજ ધરે નહીં, સ્વાર્થને ચ્હાઇને;
લોભ ધર્મ ધારે નહીં, અંતરને વારે નહી,
દુઃખથી ઉગારે નહીં પીડિતને ધાઇને,
લોભ એજ પાપ મૂળ જાણી વાણી સર્વ કહે;
જેહમન કોઈ ત્યજે લોભ દુઃખ દાઇને.

મુક્તનું કૃપા વાક્ય.

ત્યાગી થઇને દ્રવ્ય રાખે તો મિનિટે મિનિટે બ્રહ્મહત્યા લાગે ને કલાકે સાઠ બ્રહ્મહત્યાઓ થઈ માટે જડ માયાને ચૈતન્ય માયાનો ત્યાગ દ્દઢ રાખવો. સાચો ત્યાગી કોણ? કે જેણે ત્યાગ કર્યો છે તેનો પાછો સંકલ્પ પણ ન થાય.

સદ્ધર્મના વાકયો.

(૧) જે કર્મ ધર્મ વિનાનું હોય અને તેમાં જો મોટું ફળ થાય તેમ હોય તો પણ બુદ્ધિમાન અને પવિત્ર પુરૂષે, ખરાબ જળની પેઠે તેવું કર્મ ન કરવું.

(૨) જે કર્મની, શાસ્ત્ર જાણનારા આર્ય પુરૂષો તે કરતા થકા પ્રશંસા કરે છે તેને ધર્મ જાણવો અને જેની નિંદા કરે છે તેને અધર્મ જાણવો.

(૩) વિદ્યા, લક્ષ્મી, શરીર, શૌર્ય, સારા કુળમાં જન્મ થવો, નિરોગીતા, સંસારના કષ્ટથી ઉદ્ધાર એ બધું ધર્મમાંથી જ પ્રવર્તે છે.

(૪) મનુષ્ય પ્રાણીને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધમાં જે કાંઈ પ્રભુતા મળે છે તે ધર્મનું ફળ છે એમ જાણવું.

(૫) જે મનુષ્ય ધર્મનું ચિંતવન કરતો થકો દેહ મુકે છે તે સ્વર્ગને પામે છે; તો પછી ધર્મનું આચરણ કરનારાના ફળની તો વાતજ શી કરવી ?

(૬) જે અર્થો ધર્મથી આવે છે તે જ ખરી આવક છે પણ જે અર્થો અધર્મથી આવે તેને ધિક્કાર છે. લોકમાં ધર્મજ શાશ્વત છે અને ધનની આકાંક્ષાથી ધર્મનો ત્યાગ કરવો જોઇએ નહિ.

(૭ ધર્મને વારેવારે આચરવાથી તે વૃદ્ધિ પામે છે અને ધર્મ-થી જ અર્થ તથા કામ તથા સુખ અને જ્ઞાન પ્રાપ્ત થાય છે.

(૮) જેવી રીતે જળથી સંપૂર્ણ ભરેલા એવા સરોવરમાં અંડજ એવા જળના જીવો એની મેળેજ જઇને ભળે છે તેની પેઠે શુભ કર્મ કરનારને સર્વ સંપત્તિઓ એની મેળે વશ થઇને મળે છે.

(૯) ધર્મથી રાજ્ય, ધન, સુખ તથા સર્વેસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે અને બન્ને લોકમાં જે કાંઈ સુખ છે તે પણ મનુષ્યોને ધર્મથી જ મળે છે.

(૧૦) ધર્મની વૃદ્ધિથી જ સદા સર્વે પ્રાણિઓની વૃદ્ધિ થાય છે અને ધર્મના નાશથી ક્ષય થાય છે માટે ધર્મને જ સેવવો.

(૧૧) મનુષ્યોએ શ્રુતિ તથા સ્મૃતિમાં કહેલા ધર્મમાં રહેવાથી જ તેને ઉત્તમ સુખ તથા આ લોકમાં કીર્તિ મળે છે.

(૧૨) એક ધર્મ જ એવો મિત્ર છે કે જે મનુષ્યના મરણ પછી પણ તેની સાથે જાય છે, જ્યારે બીજાઓ તો શરીરના નાશની સાથે જ ચાલ્યાં જાય છે.

(૧૩) ધર્મનો નાશ થવાથી આપણો નાશ થાય છે અને ધર્મનું

રક્ષણ કર્યાથી આપણું રક્ષણ થાય છે; માટે પુરૂષે મન, વચન ને કર્મે ધર્મનું રક્ષણ કરવું.

(૧૪) કામ વડે કરીને કે ક્રોધે કે ઉદ્વેગથી કે ભયથી અગર તો જીવવાના હેતુથી અગર તો લોભથી પણ ધર્મનો ત્યાગ કરવો નહિ.

(૧૫) ધર્મથી દુઃખ થતું હોય તો પણ મનને અધર્મમાં યોજવું નહિ કેમકે અધર્મી એવા જે પાપીઓ તેનું તત્કાળ વિપરીત થાય છે.

(૧૬) મનુષ્યનું જીવન તો તણખલાના અગ્ર ઉપર રહેલા જળના બિંદુના જેવું ચંચળ છે માટે ધર્મની સાધના તત્કાલ કરવી.

(૧૭) ડાહ્યા પુરૂષે વિદ્યા અને અર્થ, પોતે અજર ને અમર છે એમ માનીને સાધવાં પણ ધર્મ તો જાણે મૃત્યુએ કેશ ઝાલી રાખ્યા હોય તેની પેઠે જ આચરવો.

(૧૮) એક પણ દિવસે જો ધર્મનું ઉલ્લંઘન કર્યું હોય છતાં જે જીવે છે તેતો લુહારના ધમણની પેઠે શ્વાસ લે છે એમ ડાહ્યા પુરૂષો જાણે છે.

(૧૯) ઠીંકરામાં ભિક્ષા માંગીને જીવનારે પણ જો તેથી ધર્મ બચતો હોય તો ખેદ પામવો નહિ.

(૨૦) હું ધનવાન છું એમ ધર્મવાળા સાધુઓએ માની લેવું.

(૨૧) લક્ષ્મીની ઇચ્છાવાળાએ પણ ધર્મ પરાયણ થવું, કેમકે ધર્મ વિના અર્થ મલતો નથી.

(૨૨) સહાયને અર્થે હંમેશાં ધર્મનો સંગ્રહ કરવો કેમકે ધર્મની સહાયથી સંસાર તરી શકાય.

ધર્મના પ્રકાર.

ધર્મ ૭ પ્રકારનો છે. એક તો વર્ણ ધર્મ, બીજો આશ્રમ ધર્મ, ત્રીજો વર્ણાશ્રમ ધર્મ, ચોથો ગૌણ ધર્મ, પાંચમો નૈમિત્તિક અને છઠ્ઠો સાધારણ ધર્મ એમ તેનો ભેદ જાણનારે ૭ પ્રકાર પાડેલ છે.

સાધારણ ધર્મ.

ક્ષમા, દયા, અસૂયા ન રાખવી, શૌચ, અનાયાસ, મંગળ

કરવું તે, કૃપણતા નહીં તે, નિસ્પૃહતા, એ સાધારણ ધર્મ માનેલો છે. બહારનું અથવા કોઇ આધ્યાત્મિક દુઃખ ઉત્પન્ન થાય ત્યારે જે કોપે નહિ અગર સામો મારે નહિ તેને ક્ષમા કહેલી છે, પારકા હોય કે પોતાના ભાઈઓ હોય, શત્રુ હોય કે મિત્ર હોય અને જો આપત્તિમાં આવ્યા હોય તો તેનું સદા અને સર્વથા રક્ષણ કરે તેને દયા કહેલી છે. ગુણવાન પુરૂષોના ગુણોને જે દ્વેષ ન કરે પણ નાના સરખા ગુણોની પણ સ્તુતિ કરે અને જે બીજા દોષોને જોતો નથી તેને અનસૂયા કહે છે. ભક્ષ નહી કરવા યોગ્ય વસ્તુનો ત્યાગ તથા અનિંદિત વસ્તુઓનો સંસર્ગ અને પોતાના ધર્મમાં વ્યવસ્થાપૂર્વક રહેવું એને શૌચ કહ્યું છે. જે શુભ કર્મવડે કરીને પણ શરીરને પીડા થાય તે ન કરવું. તેને અનાયાસ કહે છે. પ્રાણી માત્રનો દ્રોહ ન કરવો, અનૃતનો ત્યાગ કરવો, નિત્યે વખાણવા યોગ્ય આચરણ કરવું તેને મંગળ કહે છે. ગરીબોને થોડામાંથી પણ દરરોજ પોતાના અંતરથી થોડું ઘણું પણ આપવું તેને અકાર્પણ્ય કહેલું છે. જે કાંઇ હોય તેનાથી સંતોષ માનવો અને પારકાના દ્રવ્યનું ચિંતવન સુદ્ધાં ન કરવું, દેહ વગેરેમાં આસક્તિ ન રાખવી તેને નિસ્પૃહતા કહે છે.

શ્રદ્ધાથીજ ધર્મ સધાય છે.

કાંઇ ધનના ઢગલાથી ધર્મ સધાતો નથી. એ તો હમેશાં શ્રદ્ધા રાખવાથી સધાય છે કેમકે એ ધર્મની પ્રાપ્તિ તો મોટા દેવોને પણ થતી નથી. પણ જેને શ્રદ્ધા છે તેનાથી જ ખરો ધર્મ સાધી શકાય છે. જુઓને બ્રાહ્મણો પાસે કાંઇ પણ હોતું નથી છતાં શ્રદ્ધાથી તેઓ સ્વર્ગમાં જાય છે. નિયમથી ધર્મને પાળનારા પુરૂષનું એ અસિધારાવ્રત છે, કેમકે રાગ, લોભથી આકુલ થયું છે ચિત્ત જેનું એવા પુરૂષોને નિયમ બહુ દુષ્કર થઈ પડે છે, ધર્મને હમેશાં વધારવો કારણ કે તે પરલોકમાં આપણી સહાય કરે છે. દેશ, કાળ, ઉપાય, દ્રવ્ય, શ્રદ્ધા, પાત્ર અને ત્યાગ એ સાતેના સમુહને ધર્મનું મુળ કહેલું છે. માટે બહુજ ડાહ્યા હોય, વૃદ્ધ હોય, સારા સ્વભાવવાળા હોય, તપસ્વી હોય,

સત્પુરૂષ હોય તથા શમ પાળતા હોય તેવાઓની સાથે જ સંસર્ગ રાખવાથી ખરો ધર્મ સાધી શકાય છે.

ઇંદ્રનો પરાભવ કામથી થયો છે.

એક સમયે ઇંદ્ર પોતાના વિમાનમાં બેસીને આકાશમાં જતો હતો એવામાં ગંગા નદીમાં સ્નાન કરતી ગોતમની સ્ત્રી અહલ્યાને જોઇને મોહીત થયો અને એ પતિવ્રતા મુનિની સ્ત્રીને છલવાને માટે અદૃશ્ય રૂપે એકલો જ આશ્રમમાં આવ્યો. પરન્તુ ત્યાં ગૌતમ ઋષિને જોઇ પોતાના મનમાં ભય પામવા લાગ્યો. ગોતમ ઋષિ હમેશાં ચાર વાગે ગંગા સ્નાન કરવા જતા હતા. એક વખતે એ ઇંદ્રે કુકડાનું રૂપ લઇ બે વાગે સ્વર કર્યો તે ઉપરથી ગોતમ ઋષિ જાગૃત થઇ નદીએ ગયા ત્યાં ગંગાજીએ પ્રગટ થઇ કહ્યું કે અત્યારે કેમ આવ્યા છો? જાઓ તમારા ઘરમાં ચોર પેઠો છે. તુરત ઘેર આવી જોયું તો ઇંદ્ર અહલ્યાના શયનમાં સુતો હતો તેને ગોતમ ઋષિએ શ્રાપ આપ્યો ને તેના શરીરમાં હજારો છીદ્ર પડયાં ને તેમાંથી રૂધીર ને પરૂ નિકળવા લાગ્યાં ને અહલ્યાને તે ઋષિએ પત્થર રૂપ કરી દીધી. વિષય એવો ખરાબ છે કે મોટા મોટાનું તેણે ભરી બજારે નાક કપાવ્યું છે માટે તેનાથી બચવું એજ મોક્ષનો ખરો માર્ગ છે. જેઓ વિષયથી બચ્યા તેઓજ ખરા ધર્મના રહસ્યને જાણી શકે છે.

કુલછાબ ઓગણીસમી.

ઋષ્યશૃંગ ઋષિ.

પૂર્વે કૌશિકી નદીના તીરે વિભાંડક નામના ઋષિ હતા. તેમના પુત્ર તપોનિધિ એવા ઋષ્યશૃંગ્ય થયા તે બાળપણુથીજ વનનાં રહેતા અને તેથી પોતાના પિતા સિવાય બીજા કોઇપણ મનુષ્યને-સ્ત્રી અગર

પુરૂષને–કોઇને દીઠેલા નહિ તેમજ તેની ખબર પણ નહોતી. તેઓ હંમેશાં પિતાની સાથે તપ કરતા અને પાંચે ઇંદ્રિયોના રસને ત્યાગ કરતા નૈષ્ઠિક બ્રહ્મચર્યમાં રહેલા એવા તેમને ઇંદ્રલોકોએ પણ જાણ્યા. એ બાળક તપ વડે સર્વ તપસ્વીઓના તથા મહર્ષિઓના મનને હરી લેનાર તથા સર્વને સેવવા યોગ્ય અને પ્રતાપી થયો. એટલામાં લોમપાદ નામનો અંગદેશનો રાજા હતો જે દશરથનો મિત્ર હતો તેણે બહારથી કોઇ બ્રાહ્મણને બોલાવીને પુરના બ્રાહ્મણનો નિષેધ કર્યો એટલે તે નગરના બ્રાહ્મણોએ તેનો ત્યાગ કર્યો. બ્રાહ્મણોનું અપમાન કર્યાથી તેના દેશમાં ભયંકર દુષ્કાળ પડયો, અને પ્રજા દુઃખ પામવા લાગી; તેથી તે રાજા પોતાના કારભારીઓને લઈ વનમાં ગયો. ત્યાં ઘણી સ્તુતિ કરવાથી એક ગુફામાંથી એક મહર્ષિ બોલ્યા કે તેં "બ્રાહ્મણોનો તીરસ્કાર કર્યો છે માટે તારા દેશમાં ઇંદ્ર વરસતો નથી" માટે તેનું પ્રાયશ્ચિત કરી તું તારા નગરમાં બ્રાહ્મણોને પુનઃ વસાવ અને તેમનું સન્માન કર ને તારા નગરમાં ઋષ્યશૃંગ મુનીને પધરાવ એટલે સર્વે સારાં વાનાં થશે.

એ મહર્ષિની વાણીથી તે રાજા મનમાં હર્ષ પામી પોતાના નગરમાં આવી તે પ્રમાણે આચરણો કરવા માંડયા અને ઋષ્યશૃંગ મુનિને લાવવાને માટે એક વારાંગનાને મોકલી. તે વેશ્યા ઋષ્યશૃંગને છળવાને માટે એકલી તેના પાસે ગઇ. રૂપ લાવણ્યવાળી તથા વસ્ત્ર ઘરેણાથી શોભાયમાન એવી તેણે પ્રણામ કરીને તપ વિગેરેમાં કુશળતા પુછી. પુરૂષ તથા સ્ત્રી એવા ભેદથી અજ્ઞાન એવા તે મુનિએ તેને બ્રહ્મચારી જાણીને દર્ભાસન વગેરેથી તેનું આતિથ્ય કરવા માંડયું તથા પુછયું કે તપરૂપી અગ્નિના જેવા ઉજળા તમે કોણ છો? કયા પુણ્યવાનના પુત્ર છો? અને હે જટાધારી! તમારો આશ્રમ કયાં છે?

વેશ્યા બોલી—હે મુને! કૌશિકી નદીના પેલે તીરે તમારા આશ્રમથી ત્રણ જોજન દુર એવો મારો નાવનો આશ્રમ છે. આપે મારાં વખાણ કરવાનાં નથી પણ મારે આપનાં કરવા જેવાં છે અને

હે બ્રહ્મન ! આવું વ્રત આપે મારાથી અંગિકાર કરવું ઘટે છે.

ઋષ્યશૃંગ બોલ્યા—આ ભીલામાં અને અંગુર વગેરે ફળોનું આપ ભક્ષણ કરો તથા આ તુંબડીમાં ભરેલું જળ પણ પીવાને આપ યોગ્ય છો. પછી તે વેસ્યાએ ઋષિએ આપેલા ફળો દુર રાખીને પોતાની પાસેના રસાદિકો આપ્યાં. રત્નના પાત્રમાં રાખેલો પીવાનો રસ તથા સુવર્ણપાત્રમાં રાખેલું ભોજન તે પીને ઘણો આનંદ પામ્યા. પ્રીતિથી પીધેલા તે રસ વડે ઋષિની ઈંદ્રિયો તુર્ત વિહ્વળ થઇ એટલે તુર્ત પોતે હસ્યા અને તુર્ત સુગંધી પુષ્પોને સુંઘીને જાણે કોઇ બીજાજ મુનિ હોય એવા થઇ ગયા. ત્યાર પછી તે કપટ કરવામાં કુશળ એવી વેશ્યા તે મુનિને ક્ષોભ પામેલી ઇંદ્રિયોવાળા જાણીને પોતે તેમને પોતાના અંગો વડે વારે વારે ભેટીને તેમના આગળ સુંદર ગાયન કર્યું, તેથી તેમને સારી રીતે વિકાર થયો એટલે તેમનું મન પોતે વશ કરી લીધું. પછી વિભાંડક મુનિના આવવાના ભયથી તે છળવાળી વેશ્યા અગ્નિહોત્રના મિષથી તેમને જોતી જોતી ચાલી ગઇ. રસાસ્વાદથી પોતાના ધર્મથી ભ્રષ્ટ થયેલા તે મુનિ પોતાના હૃદયમાં વેશ્યાનું ચિન્તવન કરતા થકા વિહ્વળ બની જાણે કોઈ ગ્રહ વળગ્યો હોય એમ ઉન્મત થયા, પછી પોતાના આશ્રમે આવેલા વિભાંડક મુનિએ પોતાના પુત્રને વિહ્વળ જોઇને પુછ્યું કે હે પુત્ર ! તું આમ ખરાબ કેમ થઈ ગયો છે ?

ઋષ્યશૃંગ બોલ્યા—અત્રે સુવર્ણ સરખી કાન્તીવાળા એવા એક શ્રેષ્ટ બ્રહ્મચારી આવ્યા હતા; તે તેજસ્વી, મોટી જટાવાળા, કમળ જેવા લોચનવાળા તથા મધુર સ્વરવાળા હતા. કંઠની નીચે બે મોટા તેમને પિંડ હતા તથા તેમનું ઉદર ઘણું પાતળું હતું અને વલ્કલ પહેરેલાં હોઇ દેવ પુત્રના જેવાં સુંદર અદ્દભુત હતાં. તેમણે પોતાના મુખથી મારા મુખને, શરીરને, ભેટીને મધુર સ્વર બોલીને મને ભારે આનંદ પમાડયો. તેમણે ઘણા મિષ્ટ રસ, ભોજન તથા પીવાના પદાર્થોથી મને સંતોષ પમાડયો અને હે તાત ! તે માટે હું

તેમના આશ્રમે સત્વર જવાને તથા તે વર્ણીરાટ પાસે રહેવાને હું ઇચ્છું છું. પુત્રે એ પ્રમાણે કહ્યું એટલે પિતાએ જાણ્યું કે કોઈ કપટી સ્ત્રીએ પુત્રનું ચિત્ત ભમાવ્યું છે એમ જાણીને તેને બોધ કર્યો. અહીં તપસ્વીઓને છળવાને માટે રાક્ષસો અનેક રૂપો ધરીને ફરે છે માટે હે પુત્ર ! તું તેમાં વિશ્વાસ રાખ નહિ. એ પ્રમાણે ત્રણ દિવસ સુધી પુત્રને બોધ આપતાં પુત્રનું મન શાન્ત થયું નહિ એટલે પિતાએ વનમાં તે વેશ્યાને શોધવા યત્ન કર્યો. થોડા દિવસ પછી તે વેશ્યા ઝાંઝર તથા કટિ મેખલાના રણકારા કરતી ઋષ્યશૃંગના આશ્રમમાં આવી. તેને દેખીને તે મુનિ તેના ઉપર મોહી પડયા. અને તુર્ત કહેવા લાગ્યા હે મારા પ્રાણવલ્લભ ! મારા પીતા જ્યાંસુધી આ આશ્રમમાં આવી પહોંચે એટલામાં તમે મને તમારા આશ્રમે લઈ જવાને મારા ઉપર કૃપા કરો. ઋષિના આવાં વચન સાંભળી કપટી વેશ્યા પોતાનાં મનમાં અતિશે પ્રસન્ન થઈ અને કહ્યુંઃ આ મારો આશ્રમ છે એમ કહી તે સ્ત્રીએ જુદી જાતના સ્ત્રી ચરીત્રો બતાવ્યાં. તે જોઇ ઋષિ પોતાનું ભાન ભુલી ગયા એટલે તુર્ત વેશ્યાએ તે ઋષિને અંગ દેશમાં લઇ ચાલી ત્યાં રાજાએ પ્રસન્ન થઇ તે ઋષિનું સન્માન કરી પોતાની કન્યા તેને પરણાવી. આવી રીતે મહાન યોગીઓને પણ વિષયનો પ્રસંગ થાય તો તુર્ત પોતાનું ભાન ભુલી જાય છે તો સાધારણ મનુષ્યની તો શું વાત કહેવી !

અસુરોના લક્ષણ.

હિંસા, સુરા તથા માંસમાં પ્રીતિવાળા ઘણા અસુરો હોય છે. તેઓ જાણી જોઇને હીંસા કરવી, સુરા પીવી, તથા માંસનું ભક્ષણ કરવું તથા પારકી સ્ત્રી સાથે ગમન એ તેમનાં મુખ્ય લક્ષણો છે. એનો સંગ જેઓ કરશે તેઓ કલ્યાણના માર્ગથી સત્વર પડી જશે. આ જગતમાં એવા ઘણા અસુરો હોય છે તેઓ હમેશાં પાપ કરવામાંજ પ્રીતિવાળા હોય છે. પુણ્યના ઉત્તમ માર્ગની તેમને ખબર હોતી નથી. જ્યારે એવા અસુરોને કોઇ મહાન સદ્‌ગુરૂનો પ્રસંગ થાય ત્યારે જ તેઓના કર્મ સુધરે છે.

બહર્ષિ રાજાને નારદનો બોધ.

પ્રજાના પતિ એવા હે રાજન ! નિર્દય એવા તેં યજ્ઞમાં મારેલા હજારો જીવોના સમુહોને તું જો ! એ જીવો તારા વૈરનું સ્મરણ કરતા થકા તારી રાહ જોઇ રહ્યા છે. તારા મૃત્યુ પછી જેને ક્રોધ ઉત્પન્ન થયો છે એવા તેઓ લોઢાના કુહાડાથી તને છેદશે.? માટે હે રાજા ! પશુહિંસા કરવામાં લેશ પણ ફાયદો નથી. નારદનાં વચન સાંભળી આ રાજાએ પશુહિંસા ન કરવાને માટે નિયમ ધારણ કર્યો, અને પોતે નારદજીના બોધથી અઘોર પાપથી મુક્ત થયો.

બળવાન શત્રુ કયો ?

એક વખતે એક મુનિ પાસે એક ભક્તે પ્રશ્ન કર્યો કે હે મહારાજ ! દેહધારીઓના કામ, ક્રોધ, તથા લોભ એવા ત્રણ શત્રુઓ જણાય છે તેમાં સૌથી બળવાન કોણ હશે ? મુનિએ તુર્ત ઉત્તર આપ્યો. એ ત્રણે શત્રુઓ મનુષ્યોના પ્રાણને હરનારાં માનેલા છે તેમાં દુઃખે કરીને વશ ન થાય એવા લોભને હું અધિક બળવાળો માનું છું. મુમુક્ષુ એવા ગૃહસ્થ તથા ત્યાગીઓએ પાપસ્વરૂપ એવા લોભને અવશ્ય જીતવા જેવો છે અને તેમાં પણ ત્યાગીઓએ તો વિશેષ કરીને જીતવો જોઇએ. જે મનુષ્યો સમગ્ર રીતે સંસારિક પદાર્થોમાં લોભાઈ રહેલા છે તેઓની બુદ્ધિ હણાઇ ગઇ છે. લોભમાં નરકની પ્રાપ્તિ કરાવનાર એવા મહાન દોષો રહેલા છે અને પાપને પ્રવર્તાવનાર એવો લોભ તે પાપનું અધિષ્ઠાન છે. લોભમાંથી કામની ઉત્પત્તિ થાય છે અને ક્રોધ પણ લોભમાંથી જ થાય છે. તેમજ મોહ, ઇર્ષ્યા તથા મત્સર એ સર્વે એ લોભમાંથી જ પ્રવર્તે છે. વિદ્યા તથા વિનયથી સંપન્ન એવા તથા વિખ્યાત એવા પુરૂષો તથા તપસ્વીઓ તેમજ મોટા ઋષિઓ પણ લોભને લીધે ભારે દુર્ગતિને પામે છે. જુઓને દેવોનો શત્રુ હિરણ્યકશિપુ વગેરે તથા ઇંદ્રાદિક દેવતાઓ પણ લોભથી જ ક્ષય પામ્યા છે. લોભથી કૌરવોનો ક્ષય થયો છે ને બીજા પણ

ઘણા રાજાઓ લોભથી આ પૃથ્વી ઉપર ક્ષય પામ્યા છે; તેથી કરીને બળવાન શત્રુ લોભને ગણેલો છે.

કુલછાબ વીસમી.

સાચો પ્રેમ તે આનું નામ!

નદીકાંઠે એક લીંમડાનું મોટું વૃક્ષ હતું. તેના ઉપર ગળો નામની એક જાતની વેલ વૃક્ષની ચારે તરફ વીંટાઇને રહેલી હતી. એક વખતે જેષ્ટ માસમાં ભારે તોફાન થવાથી તે ઝાડ ડોલવા લાગ્યું ને ઘડી બે ઘડીમાં જમીનદોસ્ત થઈ જવાની તૈયારીમાં હતું તે વખતે તે વૃક્ષે ગળો નામની વેલને કહ્યું: બેન! હવે અમો મરવાની તૈયારીમાં છીએ માટે તું અમારો સંગ મૂકી દે. ત્યારે ગળો નામની વેલે કહ્યું: અરે વૃક્ષભાઇ! આ શું બોલો છો! ઘણા વર્ષથી મેં તમારા આશ્રયે આનંદ કર્યો ને આજ દુઃખને વખતે તમને છોડી હું ચાલી જાઉં તે વાજબી કહેવાય નહિ. હું તો તમારા સુખે સુખી ને તમારાં દુઃખે દુઃખી રહેવાની! હું મૃત્યુથી લેશમાત્ર બીતી નથી પણ આવા કઠીન પ્રસંગે તમારો વિયોગ કરવાનું સાંભળી મને પારાવાર દીલગીરી થાય છે. સાચી પ્રીતિ તો આનું નામ કહેવાય!!

અધર્મનો સમુહ.

અગાઉ વિષ્ણુની નાભિકમળમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા હતા તેમણે વૈરાટને ધારણ કરીને પછી આ સર્ગ–સૃષ્ટિ રચવાનો ઉપક્રમ કર્યો. તે બ્રહ્માજીએ દેવો, દૈત્યો, મનુષ્યો, નાગ, તથા સર્વ પશુ પક્ષીઓ તેમજ સ્થાવર અને જંગમ પદાર્થોને અગાઉની પેઠેજ સરજ્યાં. તે બ્રહ્માજીના પૃષ્ઠ ભાગેથી અવિદ્યાત્મક એવો અધર્મ ઉત્પન્ન થયો જે

આ સકળ લોકમાં પોતાના સર્ગ સાથે વ્યાપ્યો. તે અધર્મ પ્રજાને દુઃખ દેનારો તથા જન્મ અને મૃત્યુને પમાડનારો થયો તથા સંસારમાં ભમાવનારો અને મનુષ્યોને નરકની પ્રાપ્તિ કરાવનારો થયો. ખોટી અસૂયા, વારંમવારની ઇર્ષ્યા, તૃષ્ણા, આશા, મમતા વગેરે અધર્મની શક્તિઓ છે તે થોડા પુરૂષાર્થવાળા જનથી જીતી શકાય તેવી નથી. દંભ, લોભ, મત્સર, કામ, ક્રોધ, રસ, મદ, અહંકાર, મોહ, કઠોરતા, સ્નેહ, માન, જુઠું, કલેશ, દ્રોહ, અશુદ્ધિ અવિશ્વાસ, ચોરી, મદ્યપાન, પારકું હરણ કરવું, જુગાર, ગર્વ, નાસ્તિકતા, ચાડીઆપણું, કપટ, સ્પૃહા, રાગ, દ્વેષ, ભય, દુઃખ, અજ્ઞાન, વ્યસન, દુરૂક્તિ, દુષ્ટતા, હિંસા, પાપ, મૃત્યુ, યાતના એટલો અધર્મનો સમુહ છે.

ઉદ્ધવ સંપ્રદાય પ્રકાસ.

(સત્સંગી જીવન ઉપરથી)

ઉત્તરમાં કોશલદેશમાં અયોધ્યા નામનું નગર છે ત્યાંથી આઠ કોસ ઉપર છપૈયા નામનું ગામ છે તે નારાયણ મુનિની જન્મભૂમિ છે. ત્યાં સરવરીયા જ્ઞાતિના હરિપ્રસાદ નામના ઉત્તમ બ્રાહ્મણ રહેતા હતા. તે સૂર્યવંશીય રાજાઓના કુળે પુજવા યોગ્ય છે. પંડિત તેમની અટક હતી. તે અતિ ડાહ્યા, ધર્મવડે કીર્તિવાળા અને ઉદાર બુદ્ધિવાળા હતા. વળી તે સાવર્ણી ગોત્રી હતા, ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ એ ત્રણ પ્રવર હતાં. તેમનો વેદ સામવેદ હતો, કૌથમી શાખા હતી, ને તેમના પુત્ર નારાયણ મુનિ હતા. તેમને નિલકંઠ નામથીલોકો બોલાવતા હતા. બાળપણામાં દરરોજ સત્ પુરૂષોનો સમાગમ કરતા હતા અને અસત્ પુરૂષોના સંગમાં કદી પણ રહેતા નહિ. બાલકો સાથે રમત કરવામાં તેમને અરૂચી હતી. આઠમે વર્ષે તેમને ઉપવિત્ દેવામાં આવી હતી. બાળપણેથીજ બ્રહ્મચર્યવ્રત પ્રીતિથી પાળતા હતા. વળી પ્રાચીનકાળના સંસ્કારથી તથા મોટાઓની કૃપાથી તેમના હૃદયમાં નિર્મળ એવી કૃષ્ણની ભક્તિ સહેજ રહેતી હતી. તેમને શ્રીમદ્ ભાગવત્ વગેરે પુરાણો સાંભળતાં સાક્ષાત્ શ્રીકૃષ્ણના દર્શન કરવાની ઇચ્છા તેમના

હૃદયમાં થઇ અને તેથી ઘરમાં અરૂચી થઇ. પછી તીવ્ર વૈરાગ્યને લીધે ઘર તથા સગાઓ છોડી જંગલમાં ફરવા લાગ્યા. પૃથ્વીપર શ્રી મુક્તનાથ વગેરે પુણ્યક્ષેત્રોમાં શ્રીકૃષ્ણના દર્શનને અને ગુરૂને શોધતા એકલાજ ફર્યા. પૃથ્વી ઉપર જે કોઇ મોટા પ્રતિષ્ઠિત સિદ્ધ ગુરૂપણાથી પ્રખ્યાત હતા તેમની પાસે જઇને વિનયથી એવો પ્રશ્ન પુછતા કે મને જે વડે સાક્ષાત્ શ્રીકૃષ્ણનું દર્શન થાય એવો ઉપાય બતાવો ? મારો એવો પ્રશ્ન સાંભળી કેટલાક તો મૌનજ રહ્યા અને કેટલાક ક્રોધથી અપમાન કરવા લાગ્યા. તેનો ઉત્તર કોઇ પાસે નહિ મળવાથી એક કૃષ્ણનીજ સેવાનું ચિંતવન કરતા ઘણા તીર્થોમાં ફર્યા. પછી સૌરાષ્ટ્રમાં રૈવતક (ગિરનાર) પર્વત પાસે આવ્યા. ગિરનારની તળેટીમાં પિપલાણું નામે ગામ હતું ત્યાં રામાનંદ સ્વામીના વૈષ્ણવોના ગુરૂને જોયા તે વખતે વિક્રમ સંવત ૧૮૫૬ જ્યેષ્ટ વદી ૧૨ નો દિવસ હતો. તેઓના દર્શન કરી પેલાના જેવો જ પ્રશ્ન પુછયો એટલે તેઓ અતિ પ્રસન્ન થઇ મધુર વચનો બોલ્યા. તમે હાલ આંહી બેસીને, સ્થિર આસન કરી શ્રી રાધિકા કૃષ્ણનો અષ્ટાક્ષર મંત્રનો જાપ કરો ! એટલે સમાધિ વડે તત્કાળ સાક્ષાત્ પરમેશ્વરના દર્શન થશે, તેમના કહેવા પ્રમાણે તેઓશ્રીને એમ કરતાં સાક્ષાત્ દર્શન થયાં અને તેજમાં વૃન્દાવનમાં વિહાર કરનારા શ્રીકૃષ્ણે મને કહ્યું કે રામાનંદ નામના જે વૈષ્ણવોના અગ્રેસર અત્રે છે તે એકાંતિક એવા ભક્તને ઉદ્ધવજી તરીકે તમે માનો કેમકે હું તેમને વશ હોવાથી મારૂં દર્શન થયું છે તે મારી ઇચ્છાથી લોકના અનુગ્રહ માટે પ્રગટ થયા છે. તેમની સેવા કરવાથી પૂર્ણ કામ થશો એમાં શંસય નથી અને બીજા જેઓ તેમની સેવા કરશે તેઓને પણ સંસારમાંથી મોક્ષ મળશે. તેમના ભારે મહાત્મ્યને નહીં જાણનાર એવા જે પાપી લોકો તેમના માર્ગનો આશ્રય કરશે તે સ્ત્રીઓ તેમજ પુરૂષોને દેહના અંતે પાપનો ક્ષય કરાવીને પોતાના દર્શન આપીને ધામમાં લઇ જશે માટે તમે પણ પ્રીતિથી તેમનો આશ્રય કરીને સુખી થાઓ એ પ્રમાણેનું શ્રીકૃષ્ણ ભગવાનનું વચન સાંભળીને નારા-

થણુ મુનિ અતિ હર્ષિત થયા. પછી સમાધિમાંથી ઉઠી રામાનંદ સ્વામીના શિષ્ય થયા તે વખતે તેમનું નામ સહજાનંદ પાડયું. રામાનંદ સ્વામીના ધામમાં ગયા પછી અનેક ભક્તોને અલૌકિક પરચા આપી પોતે ઉદ્ધવ સંપ્રદાય સ્થાપ્યો.

વરા વખતે દુશ્મનને કાર્ય સોંપવું જોઇએ !

જ્યારે પાંડવોએ યજ્ઞ કર્યો ત્યારે બ્રાહ્મણોને દક્ષિણા કોના હાથે અપાવવી તે વિષે શ્રીકૃષ્ણ ભગવાનને પુછતાં તેમણે પાંડવોની કીર્તિ થવા માટે દુર્યોધનના હાથે દક્ષિણા આપવાનું ઠરાવ્યું. કારણકે શ્રીકૃષ્ણ ભગવાન પોતાના મનમાં સમજતા હતા કે દુર્યોધનના હાથમાં પદ્મ છે તેથી તે ગમે તેટલું દ્રવ્ય ઉડાડશે તો પણ તેના હાથે કદી ખુટશેજ નહિ, અને પાંડવોનો જય જયકાર થશે. આ હકીકત શ્રીકૃષ્ણ ભગવાનના વિના બીજા કોઇ જાણતા નહોતા તેથી તેઓના મનમાં એમ આવ્યું કે, શ્રીકૃષ્ણે પાંડવોની અપકીર્તિ કરાવવા માટે દુર્યોધનને આગેવાન કર્યો છે પણ તેનું ખરૂં રહસ્ય શ્રીકૃષ્ણ ભગવાન વિના બીજો કોણ જાણી શકે ?

ફુલછાબ એકવીસમી.

આત્મજ્ઞાન વિના આનંદ નથી.

એક મોટા શહેરમાં શ્રીમાન મનુષ્ય રહેતો હતો. તેનો વૈભવ દેવતાના બરોબર હતો, પણ તે શ્રીમાન ઘણો વિચારશીલ હતો તેથી પોતાની સર્વે મુડી પોતાના હાથમાં રાખી છોકરાઓને ફક્ત ભરણ પોષણ માટે માસિક ખર્ચ આપતો હતો ને પોતાની રોકડ મુડીનો ઉપયોગ તે જમીનમાં દાટીને કરતો હતો. થોડા વખત બાદ તેનું મૃત્યુ થયું. તેના છોકરાઓને બાપની મુડીની ખબર નહિ હોવાથી

ઘરનો પરચુરણ સરસામાન વેચવા લાગ્યા તેટલામાં તેના પિતાશ્રીનો એક સ્નેહી તેને મળવાને માટે આવ્યો તે વખતે છોકરાઓની સ્થિતિ અતિશે દુર્બળ જોઇ કહેવા લાગ્યો કે તમારા પિતાશ્રીનો વૈભવ તમે શા માટે કાઢી નાંખો છો ? ત્યારે છોકરાઓએ કહ્યું કે અમારી પાસે ધન નથી તેમ અમારા પિતાશ્રીએ પોતાનું કાંઇ પણ દ્રવ્ય અમોને સ્વાધીન કરેલું નથી; તેથી અમારો વ્યવહાર અમો શી રીતે ચલાવીએ ? પછી પેલા સજ્જન સ્નેહીએ તેને દીલાસો આપી કહ્યું કે તમારા પિતાશ્રી એક મોટા શ્રીમાન હતા એટલું જ નહિ પણ તેઓ બુદ્ધિવાળા હતા. તેમણે તમારા સંરક્ષણ માટે પોતાની મુડી કયે સ્થાનકે મુકી છે તે હું તમને બતાવું છું. એમ કહી તેણે મુડીના સ્થાન તે જ ઘરમાં બતાવ્યાં. તે જોઇ છોકરાઓ આનંદીત થયા ને પોતાનો વૈભવ હતો તેથી વિશેષ વધારવા લાગ્યા. તે જ પ્રમાણે આ સાધારણ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું કે આત્મજ્ઞાન જ્યાંસુધી આપણને થયું નથી ત્યાંસુધી આપણે ગરીબ છીએ અને જ્યારે સદ્ગુરૂના પ્રતાપે આત્મજ્ઞાનની ઓળખાણ થાય ત્યારે આપણા આનંદનો પાર રહેતો નથી.

નશિબમાં હોય તો ઘેર બેઠાં મળે.

એક નીતિમાન મનુષ્ય રસ્તે ચાલ્યો જતો હતો તે વખતે શરતચુકથી તેને એક મોટા પથ્થરની ઠેસ વાગી તેથી તેના અંગુઠામાં લોહી નિકળ્યું, પણ ઠેસ જોરથી વાગવાથી જમીનમાંથી પથ્થર બહાર નિકળી આવ્યો ને ખાડામાં જુએ છે તો તેને સંખ્યાબંધ સોનામહોરો દેખાણી પણ આ પુરૂષ સત્યવાન હતો તેથી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે આ દ્રવ્ય આપણી માલિકીનું નથી તે કેમ લેવાય ? એમ ધારી પોતાના ઘેર ગયો ને પોતાની સ્ત્રી પાસે રાત્રિના વખતે વાત કરવા લાગ્યો. તે વખતે ચોર લોકો તેના ઘરમાં ખાતર પાડવા વાસ્તે આવેલા હતા તેણે આ સોનામોહોરોની વાત સાંભળી તેથી ખાતર નહિ પાડતાં સોનામોહોરોની જગ્યાએ તાત્કાળીક જઇ જોવા લાગ્યા તો તેને એક ચરૂમાં વીંછીઓ દેખાણા. આ જોઈ ચોરના

મનમાં એમ આવ્યું કે જે મનુષ્યે આપણને છેતર્યા તેને યોગ્ય શિક્ષા કરવી જોઇએ! એમ વિચાર કરી તે વીંછીનો ચરૂ જમીનમાંથી કાઢી તે ચરૂ પેલા શાહુકારના ઘર ઉપર ચડી છાપરૂં ફાડી અંદર વીંછીની ભાવનાથી સોનામોહોરો નાખી; પણ જેના નશિબમાં હોય તેને અનાયાસે વગર પુરૂષાર્થે મળે છે તે પ્રમાણે એ વીંછીની સોનામોહોરો થઇને શાહુકારના ઘરમાં પડી. આ પ્રમાણે જેના નશિબનું હોય તેને પ્રભુ-કૃપાથી વગર પુરૂષાર્થે અનાયાસે મળી જાય છે માટે તગદીર આગળ તદબીર કેટલેક વખતે કામ આવતી નથી. એ નિઃસંદેહ છે.

સરસ્વત્તિ ને શંકરાચાર્ય.

જ્યારે શંકરાચાર્યે મંડનમિશ્રને સંન્યાસ આપવાની ઇચ્છા કરી તે વખતે તેની પત્ની સરસ્વતિએ શંકરને કહ્યું કે સ્ત્રી એ પુરૂષની અર્ધાંગના ગણાય છે માટે જ્યાંસુધી તમોએ મારો પરાજય નથી કર્યો ત્યાંસુધી મારા પતિનો પરાજય નથી કર્યો ત્યાંસુધી મારા પતિનો પુરો પરાજય કર્યો એમ ન ગણાય. માટે તમે મારી સાથે શાસ્ત્રાર્થ કરો. તમે કહેશો કે સ્ત્રીની સાથે શાસ્ત્રાર્થ કરાય નહિ તો આપ જ્ઞાની છો. પૂર્વે જ્ઞાની યાજ્ઞવલ્કયે ગાર્ગીની સાથે અને જ્ઞાની જનક રાજાએ સુલભાની સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો માટે આપે પણ કરવો જોઇએ. સરસ્વતિના આગ્રહથી શંકરાચાર્યે તે સ્વીકાર્યું અને શાસ્ત્રાર્થનો પ્રારંભ થયો. કેટલાક દિવસ સુધી શાસ્ત્રાર્થ ચાલ્યા પછી સરસ્વતિએ વિચાર કર્યો કે શંકર જીતાય તેમ તો નથી પણ તે બાળસંન્યાસી છે માટે કામશાસ્ત્ર જાણતા નહિ હોય એવા વિચારથી સરસ્વતિએ કામશાસ્ત્ર સંબંધી પ્રશ્ન પૂછ્યા. શંકરે એ પ્રશ્નનો ઉત્તર આપવા માટે એક મહીનાની મુદત માગી.

ત્યારપછી તે સમયમાં જ અમરક રાજા મરણ પામ્યો હતો તે વાતની શંકરાચાર્યને ખબર પડવાથી પોતે તે રાજાના મૃતશરીરમાં પ્રવેશ કર્યો એટલે એ રાજા જીવતો થયો પછી તેની રાણીઓની સાથે કામક્રીડા કરી કામશાસ્ત્રનો અનુભવ લેવા ધાર્યો અને શંકરે પોતાના દેહને એક પર્વતની ગુફામાં રાખ્યો ને તે દેહ સાચવવા માટે

પોતાના શિષ્યોને ત્યાં રાખ્યા. અહીં રાજા જીવતો થયો તેથી રાણીઓ, પ્રધાનો સૌ ખુશી થયા. શંકરાચાર્યે રાજાના શરીરમાં પેસી રાજ્ય ચલાવવા માંડયું. દેશકાળ સારા થયા. રાજા પણ પ્રથમના કરતાં દીવ્ય તેજસ્વી દેખાવા લાગ્યો. કેટલાક દિવસ પછી રાણીએ રાજા જીવતો થયા કેડે તેનામાં ઘણું એશ્વર્ય જોઇ વિચાર કર્યો કે આ કોઇ યોગીએ રાજાના શરીરમાં પ્રવેશ કર્યો છે એમ જણાય છે માટે તે યોગી દેહને છોડીને જતા ન રહે એવો ઉપાય કરવો પછી દેશમાં જ્યાં મરેલું મુડદું પડયું હોય તેને બાળી દેવરાવવાની રાણીએ આજ્ઞા આપી. એટલે નોકરો એવી રીતે કરવા લાગ્યા રાજાના શરીરમાં રહી શંકરાચાર્યે કામશાસ્ત્ર પ્રમાણે કામ કળાનો અનુભવ મેળવ્યો અને પોતે તે જ શરીરમાં રહીને વાતસાયન સુત્રના આધારથી પોતાના અનુભવ પ્રમાણે કામશાસ્ત્ર સંબંધી નવિન વિષયથી ભરપુર એક ગ્રંથ બનાવ્યો. રાજા તરફથી મુડદાંને શોધી શોધીને બાળી દેવરાવે છે આવા સમાચાર શંકરાચાર્યના શિષ્યોને મળવાથી શિષ્યોએ શંકરાચાર્યની શોધ કરી. મહીનો પુરો થવા આવ્યો હતો શિષ્યો અમરક રાજાના દરબારમાં ગયા અને તુરત રાજાના દેહમાંથી નીકળીને પોતાના શરીરમાં આવ્યા પણ અહીં તો રાજાના પ્રધાનોની આજ્ઞાથી શંકરાચાર્યનો દેહ બાળવા સારૂ ચિતામાં મુકેલો હતો તે વખતે જ શંકરાચાર્ય તે દેહમાં પ્રવેશ કરીને નૃસિંહજી ભગવાનની સ્તુતિ કરી એટલે બળતો અગ્નિ પણ શાન્ત પડચો. ચિતામાંથી ઉઠીને મંડનમિશ્રને ઘેર આવ્યા અને સરસ્વતિની સાથે શાસ્ત્રાર્થ કરવાનું શરૂ કર્યું એટલે સરસ્વતિ બોલ્યા કે આપતો કોઈ સમર્થ મહાત્મા છો ને મેં તો મનુષ્ય ધર્મને અનુસરીને મુદ્દત આપી હતી અને હવે હું જાઉં છું. એ સાંભળીને શંકરે સરસ્વતિની સ્તુતિ કરી અને તેમને રૂષ્યસંગ નામે સ્થાનમાં શારદા નામથી રહેવાનું કહ્યું સરસ્વતિએ એ વાતની હા પાડી અને બ્રહ્માના પરમ ધામમાં ગયાં.

કુલછાબ બાવીશમી.

બ્રહ્મ રાક્ષસનો મોક્ષ.

કાંચી નગરીના રાજાની પુત્રીને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો. તેને ટાળવાને રાજાએ ઘણા ઘણા ઉપાયો કર્યા પણ કાંઇ વળ્યું નહિ. છેવટે યાદવપ્રકાશને બોલાવ્યા. તેમણે ઘણા મંત્રનો પ્રયોગ કરવા માંડયો પણ બ્રહ્મરાક્ષસે તે સર્વને હસી કાઢ્યું ને કહ્યું કે તું વૃથા પાંડિત્યનો આડંબર કરે છે પણ તું પૂર્વ જન્મમાં કોણ હતો તે જાણે છે? અને હું તો પૂર્વ જન્મમાં બ્રાહ્મણ હતો તે ક્રિયા ભ્રષ્ટ થવાથી બ્રહ્મરાક્ષસ થયો છું, પણ તું તો પૂર્વ જન્મમાં ઘો હતો. તળાવમાં લોકો જમીને પતરાવળાં નાંખતા હતા તે ચાટી તારો નિર્વાહ ચલાવતો હતો. કોઈ વખતે ભગવાનના ભક્ત વૈષ્ણવ જનોએ પ્રસાદ જમી પતરાવળાં નાંખ્યાં હતાં તે પ્રસાદી અન્નના દાણા તારા ખાવામાં આવ્યા હતા તેથી હાલ બ્રાહ્મણનો દેહ તને મળ્યો છે, પણ તારો જીવ તમો યોનીના તામસ સ્વભાવવાળો છે. પછી સૌથી છેલ્લા નિર્માની થઇ રામાનુજ બેઠા હતા તેમના સામી બ્રહ્મરાક્ષસે દૃષ્ટિ કરીને કહ્યું કે રાજાની પુત્રીને પીડાથી મુક્ત કરવી હોય તો પેલા શેષાવતાર ભાગવત્ જનનું પાદોદક મને આપો અને એથી મારો મોક્ષ થશે. રાજાએ તે પ્રમાણે કર્યું અને રાજપુત્રી સર્વ દુઃખથી મુક્ત થઇ.

ગઢપુરમાં ગોપી નાથજીનો પાટોત્સવ.

સંવત ૧૯૮૪ ના આસુ શુદી ૧૨ ના દિવસે ગઢપુરમાં ગોપીનાથ મહારાજનો પાટોત્સવનો મહાન ઉત્સવ હતો તે વખતે સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો તેનો અલભ્ય લાભ લેવાને માટે ઉત્સાહથી ગયા હતા. એ વખતે લાખો મનુષ્યો રેલ્વે રસ્તે સ્પેશિયલ ટ્રેનોમાં જતા હતા તે વખતે ગઢપુરમાં મોટો યજ્ઞ થયો હતો. તે સમયે લાખો મનુષ્યનું સ્વાગત પ્રેમથી કરવામાં આવ્યું હતું. જ્યાં પાણીનું

પુરૂં ન થાય એવા વખતે ઘી, ખાંડ અને બીજી અમુલ્ય વસ્તુઓની રેલમછેલ ચાલી રહી હતી. બન્ને દેશના ધર્મધુરંધર આચાર્ય મહા-રાજ પણ દર્શન દેવા પધારેલા હતા. ગોપીનાથ મહારાજનો અભિષેક જે વખતે શરૂ થયો તે વખતનો દેખાવ અલૌકિક હતો. દર્શનમાં લાખો માણસો દેખાતાં હતાં એટલું નહિ પણ દેવતાઓ પણ અંતરીક્ષ વિમાનો લઈ આવેલા હતા. યજ્ઞમાં હજારોમણ ઘી હોમાયું હતું અને માણસોને જમવા, સુવા, બેસવાની ઉત્તમ પ્રકારની યોજના મંદીર તરફથી કરવામાં આવી હતી. એ પ્રસંગે સુરત, મુંબઇ, ખંભાત ને પેટલાદના સ્વયંસેવકોએ હરિભક્તોની ભારે સેવા બજાવી હતી. આવો મહાન સમૈયો અત્યાર સુધી કોઈ પણ સ્થળે થયો નહોતો પણ પ્રભુની કૃપાથી તે દિવ્ય પ્રસંગ અલૌકિક રીતે ઉજવાયો હતો.

ઇન્દ્રિઓને છુટી મુકવાથી દુઃખ થાય છે.

માયા છે તે અંધકારરૂપ છે. તેના પ્રસંગથી જીવ આંધળા થયા છે અને ઇંદ્રિયો અંતઃકરણ એ લુંટારા છે. તેનું કહેલું કરો તો દુઃખ થાય છે. જેમ પાડાને ચાર ખવરાવીને પુષ્ટ કરી ખાટલાને પાયે બાંધીને જો કોઇ સુવે તો ઉંઘ કયાંથી આવે ! ને સુખ પણ આવે નહિ તે જ પ્રમાણે ઇન્દ્રિઓ ને અંતઃકરણને મોકળા મુકે તો અવશ્ય મોક્ષના દ્વારમાંથી પાડી નાંખે છે. તેને હમેશાં નિયમમાં રાખવાથી સુખ થાય છે.

આઠ પ્રકારનું બ્રહ્મચર્યવૃત.

યાજ્ઞવલ્કય મુનિએ આઠ પ્રકારનું બ્રહ્મચર્ય વૃત બતાવ્યું છે.

(૧) કોઇ પણ સ્રીનું કોઇ પણ અવસ્થામાં સ્મરણ ન કરવું.

(૨) સ્રીના રૂપગુણનું વર્ણન તથા સ્રી સંબંધી ચર્ચા ન કરવી.

(૩) સ્રીઓની સાથે શેતરંજ–ચોપાટ ન ખેલવી.

(૪) સ્રીને બુરી દૃષ્ટિથી ન દેખવી.

(૫) સ્રીની સાથે એકાંતમાં વાતો ન કરવી.

(૬) સ્રીને પ્રાપ્ત કરવા સંકલ્પ ન કરવો.

(૭) સ્ત્રીની પ્રાપ્તિ માટે પ્રયત્ન ન કરવો.
(૮) સ્ત્રી સાથે પ્રત્યક્ષ સહવાસ ન કરવો.

સાધુઓને વૈરાગ્ય કેવો જોઇએ ?

અમે રે જડભરતી જોગીયા, ઇચ્છું નહિ વૈભોગજી;
જગત પદારથ જીવને, રૂચે નહિ જેમ રોગજી—અમે૦
જુનાપનાં પટ પેરશું. નહિ ઇચ્છું નવીનજી;
શીત ઉષ્ણ શિર સહીશું, રાખી કંથા કોપીનજી—અમે૦
ખટરસ ખાવા નહિ ખોળીએ, જમશું જે મળશે અન્નજી;
નિર્માને દિન નિર્ગમશું, રહેશું મને મગનજી—અમે૦
પ્રીત સહુ શું પરહરી, કરશું કૃષ્ણ ભજનજી;
મો'રે અમારા મનમાં, મૃગે કર્યું'તું વિઘનજી—અમે૦
હર્ષ શોક હાણ વૃદ્ધને, સહશું સુખદુઃખ તનજી;
નિષ્કુળાનંદ કે નહિ દઇએ, નિજ કુળને લાંછનજી—અમે૦

મોક્ષનો માર્ગ.

મોટા સંતો મોક્ષના માર્ગને અસ્ત્રાની ધાર ઉપર ચાલવા જેવો દુર્ગમ કહે છે. સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામીએ બે વહાણના દૃષ્ટાંતથી મોક્ષ-માર્ગમાં પ્રગતિશીલ થવાનો ઉપદેશ આપેલો છે. બે વહાણ ચાલતાં હોય તેમાં એકનું સુકાન વારંવાર ફેરવાતું હોય તો થોડાક સમયમાં તેમને બહુ છેટું પડી જાય છે. **मयानुकूलेन नभस्वतेरितं** એ ભગવદ્ વાક્યથી પણ ભગવાન રૂપ પવન અનુકુળ થાય તેમ મનુષ્ય શરીરરૂપ વહાણનું સુકાન ફેરવતા રહેવાનું સુચવાએલું છે. જે પ્રાણીને પરમાત્માને મળવા ઉગ્ર ઇચ્છા છે તેને મોક્ષ માર્ગે ચાલી હમેશાં ઇંદ્રિઓનો નિગ્રહ કરી જગતના પંચ વિષયથી દુર રહેવું જોઇએ ! કેમકે પ્રવૃત્તિ વિના પ્રગતિ થઈ શકતી નથી.

જીવનની ગુપ્ત ચાવી.

મનુષ્ય માત્રના હૃદય અનુકંપાને માટે પોકારી રહ્યાં છે જેવી

રીતે હરણ પાણીના ઝરણા માટે તલપે છે તેવી રીતે આત્મા અનુકંપાને માટે તૃષાતુર રહે છે. ઉંચ અને નીચ, પૈસાદારને ગરીબ, યુવાન તેમજ વૃદ્ધ તેની ઈચ્છા કરે છે. તે જીવનની ગુપ્ત ચાવી છે, એટલા જ માટે નહિ પરન્તુ તેના સ્વભાવથી જ તેઓ તેને માટે ભૂખ્યા છે. ગરીબ ભીખારી પૈસાદાર માણસ પાસે અન્નની ભીક્ષા માગે છે. પરન્તુ અંદરથી તો તે દાતારના સાનુકંપ સ્મીતથી જ વધારે રાજી થાય છે. દ્રવ્યનો અખુટ ભંડાર અનુકંપાના અણુની તોલે આવતો નથી. ગર્વીષ્ટ માણુસ પણ કુતરાની હેતભરી પુછડી હાલવાથી રાજી થાય છે. અનુકંપા વિના જીવન પણ અશકય છે, અનુકંપા વિના ઉદ્યોગ-ગૃહમાં ગરીબ માણુસને રોજી માટે રોકવા એ તેમને બીજા મનુષ્યોના સહવાસથી અલગ અંધારી ખોલીમાં કેદ રાખવા સમાન છે.

કાનની સાંભળવાની શક્તિ અને આંખની જોવાની શક્તિ ભલે જતી રહે પરન્તુ અનુકંપા વિના ચાલી શકશે નહિ. અનુકંપા સિવાયની બીજી કોઇ પણ વસ્તુ જતી રહે તેની ચિંતા નથી. અનુકંપા વિનાનું જીવન વ્યર્થ જ છે. પરવશ થએલો મનુષ્ય પણ અનુકંપાનો સ્પર્શ થતાં પોતાનું ઢળી પડેલું શિર ઉંચું કરીને આનંદ કરશે. અનુકંપા સ્નેહની પાંખોને એવો વેગ આપે છે કે તે સ્વર્ગના દ્વાર સુધી પહોંચી જાય છે. નિરાશ થએલા માટે તે રામબાણ ઉપાય છે, લોભીનું અમૃત છે અને બધાને બંધુભાવની લાગણીથી એક કરે છે.

સદ્‌ગુરૂ સદાનંદ.

ઉદ્ધવી સંપ્રદાયમાં અનેક મહાન સદ્‌ગુરૂઓ થઇ ગયા છે. અને હાલ પણ છે તેમાં સદાનંદ સ્વામી મહાન તપની મુર્તી જેવા હતા. તેમણે કામ, ક્રોધ, માન ઈત્યાદિ મહાન દોષો જડમુળથી બાળી નાંખ્યા હતા એટલું જ નહિ પણ દેહધારી છતાં પોતે વિદેહ અવસ્થામાં વિચરતા હતા તેના વિષે કહેવાય છે કે "નાખે અદાવત ને દીયે ગાળુ તેને ભક્ત સમજે દયાળુ" એવા તે નિર્વિકારીને નિર્માની હતા. એક વખત તેને કોઇએ વિના કારણે લાકડીથી માર્યા તે વખતે પોતે

પોતાના શરીર ઉપર જે માર પડેલો તે તરફ દૃષ્ટિ નહિ કરતાં દુષ્ટની લાકડી માર મારતાં ભાગી ગઈ તેનો પશ્ચાતાપ કરવા લાગ્યા કે બોલ્યા કે " ગુરૂભાઇકી લકડી ભાંગ ગઇ તે બહોત બુરા હુવા " આ પ્રમાણે કહેવા લાગ્યા. ધન્ય છે ! તેમની ધીરજને ! કોઇ દિવસ રીશ તો સ્વપ્નામાંય હતી નહિ. આવા મહાન સદ્‌ગુરૂના જીવનવૃત્તાંતો આપણને ધડો લેવાને માટે બહુ જ ઉપયોગી થઈ પડે છે.

બે કાઠીઓની કૃતી.

એક મહાત્મા પાસે બે કાઠીઓ બેઠા હતા તેમાં એકનો અંગુઠો બેસતાં દબાઇ ગયો હતો ત્યારે સામસામા આંખો કાઢીને બોલ્યા જે, " મેં ખસું ! તું ખસું નહિ ! વારે વારે મેં ખસું ! " એમ મોઢેથી બોલે પણ ખસે નહિ. આ વાદવિવાદ ઘણો વખત ચાલવાથી મહાત્માની દૃષ્ટિ તે કાઠીઓ ઉપર પડી, એટલે તેઓને જરા આઘા ખસેડી તેઓની ખોટી ભુલો સુધારવા તેઓને સુબોધ આપ્યો હતો. આધુનિક સમયમાં પણ કેટલેક સ્થળે મિથ્યાભિમાનને લીધે કેટલાક અજ્ઞાની માણસો પોતાની ભુલ હોવા છતાં દર્પ રાખી અન્યના સામે ખોટો વિરોધ ઉભો કરી પોતે વિના પ્રયોજને હેરાન થાય છે. માટે ખોટી હઠ રાખવાથી શ્રીહરી કદી પણ પ્રસન્ન થતા નથી એ આપણે ભુલવું જોઇતું નથી.

માન કેવું છે ?

" સાપતુલ્ય સન્માન, પુરણ પાપ તુલ્ય માન " સન્માન થાય તો ખરા સાધુ પુરૂષો કાળો નાગ વળગ્યો એમ માને છે, કારણકે માનને તેઓ પુરણપાપ સમજે છે, સાધુ થયા પછી ઘણી રીદ્ધિસીદ્ધિ આવીને મળે, પણ તેને ગ્રહણ કરવાથી સાધુતા ટકી શકતી નથી અને ભગવાન ભુલાય છે. મહાન ભક્તરાજ તુલસીદાસજીએ કહ્યું છે કે, " કનક ને કાન્તા વખતે મહાન પુરૂષથી તજી શકાય પણ માન તજવું બહુ દુઃખરૂપ છે.

વિવેકી વચનો.

માયાળુ શબ્દોને વાતાવરણમાં ઉડવા દો, તેની અસર કેટલે

પ્હોંચશે એની કોઇને માહેતી નથી.

*   *   *   *

બીજાને માટે બહુ જ લાગણી થાય, પોતાની જાતને વિસરી જવાય, સ્વાર્થને અંકુશમાં રખાય ને ઉંચ સ્નેહમાં મગ્ન થવાય, ત્યારે જ માનવજીવન સંપૂર્ણ બને છે. "એડમ સ્મીથ"

*   *   *   *

હેંની એસટન કહે છે કે,-બીજાની આંખમાંથી વહેતાં અશ્રુ લુંછવાનો પ્રયત્ન કરવો એજ ખરી કીર્ત્તિ છે.

*   *   *   *

દુનીયામાં વસ્તુઓના દાનરૂપે દયા ઘણી બતાવાય છે પરન્તુ વિચાર અને વાણીરૂપે થોડી જ દયા બતાવવામાં આવે છે. "પી. સીડની"

*   *   *   *

ફુલછાબ તેવીસમી.

ઝવેરી વિના હીરાની પરીક્ષા થઇ શકતી નથી.

એક મુસાફર બદ્રીનાથની યાત્રાએ જતો હતો તેને રસ્તામાં તૃષા લાગવાથી આસપાસ એક નદી હતી તેના પાસે એક મોટો પથ્થર પડેલો હતો તેના ઉપર પગ મુકી તેણે પોતાની તૃષા શાન્ત કરી. તે વખતે પાસે ઉભેલો એક બીજો મનુષ્ય પણ પોતાને તૃષા લાગેલી હોવાથી તેણે પણ તે પથ્થર ઉપર પગ મુકી પાણી પીવાની તૈયારી કરી એટલામાં પથ્થરને વાચા થઈને બોલ્યો કે ? અલ્યા ? તું મ્હારા ઉંપર પગ મુકે છે તે જોતો નથી ! હું અમૂલ્ય મણી છું તેના ઉપર પગ મુકતાં લજવાતો નથી કે ? તરત નીચે જોઇ તે પુરૂષ કહેવા લાગ્યો. તમે મને ઠપકો આપો છો પણ મારા દેખતાં હમણાં જ એક મનુષ્ય તારા ઉપર પગ મુકી પાણી પીને ચાલ્યો ગયો

તેને તમે કાંઇ પણ નહિ કરતાં મને ઠપકો આપો છો તેનું શું કારણ? તે હું સમજી શકતો નથી.

મણિ કહે તે તો મહા મુર્ખ હતો. તેને મારી કદર નહોતી તેથી હું નહિ બોલ્યો. જો તેને હું આજ રીતે કહેતે તો તે તરત મને સામો પ્રશ્ન પુછત કે મણિ એટલે શું? તેને હું કહેત કે મણિ એટલે કીંમતી જવાહીર અથવા રત્ન. પછી તે પુછતે કે જવાહીર ને રત્ન તે શું? એવા બેકદર મુંઢની સાથે વાદવિવાદ કરવાથી ફાયદો શું? શું તેથી મહારી કદર થવાની હતી? તેથી હું નહિ બોલ્યો; પણ તું તો ઝવેરી છે અને મહારી કદર કરી શકે તેમ છે? માટે તને હું કહું છું તારામાં મહારી કદર કરવાની શક્તિને બુદ્ધિ છે માટે હું તને મહારી જાતની પીછાન કરાવું છું. ઝવેરી બુદ્ધિશાળી હતો એટલે તુરત બોલવાનો મર્મ સમજી ગયો અને પોતાને અનાયાસે પ્રભુ કૃપાથી આવો અમુલ્ય લાભ મળેલો જોઇ પોતાના મનમાં તુર્ત સમજી મણિ ઉપાડીને પોતાના સદન તરફ ચાલતો થયો અને પોતે શ્રીમાન બની ગયો. તે જ પ્રમાણે જેઓ જ્ઞાની છે તેઓ સારઅસાર સમજી આ નશ્વર જગતમાંથી પોતાનો મોક્ષ રૂપી સ્વાર્થ તુર્ત સાધી લેય છે અને જેઓ મુર્ખ છે તેઓ પાસે અઢાર પુરાણોનો ઉપદેશ પણ વૃથા છે કારણ કે કબુતરને સાચાં મોતીનો ચારો ઉપયોગનો નથી. તેને તો જુવારના દાણા જ ઉપયોગમાં આવે છે. અધિકારી વિના આત્મજ્ઞાન ફોગટ જાય છે એ નિર્વિવાદ છે.

ભયંકર ભુલ.

એક રાજાએ કોઇ એક મનુષ્યને નોકર રાખ્યો હતો તેની સાથે તેણે એવો ઠરાવ કરેલો હતો કે "તારે હમેશાં બાર વાગે મારી સલામે આવી જવું તે સિવાય તારે કાંઇ કામ કરવાનું નથી." પણ શરત એટલી કે કોઈ દિવસ તે ટાઇમ તું ચુકીશ તે દિવસે હું તને ફાંસીની શિક્ષા આપીશ! નોકરે તે ઠરાવ પ્રમાણે વર્તવાનું કબુલ રાખી નોકરીનો સ્વીકાર કર્યો. નિયમ પ્રમાણે તે નવો નોકર બરોબર બાર વાગે રાજાની સલામ કરી આવી આનંદથી પોતાના દિવસો

ગુજારવા લાગ્યો. એક દિવસે કાંઇ સંસારી કામ પ્રસંગે તેનાથી બરોબર ટાઇમે રાજાની સભામે જવાણું નહિ અને પંદર મિનિટ મોડું થયું. રાજાએ કહ્યું આજ હું તમને ફાંસીની શિક્ષા ફરમાવું છું કારણકે તમે ટાઇમસર હાજર થયા નથી. નોકરે પોતાની ભુલ કબુલ કરી ફાંસીની સજાનો સ્વીકાર કર્યો કારણકે રાજા સાથે પૂર્વે ઠરાવ કરેલો હતો.

આ તો દૃષ્ટાંત છે પણ તેના ઉપરથી સિદ્ધાંત એ કરવાનો છે કે આપણે આપણા નિત્યકર્મથી જો ચુકયા તો નર્કચોરાસીરૂપી ફાંસી આપણા વાસ્તે તૈયાર છે; માટે ભાઈ! સાવચેત થઇ આ સંસારમાં વર્તવાનું છે કારણકે અમર કોઈ રહ્યું નથી ને રહેવાનું પણ નથી. બે દિવસની મુસાફરીમાં આપણું અમુલ્ય કર્તવ્ય ભુલવું એ આપણી ખરેખર ભયંકર ભુલ છે.

સાધુતાનો પ્રતાપ.

કોઇ એક ભંગીના છોકરાએ કોઇ પ્રસંગે રાજાની કુંવરી જોતાં તેના ઉપર મોહ ઉત્પન્ન થયો અને તે દિવસથી તેની ચિન્તામાં તે ભંગીનો છોકરો બેચેન થતાં સુકાવા લાગ્યો. તેની માતુશ્રીને આ વાતની ખબર પડતાં તે પણ અત્યંત દુખી થવા લાગી. તે રોજ રાજાના બંગલે મેલુ કાઢી જવા આવતી તેને રોજ અત્યંત ઉદાસ જોઇ એક દિવસ કુંવરીએ પુછવાથી પુત્રની સ્થિતિ વિષે કહ્યું. દયાને લીધે તે કુંવરીએ કહ્યું કે, જા તારા છોકરાને કહી દે જે કે, ગામ બહાર સાધુ બનીને બેસ એટલે તારી મનોઇચ્છા પાર પડશે. ડોસીએ તુરત ઘેર આવી પોતાના પુત્રને તે હકીકત કહી તે ઉપરથી તે ભંગીનો છોકરો સાધુતા ધારણ કરી ગામ બહાર એક આશ્રમ બાંધી બેઠો. થોડા દિવસ પછી ગામના લોકોને ખબર પડતાં તેના દર્શને લોકો આવવા લાગ્યાં. વાત એટલે સુધી જાહેર થઇ કે છેવટે આ સાધુના દર્શને રાજા તથાં પ્રધાન પણ આવ્યા ને તેના પગમાં પડયા. છેવટે કુંવરી એક વખતે એકલી દર્શન માટે જઇ બોલી કે, બસ કર! જેનું ધ્યાન ચિંતવન તને લાગી રહ્યું છે તે જ હું કુંવરી આવી છું.

પેલા સાધુએ આંખ મીચેલી હતી તે જરા ખોલી હાથ જોડી બોલ્યો કે હવે તને શું કરૂં ? નિચમાં નિચ કામ કરતો હું ભંગી સાધુતા ધારણ કરી બેસવાથી રાજા રાણી ને પ્રધાન જેવા મારે પાયે પડવા લાગ્યા એવો આ ઉચ્ચ સાધુતાનો પ્રતાપ મુકી પાછો શામાટે ગબડી પડું ! સાધુ જ બનીને ખરા પિતાને પામી અક્ષયપદ મેળવીશ. માટે હે માતા ! તું મારો સાચો ગુરૂ છે તારા પ્રતાપથી મને મોક્ષનો ખરો રસ્તો મળ્યો છે તેથી તને સવિનય પ્રણામ સાથે હાથ જોડી દંડવૃત કરૂં છું કે મારો મલીન વાસનાનો અપરાધ તું ક્ષમા કરજે. હવે મને જગતની તેમજ પંચ વિષયની પરવા નથી ઉત્તમ વસ્તુનો હવે હું અધિકારી થયો છું. પરમાત્મા શ્રીહરી તારૂં કલ્યાણ કરો ! ખરેખર સાધુતાનો પ્રતાપ મહા અલૌકિક છે. તે જેને પ્રાપ્ત થઇ તેના પુણ્યનો પાર રહેતો નથી.

શિયાળ વાઘ થાય નહિ !

એક શિયાળના બચ્ચાએ પોતાની મા પાસે વાઘ થવાને માટે હઠ પકડી. માતુએ તેને ઘણા પ્રકારની સમજુતી આપી પણ તે એકનું બે થયું નહિ ! છેવટે તેની માતુશ્રીએ એક રંગરેજની દુકાન પાસે એક રંગની કુંડી ભરેલી હતી તેમાં પોતાના બચ્ચાને રંગી વાઘ બનાવ્યું. બચ્ચું અજ્ઞાન હતું તેથી તેને વાઘ બનવામાં નફોટોટો શું છે તેનું જ્ઞાન નહોતું. એક વખતે તે જંગલમાં એકલું ફરતું હતું ત્યાં વાઘનું બચ્ચું ધારી એક રાજાએ તેને ગોળીબહાર કરી મારી નાખ્યું. છેવટે રાજાને ખાત્રી થઇ કે આ તો વાઘ નથી પણ શિયાળનું બચ્ચું છે ! આવી રીતે હિંમત વિના વાઘ બનવાથી પોતાના પ્રાણનો નાશ થયો માટે ગજા ઉપરાંત બાથ ભીડવી નહિ ! જેઓ પોતાની શક્તિ નહિ છતાં બીજાની ચાલે ચાલવા જાય છે તેઓ પોતાની ચાલ પણ ભુલી જાય છે એટલું નહિ પણ તેને ઉલટું જીવનું જોખમ થાય છે.

ફુલછાબ ચોવીસમી.

અનાદિ મુક્તના વચનો.

(૧) અગિયારે ઇંદ્રિયોદ્વારે ભગવાનનો રસ લેવો.

(૨) દ્રવ્યનો વિષ્ટાની પેઠે ત્યાગ કરવો. વિષ્ટાનો સંગ્રહ થાતો નથી અને તેથી દ્રવ્યને અતિ ભુંડું જાણીને ત્યાગ કરજો.

(૩) સાધુએ દ્રવ્ય અને સ્ત્રીની અંતરમાંથી ઉલટી કરી નાંખવી.

(૪) ચૌદ બ્રહ્માંડના વિષય સુખને રાખના પડીકાં જેવાં સમજવાં.

(૫) તુચ્છ જેવો જીવ હોય પણ તે જો ભગવાનના ચરણાર્વિન્દમાં નિર્વિકલ્પ સ્થિતિએ કરીને રહ્યો હોય તેને દેશ, કાળ ને સંગાદિકે કરીને પરાભવ થતો નથી.

(૬) આ લોકનું નશ્વર સુખ સદાકાળ ટકતું નથી.

(૭) વિષયોને અંતઃકરણમાં પેસવા દેવાથી મોટું નુકસાન થાય છે.

(૮) આપણે આ લોકમાં શા માટે જન્મ ધર્યો છે ને શું ક્રિયા થાય છે તેનો હમેશાં સુતી વખતે વિચાર કરવો.

દેહનો નિરધાર નથી.

ઉપજાતીવૃત.

લાંબા વિચારો મનુષ્યો કરે છે,
તૃષ્ણા ઘણી અંતર તે ધરે છે;
તે જોઇને કાળ હાસ્ય કરે છે,
આવી અજાણ્યા જીવને ગ્રહે છે—૧.
જાણે બીજું કામ કરીશ કાલ,
જોતો નથી જે શીર કાળ ઝાળ;

મનોરથો સૌ મનમાં રહે છે,
આ દેહ છોડી રસ્તો લહે છે—૨.
પંખી તણો જેમ ભરાય ભેળો,
સુર્યાસ્ત કાળે સઉ થાય મેળો;
જુદાં જુદાં તે પછી ઉડી જાય,
એવો જ મેળો જનનો જણાય—૩
કાલે કર્યાનું શુભ જેહ કાજ,
તે તો ત્વરાથી કરવું જ આજ;
આ દેહ કેરો નહિ નિરધાર,
ન થાય પુરા મનના વિચાર—૪
ગયા બધા પાંડવ કૌરવોયે,
જો જાદવો શ્રેષ્ઠ રહ્યા ન કોય;
આપીંડ બ્રહ્માંડ વિનાશ થાય,
કોઇ ચીરંજીવી નહિ જણાય—૫
નહિ રહે સાગર સઇલિ કોય,
ધરાચળા છે અચળા ન હોય;
નહીં રહે સૂર્ય શશાંક તારા,
અંતે સઉ નાશ નકી થનારા—૬
સદા નજીવે સુર કે સુરેશ,
હયાત બ્રહ્મ ન રહે હમેશ,
ઘણું જીવ્યાના વરદાંન હોય.
તે જાય અંતે તન ત્યાગી તોય—૭

વિદ્યા એ કલ્પ વૃક્ષ છે.

માતા તુલ્ય સદાં સુપોષણ કરે, પાળે પિતાની પડે,
કાંતા તુલ્ય વિનોદ કારી વળી તેની આપદામાંહઠે;
વિસ્તારે જશ દ્રવ્યવાન સહુ દે સન્માન આપે ઘણું,
વિદ્યા છે શુભ કલ્પવૃક્ષ, સારા શા ગુણ તેના ગણું.

મુર્ખ વિષે

ઉપજાતી વૃત.

આ કામનો શો પરીણામ થાશે,
પૂર્વેથી તે કાંઈ નહી તપાસે;
દે છે ગમે ત્યાં દગ મીચી દોટો,
તે જાણવો જે જન મુર્ખ મોટો-૧
પોતા તણી શક્તિ નહિ વિચારે,
ખરચે ઘણું ફોગટ ફુલ મારે;
તોટો ઘણો લે જઇ લાભ છોટો,
તે જાણવો જે જન મુર્ખ મોટો-૨
વૈરી તણો જે વિશ્વાસ રાખે,
બેઠા તણી ડાળ વિદારી નાંખે;
વાળે બધી વાત વિષે જ ગોટો,
તે જાણવો જે જન મુર્ખ મોટો-૩
જ્યાં જીવીકા તો ન મળે જ લેશ,
જ્યાં આપના શત્રુ વસે વિશેષ;
તે વાસ છોડે નહિ જાણી ખોટો,
તે જાણવો જે જન મુર્ખ મોટો-૪

ફોગટ જન્મ કોનો કહેવાય!

જે માનવી જનમી જગે,
જગદીશને ભુલી ગયો;
જે ધર્મ નીતિ કુળના,
વ્યાપારથી ડુલી ગયો.
તે કદી જે ભુપતી,
શ્રીમાન કે શાણો થયો;
આજ છે કાલે નથી,
આવ્યો તે ન આવ્યો થયો.

સ્ત્રીની હઠીલાઈ વિષે.

વસંત તિલિકાવૃત.

જાણે ન ટાઢ તડકો, ગણે ન વૃષ્ટી.
જીવત્વ કોણ ગણતી ન ગણે જ સૃષ્ટી;
શું સુખદુઃખ કદી હાની હજાર થાય,
સ્ત્રી ધાર્યું કામ કરવા સહસા ચહાય.

વિષમ સમયમાં ધીરજ શાખવા વિષે.

માલીની વૃત.

સમજ સમજ નારી, ચિત્તમાંજો વિચારી,
વિલાપે વિલાપી રોયે, નોય પીડા જનારી;
ચતુરજન વિવેકી, ચિત્તમાંહી વિચારે,
વિષમ સમય જાણી, સુજ્ઞ તો ધૈર્ય ધારે—૧
સુખદુઃખ દુનિયામાં, સર્વને શિર આવે,
સ્થિતિ સરખી સદાતો, કોઇની ના રહાવે;
વધઘટ દિનમાંને, સૂર્ય જો માસ બારે,
વિષમ સમય જાણી, સુજ્ઞતો ધૈર્ય ધારે—૨
હીંમત તજી દીધાથી, દુઃખ ઝાઝુ જણાય,
દુઃખીત અધિક દેખી, શત્રુઓ રાજી થાય—૩
રઘુપતિ વનવાસે જઇ વસ્યા રાજ છોડી,
હરણ હવું સીતાનું તે પીડા નોય થોડી.
અધિક ધીરજ ધારી, જાનકીનાથ ત્યારે;
વિષમ સમય જાણી, સુજ્ઞ તો ધૈર્ય ધારે—૪
વળી નળ દમયંતી પામીયાં પુર્ણ કષ્ટ,
ઉજ્જડ વન વસ્યાં જઈ થઇ ભલાં રાજ્યભ્રષ્ટ;
નૃપતિ નરપતી નારી, ભોગવ્યાં દુઃખ ભારે,
વિષમ સમય જાણી, સુજ્ઞ તો ધૈર્ય ધારે—૫

વળી દુઃખ બહુ વેઠયાં, દ્રોપદિ પાંડવોએ,
પણ રૂદન ન કીધું, તેમણે ક્યાંઇ તોયે
રૂદન બહુ કર્યાથી, કોણ કષ્ટો નિવારે,
વિસમ સમય જાણી, સુજ્ઞ તો ધૈર્ય ધારે—૬
સુરનર મુની સર્વે સુખ દુઃખો ચહે છે,
વિધિકૃત વિધિ જાણી. રાજી રાજી રહે છે
વદન રૂદન ટાળી, તેમ રહેવું તમારે,
વિષમ સમય જાણી, સુજ્ઞ તો ધૈર્ય ધારે—૭

ભાવથી દાન કરવા વિષે.

ઉપજાતિવૃત.

છે સ્વાદતો આદર ભાવ માંહી,
ઘી ગોળ કે સાકરમાં ન કાંહી;
દે સુખડી જ્યાં સુળીયે ચઢાવે,
મીઠી છતાં તે જરીએ ન ભાવે.
પ્રેમે કરીને જળ કોય પાય,
મિષ્ટાનથી સ્વાદ ઘણો જણાય;
અભાવથી જો જન દુધ આપે,
તે દુધમાં સ્વાદ કશો ન વ્યાપે.
માગ્યા વિના દે પય તે પ્રમાણે,
માગી લીધું તે જળ તુલ્ય જાણો;
અત્યાગ્રહે ખેંચી લીધું નિદાન,
તે જાણવું શોણીતની સમાન.
જે ભાવથી દાન ભલું કરાય,
તે દાનનું તો ફળ શ્રેષ્ઠ થાય;
આપે અભાવે વળી લોક લાજે,
તે દાન તો નિષ્ફતા જ કાજે,
જે દાન દે કામ કશું કરાવી,

કે દાન દે વસ્તુ સડેલી લાવી,
કે દાન દઈ આપ ફુલાઇ ગાજે,
તે દાન તો નિષ્ફળતા જ કાજે.

જગત નાશવંત વિષે.

વૈતાળીય છંદ

મરવું જનનો સ્વભાવ છે, જન્મ્યો ત્યાંથી નકી ઠરાવ છે,
અચળ સ્થિતિ તો ન કોઇને. કરવું શું અતી રોઇ રોઇને.
જગ આ જળનો પ્રવાહ છે, વહી જાતો અતિશે અથાગ છે,
બહુરે બહુ કલ્પ થઇ ગયા, પણ કોઈ નથી કોઈના થયા,
ન સગો સુત તુજ દેહનો, નહિ તું કાંઈ સપીંડ તેહનો.
ધરીને ધન જેમ હાથમાં, મુજનું છે કહી સર્વ સાથમાં,
પણ તે નહિ એમ ધારવું, વિચરે સર્વ સ્થળે વિચારવું.
જનનું તન માટીનો ઘડો, નથી તે કાળ અખંડ આપણો.
રજથી ઉપજ્યો જ મુળમાં, વળી અંતે મળી જાય ધૂળમાં.
તન છે જળ ઝાંઝવાતણું, સ્થિર તે તો ન રહે કદી ઘણું,
નહી મોહીત થાવું જોઇને, નહીં કલ્પાંત કરો જ રોઇને.
જગ સ્વપ્ન સમાન જાણવું, ગણી સાચું ઉરમાં ન આણવું,
ભવમાં પ્રભુ ભક્તિ સત્ય છે, સઘળી અન્ય ક્રીયા અસત્ય છે
સ્વપ્ને મળી રીદ્ધી સીદ્ધી તે, સ્વપ્નામાં પછી ખોઈ દીધી તે,
થઇ જાગૃત જો કુટે રૂએ, જન તેની વડી મૂર્ખતા જુવે.
સત વિક્રમ ભોજ ભૂપતિ, ન રહ્યો લંક પુરી તણો પતિ.
પૃથ્વી પણ નાશ પામશે, શશી સૂર્યાદિ વિનાશ થઈ જશે,
ન રહે અજ ઇંદ્ર કોઇયે, ન રહે જેહ વિરાટ જોઇએ.
બહુ વીર થયા અને ગયા, સ્થિર તો સદૈવ ના રહ્યા,
હતી આયુષ્ય લક્ષ વર્ષની, નહી સીમા મનના અમરષની.
પણ તે પળમાં વહી ગયા, નવ જાણે જન કોઈ કયાં થયા.
પગ પર્વત ઠેલી પાડતા, નભતારા નખથી ઉખાડતા,

કરી અંજળી સિંધુ પી જતા, નવ જાણે જન કોઇ ક્યાં હતા.
જનની જનકાદી જેહ છે, તનના જગ થકીજ તેહ છે,
તન તો અગણીત તેં ધર્યાં, પણ તે સત્ય સપીંડ ક્યાં કર્યાં.
ચતુરે ચિત્તમાં વિચારવું, સતતો આત્મ સ્વરૂપ ધારવું,
તન તત્વ તણું જ થાય છે, ઉપજે ને લય પામી જાય છે.
જળ બુંદ બુંદ જેમ ઉપજે, ક્ષણમાં આકૃતી તેહ તો તજે,
તન તેમજ થાય જાય છે, મન મિથ્યા સુત તે મનાય છે.
રજ નીર પ્રવાહ ને અડે, મળી જામે વળી તે જુદી પડે,
સુત તે જનકાદી તે રીતે, મળી જાયે વળી જોગ તે વીતે.
જગમાં જન ભૂમી ઉપરે, મળમાં તો બહુ ઉપજે મરે
તવી ઉપર ધાણી ફુટતી, બહુ દીસે તન તેમ છુટતી.
ફુલવાડી વિષે જણાય છે, ફુલડાં નિત્ય નવાં ફુલાય છે,
કળીયો ખીલીને ખરી પડે, પછી તે તો નહિ દૃષ્ટિએ પડે.
નભ ઇંદ્ર ધનુષ દેખીયું, પળ વિત્યા પછી તે ન પેખીયે,
વળી વાદળ કેરી છાંયડી, પળમાં જાય ટકે નહીં ઘડી.
નિજનું તન એવું જોઇને શીઃ રોવું પછી અન્ય કોઇને,
વર પાછળ જેમ જાન છે, નીજ કાયા પછી સૌ નિદાન છે.
જન ઉદ્‌ભવ નાશ થાય છે, રૂચી જેવી પ્રભુની જણાય છે,
પ્રભુની રૂચીમાં ખુશી થવું, પ્રભુ સામે નહિ વેર બાંધવું.
ફળ કરમનું આપશે હરી, નહિ ઓછું અદકું કરે જરી,
જન જો મઠને જ વાવશે, શુભ ચોખા પછી ક્યાંથી લાવશે,
તન ઉદ્‌ભવપૂર્વક ક્યાં હતું, વળી અંતે નહિ તે રહેતું છતું,
વચલે વખતે જણાય છે, સ્વપ્ના તુલ્ય અદૃશ્ય થાય છે.
ઘડતે કુંભારે કોડીયાં, મૃતિકાના ઘડી નામ જોડીયાં,
ફુટતાં સઉના મતો ટળે, પરીણામે મૃતિકા વિષે મળે.
તનની ગતી એવી જાણવી, સ્થિરતા નહિ આશ આણવી,
જનના તન આ અનિત્ય છે, અસલી એજ અનાદિ રીત છે,

શિશુ જાય જુવાન જાય છે, ઘરડાનું પણ મૃત્યુ થાય છે,
વળી કોઇક ગર્ભથી ગળે, પણ નક્કી કશી રીતના મળે.
જગ સર્વે ચવેણું કાળનું, નહિ તેને દુઃખ વૃદ્ધ બાળનું,
કાળ ભક્ષણુ સર્વનું કરે, દીલમાં લેશ નહિ દયા ધરે.
અવની નભ બેય જાણવાં, પડ ઘંટી સમ તે પ્રમાણવાં.
કણ તુલ્ય જીવો જણાય છે, વળી ઓરાય વળી દબાય છે.
સગર રાજ્ય નરેશના છતાં, સુતતો સાઠ હજાર જે હતા,
સઘળા મૃત્યુ એક કાળમાં, ઉગર્યા કોઇ ન કાળ ઝાળમાં.
વિકરાળ જ કાળ ઝાળ છે, સઘળે વ્યાપી રહી વિશાળ છે,
જન દેવ અદેવ જોઇએ, પણ એ તે ઉતારે ન કોઇયે.
નીજનું કરી જે મનાય છે, ક્ષય થતાં દીલ દુખાય છે,
મમતા મનમાં ન હોય તો, દીલમાં દુઃખ ધરે ન કોઇ તો.

કુલછાબ પચીશમી.

જ્ઞાનમંજુષા.

દુહા.

કામ, ક્રોધ અરૂલોભ એ, તેહિ જમપુર કે દ્વાર;
ઇન તિનકે જોગસે જીવ સહત જમ માર.
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, જેહી ઉર ધર્મકો વાસ;
સો દિન દિન સત્સંગમે, બઢત જાત હરિદાસ.
દોષ બુદ્ધિતા જે સંતસું, નેહ કરત જન જોય;
સો જ્યું જ્યું સત્સંગમે, રહત ત્યું ગુન નિધિ હોય.
જુવતિ ન આગેં મુકતહુ, કરત જો કથા પ્રસંગ,
ભ્રષ્ટ હોત નિજ ધર્મસેં, નિયમ હોત સબ ભંગ.
સત્ય શૌચ સંતોષ દમ, નાસ હોત તેહિ સંગ,
વિમળ મોક્ષ અંકુરકું, કરત સો ખલ મતિભંગ.

અક્રુરજીમાં વંદન ભક્તિ સૌથી ભારે હતી છતાં ધન ને સ્ત્રીને માટે તેમણે કપટ કર્યું હતું; સૂર્યે તેને સ્યમંતક મણિ આપ્યો. સત્રાજિત તે મણિ લઇ દ્વારકામાં શ્રીકૃષ્ણ પાસે ગયો. શ્રીકૃષ્ણે મણી માંગ્યો પણ સત્રાજિતે લોભથી તે આપ્યો નહિ. તે મણિમાંથી હમેશાં ૮ ભાર સોનું નીકળતું હતું. એ મણિ સત્રાજિતનો ભાઇ પ્રસેન લઇ વનમાં ગયો ત્યાં સિંહે તેને ફાડી ખાધો એનું આળ શ્રીકૃષ્ણના માથે આવ્યું તેથી શ્રીકૃષ્ણ પ્રજાને લઇને ખોળવા નીકળ્યા. તે સિંહ તથા રીંછને ખોળતાં જાંબુવાનને શોધી કાઢી તેની સાથે યુદ્ધ કરી તે અમુલ્ય મણિ મેળવ્યો હતો.

ધર્મ અને કીર્તિ આખરે સ્થિર રહેવાનાં છે.

अस्थिरं जीवितं लोके अस्थिरं धनयौवने ।
अस्थिराः पुत्रदाराश्च धर्मकीर्तिद्वयं स्थिरं ॥

પ્રાણી માત્રના જીવતરનો, પૈસાનો, જુવાનીનો, છોકરાનો, બૈરીનો, કોઇનો ભરોસો નથી. આજ છે ને કાલે નહિ; પણ ધર્મ અને કીર્તિ એ બે તો સ્થિર રહેવાનાં. માણસ મરી જાય છે પણ તેનાં સુકૃત્યો વીસરાતાં નથી.

સીતાનો દૃઢ નિશ્ચય.

જ્યારે રામે આવી સીતાને કહ્યું કે હું વનવાસ જઉંછું ને ભરત ભાઈ રાજ્ય કરશે. તારે મારી માતા કૌશલ્યાની માનપૂર્વક દૃઢ સેવા કરવી મે બીજી માતાઓને પણ માન આપવું તેમ મારા ભાઇ ભરત, શત્રુઘ્ન તે તારા પોતાના ભાઇઓ છે એમ જાણવું; ઓ પ્રિયા! મારે વનમાં જવું જોઇએ ને તું ભરત રાજાની આજ્ઞામાં રહેજે. એ વચનો સાંભળી સીતાજીને ક્રોધ ઉપજ્યો પણ તે વિવકથી બોલી કે રામ આ તમે શું ભણો છો ? સ્ત્રી તો પોતાના સ્વામીના સુખ દુઃખની ભાગિયેણ છે; તમે આજ વનમાં જવાના છો તો મારે તમારાથી આગળ જઇ કાંટા ખસેડી નાંખવા જોઇએ; પતિ ગમે ત્યાં હોય તો પણ સ્ત્રીએ તેના ચરણના ઓળામાં રહેવું જોઇએ; હું મારા પિતા–

ના જ ઘરમાં હોઉં તેવા જ સુખમાં હું વનમાં રહીશ; મને ભય નહિ લાગે, મને તમારી સાથે વનમાં ભમવાની અને નદી, સરોવર, ફુલ, પક્ષી જોવાની પણ ઇચ્છા છે; હું તમને ભારે નહિ પડું, પણ જો તમે મને મુકીને જશો તો હું પ્રાણ ત્યાગ કરીશ-પછી રામે વનવાસના દુઃખ કહી સંભળાવ્યાં ને કહ્યું કે વિયોગથી પ્રેમનું સુખ જણાય છે માટે તારે મારી સાથે આવવાનો વિચાર છોડી દઈ અહીંઆં જ રહેવું. પાછું સીતાએ કરગરવા માંડયું કે તમે હશો ત્યાં અમંગળ તે સૌ મંગળ થશે. એક તમારા વિયોગ વિના બીજું બધું મારાથી સહન થશે, મને નિરાશ ન કરો, ઓ રામ! મને સાથે રાખો એમ કહી પગે પડી ભારે રૂદન કર્યું. એ પ્રમાણે સીતાનો દૃઢ નિશ્ચય જોઇ રામે સાથે આવવાને હા કહી ત્યારે સીતાજી અત્યંત રાજી થયાં. જે સ્ત્રીઓ પતિના સુખે સુખી ને દુઃખે દુઃખી થાય છે તે જ સ્ત્રી સતી કહેવાય છે.

ન્યૂટનના વિચારો ને ધૈર્ય.

આ મહાપુરૂષ કેવો નમ્ર હતો તેનાં અનેક દૃષ્ટાંતો તેના જીવન-ચરિત્રમાંથી મળી આવે છે. તે કહેતો કે સૌ મને પંડિત કહે છે, પણ હું જાણે બાળક છોકરાની પેઠે દરિયાના કિનારાપર કાંકરા ઉંચકતો હોઉં તેવો છઉં ને સત્યના સમુદ્રનો શોધ કરવો તો હજી બાકી રહ્યો છે-જ્યારે તેની ગેરહાજરીમા તેના કુતરાએ ટેબલ ઉપરની સળગતી મીણબત્તી ઉંધી વાળી ને તેના કીમતી લખાણના કાગળ બળી ગયા ત્યારે તેણે કહ્યું: અરે કુતરા! તું નથી જાણતો કે તેં શી ખરાબી કીધી છે? ધન્ય છે તેની ધીરજને;

સ્ત્રીને સ્વર્ગ કયારે મળે?

સ્ત્રીએ પોતાના સ્વામિનું વચન માનવું એ તેઓનો મોટો ધર્મ છે. કેમકે એ ધર્મ પાળવાથી સ્વર્ગનિવાસ ફળની પ્રાપ્તિ થાય છે. કદાપિ સ્વામિને કોઈ મહાપાતક લાગ્યું હોય તો જ્યાં સુધી તે સ્વામિ શુદ્ધ થાય ત્યાંસુધી તેની પ્રતીક્ષા કરવી એટલે તે શુદ્ધ ક્યારે થાય કે

હું તેની સેવા કરૂં એવી સ્ત્રીએ ઇચ્છા રાખવી. સ્ત્રીનો ધર્મ છે કે ધણીના પહેલાં ઉઠવું, પોતાના સ્વામિની પુજા કરવી, તેને ભોજન કરાવવું, વીંજણે વતી વા નાંખવો, ખોળામાં સૂવાડવો વગેરે કરવું; વળી તેણે ફક્ત પોતાની મરજી પ્રમાણે ચાલવું નહિ, પોતાના સ્વામિની સેવા કરવી, તેની સાથે ધર્મયુક્ત ચાલવું, સ્વામિના જે પૂજ્ય માતા પિતાદિ તેઓની પુજા કરવી, ધણીના શત્રુ તેને પોતાના શત્રુ માનવા, ધણીને અનુકુળ રહેવું અને તેના કાર્યમાં તત્પર રહેવું એ પ્રમાણે ચાલવાથી સ્ત્રીને સ્વર્ગ મળે છે.

ચિંતા-ચિતા એક મીંડાની અદ્દભૂત શક્તિ.

જેના મનમાં ચિંતાએ વાસ કર્યો છે તેને અમૃત હળાહળ સરખું છે. તેને કાન્તા સરખી છે. પુષ્પ બાણ સરખા છે. તેને ભોજનનો અને જાતનો અભાવ થાય છે. તેને વૈભવ વેરી છે. શૈયા ચિતા છે. જીવિતની અને લાજની ઉપેક્ષા થાય છે. ચિંતાથી નથી ચલાતું-નથી રમાતું, નથી ગવાતું-ઉઠાતું-નથી બોલાતું-નથી ઉંઘાતું-નથી જમાતું-મહાસાગરમાં સ્વચ્છંદે રમતાં માછલાઓને જાળમાં પરોવી પારાધી જેમ તેની સર્વ વૃત્તીઓ ખેંચી લે છે તેમજ સંસાર સાગરમાં પુર્ણાનંદમાં મ્હાલતા મનુષ્યોને પકડી લઇ આ ચિંતારૂપી વાઘણ નાગણની પેઠે તેનું રક્ત ચુસી લે છે. જેને ચિંતાના ઘરમાં પ્રવેશ કર્યો તેનું સર્વસ્વ ગયું. રાજાએ રાજ-વામાએ કાંતા-માતાએ પુત્ર સુજ્ઞજનને બુદ્ધિ અને વીરજનને વિર્યનો ત્યાગ કર્યો છે-તે એ ભુંડી ચિંતામાં ગરકાઇને જ સર્વથી ચિંતા કોઇ અપૂર્વ મ્લેચ્છ શક્તિ જ છે. ચિતા મરેલાને બાળી ખાખ કરે છે પણ તે જ્યારે મીંડા યુક્ત ચિંતા-નું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તો તે જીવતાને બાળી તેને ખાખ કરી નાંખે છે. ગજબ શક્તિ આ મીંડા (૦) ની જણાયછે !!!

ચિંતાથી ચતુરાઇ ઘટે, ઘટે રૂપ, ગુણ, જ્ઞાન;
ચિંતા બળી અભાગણી, ચિંતા ચિતા સમાન

યતાતિનો પુત્ર પ્રત્યે બોધ.

મધુરવાણી ક્રોધીઓથી અક્રોધી શ્રેષ્ઠ છે–અવિદ્વાનથી વિદ્વાન શ્રેષ્ટ છે કોઇ ગાળ દે તો તેને સામી ગાળ દેવી નહી, કારણ કે ક્રોધ કરનારનો ક્રોધ જ ગાળ દેનારને ક્રોધીને બાળી મુકે છે. અને તેનું પુણ્ય હોય તે ક્ષમાશીલ ને પ્રાપ્ત થાય છે, કોપે કરીને પરના મર્મને પીડા ઉત્પન્ન કરવી નહીં, કઠોર વાણી બોલવી નહી, હીન કર્મથી એટલે મારણાદિક કર્મથી શત્રુને વશ કરવો નહીં, અને કદાપી પણ કોઇને ઉદ્વેગ ઉપજે એવી હિંસક તથા પાપી લોકને પમાડનારી ક્રુર વાણી ઉચ્ચારવી નહી. તીક્ષણ વાણી બોલીને મર્મમાં પીડા ઉપજાવનારા, તીક્ષણ વાણી રૂપી કંટકોથી મનુષ્યોને દુઃખ દેનાર તથા મુખમાં અકલ્યાણમય વાણીને ધરનાર પુરૂષને મનુષ્યોની વચે મહા દારિદ્રતા આપનારો જાણવો.

મહા પુરૂષોના મંડપમાં વસી તેઓની પાસેથી માન મેળવવું અને દુર્જનોની નિંદા તો હમેશાં જ સહન કરવી

નઠારા મનુષ્યોના મુખમાંથી નીકળેલા નઠારાં વચનો રૂપી બાણો બહાર પડે તે તેઓના આઘાતથી મનુષ્ય રાત અને દિવસ રડે છે. અને તે વચન બાણો મનુષ્યના મર્મમાં સીધાં પડે છે. માટે ડાહ્યો માણસ બીજાને તે વચનો કહીને તેના મર્મને પીડા કરતો નથી. દેવને પ્રસન્ન કરવા માટે પ્રાણી ઉપર દયા, મૈત્રી, દાન, અને મધુર વચનના જેવું ઉત્તમ એકે વશીકરણ નથી. તેથી મધુર વાણી બોલવી પરંતુ કોઈ પણ દહાડો કઠોર વચન કહેવુ નહીં.

જેને પ્રભુનું શરણ હોય તેને કશો ભય નથી.

જેને રામ રાખેરે, તેને કોણ મારી શકે,
અવર નહિ દેખુંરે, બીજો કોઇ પ્રભુ પખે. ધ્રુવ૦
ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રે રાય,
થળને થાનક જળ ચલાવે, જળ થાનક થળ થાય.
તરણાંનો તો મેરૂરે, મેરૂનું તરણું કરી દાખવે. ૧

નીંભાડાથી બળતાં રાખ્યાં, માંજારીના બાળ,
ટીંટોડીનાં ઈંડાં ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ;
અન્ત વેળા આવો રે, પ્રભુ તમે તેની તકે. ૨
બાણુ તાણીને ઉભો પારાધી, સિંચાણો કરે રે તકાવ,
પારાધીને પગે સર્પ ડસીઓ, સિંચાણા શિર નહિ ધાવ;
બાજ પડયો હેઠોરે, પંખી ઉડી ગયાં સુખે. ૩
ગજ કાતરણી લઇને બેઠા, દરજી તો દીનદયાળ,
વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાનોરે, હરિ તો મારો હીંડે હકે.

શ્રીમંતો પાસે ગરીબ માણસો શોભતા નથી તે વિષે.

શ્રીમંતોની સભા મધ્ય, ગરીબશી ગણતરીમાં;
કોહીનુર પાસ કામ, બાપડા શા આબમાં.
સાગરની આગળ તે, ગાંગરને ગણે કોણ;
તલતણું તેલ તુચ્છ, તે કશું તેજાબમાં.
લાખ ક્રોડ રૂપૈયાના, જે ઠેકાણાં લેખાં થાય;
કોડીઓ બિચારી ત્યાં, કહો ક્યાં હીસાબમાં.
સુણો રૂડા રાજહંસ, દાખે દલપતરામ;
છ આનાની છીંટ રીતે, છાજે કેમ છાબમાં.

સદા સરખો સમય રહેતો નથી.

સદા સરખો સમય રહેતો નથી.
સદા ઘેર દોરા દીખતા નહિ,
ગયા વખ્ત આતા ફીર નહિ
સદા નાવ કાગજકી ચલતી નહિ;
ગઈ જીંદગી ફીર હાથ આતી નહિ.

ત્રણ દોસ્ત.

એક મનુષ્યને ત્રણ દોસ્ત હતા તે હમેશાં તેની પાસે રહેનારા હતા એક વખતે તે મનુષ્યને ભારે મંડવાડ આવતાં તેઓએ પોતાના

ત્રણ સ્નેહીઓને બોલાવી કહેવા લાગ્યો કે તમે મને શું મદદ કરશો? એકે કહ્યું કે અમારાથી બીજી તો કંઇ મદદ બની શકે તેમ નથી પણ વખતે તમારૂં શરીર છુટી જાય તો સ્મશાના સુધી રોતા રોતા આવીએ! ત્યારબાદ બીજા દોસીને પુછ્યું! ત્યારે બીજાએ કહ્યું કે અમો તમારા સાથે બળી મરીએ! ત્યારે વળી ત્રીજાને પુછતાં તેણે ઉત્તર આપ્યો કે,-હું તો તમારા સાથે તમે જ્યાં જાઓ ત્યાં આવી તમારો બચાવ કરીશ! આ ત્રણ મિત્ર તે કોણ (૧) સગાં (સ્ત્રી-છોકરો-માબાપ વિગેરે) (૨) શરીર. (૩) ધર્મ

માટે ત્રીજા સ્નેહી ધર્મને કોઇએ છોડવો નહિ.

ફુલછાબ છવીસમી.

સુનીતિદર્શક વચનો

દોહરા

માથે પ્રાણી માત્રને, મેલે છે પગ મોત;
ભુતળમાં મરવું ભલું, જે સાબાસી સોત.
પાપ ન પેખી પારકું, નિજ ગુણદોષ નિહાળ;
દુનિયામાં દલપત કહે, તું તારૂં સંભાળ..
જો ચોરી જારી તજી, તજે જુઠ જન જેહ
જરૂર ભજે જગદીશને, ઉત્તમ સુખ લે એહ.
મુઆ પછી ફટ ફટ કરે, સઉ જેને સંસાર;
પુરો પુરાવો એજ છે, ગયો નર્ક મોઝાર.
માગો કે માગો નહિ. પ્રભુ વખતે દેનાર;
ચોમાસાની રત થયે, વરસે વરસાધાર.
વસુધાને વિદ્યા વિષે, વિવિધ રસોનો વાસ;
આંબો ચુસે મિષ્ટ રસ, દે આંબલી ખટાશ.

પરમેશ્વરની પ્રાર્થના, દીન જનોને દાન;
પસ્તાવો કર પાપનો, ગુરૂ જનથી લે જ્ઞાન.
આજ કાલમાં આવશે, મોત તણો સંદેહ;
ભાતું કર તે પંથનું, તોડી સૌનો સ્નેહ.
બાજી છે દિન ચારની, રાજી થામા મન;
તજી સર્વને એકલું, વસવું પડશે વન.
તુલસી તહાંન જાઇએ, જ્યાં કપટીકા હેત;
મુખ મીઠી બાતો કરે, અંત કટારી પેટ.
તુલસી દીલમાં દયા નહિ, ઓર કહાવે સાધ;
વાકા મુખકું દેખતાં, કોટી લગે અપરાધ.
જો શિર કાટે ઓરકા, અપના રહે કટાય;
તુલસી હરી દરબારમેં, બદલા કહીં ન જાય.

સોરઠો.

થાય નાશ કે ક્ષેમ, ધીરજ ધરીએ ધર્મથી;
હેતુ જનનું હેમ, હરવાથી મરવું ભલું.

લોભને થોભ હોય નહિ.

એક લોભી વણિક હતો, તેને અનાયાસે એક મહત્મા પુરૂષની સેવાનો યોગ મળતાં મહાત્મા તેના ઉપર અત્યંત પ્રસન્ન થઈ વણિકને કહ્યું કે માગ ? માગ ? તું જે માગીશ તે તને અત્યારે આપીશ. તે મહાત્મા પાસે પારસમણિ હતી તેની વણિકને પ્રથમથી ખબર પડી ગયેલી હતી, ને તે લેવા માટે જ તેનું મન તલસી રહ્યું હતું. વણિક દ્ની કર જોડી નમૃતાંથી બોલ્યો મહારાજ ! મહારા ઘરમાં ઢગલે ઢગલા સોનું થાય એવું વરદાન આપો મહાત્મા બહુ જ દયાળુ હતા. તેથી પોતા પાસે રહેલી અમુલ્ય વસ્તુ જે પારસમણિ તે રાજી થઇને એક વર્ષ રાખવાની બોલીથી પેલા વણિકને આપી. ને કહેવા લાગ્યો કે હે વણિક ! તારા ઘરમાં તથા આસપાસ જે લોઢું હોય તેને આ પારસમણિ અડાડીશ કે તુર્ત સોનું થઇ જશે વણિક બહુ લોભી હતો તેથી તેને ઘણો કાળ લોઢાના

ભાવતાલ પુછવામાં કાઢયો, એટલામાં વર્ષ પુરૂં થઇ રહેવાથી પેલા મહાત્માએ આવી પારસમણિ લઇ ગયા પણ લોભી વણિકથી કાંઈ બની શકયું નહિ. તેના મનમાં તો એમજ હતું કે કાંઇ લોઢાના ભાવ પરદેશમાં ઉતરે તો લાખો રૂપિયાનું લોઢું સસ્તા ભાવે ખરીદી લઇ પારસમણિના પ્રતાપે સુવર્ણ, બનાવી લઉં પણ 'લોભને થોભ હોય જ નહિ! આવી રીતે કેટલાક લોભીઆ પુરૂષો આવેલો લાભ લોભ વૃત્તિથી એકદમ ગુમાવીદે છે.

માહાન દોષોથી થતી હાની.

જેનું કામે કાપી લીધું નાક, લોભે લઇ લાંજ લીધીરે;
જેને જીભે રોળી કીધો રાંક, માનેતો ફજેતી કીધીરે.
એવા જનનું જાણે જરૂર, નથી સુખ જોયા જેવુંરે;
દોષ ભર્યું જાણી તજો દુર, અઘે અવરાણું એવુંરે;
તેની પાસે વસતાં વાસ, લંછન તો લાગેજ લાગેરે;
તજો તેને જાણીને ત્રાસ, જેથી કુબુદ્ધિ જાગેરે.
એવા પાપીનું સ્પર્શતાં અંગ, પુણ્ય જાય પોતાતણુંરે.
કહે નિષ્કુળા નંદ એ કુસંગ, તે સંગે ખ્યાન ઘણુંરે.

સંગ પ્રમાણે રંગ.

શાર્દુલવિક્રિડીત છંદ.

વારી વારીદ એકથી વરસીયું,
જે છીપમાં જઇને પડયું;
તેનું મોતી થયું થઇ શર્કરા,
જે શેલડીમાં ચડયું;
પેઠું વાંસ વિષે થયું કપુર તે,
સપીસ્થ ઝેરી થયું;
જેવો સંગ જણાય તેવું,
જગમાં જે નીર જ્યાં જ્યાં ગયું;

પુણ્ય પાપ વિષે.

ઉપજાતિવૃત.

જો પુણ્યને પાપ ખરૂં ન હોય,
તો દુખી સુખી ન જણાય કોય;
રાજા તથા રંક જનો જણાય,
તે પુણ્યને પાપ થકી જ થાય.
જો એક આરોગ્ય દીસે અતીશે,
જો એક જન્માંધ દરીદ્ર દીસે;
જો પુણ્યને પાપ ન હોય ભાઈ,
જણાય એવી નહીરે જુદાઇ.
જો એક મિષ્ટાન સદા જમે છે,
જો એક ભીક્ષા કરવા ભમે છે;
તથાપિ તે પેટ નહી ભરાય,
તો પુણ્યને પાપ ખરૂં જણાય.
જો એકને વાહન અશ્વ હાથી,
જો એક જીવે જન કાસદાથી;
જો એકને છત્ર શીરે ધરાય,
જો એક તાપે રણુમધ્ય જાય,
જો કંઈક છે પાલખી બેસનારા,
બીજા ઉપાડી વિચરે બિચારા;
એવું ઘણું નજરે નિહાળે,
તથાપિ પાપી નહિ ધર્મ પાળે.
જો પૂર્વ ભવે સુકૃત્યો કરેલાં,
તે આ ભવે ભોગવવાં ધરેલાં;
આ જન્મમાં જે કરશો કમાઇ,
બીજે ભવે ભોગવશો જ ભાઇ.
ઉન્મતતામાં નહી પાપ ભાસે,

ઉન્મતતા દુઃખ પડે વિનાશે;
તેવે સમે તે પ્રભુ સત્ય જાણી,
પસ્તાય છે પાપ તપાસી પ્રાણી.

પ્રભુનું જ ધાર્યું થાય છે.

ઉપજાતિવૃત.

ધાર્યું બધું શ્રી હરીનું જ થાય,
મનુષ્ય જાણે મુજથી કરાય;
ગાડાં તળે શ્વાન ગતી કરે છે;
તે માન મિથ્યા મનમાં ધરે છે.
છે પ્રાણ નાડી પ્રભુને જ હાથ,
સઉને નચાવે વળી વિશ્વનાથ;
અજ્ઞાની લોકો અભિમાન આણે,
થાયે શક્તિ હરીની ન જાણે;
કરે અધર્મી અહીં જે અલેખે,
શ્રીનાથ સાક્ષી થઈ સરવ દેખે.
જ્યારે સમો તે ફળ યોગ આવે,
ત્યારે જ તેનું ફળ તે અપાવે.

સત્ય વચન.

પરમકૃપાળુ પરમાત્મા જે જે વખતે જે જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો તેમજ સત્ય અને નીતિના માર્ગે ચાલવા પ્રયત્ન કરવો.

* * *

જ્ઞાનની પવિત્રતાથી આપણે પવિત્ર નહિ થઇએ તો બીજા શાનાથી થઇશું?

પ્રસ્તાવિક વિચારો.

અનુષ્ટુપ છંદ.

નથી જુવાનીના જેવું, ધનઘોર ઘણા હશે,

ન થવાનું હશે કર્મ, તે તેના ધેનમાં થશે.
માયાનો મોહ છે મોટો, કોણ મોહી ગયા નથી,
કોણ માનવ તે માત્ર, જુઓ મન વિશે મથી.
જુવાનીનું થતાં જોર, તે વાત જાય છે ખસી,
થાય છે જે સંસારે, તે બધું સંભવે જ છે.
આશ્ચર્ય તે વિશે શું છે ? તેનો સ્વભાવ તે જ છે.

કુસંગ.

(ગઝલ)

કુસંપી ક્રોધ દાવાનળ,
હૃદય પ્રજાળનારો છે;
લીલું, સુકું મળે ત્હેને,
બધાને બાળનારો છે.
કુસંપે કેર કીધો છે,
કુસંપે વેર વાવ્યાં છે;
અને એ વૈરના ફળ છે,
સરવનો વિનાશ લાવ્યાં છે.

લોભથી વસિષ્ઠનો પરાભવ.

લોભ એ મોટો દુર્ગુણ છે અને તેનાથી મોટા મોટા ઋષિઓને પણ મોટું નુકશાન થયું છે. એક વખત નીમી રાજાને યજ્ઞ કરવાની ઇચ્છા થઇ હતી તેથી તેને વસિષ્ટ મુનિને ઋત્વિજ તરીકે બોલાવ્યા. તે વસિષ્ટ મુનીએ યજ્ઞનો આરંભ કરાવીને ભુપતીને કહ્યુ કે ઇંદ્રે પણ મને બોલાવેલ છે માટે પ્રથમ હું ત્યાં જઇને આવું છું એમ કહી ઇંદ્રને ત્યાં ગયા ને તેનો યજ્ઞ પુરો કરાવીને આવ્યા પણ નીમી રાજાએ વસિષ્ટની રાહ નહિ જોતા યજ્ઞનું કાર્ય પુરૂં કરાવી લીધું હતું તેથી વસિષ્ટે નીમી રાજાને લોભને વશ થઇ શ્રાપ દીધો, તેનાથી નીમીરાજા મરી ગયા પરન્તુ મરતી વખતે નીમી રાજાએ પણ વસિષ્ટને શ્રાપ દીધો હતો તેથી તેનું પણ મૃત્યુ થયું હતું. આ રીતે લોભથી બંને

જણનું મૃત્યુ થયું. માટે લોભ એ મોટો દુર્ગુણ છે તેનાથી જ્ઞાની પુરૂષે પણ બીતા રહેવાની ખાસ જરૂર છે.

સાચો ત્યાગ.

કોઇએ મહાત્મા ભતૃહરીને ગાળ દીધી ત્યારે રાજ્ય વૈભવનો ત્યાગ કરી આવેલા એ સન્યાસી રાજાએ કહ્યું કે "ભાઈ! મારે ગાળનું પણ પ્રયોજન નથી, એટલે હું તમારૂં એ દાન ગ્રહણ કરી શકતો નથી. હવે મારી પાસે કાંઈ પણ નથી, એટલે સુધી કે તમને દેવા સારૂ ગાળ સુદ્ધાં પણ મારી પાસે રહેવા પામી નથી. માટે લાચાર છું કે તમને કાંઇ આપી શકતો નથી.

મહારાજા શિવાજીનો સદ્ભાવ.

શિવાજી છત્રપતિએ જ્યારે કલ્યાણ લુટયું ત્યારે તેમના સૈનિકોએ લુંટ ચલાવતાં એક સુંદર સ્ત્રીને પકડીને મહારાજાની રૂબરૂ પકડી રજુ કરીને તે સ્ત્રીને ઉપપત્નિ તરીકે રાખવાની વિનંતી કરી, એ વખતે શિવાજી મહારાજે પોતાના સૈનિકોને કહ્યું કે "જો મ્હારી માતા સુંદર હોત તો હું પણ એના જેવો સુંદર હોત !" સૌંદર્ય જોઇને મનુષ્યે પોતાની જ્ઞાન બુદ્ધિ ખોઇ બેસવી નહિ જોઇએ! એમ કહી એમણે એ સ્ત્રીના પતિને શોધીને તેને સ્વાધીન કરી. સાચો વૈરાગ્ય તે આનું નામ !

શાંતીનો સાચો ઉપાય.

એક અંગ્રેજ અમલદાર પોતાની નવી પરણેલી સ્ત્રી સહીત વહાણમાં બેસીને હિંદુસ્થાનમાં આવતો હતો. તે વખતે દરિયામાં ભયંકર તોફાન શરૂ થયું. સ્ટીમર ઉપરના સર્વે માણસો ગભરાવા લાગ્યાં પણ પેલો અંગ્રેજ અમલદાર જરા પણ ગભરાયો નહિ. તેની સ્ત્રીએ આકુળ વ્યાકુળ થઈ તેને પૂછ્યું કે દરિયામાં ભયંકર તોફાન છે, સૌ માણસો પોતાના ઇષ્ટ દેવનું નામ લઇ ગભરાય છે ને તમે અત્યારે આનંદ કેમ માનો છો ? પેલા અમલદારે મીયાનમાંથી તલવાર કાઢી પોતાની પત્નીના માથાપર ધરીને કહ્યું કે "તને બીક લાગે છે ?

પત્નીએ કહ્યું કે બીક શાની! ત્યારે તે પતીએ કહ્યું કે " બસ અમારા મનમાં પણ એજ પ્રમાણનો ભાવ છે " તોફાન પણ ભગવાનના હાથમાં છે. તેણે ધાર્યું હશે તેમ થશે! એમાં ચિંતા શા કામની? એતો એના અથાગ પ્રેમને લીધે મારે માટે જે કાંઈ ખરેખરૂં લાભકારક હશે તેજ કરશે.

જ્ઞાન વિના મુક્તિ નહી,
નર દેહ વિના નવ હોય;
સદ્‌ગુરૂ વિના વ્યાપે નહી,
કોટી કલ્પ સુધી જાય.

કુલછાબ સત્તાવીસમી.

કર્તવ્ય વિમુખ દુરાચરણી મનુષ્ય વિષે.

દોહરા.

ઉની ઉની રોટલી, શાક, દાળ ને ભાત;
ખાતાં પીતાં ખેલતાં, જાય દિવસને રાત.
પહેરે ઓઢે અંગ પર, ભાતભાતના વસ્ત્ર;
પૈસા માટે પ્રેમથી, કરે પ્રયત્ન સહસ્ત્ર.
સફલપણું સમજે નહિ, આડાઅવળા જાય;
દુર્ગુણના સરદાર પણ, ગુણ પોતાના ગાય.
ઘણાં ઘરેણાં ઘાલવા, ઘટીત ગણે તે રીત;
ગાય ગળાં પખતાં કરી, અવગુણકારક ગીત.
કામ ક્રોધ મદ મોહને, મત્સર લોભ લગાર;
અળગા કદી કરે નહિ, કપટીના સરદાર.
ભાતભાતની શોભતી, અચરજકારક ચીજ;

લેવા ભોગવવા ભલી, થાય સદા તજવીજ.
ધર્મ ન જાણે લેશ પણ, કલેશ કરે દિન રાત;
પંડીતતા પરખાવવા, વળી વગોવે જાત.
નહિ સબંધને ઓળખે, આવે નહિ સંતોષ;
રાત દિવસ સૌ સાથ પણ, રાખે હૃદયે રોષ.
દોષ ન દેખે દેહના, પણ અભિમાન અપાર;
અહંકારમાં સત્યને, સમજે નહિ લગાર.
સંપાદન પુરૂપાર્થનું, કરી શકે નહિ લેશ;
કરે ન સંગત સુજ્ઞની, પરોપકારે દ્વેષ.
શ્રવણ કરે નહિ શાસ્ત્રનું, એવા આડા લોક;
સુખ પામે શી રીતથી, તજે કેમ તે શોક.
એવા નરનું જનમવું, નિષ્ફળ કેમ ન જાય;
કેમ ન ભવસાગર વિશે, અગણીત ગોથાં ખાય.

ચિત્ત વિષે.

મનહર છંદ.

ચિત્ત વિના કામકાજ, સાચું ન મનાય કોઇ,
ચિત્ત વિના લેખ પત્ર, પીપળાનું પાન છે;
ચિત્ત વિના આરંભ અધુરા, રહી જાય બધા,
ચિત્ત વિના કોનું માન, કોનું અપમાન છે;
ચિત્ત વિના સુખ દુઃખ, દેહને જણાય નહિ,
ચિત્ત વિના ધુળધાણી, જપ તપ ધ્યાન છે;
કેશવ કહે છે ચિત્ત, વિના ચતુરાઇ કેવી,
એક ચિત્ત વિના તન, લાકડા સમાન છે.

લાજ વિષે.

મનહર છંદ.

લાજ વિના રૂપરંગ હોય તોય રાખ રૂપ,
લાજ વિના ધુળ જેવા રથ તાવ દ.ન છે;

લાજ વિના વિનય વિચાર રહી શકે નહિ,
લાજ વિના મોટાઇનું ખોટું અભિમાન છે;
લાજ વિના નામ ઠામ, લોકમાં રહે ન ભાઇ,
લાજ વિના જગતમાં, જ્યાં જુઓ જાત છે.
કેશવ કહે છે સાચી, લાજ એ જ મોટી વાત,
એક લાજ વિના નર, પશુની સમાન છે.

પરોપકાર એ સુખી થવાનો એક સરળ માર્ગ છે.

કુમારપાળ રાજા એક વખતે જાહેર રસ્તાપર થઇને જતા હતા. ત્યાં એક શ્રીમાનની સ્ત્રીને રોતી જોઇ ઉભા રહ્યા અને તેને પુછવા લાગ્યા કે હે બાઇ! તમે કેમ રૂઓ છો? તેના જવાબમાં ગદગદીત વાણીમાં તે બાઇએ કહ્યું કે-" હે રાજાજી! મને મ્હારા વહાલા પુત્રના વિયોગનું દુઃખ ક્ષણે ક્ષણે થયા કરે છે. મારે આંધળાની એક આંખસમાન એક જ પુત્ર હતો. તે મૃત્યુ પામી ગયો. તેથી હવે મારે જીવી શું કરવું. છે? ત્યારે રાજાએ કહ્યું કે તમારો પુત્ર મરી ગયો તે તમે શાથી જાણ્યું? એટલે શ્રીમાનની સ્ત્રીએ કહ્યું કે એ વાત મેં વામદેવ મુનીના કહેવાથી જાણી છે તે ઉપરથી રાજાએ વામદેવ મુનીને બોલાવી સર્વ હકીકત પુછવા માંડી. વામદેવે કહ્યું કે-" રત્નદ્વીપથી પાંચસો વહાણ ભરી પાછા સમુદ્ર માર્ગે વળતાં, રસ્તામાં એક ડુંગરામાં અમારાં વહાણ ભરાઇ ગયાં. તેવી જ રીતે અમારી પહેલાં પણ કોઇ વ્યાપારીના પાંચસો વહાણો તેજ સ્થળે ભરાઇ ગયાં હતાં, જે વહાણમાં રહેલા માણસો અમારા વ્હાણને ભાળવાથી અને અમને જોવાથી દીનવચન કહેવા લાગ્યા કે, " અમે ભુખ્યા અને તરસ્યા બેઠા છીએ. અમારા પાસે રહેલું અન્ન અને જળનું સાધન સાવ ખુટી ગયું છે માટે કૃપા કરીને અમોને ખાવા પીવાનું આપી બચાવો અને અમારો નિભાવ કરો. આવિ કરૂણાજનક વાણી સાંભળતાં જ અમારા શેઠ કુબેરદત્તે આજ્ઞા કરી કે " હે સેવકો? તમે જલદી જાઓ અને આ

તમામને અન્ન જળ પુરૂં પાડો, વળી કહ્યું કે " જ્યાંસુધી એ બીચારા ભુખ્યા ટળવળે છે ત્યાં સુધી આપણાથી તેમને તુપ્ત કર્યા સીવાય અન્ન જળ કે કાંઈ લઇ શકાય જ નહી." કારણકે,—

પર ભુખ્યા જો જમીએ આપ,
એ જગમાંહે મોટું પાપ—

એ રીતે અમારા શેઠની સુચના અનુસાર અમે સર્વને અન્ન પાણી પુરા પાડયાં તે વાર પછી એક પુરૂષે આવીને અમોને કહ્યું કે-

" આ પર્વત ઉપર દેવળમાં જઇ નગારાં વગાડશો તો ત્યાં રહેલાં ભારંડ પંખીઓ ઉડશે અને તેના પવનથી તમારા વહાણ ચાલતાં થશે. અમારા શેઠે તેમ કરવાથી અમારા વહાણ ચાલતાં થયાં. મારા શેઠ ડુંગરપર ગયા ને ત્યાં અન્નજળ નહી મળવાથી મેં ધાર્યું કે તે મરી ગયાં હશે! એમ ધારી મેં મૃત્યુના ખબર આપ્યા છે. એટલામાં વિમાનમાં બેસી તે શ્રીમાન ડોસીનો પુત્ર કુમારપાળ રાજા બેઠા હતા ત્યાં આવી પહોંચ્યો. તેને પર્વત ઉપર ઋષિ મહાત્માની કૃપાથી રીદ્ધીસિદ્ધિની સર્વે વાત કહી સંભળાવી. તે સાંભળી રાજા તથા તેની માતુશ્રી તથા ગામના નાગરીકો સર્વે ખુશી થયા. બીજાનું ભલું કરવા જતાં આપણને કદી પણ સંકટ આવતું નથી. " તે આ વાત ઉપરથી સિદ્ધ થાય છે. પ્રથમ તે જગ્યાએ હજારો વહાણો ડુબી ગયાં હતાં પણ આ શેઠ ત્યાંના લોકોને અન્નજળ આપવાથી તેને પંખીઓથી મોટી સહાય થતાં ખરાબામાંથી તેનાં વહાણો બચી ગયા માટે " પરોપકાર એ સુખી થવાનો એક સરળ માર્ગ છે " એ નિર્વિવાદ છે.

જીવને સમતા નથી

દોહરા.

ભમતાં જીવ અનંત ભવ, સ્તન પાન કીધાં માય,
અસંખ્ય સાગર જળથકી, તે પણ અધિકું થાય.
ચારે ગતી ભમતાં થકાં, જીવે કીધા આહાર;
તો પણ ભુખ્યો પ્રાણીઓ, સમતા નહિ લગાર.

પરસ્ત્રીની આશા રાખવાથી વિપરીત પરીણામ આવે છે.

જ્યારે ઇંદ્રને હજાર ભંગ થયા ને તેથી તેની ગાદી ખાલી પડી. અગાઉ જ્યારે વૃત્રાસુરના વધને લીધે ઇંદ્રને બ્રહ્મહત્યાની પીડા વળગી હતી ત્યારે તે માનસરોવરમાં ગુપ્ત વેશે રહ્યો હતો અને અહિં ત્રિલોકમાં કોઈપણ ઈંદ્ર નથી, એમ જોઇને મહર્ષિઓએ નહુષ રાજાનો ઇંદ્રપદ ઉપર અભિષેક કર્યો. ધર્મવત્સલ એવા તે રાજાએ વિદ્યા, તપ તથા યોગબળ સાથે ઇંદ્રની પદવી પામીને ત્રિલોકનું ધર્મ વડે રક્ષણ કર્યું. પછી સર્વે વૈભવ પામીને ઇંદ્ર રાણી પાસે જઇને બોલ્યો કે તું મને વર. તે ઇંદ્રાણીએ કહ્યું ધર્મને જાણનાર તમે પરસ્ત્રીને સતાવવવાને યોગ્ય નથી માટે મારાથી દુર રહેો. પણ તેણે તે વાત નહિ માનતાં છેવટે ઇંદ્રાણીએ કહ્યું કે અપૂર્વ એવા વાહન ઉપર બેસીને તમે આવજો એટલે હું વરીશ. રાજાએ મુનીઓ પાસે પાલખી ઉપડાવી તેમાં બેઠો. અગસ્ત્ય મુનીને ધીમે ચાલતા જોઈ સરપ, સરપ, એમ બોલતાં સુકૃત્યનો નાશ થયેલ તે રાજાએ ક્રોધથી લાત મારી એટલે ક્રોધે ભરાયલા તે મુનીએ અવળે માર્ગે જનારા તે રાજાને શાપ આપ્યો કે હે પાપાત્મન ! તું તત્કાળ સરપ થઇને પૃથ્વી ઉપર લાંબો કાળ રહે. અગસ્ત્ય મુનિથી શ્રાપ પામેલો તે રાજા તત્કાળ સરપ થઈને પૃથ્વી ઉપર પડયો. એવી રીતે પરસ્ત્રીની આશા રાખવાથી વિપરીત પરીણામ આવે છે.

પ્રકરણ અઠ્ઠાવીસમી.

આત્મબુદ્ધિની પરીક્ષા.

કોઇ એક મોટા સદ્‌ગુરૂ એક વખતે મુસાફરી કરતા હતા. તેના સાથે તેના ચાર પાંચ શિષ્યો વિચરતા હતા. તે વખતે શિષ્યોની પરીક્ષા જોવાને ગુરૂએ કહ્યું હે શિષ્યો ! તમારે મારે વિષે આત્મબુદ્ધિ કેવી છે? સર્વે શિષ્યોએ હાથ જોડી કહ્યું કે તમને વાધ કરડવા આવે તો અમે આડા સુઇએ એવી આપના વિષે અમારી આત્મબુદ્ધિ છે. થોડેક રસ્તે ગયા પછી એક મોટું જંગલ આવ્યું. સર્વે શિષ્યોને તથા ગુરૂને પાણીની તૃષા ભારે લાગી પણ કોઇ સ્થળે પાણી મળે નહિ. આઠ દશ ગાઉ ચાલ્યા પછી દૈવયોગે એક કુવો દૃષ્ટિગોચર થયો. સર્વે શિષ્યોને તરસ બહુ જ લાગી હતી તેથી કુવા કાંઠે જઇ પાણી કાઢી સર્વે તૃપ્ત થયા પણ તે વખતે ગુરૂજીને પાણી પાવું ભુલી ગયા. ગુરૂજી પણ શિષ્યોની પરીક્ષા જોવા કાંઈ પણ બોલ્યા નહિ. સાંજ પડે તેઓ સર્વે પોતાના સ્થાનકે ગયા તે વખતે ગુરૂજીએ શિષ્યો પાસે પાણી માગ્યું-શિષ્યોએ તુરત પાણી ગુરૂજીને આપ્યું પણ પોતાની થએલી ભુલ માટે પસ્તાવા લાગ્યા ને બે હાથ જોડી નમ્રપણે માફી માગવા લાગ્યા. હે ગુરૂજી ! અમારી મોટી ભુલ થઈ છે, કારણકે પાણીની અમોને ઘણી તરસ લાગવાથી આપને પાણી આપવું ભુલી ગયા તે ગુન્હો અમારો કૃપા કરી માફ કરો. ગુરૂજી બોલ્યા કે " તમારી અમારે વિષે આત્મબુદ્ધિ કેવી છે તેની અમોને આજે ખાત્રી થઇ છે " માટે ખરા દુઃખને વખતે આત્મબુદ્ધિની પરીક્ષા થાય છે.

દીવો લઇને મનુષ્ય શોધતા એક સદ્‌ગુરૂ.

એક વખતે એક મોટા સદ્‌ગુરૂ હાથમાં દિવસના વખતે દીવો લઈ ફરતા હતા તેને ઘણા માણસો આશ્ચર્યથી પુછવા લાગ્યા કે હે

મહારાજ! દિવસે દીવો લઇ આપ શેની શોધ કરો છો? ત્યારે તે સદ્‌ગુરૂએ કહ્યું કે "હું મનુષ્યોને શોધું છું. ત્યારે બીજા મનુષ્યો કહે આ બધા આપની દૃષ્ટિએ પડે છે તે શું મનુષ્ય નથી! ત્યારે તે સદ્‌ગુરૂ કહે ના ના! હું તેને મનુષ્ય લેખતો નથી. તે તો હેવાન ગણાય છે. જેઓને પરમાત્માની ભક્તિ નથી અને જેઓ રાત્રિ દિવસ નાશવંત સુખમાં લચ્યાપચ્યા છે તેઓને મનુષ્ય હું માની શકતો નથી. એટલા માટે હું દીવો લઇને મુમુક્ષુની શોધ કરૂં છું. આ લોક, ભોગ સર્વે નાશવંત છે. આંહી થોડું રહેવાનું છે અને જ્યાં અનંત વખત રહેવાનું છે તેને માટે જેની તૈયારી લેશ માત્ર નથી તેને હેવાન નહિ તો શું સમજવા?

શ્રોતા ને વક્તા.

એક મોટા શેહેરમાં બે હરિ ભક્તો હતા તેમાં એક શ્રોતા ને એક વક્તા હતો. તેમણે વિચાર કર્યો કે એકાંત સ્થળ શોધીને ભગવાનની વાતો કરીએ અને સાંભળીએ. પછી તેઓ એક ડુંગરની તલેટી ગોતી ત્યાં ભગવાનનું જ્ઞાન નિરૂપણ કરવા માંડયા ને પરમાત્માના પ્રેમરસમાં ખાવું પીવું પણ ભુલી ગયા. કેટલાક વખત પછી તે બંનેના દેહ પડી ગયા. તે બંનેની સ્ત્રીઓએ ખોળતાં ખોળતાં શોધી કાઢયા પણ તેમના શરીર ઉપરની ચામડી તથા માંસ સુકાઈ ગયાં હતાં. પછી તે બંને જણીએ વિચાર કર્યો જે આ કેમ ઓળખાય? ત્યારે એક સ્ત્રીએ કહ્યું જે તમારા પતિ શ્રોતા હતા તે તેમના હાડકામાં છીદ્ર પડયા હશે! ને મારો પતિ વક્તા હતા તે તેમનાં હાડકાં ગળી ગયાં હશે! એવી એંધાણીએ બન્ને જણીએ પોતપોતાના પતિનાં હાડકાં ઓળખી લીધાં. આવી પતિવ્રતા સ્ત્રીઓ આધુનિક સમયમાં પણ છે અને પતિવ્રતાનો ધર્મ તે આનું નામ કહેવાય. ને શ્રોતા વક્તા પણ આવા જ જોઇએ! પરમાત્માનું જ્ઞાન કથતાં હાડ ગળી જાય ને સાંભળતાં હાડમાં છિદ્ર પડે ત્યારે જ શ્રોતા વક્તાનું સાર્થક થયું જાણવું. એવા શ્રોતા વક્તા વર્તમાન સમયમાં મળવા દુર્લભ છે.

મધનું એક ટીપું.

એક મધનું ટીપુ પડયું હતું તેને ઘણી માખીઓ વળગેલી હતી. માખીઓને જોઇને કેટલાક કરોળીયા મોટી આશાથી તેના પાસે આવ્યા. એક કરોળીઆને જોઇને ગરોડી પણ દોડી આવી. પછી તેને પકડવાને મીંદડી આવી. તે મીંદડીને જોઇ કુતરા દોડયા. કુતરાને જોઇ સાવજ આવ્યા અને ત્યાં મોટો શોરબકોર થઈ રહ્યો. એટલામાં શિકારીએ આવી સાવજને મારી નાંખ્યો. તે મરતાં મરતાં સાવજે પણ શિકારીના પ્રાણ લીધા. એ પ્રમાણે એક મધના ટીપામાંથી અનેક જીવોનો વિના કારણે સંહાર થયો; માટે પંચ વિષયમાં સ્નેહ રાખનારની એવી રીતે દુરગતિ થાય છે એ નિઃસંદહ છે.

ગરીબને ત્યાં કોઇ ગાવા આવે નહિ.

એક ગામમાં એક હરીભક્તને ત્યાં વિવાહનો પ્રસંગ આવતાં ગામના લોકો તેની ગરીબાવસ્થાને લીધે કોઈ ગાવા આવે નહિ. આ ભક્ત તો પરમ એકાંતિ હતા તેથી તેના મનમાં તે સબંધી કાંઇ પણ હતું નહિ પણ તેમની પત્નીના મનમાં એમ આવ્યું કે આપણે ગરીબ છીએ માટે આપણે ઘેર કોઇ ગાવા આવતું નથી. હમેશાં વિવાહના પ્રસંગમાં પુરૂષ કરતાં સ્ત્રીઓને વિશેષ મોહ હોય છે. રાત્રિના વખતે તે હરિભક્તની સ્ત્રીએ પોતાના પતિને કહ્યું કે આપણે ત્યાં કોઈ ગાવા આવતું નથી. આપણા ગરીબને ત્યાં કોણ ગાવા આવે? શાહુકારને ત્યાં સૌ કોઈ જાય. પછી તે વાત સાંભળી તે હરીભક્તે પોતાની ધર્મપત્નીને કહ્યું "તમારે માણસ ભેગાં કરવાં હોય તો તમારા કરીઆવરનું ઘરેણું લાવો. વાણીઆને ત્યાં અડાણે મુકીને સામાન લાવીએ પછી જુઓ કોણ ગાવા નથી આવતા" આ સ્ત્રી પણ સમજુ હતી તેથી પોતાના સ્વામીના વચનો સાંભળી મનમાં સમજી ગઈ કે સઘળો સંસાર સ્વાર્થનો છે. પૈસાને સૌ નમે છે, ગરીબનો કોઈ ભાવ પુછે તેમ નથી પણ અંતે ગરીબાઇમાં જ મજાહ છે.

પ્રભુનો મહિમા.

પરમાત્માનો મહિમા અપાર છે તથા આપણે કરવાનું પણ અપાર છે, માટે નિરંતર શુદ્ધ ભાવે પ્રભુના મહિમાનો વિચાર કરવો. હું કોણ ! ને ક્યાંથી આવ્યો છું અહીંની થોડી મુસાફરી બાદ મારે ક્યાં જવાનું છે ! મને આ જગતપર આવતાં પરમાત્માએ શી શી આજ્ઞાઓ આપી હતી, મારાથી કેટલી આજ્ઞાઓનું ઉલ્લંઘન થયું છે તેનો હમેશાં સદ્‌ગુરૂનો સમાગમ કરી વિચાર કરવો. નહિ તો પછી આ દેહ પડયા પછી ભારે પસ્તાવો થશે. પ્રભુનો મહિમા સમજવાથી કામ ક્રોધાદિકનો તુર્ત વિનાશ થઈ જાય છે. જુઓને, પૂર્વે મોટા મોટા રાજાઓ પણ પ્રભુના મહિમા માટે રાજ્યપાટ છોડી જંગલમાં રહ્યા હતા. કારણ શરીર (વાસના) નો ક્ષય થયા વિના પંચવિષયમાં પ્રીતિ ઓછી થતી નથી જ્યારે પંચવિષયમાંથી આસક્તિ ટળી જાય ત્યારે સારૂં નરસું સર્વે એક થઈ જાય. આંહી કારણ શરીર બળીગયું તે બીજે ઠેકાણે કદી પણ ઉગવાનું નથી માટે અંતરવૃત્તિ કરીને હમેશાં મહાન દયાળુ પ્રભુનો મહિમા સમજવા યત્ન કરવો જોઇએ.

સમુદ્રના પાણીમાં મોતી પાકે છે.

ગંગાનું પાણી ઘણું જ ઉત્તમ છે પણ તેમાં મોતી પાકતાં નથી મોતી તો દરીયાના ખારા પાણીમાં જ પાકે છે. તેમ ઘડાના પાણીમાં પણ મોતી પાકે નહિ. સજાતીપણે તો સર્વે એક ગણાય પણ ગુણે કરીને ભીન્ન ગણાય છે. આ નશ્વર જગતમાં મનુષ્યો તો પુષ્કળ છે પણ જેના સમાગમથી સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય તેવા વિરલા પુરૂષો તો ભાગ્યેજ મળે છે માટે હમેશાં તેની શોધ કરી ખરૂં સુખ પ્રાપ્ત કરી લેવું જોઇએ ! સુરજના તેજે કરીને જેમ તારા અને ચંદ્રમાનું તેજ મટી જાય છે ને અંધારૂ સર્વે લીન થઇ જાય છે તેમ સદ્‌ગુરૂના સમાગમથી ખરૂં સુખ પ્રાપ્ત થાય છે. સદ્‌ગુરૂ પાસેથી જેટલું લઇએ તેટલું લેવાય છે તેનો પાર આવે તેમ નથી. તેઓ આપણને અભય સુખ આપે છે.

માયાને શું કરવા સુજી હશે?

એક મોટા સદ્ગુરૂને તેના શિષ્યે એક વખતે એવો પ્રશ્ન પૂછ્યો કે માયા દુઃખરૂપ છે તો પછી ભગવાને તેને શા માટે ઉત્પન્ન કરી હશે? તે સદ્ગુરૂએ શિષ્યના સમાધાન માટે પ્રત્યુતર કર્યો કે હે શિષ્ય! જો ભગવાને માયા ન કરી હોય તો સર્વે ભક્તોના મન એકાગ્રપણે ભગવાનમાં ચોંટે તેમાં ખરા ભક્તનું પારખું કેમ પડે? માટે ભક્તનું પારખું લેવા સારૂ માયાને પ્રેરણા કરી છે" ગાયના મુખમાંથી ગંગા જળ આવે છે તે કાંઇ તેના મોઢામાંથી નથી આવતું એ જળ પૃથ્વીમાંથી આવે છે તેનાથી કરીને મનુષ્ય પવિત્ર થાય છે તેમજ ભગવાનના અનાદી મુક્તના મુખમાંથી જ્ઞાન વાર્તા રૂપી રસ નિકળે છે તેનું જે પાન કરે છે તે ભાગ્યવંત ગણાય છે ને તેને માયા બાધ કરી શકતી નથી.

વૈરાગ્યના વિચારો.

(૧) સાંખ્ય વિચારે કરીને સર્વે સાર અસાર જાણવું.

(૨) વસ્તુ વિચારે કરીને જોવું જે આ પદાર્થમાં આટલું સુખ છે ને આટલું દુઃખ છે અને સંસ્કૃતિને પમાડે તેવા આ લોકના સર્વે સુખ છે.

(૩) વૈરાગ્યે કરીને એક ભગવાન વિના બીજે ક્યાંઇ પ્રીતિ રાખવી નહિ.

(૪) આત્મનિષ્ઠા એટલે દેહથી પોતાના આત્માને જુદો સમજીને ભગવાનની ભક્તિ કરવી.

(૫) ભક્તિ એટલે મોટા સદ્ગુરૂની અનુવૃતિમાં રહેવું.

(૬) ચૌદ લોકના પંચ વિષયના સુખ મિથ્યા સમજવાં.

(૭) આપણે ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જવાનું છે. એક સોય જેવી નજીવી ચીજ પણ જતી વખતે સાથે લેવાતી નથી તો પછી ખોટીવાસના એ વળગી રહેવું તેમાં સાર શો?

પશુહિંસા એ અધર્મ છે.

પશુહિંસા રૂપ કર્મનું ફળ દુઃખજ છે એમ નારદજીએ શ્રીમદ્ ભાગવતમાં કર્મમાં આસક્તિવાન મનવાળા પ્રાચીન બ્રહ્મર્ષિ રાજાને કહ્યું છે કે હે રાજન! નિર્દય એવા તે યજ્ઞમાં મારેલા એવા હજારો જીવોના સમૂહોને તું જો! એ જીવો તારા વૈરનું સ્મરણ કરતા થકી તારી રાહ જોઇ રહ્યા છે, તારા મૃત્યુ પછી જેને ક્રોધ ઉત્પન્ન થયો છે એવા તેવો લોઢાના કુહાડાથી તને છેદશે એ તું સત્ય માનજે. એક કીડી જેવા જીવને પણ કદી દુઃખ દેવું નહિ. પરમાત્માએ આ સૃષ્ટી-માંહે સર્વે જીવોને ઉત્પન્ન કરી તેમને ભિન્ન ભિન્ન જાતનું સુખ આપેલું છે. જેવો નિર્દય થઇ મુંગાં પ્રાણીઓનો ઘાત કરે છે તેઓ કદી પણ આલોક તેમજ પરલોકમાં સુખી થતા નથી. માટે હીંસાનો કદી પણ સંકલ્પ કરવો જ નહિ. આપણને જેટલું દુઃખ થાય તેટલું જ બીજા અનાથ પ્રાણીઓને થાય છે એ પોતાના મનમાં અવશ્ય સમજવું જોઇએ.

ખાલી હાથે જવાનું છે.

(ગઝલ)

કરોડોની ભલે મિલ્કત, ઘણો વૈભવ મહારાયા,
જતા ખાલી ન સાથે કૈં, લઇને કોઇ પણ ધાયા;
જશે ખોવાઇ ખાધેલું, દીધું જે દાન તે ફાવ્યા,
પ્રભુ દરબાર મુકીને, મૂકે શું માટીમાં માયા.
પ્રપંચો પેટને કાજે, કરી ધંધા વિશે ધાયા,
ઘણાને ત્રાસ દઇ અંતે, કરી ભેગી કંઇ માયા;
ન ઘટવા લેશ તેમાંથી, સ્વપ્નમાં રક્ષવા ધાયા,
પ્રભુ દરબાર મુકીને, મૂકે શું માટીમાં માયા.

ફુલછાબ ઓગણત્રીસમી.

અનુભવ વિના આનંદ થતો નથી.

આપણા પાસે પારસમણી, ચિંતામણી ને કલ્પતરૂ આવે પણ તેનો આપણને અનુભવ ન હોય તો તેના મહિમાની આપણને ખબર પડતી નથી. એ વસ્તુઓ ઇચ્છીત ફળ આપનારી છે ખરી પણ આપણે કાંઈ ચિંતવીએ જ નહિ તો તેમાંથી ઉત્તમ ફળો મળી શકતાં નથી. મહાન કૃપાથી ભારતવર્ષમાં મળેલો મનુષ્ય દેહ અમુલ્ય ને ચિંતામણી તુલ્ય છે એમ મહાત્માઓ વારંવાર પોકારી પોકારીને કહે છે પણ જ્યાંસુધી અનુભવી જ્ઞાન થયું નથી ત્યાંસુધી આપણને ખરો આનંદ આવી શકતો નથી, અને ખરા આનંદ વિના આપણું અમુલ્ય જીવન સુખરૂપ નહિ થતાં સદાકાળ દુઃખ રૂપ થાય છે. તે વિષે સદ્‌ગુરૂ નિષ્કુળાનંદ સ્વામી કહે છે કેઃ—

ભાગ્ય જાગ્યાં આજ જાણવા, કોટીક થયાં કલ્યાણ;
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રગટ પ્રભુ પ્રમાણ. ભાગ્ય.

અનાથપણાનું મેણું ઉતર્યું, સદાય થયા સનાથ;
ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરીએ હાથ. ભાગ્ય.

કંગાલપણું કહેવા ન રહ્યું, સદાય માણું સુખ;
મસ્તી આવી રે અંગમાં, દુર પલાણું દુઃખ. ભાગ્ય.

અણસમજણ અળગી થઇ, સમી સમજાણી વાત;
પાપ સર્વે પરાં પળીઆં મળ્યા શ્રીહરી સાક્ષાત્ ભાગ્ય.

કસર ન રહી કોઇ વાતની, પામ્યા પ્રગટ પ્રભુ પ્રસંગ;
ખોટ મટીને ખાટય થઇ, રહી ગયો છે રંગ. ભાગ્ય.

ભુદર મલતાં ભલું થયું, ફેરો ફાવ્યો આવાર;

સુખ તણી સીમા શું કહું, મને મોદ અપાર. ભાગ્ય.
આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય;
અમળતી વાતતે આવી મળી, શી કહુ સુખની સીમાય. ભાગ્ય.
આજ અમૃતની હેલી થઇ. રહી નહિ કાંઇ ખોટ;
એક કલ્યાણનું કયાં રહ્યું, થયાં કલ્યાણ કોટ. ભાગ્ય.
રાંકપણું તો રહ્યુ નહિ, કોઇમાં કહેશો કંગાલ;
નિરધનીઆ તો અમે નથી, મહા મળ્યો માલ. ભાગ્ય.
કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ;
પાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખો મુખ. ભાગ્ય.
ધન ધન અવસર આજનો, જેમાં મળીયા મહારાજ;
નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી રહ્યો છે આજ. ભાગ્ય.

શ્રદ્ધા રાખવાથી શ્રીહરી મળે છે.

ઉત્તર હિંદુસ્થાનનો કોઇ એક રાજા મોજશોખમાં મચેલો હતો તેને મૃત્યુની અગર પ્રભુના પ્રતાપની બીલકુલ ગમ નહોતી. રાત્રી દિવસ પંચ વિષયનું નશ્વર સુખ ભોગવી ખોટો આનંદ માણતો હતો. વળીતેને વિદ્વાન મહાત્માના વચન ઉપર વિશ્વાસ નહોતો એટલે પોતે સ્વછંદ રીતે વર્તન ચલાવી પોતાનું અમુલ્ય આયુષ્ય વૃથા ગુમાવતો હતો. એક વખતે શિકારના હથિયાર બાંધી તે રાજા શહેરમાં ફરવા નિકળ્યો હતો ત્યાં નિલકંઠ મહાદેવના પવિત્ર સ્થળ પાસે એક પંડીત રામાયણની કથા સંગીતમાં કરતો હતો તે ગમ્મત જોવાને માટે ફક્ત મોજશોખથી બે ઘડી ઉભો રહ્યો; પણ પ્રભુ કૃપાથી તે જ વખતે પૂર્વના સંસ્કાર જાગૃત થયા. તેથી કથામાં તેને પ્રેમ લાગ્યો. એટલે પોતાના સચિવ પ્રાણલાલને કહેવા લાગ્યો કે આ પંડીત આપણા રાજ્ય ભુવનમાં આવીને કથા કરે તો ઠીક. સચિવે હાથ જોડી કહ્યુંઃ મહારાજ! જેવી આપની આજ્ઞા! આપ રાજા છો એટલે આપની ઇચ્છાને તાબે થઇ તે કથાકાર પંડીત ઘણી

ખુશીથી આપણે ત્યાં આવી જ્ઞાનામૃતનું ઉત્તમપાન કરાવશે. રાજાએ સચિવને હુકમ આપ્યો કે તમે એ પંડીતને વરધી આપો કે કાલે રાજ્યભુવનમાં આવી આવી જ કથા કરે. સચિવે રાજાની આજ્ઞા પ્રમાણે પંડીતજીને સુચના આપી. પંડીતજી બહુ જ રાજી થયા ને મનમાં સમજવા લાગ્યા કે પરમાત્માએ રાજ્ય દરબારનો સારો યોગ આપ્યો છે. બીજે દિવસે બાર ઉપર ચાર વાગે પંડિતજી પોતાના વાજીંત્ર સાથે રાજ્યભુવનમાં રામાયણની કથા કરવાને આવ્યા. રાજાને તો બીજું કાંઈ જ્ઞાન નહોતું પણ વાતોના બહુજ રસિક હોવાથી રામાયણની વાત તેને બહુજ પ્રીય લાગી હતી તેથી કથા સાંભળવાને તત્પર થઈ રહ્યા હતા. પંડીતજીએ કથા શરૂ કરી એટલે રાજાજી સત્વર સભામાં આવી એક સુંદર સિંહાસન ઉપર બીરાજ્યા. પંડિતજીએ પંચવટીનો પ્રસંગ શરૂ કર્યો. રામચંદ્રજી મૃગને મારવાને જાય છે, સીતાજી લક્ષ્મણને તીરસ્કારના વચનો કહી તેના વાંસે મોકલે છે; એટલે વનમાં પર્ણકુટીમાં સીતાજી એકલાં રહેલાં છે. એટલામાં રાવણ આવી સીતાનું હરણ કરી જાય છે. આ વાત સાંભળી રાજાની ઉર્મિ એકદમ તપી આવી. પોતે એકદમ સભામાંથી ઉઠી ઘોડારમાં જઈ ચંપા નામના એક વાલી ઘોડા ઉપર સાજ નાંખ્યા વિના સવાર થઇ સીતાજીને છોડાવવા જંગલમાં દોડી ગયા. તેનો સાચો ભાવ હતો. એટલે શ્રીહરીએ તેને એક નદીના વોકળામાં પ્રત્યક્ષ દર્શન દીધાં ને કહ્યું હે રાજા! શાન્ત થા! તું શા માટે દોડે છે? અમે સાક્ષાત્ ભગવાન છીએ. રાજાજીને તો કાંઇ જ્ઞાન નહોતું. ફક્ત ભાવથી જ જંગલમાં સીતાજીનું સંકટ જોઇ દોડી આવ્યા હતા એટલે કહેવા લાગ્યો. તમે ભગવાન છો તે હું માનું નહિ. મારા પંડિતજી કહે તો સાચું માનું. ભગવાને કહ્યું જા, તારા પંડીતજીને બોલાવી લાવ. રાજા તુરત પોતાની નગરી તરફ પાછો ફર્યો અને પંડીતજીને સત્વર તેડી લાવ્યો. પંડીતજી તો આજ સાઠ વર્ષથી કથા કરતા હતા પણ તે ફક્ત પેટને માટે જ હતી એટલે કથા ઉપર તેમનો સંપૂર્ણ વિશ્વાસ નહોતો

પણ ધર્મનું જ્ઞાન હોવાથી 'ભગવાન શ્રી વિષ્ણુને ઓળખતો હતો. રાજાના ખરા ભાવથી પંડીતજીને પ્રભુના દર્શન થયાં. તે રાજાજીને કહેવા લાગ્યો કે આપના પ્રતાપથી જ મને સાક્ષાત્ વિષ્ણુના દર્શન થયાં છે. રાજાને પણ પ્રભુનાં દર્શન થવાથી માયારૂપી મોહનો પડદો એકદમ તુટી ગયો અને આ નાશવંત જગતનું સુખ ખોટું સમજી તે જ દિવસથી રાજ્યપાટનો ત્યાગ કરી પ્રભુની ભક્તિમાં તલ્લીન થઈ ગયો. માટે જેને ખરો પ્રેમ ઉત્પન્ન થાય તેનાથી પ્રભુ દુર નથી. લાખો પ્રયત્ન કરતાં જે વસ્તુ ન મળે તે ખરા ભાવથી સત્વર સાન્નિધ્ય થાય છે. જુઓને મીરાંબાઇ, નામદેવ, નૃસિંહ મહેતો ઇત્યાદિ મહાન ભકતને ફક્ત ભાવથી જ પ્રભુને વશ કરી શકયા હતા,

મહાન પુરૂષો જે કરતા હશે તે સમજીને કરતા હશે.

મોટા અનાદી પુરૂષોનો દર્શનને સ્પર્શે કરીને આનંદ માનવો ને હમેશાં તેની આજ્ઞામાં રહેવું. તેના વચનો પ્રેમથી સાંભળવાં ને તેમાં કદી પણ મનુષ્યભાવ લાવવો નહિ. મનમાં કદી પણ એમ ન ધારવું કે તે કેમ ચમત્કાર બતાવતા નથી. એ તો તેમની ઇચ્છામાં આવે તેમ કરે છે. મહાન પુરૂષો જે કરતા હશે તે સમજીને કરતા હશે એવું મનમાં સમજવું. જેમ જેમ આપણે પાત્ર થઇશું તેમ તેમ આપણા પાસે ચમત્કારની વાતો કરશે કેમકે પાત્ર વિના વસ્તુ ઝીલી શકાતી નથી. પાત્ર થયા વિના બ્રહ્મરસ લેનારા વખતે ગાંઠનું પણ ગુમાવી બેસે છે અને એના ઘણા દાખલાઓ આધુનિક સમયમાં આપણે તાદ્રસ્ય જોઇએ છીએ માટે ઉતાવળા નહિ થતાં શાન્તિથી સત્ પુરૂષનો સમાગમ કરવો. સત્પુરૂષને ને ભગવાનને કાંઇ છેટું નથી. એતો ત્રણે અવસ્થામાં પ્રભુની મૂર્તિમાં જ રમી રહ્યા છે. આપણને દીવ્ય દ્રષ્ટી થઈ નથી એટલે આપણને મનુષ્ય જેવા જણાય છે. પણ જેને બ્રહ્મસ્થિતિ થઇ છે તેને અલૌકીક સુખ અનાયાસે આવે છે. માટે જીજ્ઞાસુએ સત્ પુરૂષમાં શ્રદ્ધા રાખી તેની પૂર્ણ ભાવથી સેવા કરવી એમાંજ ખરૂં સાર્થક છે. જ્યાં સુધી આપણા મળ ધોવાણા

નથી ત્યાં સુધી મહાત્માની પરીક્ષા આપણાથી થઈ શકતી નથી એ નિર્વિવાદ છે.

દીલીપ રાજાનો દરબાર.

પૂર્વે દીલીપ નામનો રાજા થઈ ગયો હતો. તેણે પુરોહિતને દર યજ્ઞે દક્ષિણામાં સુવર્ણના હજાર હજાર હાથી આપ્યા હતા ને પોતાના રાજ્યભુવનની અંદર હંમેશાં વેદ મંત્રનો ઘોષ જારી હતો ને દાન આપો આવા શબ્દો હમેશાં થતા હતા. તે રાજાએ ધનથી ભરેલી પૃથ્વી બ્રાહ્મણોને દાનમાં આપી હતી. દાન આપી આપીને આ પૃથ્વીને પોતે શૂન્યકાર બનાવી હતી. તેના દરબારમાં કોઇ પણ યાચક આવતો તેને તે રાજા પ્રેમથી મોઢે માગ્યાં દાન આપી સંતોષતો હતો. તેને મોટા યજ્ઞો કરી ભારે નામના મેળવી છે.

સંતોષ વિના સુખ નથી.

એક સોદાગરની પાસે માલથી લદાએલા દોઢસો ઉંટ, પચાસ ગુલામ અને કેટલાક નોકર ચાકર હતા. એક રાત્રે તેણે મને ભોજન માટે બોલાવ્યો. આખી રાત તેની બેવકુફીની વાતો તેણે કર્યા કરી. તે કહેતો કે; તુર્કસ્તાનમાં મારો અમુક માલ છે, હિંદુસ્તાનમાં આટલો અસબાબ છે. આ અમુક જમીનનો દસ્તાવેજ છે અને અમુક તેનો જામીન છે. કદિ કહેતો કે સીકન્દરિયાનાં હવા પાણી સારાં છે તેથી ત્યાં જવાનો વિચાર છે. કદિ કહેતો કે, નહિં જાઉં; કેમકે ભૂમધ્ય સમુદ્ર અતિ પ્રચંડ સાગર છે. હે સાદી! મેં વળી બીજી એક મુસાફરી કરવાનો વિચાર કર્યો છે. જો એટલી પુરી થઇ જશે તો વ્યાપાર ધંધો છોડી દઇ બાકીનું જીવન એકાંતમાં વ્યતીત કરીશ. મેં સાંભળ્યુ છે કે, ચીનમાં ગંધકના ભાવ તેજ છે; તેથી ત્યાં ગંધક લઈ જઇશ, ત્યાંથી ચીનાઇ માટીના વાસણ યૂનાન લઇ જઇશ. યૂનાનનું જરીનું કાપડ હિંદુસ્તાન મોકલીશ. અલપ્પોના કાચના વાસણ યમન મોકલીશ અને ત્યાંથી કાપડ લઈ ઇરાન જઇશ અને પછી વ્યાપાર છોડી દઇ દુકાનમાં જ બેસી રહીશ. આવી આવી વાતો

કરીને તે થાકયો અને કંઈ કહેવાનું ન રહ્યું ત્યારે બોલ્યો: "સાદી, તમે પણ કંઇ જોયું સાંભળ્યું હોય તે કહો." મેં જવાબ આપ્યો: શું તમે નથી સાંભળ્યું, કે એક સરદાર રેતીના રણમાં પ્રયાસ કરતાં કરતાં ઉંટપરથી પડી ગયો હતો કે,—સંસારી આદમીની આંખ સંતોષથી સંતુષ્ટ બને તો ઠીક, નહિ તો પછી છેવટે કબરની માટીથી સંતુષ્ટ બને છે.

મૌનનો મહિમા.

મેં મારા એક મિત્રને કહ્યું:" હવે મને મૌન ધારણ કરવાના વિચાર થાય છે; 'કારણકે વાતચીત કરવામાં બૂરાઈ અને ભલાઇ બન્ને થાય છે અને દુષ્ટ અને દુશ્મન બંનેની જરૂરી હમેશાં બૂરાઇ પરજ રહે છે." તેણે જવાબ આપ્યો:" ખરી વાત છે ભાઇ, દુષ્ટ અને દુશ્મનની દૃષ્ટિમાં ભલાઇ એજ સર્વથી ભારે દોષ છે. સાદી! ખરેખરી રીતે ગુલાબનું ફુલ હોય છે, પણ તેઓની દૃષ્ટિમાં તો માત્ર તેમાંનો કાંટોજ જણાય છે. એવો માણસ જો કોઈ નેક આદમીના પરિચયમાં આવે છે તો તેનાપર ઢોંગી હોવાનો આરોપ મુક્યા સિવાય નથી રહેતો. જગતમાં પ્રકાશ આપનાર રોશનીનો રાજા જે સૂર્ય, તે પણ છછુંદરની નજરમાં તો નકામી વસ્તુ છે.

શિવાજીનો શોખ.

શિવાજી મહારાજ લખતાં વાંચતાં કાંઈ શિખ્યા નહોતા પોતાનું નામ પણ લખી શકતા નહિ પરન્તુ તેમણે નાની ઉમરમાંજ તીર ફેંકવામાં તેમજ તરવાર ચલાવવામાં તથા બીજા ન્હાના પ્રકારના હથિયાર વાપરવાનીજ કેળવણી મેળવી હતી જ્યારે તેમને અવકાશ મળતો ત્યારે દાદાજીની પાસે બેસી મહાભારતને રામાયણની કથા સાંભળવાનો તેમને ઘણો શોખ હતો. કથા સાંભળતાં સાંભળતાં બાળહૃદયમાં વખતોવખત સાહસ ઉભરાઇ આવતું ને હિંદુ ધર્મ વિષે તેમની આસ્થા દૃઢ થતી જતી. થોડી મુદતમાં શાસ્ત્રાનુસાર ક્રિયા કર્મ કરતાં પણ તે શિખ્યા. કથા સાંભળવાનો તેમને એટલો બધો શોખ

હતો કે ઘણાં વર્ષ પછી તેમને દેશમાં ખ્યાતિ મળી અને રાજ્ય પ્રાપ્ત થયું ત્યારે પણ કોઇપણ ઠેકાણે કથા થવાની તેમને ખબર પડતી તો તે સાંભળવા માટે પોતે ઘણું કષ્ટ વેઠીને પણ ત્યાં જવાનો યત્ન કરતા હતા.

પુત્રને પિતાનો ઉપદેશ.

એક શ્રીમાનના પુત્રમાં ત્રણ મહાન દુર્ગુણ જડ ઘાલીને રહેલા હતા તે એટલે સુધી કે પિતાશ્રીએ પુત્રને ઘણી ઘણી શિખામણો આપી પણ તે દુર્ગુણો લેશ માત્ર કમી થયા નહિ. પોતે મૃત્યુની પથારીપર આવતાં સુધી પુત્રના દુર્ગુણોને લીધે તેને અંતઃકરણમાં શાન્તિ થઈ નહિ. તેથી મરતી વખતે પોતાના પુત્રને બોલાવી તેને ત્રણ અમુલ્ય ઉપદેશ આપ્યા. તેં આજ દીન સુધી મારી શિખામણ માની નાહ તો ભલે, પણ મારૂં એટલું વચન બરોબર પાળજે.

(૧) તને મીઠાઈ ખાવાનું મન થાય ત્યારે બપોરે કંદોઇની દુકાને જજે.

(૨) વેશ્યાને ત્યાં તારે જવાની ઇચ્છા થાય ત્યારે સવારના પહોરમાં જવાનું રાખજે.

(૩) કોઇ પણ દિવસ હલકા સિપાઇ નોકરની ભાઇબંધી કરીશ નહિ.

ઉપલા ત્રણ દુર્ગુણો પોતાના પુત્રમાં હોવાથી તેને પોતાના મરણ પછી નિર્મૂળ થવા માટે ઉપર પ્રમાણે ત્રણ રસ્તા બતાવ્યા. થોડા દિવસ બાદ પિતા ગુજરી ગયા ને વ્યવહારનો સઘળો બોજો તેને માથે આવી પડયો. એક વખતે પોતાને મીઠાઇ ખાવાની મરજી થતાં બપોરના વખતે કંદોઈની દુકાને જતાં મીઠાઈની સ્થિતિ તેના જોવામાં આવી. કંદોઇનો પરસેવો મીઠાઇમાં પડતો હતો તે જોઇ તેને ઓકારી છુટી અને ઘણો તિરસ્કાર ઉત્પન્ન થયો અને તેજ દિવસથી મીઠાઇ ખાવાની ટેવ છોડી દીધી. બીજો શોખ તેને વેસ્યાને ઘેર જવાનો હતો. તે પિતાશ્રીના વચન પ્રમાણે એક વખત સવારમાં વેસ્યાને ઘેર જતાં વેશ્યાનો ભુંડણનો વેશ જોઇ પસ્તાવા લાગ્યો અને તે છંદ પણ મુકાઇ

ગયો. ત્રીજો દુર્ગુણ તેનામાં હલકા સિપાઇની ભાઇબંધી કરવાનો હતો. એક વખતે તેના ઉપર અચાનક કોર્ટનો સમન આવતાં તેનો એક સિપાઇ દોસ્ત સમન લઇ તેને ઘેર તાંત્કાલિક આવ્યો. તે વખતે તે જમવા બેઠો હતો. સિપાઈએ આવી તેને કઠોર વચનો સંભળાવ્યાં અને જમતાં જમતાં ઉઠાડી હાથ પકડી કોર્ટમાં લઇ જવાને માટે બળજોરી કરવા લાગ્યો. તે વખતે શેઠના પુત્રે ઘણી આજીજી કરી પણ તે નહિ માનતાં બળ જબરીથી તેને ખેંચવા લાગ્યો. તે વખતે તેના મનમાં એમ થયું કે સિપાઇ સાથે દોસ્તી ખરેખર ઉપયોગની નથી. આ મારો ઓળખીતો સિપાઇ છે તે મને ઓળખાણ હોવાથી બે ઠોંસા વધારે મારે એવો છે, માટે ખરેખર પિતાશ્રી કહેતા હતા તે ખરૂં જ છે. એમ ખરો અનુભવ થતાં તે શેઠના પુત્રના ત્રણે દુર્ગુણો સહેજ વાતમાં મુકાઈ ગયા અને તે સંસારમાં સદાને માટે સુખી થયો.

સાચી સેવા.

એક સાધુ પંચવટીમાં લોખંડના ખીલા ઉપર ઉભા રહી ઘણું વર્ષથી તપશ્ચર્યા કરતા હતા. પણ એક વખતે તેના મનમાં પોતાની તપશ્ચર્યાનું અભિમાન આવતાં તેને એક સુજ્ઞ પુરૂષે "સાદી શિખામણ આપી." ગુરૂ મહારાજ આપને શિખામણ દેવાને હું યોગ્ય નથી. પણ મારી બુદ્ધિ પ્રમાણે બે બોલ બોલવા આપની પાસે રજા માગું છું. "ગુરૂ મહારાજ ! તપશ્ચર્યાનું અભિમાન છોડી કોઇ દુખી માણસ ઉપર દયા લાવી ઉપકાર કરવામાં પ્રભુ રાજી છે. આપ આપના દેહને આવું કષ્ટ આપો છો તેના કરતાં દેશાટણ કરી વિદ્યા અને ધર્મની સંવૃદ્ધિ કરો તો પરમાત્મા આપના ઉપર સત્વર પ્રસન્ન થશે એમ મારૂં માનવું છે. પછી આપ માનો અગર ન માનો તેની મને પરવા નથી. આજ કાલ આપણા હિંદમાં હજારો સાધુઓ આશ્રમો બાંધી બેઠેલા છે. પરન્તુ તેઓ જો ભારતવર્ષનું શ્રેય કરવા અંતઃકરણમાં ઇચ્છા રાખતા હોય તો ખરેખર આધુનિક સમયમાં આગેવાન દેશ

નેતાઓને ખરેખર મદદરૂપ થઈ પડે. મહાત્મા ગાંધીજી તથા તીલક મહારાજે દેશનું ભલું કરવામાં જુઓને કેવી સાધુતા ધારણ કરી હતી. તેઓએ પોતાના શરીરે અનહદ કષ્ટો વેઠી હિંદને સ્વરાજ્ય અપાવ-વાને ભગીરથ યત્ન કર્યો હતો. તે પ્રમાણે મહાન પુરૂષે પણ વિદ્યા, ઉદ્યોગ, ધર્મ ને કેળવણીપર દૃષ્ટિ રાખી પોતાનું અમુલ્ય જીવન વ્યતીત કરવું જોઇએ. તેમાં જ પરમાત્મા પ્રસન્ન થશે. સાધુને આ મુમુક્ષુની વાત સમજાણી અને તે જ દિવસથી આકરૂં તપ મુકી વિદ્યાની સંવૃદ્ધિ તરફ પ્રયાસ કર્યો.

ખોટો આક્ષેપ.

એક સજ્જન મનુષ્યપર ગામના મનુષ્યોએ ખોટો આક્ષેપ મુકી તેને વ્યભિચારી કહ્યો હતો. આથી તે સજ્જન અંતઃકરણમાં બહુ જ ખેદ પામવા લાગ્યો. પોતાના મનમાં બહુ દીલગીર થઇને એક વાર આ વાત તેણે પોતાના એક સ્નેહીને કહી. તે સ્નેહી બહુજ સદ્ગુણી તથા ચોક્કસ વિચારક હતો તેથી તેને ઘણી રીતે સમજાવ્યું કે, " સાચને આંચ નથી. " " સતારનો સુર જ્યાં સુધી સારો નીકળે ત્યાં સુધી સતારના તાર કોઇ સુધારવા યત્ન કરતું નથી. " માટે તું આત્મનિષ્ઠા રાખી સત્ય માર્ગે વિચર એટલે તને કોઇ પણ દુઃખ આપી શકશે નહિ.

ફુલછાબ ત્રીસમી.

એક ચીનાની વાત.

એક ચીનાને ત્યાં લોટ દળવાની પવન ચક્કી હતી તેમાં આખું ગામ લોટ દળાવતું તેથી બે પૈસા સારા કમાતો પણ એ ચીનો લોભી ને અદેખો હતો તેથી જ્યારે તેણે સાંભળ્યું કે એના પાડોસીને સ્વપ્નામાં લાગટ ત્રણ દિવસ ધન દેખાયું હતું અને તે પ્રમાણે ખોદતાં પાડોસીને ધન જડયું હતું. ત્યારે તેના મનમાં પણ એ જ રીતે ધન મેળવવાના વિચાર આવવા લાગ્યા. "મને એવાં સ્પપ્નાં ક્યારે આવશે અને કોઈક ઠેકાણેથી ધનનો ચરૂ જડે?" એમ રાત દહાડો તે ઝંખ્યા કરતો હતો, અને એના પરીણામે એના હમેશના ધંધામાં પણ એનું લક્ષ બરોબર ચોંટતું નહિ એની આટાની ચક્કીનું કામ બગડવા લાગ્યું અને ઘરાકી પણ ઘટવા લાગી પણ એની આંખ ઉઘડી નહિ. રાત દિવસની ઝંખનાથી એને એક રાતે એવું સ્વપ્નું આવ્યું કે આ આટાની ચક્કીની નીચે ભોંયમાં ચરૂ દાટેલો છે એના એ વિચાર કર્યા કરવાથી તેને બીજી અને ત્રીજી રાતે લાગટ એનાએ સ્વપ્ના આવ્યાં. સ્વપ્ના ખરાં માની એ ચીનાએ એની આટાની ચક્કીની નીચે ખોદવા માંડયું. ખોદતાં ખોદતાં એક પથ્થર આવ્યો, એ જોઈ હરખાઇ ગયો અને "જરૂર આની નીચે ચરૂ હશે, એ હું ને મારી વહુ બે જણા એકઠા મળીને કાઢીએ કેમકે મજુર જોશે તો તેની દાનત બગડશે અને કોઇવાર મારે ત્યાં આવીને એ ચોરી જશે" એમ વિચાર કરી એની વહુને ખુશીભર્યા સમાચાર કહ્યા. અને બન્ને જણા આટાની ચક્કીએ ગયાં. બન્નેએ એકઠાં મળી પથ્થર ઉપાડયો પણ નીચે કાંઇ મળે નહિ? તેઓ નિરાશ થઈ ઘેર ગયાં, રાત જેમ તેમ કરી કાઢી અને બીજે દહાડે સવારે ચક્કીએ

આવીને જુએ છે તો આખું મકાન ભોંય ભેગું થઇ ગયેલું? પેલો પથ્થર ખસવાથી દીવાલ નરમ પડી હતી, અને તેથી વહાણું વહાતાં પહેલા મકાન પડી ગયું હતું. તુરત ન પડયું અને તેઓ ચગદાયા નહી એટલો ઇશ્વરનો પાડ.

સ્વાર્થી જગત.

જગતમેં સ્વારથકા વ્યવહાર,
બીન સ્વારથ કોઈ બાત પુછે દેખા ખુબ વિચાર—ટેક
પુત્ર કમાઇ ઘર ધન લાવે, માતા કરે પીયાર;
પીતા કહે યહ પુતસપુતા અકલમંદ હુશીયાર—૧
નારી સુંદર બસ્તર ભુષણ, માંગત વારંમવાર;
જો લાકર ઘરમાં નહી દેવે મુખડા દેત બિગાર—૨
પુત્ર ભયે નારીકે વસમે, નિત્ય કરે તકરાર;
આપો અપના ભાગ બટાકર હોવે ન્યારો ન્યાય—૩
જીનકો જાનત મિત્ર પીયારે સબ મતલબકે યાર;
બ્રહ્માનંદ છોડ કરમતા, સુમરો સર્જનહાર—૪

મુસાફર જાગૃત થા.

તજો અબ નીંદરે મુસાફીર કરો ત્યારીરે—ટેક.
ઇસ નગરીકે નવ દરવાજે, ખુલ્લી પડી સબ બારીરે;
દીન દીન લોક સભી ચલ જાવેં કાહેકો દઈએ ઘરકી
યાદ બીસારીરે—૧
રાજા, રાની, પંડીત, જ્ઞાની, સુરવીર નર નારીરે,
અપને અપને મારગ જાવે,
રહત ન પાવે કરે જતન હજારીરે—૨
બ્રહ્માનંદ વિલબ ન કીજે,
શીરપે ખડી હય તેરે કાલકી સવારી રે—૩

અજમાવેલો ઉપાય (તાવ માટે).

તાવની અનેક દવાઓ છે પણ એક અનુભવી વૈદ પોતાના

બહોળા અનુભવથી કહે છે કે જ્યારે તાવ આવવાનો વખત થાય તે વખતે લીમડાની લીલી સળીઓની છેલ્લી ગાંઠો નંગ ૨૧, તીખાં નંગ ૨૧ અને એ બંનેના વજન જેટલો અજમો પાણીમાં વાટી ગરમ કરી ચાટણ જેવો થયેથી ચટાડવું. તેથી તાવ તુરત ઉતરી જાય છે.

વીંછીનું વિષ ઉતારવાના સહેલા ઉપાય.

૧. કપાસના પાન ને રાઇ વાટી લેપ કરવો.

૨. કપાસના મુળ રવીવારે કાઢી રાખવાં. તે ચાવવાથી અગર ઘસી ચોપડવાથી તુરત વીંછી ઉતરી જાય છે.

૩. નેપાલો પાણીમાં વાટી લેપ કરવો.

૪. નવસાર ને હરતાલ પાણીમાં વાટી ચોપડવી.

૫. મોરથુથુ દહીંમાં ઘસીને ચોપડવું.

૬. થોડા અરીઠા ગોળમાં ખાવા અગર તેમનું ધુમ્રપાન કરવુ.

૭. હીંગ આકડાના દૂધમાં વાટી તેનો લેપ કરવો.

૮. તાંદળજાનો રસ સાકર નાંખી પાવો.

૯. ખરસાણીનો રસ ચોપડવો.

૧૦. કડવા લીંબડાના પાન ચાવી બાફ જવા ન દેતાં દંશના વીષમ ભાગના કાનમાં ફુંક મારવી અથવા કડવા લીંબડાના પાનનું ધુમ્રપાન કરવું.

૧૧. હળદરની ભુકી ચલમમાં નાંખી પીવી.

૧૨. આંબલીનો કચુકો શેકી ઉપલી છાલ કાઢી નાંખી દંશ ઉપર જોરથી દાબવો.

૧૩. પાણીમાં ફટકડી નાંખી આંખ ઉપર છાંટવું.

૧૪. ધતુરાનાં પાંદડાં હાથમાં મસળી દંશ ઉપર તેનો રસ ચોપડવો.

૧૫. અઘેડાના મુળીયાં ચાવી ખાવાં ને દંશ ઉપર તેનો લેપ કરવો.

શારદા પરબ.

શારદા ઉભી છત્ર છાઈ સર્વ છાંયે આવજો,

પરબો ઉભા છે પાત્ર ધરીને સર્વ પીવા આવજો,
બ્રહ્મચર્યનો ભંડાર છે, શો તેજનો અંબાર છે ?
એ જ્ઞાનની લુંટો મહીં રસના લુટારૂ આવજો–શારદા.
અણસુણેલા બોલ મને અણ દીધેલા કોલમાં,
એ અણદીઠયાં આદર્શપટનાં ચિત્ર જોવા આવજો—શારદા.
મયુરો સમા સાક્ષર અહીં, પુસ્તક રૂપે ટહુકા કરે,
શારદવીણા સ્વર છેડતાં એ સુણવા સહુ આવજો–શારદા.
સંસાર જો દુઃખ ભાર છે, અહીં કુંજ ને કલ્હાર છે;
ઠંડી લીએ લહેરા તણી દીલ ઠારવાને આવજો—શારદા.
સ્વર્ગ કેરી બાલિકા, કવી ઉર કેરી નાયિકા,
એ કલ્પના, રસ ને, કલાની મૂર્તિ જોવા આવજો—શારદા.
આ જ્ઞાનની પરબે ભર્યાં, સબરસ તણાં જળ તો ઠર્યાં;
લઇ અંજલી સબરસ તણી ઉરપાત્ર માંહે ઠાલજો-શારદા.
અધુરા હશે અભ્યાસ જે, અધુરા હશે ઉલ્લાસ જે,
અધુરાં જીવનની પુરતી રસમય સરવ કરવા આવજો-શારદા.

ચેતવણી.

દેખ લે ચતુર નર અબ તો નજર ભર,
ધડી પલ છીન તેરી બીતત ઉમરીયાં—૧.
દીપકી લોય જઇસે અંજલીકો તોય તઇસે
કબહુ ન હોય થીર જાયરે ગુજરીયાં—૨.
પશુ, મૃગ રાજ ધરે ચીડીયાકો બાજ હરે
તઇસે યમરાજ કરે પડે ન ખબરીયા—૩.
પાપનસે ડર નર હરીકા ભજન કર,
બ્રહ્માનંદ મન ધર બાત રે હમરીયા–૪

પુસ્તક મહાત્મ્ય.

(કુંડળીયા)

આપે પુસ્તક પલકમાં ખલક વીશે સનમાન,
ઉડાડે આકાશમાં, બેસાડી વઇમાન;

એસાડી વધમાન માનવીને સુખ આપે,
છપાય પોતે પ્રથમ પછી સહુના મન છાપે;
દુર્ગુણના ઘણુઘોર જોરથી ઝટ ઉથાપે,
કાપે ક્રુર કુસંપ સંપ આપી સુખ આપે;
પગવણુ પૃથ્વીમાં ફરે મુખવણુ બોલે વાણુ,
કરવણુ કાપે કલેશતરૂ દઇ શીક્ષા નીર્વાણુ;
દઇ શીક્ષા નીર્વાણુ વહાણુ જળ મધ્ય ચલાવે,
દુર દેશની વાત ભાત ! પળમાં અહીં લાવે;
પુસ્તક ગુણનું કથન મથન કરવાથી સીમા,
કરે કારમાં કામ હાથ પગપણુ પૃથ્વીમાં;
ડાહ્યાને ગાંડો કરે ગાંડાને દે શીખ,
ડોશીને જોશી કરે પશુને કરે પરીખ;
પશુને કરે પરીખ મુર્ખને જ્ઞાન અપાવે,
સીંધુ તળ થકી મોતીની માળ બતાવે;
ભુત ભવિષ્યની વાત સદા સમજાવે સાને,
પુસ્તક તણો પ્રતાપ પુછ જઇ કોઈ ડાહ્યાને;
પળમાં દીલ દીલગીરી કરી, પળમાં આણે હાસ,
પળમાં ક્રોધ કરાવીને અંતર કરે ઉદાસ;
અંતર કરે ઉદાસ વાસના ત્યાગ કરાવે,
પળમાં કામી કરે આશ-પાસે બંધાવે;
પળમાં લે આકાશ ડુબાડે પળમાં જળમાં,
એનું જોર વીચીત્ર તોય તેનાથી પળમાં;

સાધુનો ઉપદેશ.

એક સાધુ સાથે વાત કરતાં તેણે બાદશાહ સીકંદરને ઉપદેશ આપતાં કહ્યું કે જે ચીજ તું બીજાને આપી શકતો નથી તે ચીજ તારે લેવી ઘટારત નથી. આ માર્મીક શબ્દોના ભાવાર્થ શાહ ન સમજી શકયો ત્યારે સાધુએ કહ્યું કે ભાઈ તું તારો પોતાનો જીવ

આપી શકતો નથી તે છતાં તું બીજાઓનો જીવ લે છે એ ઠીક નહી.

"If a life you cannot give, a life you should not take."

જગતમાં સાચો મિત્ર (પુસ્તક)

ચોપડીના જેવો વફાદાર મિત્ર આ દુનિયામાં આપણને જવલ્લેજ જડશે. એક ફારસી લેખક લખી ગયો છે કે હે ભાઈ, ચોપડીને તારો સાથી બનાવ કારણ કે તે એક એવો સરસ હમશરીક છે કે જે હમેશાં તને તારા દુઃખમાં કે વિપત્તિમાં, રંગમાં કે રાગમાં, મદદ કરશે જ ! અને તું તારા આ મિત્રને જ્યાં જ્યાં લઈ જવા માંગીશ ત્યાં ત્યાં સહેલાઈથી લઈ જઇ શકશે ! અંગ્રેજી સાહિત્યમાં પણ એની ઉપર ઘણાક વિદ્વાનો તારીફ લાયક શબ્દો લખી ગયા છે. પોયેટ સાઉધી (Southy) એ "ધી-સ્કોલર" નામની સુંદર કવીતામાં ચોપડી વિષે જાણવા જોગ સુંદર વીચારો દર્શાવ્યા છે. ભાઇઓ સદા યાદ રાખજો કે તમારા દુન્યવી મિત્રો તમારા સુખમાંજ ભાગ લેશે, પરંતુ દુઃખ વખતે, "હા! શું કર્યે તું દુઃખમાં હશે!" કહી કાન પર હાથ મુકી ચાલતી પકડશે. આ પૃથ્વી ઉપર ખરો ને વફાદાર મિત્ર મળવો બહુજ મુશ્કેલ છે. માટે હે ભાઈ એક સારી ચોપડીનેજ હંમેશ માટે તારી જીંદગીનો ભોમ્યો લેખી સાચ્ચો મિત્ર બનાવી રાખ !

A taste for book is the pleasure and glory of my life. I would not exchange it even for the riches of the Indies.

GIBBON.

હાથીની જીંદગી.

કહે છે કે આ પ્રાણીની જીંદગી લાંબી હોય છે. સાધારણ રીતે એક હાથી ૧૭૫ ૨૦૦ વરસ લગી જીવી શકે છે. એના મોટા કદ પ્રમાણે એની જીંદગીની હદ પણ મોટીજ છે. આ દાખલો કુદરતના

અમુક કાયદાની એક નીશાની બતાવે છે. હરેક દેશોમાં કાંઈ હાથી એકજ સરખી રીતે ૨૦૦ વરસ જીવી શકતો નથી. જેમ મનુષ્ય જીંદગીનો આધાર ઋતુ ઉપર રહે છે તેજ મીસાલ હાથીની બાબતમાં પણ બને છે.

એનું નામ તે મનુષ્ય.

એક સમયે મહાત્મા અલી ઈસ્લામીઓના ખલીફા બંદગી પછી ધર્મોપદેશ સંભળાવી રહ્યા હતા, તે વખતે એક અરબે એમને તરેહ ત્રીસમની ગાલો ભાંડી અને ખલીફાનો ઓદ્ધો છોડી દેવા કહ્યું. આવા મહાન પુરૂષને ગાળો દેતાં સમજતાં ત્યાં ઉભેલું લોક બહુજ ઉશ્કેરાઇ ગયું. મહાત્માએ તેમને શાંત રહેવા કહ્યું, અને બોલ્યા કે ભાઇઓ, આતો બીચારો પોતાનાં દુઃખથી હારેલો મારેલો છે તેથી તે જે તે બોલી દે છે. માટે તમે કાંઈ પણ મનપર લેશો નહિ. લોકોએ પેલા અરબને પુછી જોતાં તેણે પોતાનાં સઘળાં દુઃખનું વર્ણન કર્યું. આ સમજી સર્વ કોઇ મહાત્માની સહનશીલતા તથા મનુષ્ય ખવાસનું ઉંડું જ્ઞાન જોઇ હેરત પામ્યાં. મહાત્માની સારી સલાહથી પેલા આરબનું દુઃખ અને વિપત્તિ પણ પતી ગયાં અને મહાત્માજીના ઉપકારના બદલામાં પેલો અરબ એમનો એક ચુસ્ત ચેલો બન્યો. આ નાનો દાખલો આપણને મનુષ્ય ખવાસનો ઉત્તમ દાખલો પુરો પાડે છે.

"Be noble! and the noblness that lies
In other men, sleeping, but never dead.
Will rise in majesty to meet thine own."

ઋષીઓનું ડહાપણ.

ઋષીવર્યોએ દીર્ઘદ્રષ્ટી વાપરી સર્વ લોકોને ઘેર તુલસીના ઝાડ જોઇએ એવી યોજના કરી રાખેલી છે. એ યોજના ઉપરથી તેઓનું પુર્ણ ડહાપણ અને દુરદર્શીપણું સિદ્ધ થાય છે. તુલસીનું ઝાડ ઘરના આંગણામાં વાવવાથી આરોગ્ય વધે છે. તે ઝાડમાંથી એક પ્રકારનો વાયુ ઉત્પન્ન થઇ તે આસપાસની રોગકારક હવાનો નાશ કરી હવા

ચોખ્ખી કરે છે. એવા અપુર્વ ગુણ ઉપરથી તુલસીના ઝાડની નીત્ય પુજા કરવી. તેની પ્રદક્ષિણાઓ કરવી એવો જે આપણા ધર્મમાં નીત્ય નીયમ કહેલો છે એથી કરી આપણને બેવડાં લાભ પ્રાપ્ત થાય છે. તુલસીના અનેક ગુણો વૈદ્યક શાસ્ત્રીઓએ વર્ણવ્યા છે. તેની ચાહ કરી પીવાથી અનેક રોગ મટી જાય છે.

કુલછાબ એકત્રીસમી.

સત્સંગ સુધા–સંદેશ.

૧ જ્યારે ભગવાન સંબંધી સુખમાં દૃષ્ટિ પહોંચે ત્યારે જેટલું માયિક સુખ છે, તે સર્વ થકી વૈરાગ્ય પમાય છે, અને એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાય છે એ વૈરાગ્યનું સ્વરૂપ કહ્યું છે.

૨ જે પ્રકારે પોતાની ઇંદ્રિયો અને અંતઃકરણ એ સર્વ પોતાના હુકમમાં વર્તે, એવો ઉપાય કરવો.

૩ ભગવાનના રૂપ કરતાં અધિક રૂપ, અધિક સ્પર્શ, અધિક રસ, અધિક ગંધ, અધિક શબ્દ, તે બીજાને વિષે જણાય તો ભગવાનને મૂકીને તેને વિષે હેત થઇ જાય.

૪ મનન ને નિદિધ્યાસ એ બે કર્યા વિના તો કેવળ શ્રવણે કરીને સાક્ષાત્કાર થતો નથી.

(૫) મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત હોય તેનો જ કરવો, જેથી જીવનું કલ્યાણ થાય, પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો.

(૬) કામાદિક દોષનો નાશ કરવાના ઉપાયમાં તત્પર થઇને જે મંડયો હોય તેનો સંગ સર્વ પ્રકારે કરવો.

સાધન અને સહાયતા.

એકલા સાધને કરીને કાંઇ વળી શકતું નથી. એ સાધનમાં હમેશાં સદ્‌ગુરૂની સહાયતાની ચોકસ જરૂર છે. સાધને કરીને એકાંતિક થવાય. એકાંતિક એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય. મહાત્મ જ્ઞાને યુક્ત ભક્તિ તેણે યુક્ત થયો, તે એકાંતિક થયો. સદ્‌ગુરૂની કૃપા થાય ત્યારે જ આગળ વધાય છે, ત્યારે જ પરમ એકાંતિક થવાય છે, ત્યારે જ મૂર્ત્તિમાંથી અનુભવ જ્ઞાન છુટે છે. તે અનુભવ જ્ઞાનને અનાદિ મુક્ત ખેંચીને મૂર્ત્તિમાં જોડાવી દે છે; લોહને ચમક જેમ ખેંચે તેમ ખેંચે છે. તે ખેંચીને મૂર્ત્તિમાં જોડાવી દે છે ને અનાદિ મુક્ત જેવા અનાદિ મુક્ત કરે છે એ છેલ્લા મુદ્દાની વાત છે. જુઓને પુરૂષ પ્રયત્નથી કેટલું કાર્ય થાય છે ને ભગવાનની કૃપાથી કેટલું કાર્ય બને છે તેનો વિચાર કરીએ તો આપણને સહેજ જણાશે કે પુરૂષ પ્રયત્નથી ચાર વિઘા જમીન ખેડુત પલાળે અને વરસાદથી આખી સૃષ્ટિ સહેજવારમાં પલળી જાય છે. સાધન તો આપણાથી શું બની શકે ? પણ સહાયતા મેળવવાને ઉપાસના દૃઢ રાખવી જોઇએ. " ઉપાસના વિનાનો માણસ માથા વિનાનો ખવિસ ગણાય છે " માટે ઉપાસના પરીપકવ રાખવાથી મોટા પુરૂષ રાજી થાય છે અને જ્યારે મોટા પુરૂષનો રાજીપો મળ્યો કે સહેજવારમાં " રાઇનો પર્વત કરી આપે છે "

સબરીનાં એંઠાં બોર.

ભગવાન તો કેવળ ભાવના જ ભૂખ્યા છે જુઓને દુર્યોધનના મેવા મુકીને ગરીબ વિદુરજીને ત્યાં જઈ કાચાં કેળાંની છાલ તથા તાંદળજાની ભાજીનું પાન કરવા લાગ્યા ! તે જ પ્રમાણે સબરી નામની એક ગરીબ ભીલડી હતી તે શાસ્ત્ર કે સ્મૃતિ કાંઇ જાણતી નહોતી પણ તેનામાં પ્રભુપરનો અથાગ પ્રેમ હતો તે શા ઉપરથી

જણાય છે ? કે તે જે ઋષિના આશ્રમમાં રહેતી હતી ત્યાં એક બોરડીનું ઝાડ હતું, મહા ફાલ્ગુન માસના દિવસમાં તે બોરડીમાં બોર પાકતાં સબરીબાઇ વીણી વીણીને ચાખીને " આ મારા પ્રભુ વાસ્તે " એવા સદ્‌ભાવથી રાખતી. પ્રભુ તો અંતરજામી છે એટલે તેઓ સબરીનાં એંઠાં બોરની પ્રસાદી લેવા આ ઋષિના આશ્રમમાં પધાર્યા. ધન્ય છે એ ભલી ભીલડીના ભાવને ! જ્યારે આપણે પણ એવો સદ્‌ભાવ રાખીશું ત્યારે સચ્ચિદાનંદની સાચી ઓળખાણ થશે એ નિર્વિવાદ છે.

મોતનો ભય રાખવો જોઇએ !

દોહરો.

સમજ સમજ મન માનવી, મોત તણો ભય રાખ;
કાળ વિષે કર કાળજી, થવું બળીને ખાખ.

ફુલછાબ બત્રીસમી.

દુઃખભંજન વિક્રમ રાજાની નગરચર્યા.

રાજા વિક્રમ એકવાર રાત્રે નગરચર્યા કરવા માટે પોતાના પ્રધાનને સાથે લઇને નીકળ્યો. ચૌટામાં બેઉ જણા અંધકાર પીછોડી ઓઢીને જતા હતા, એટલામાં રાજાએ જોયું કે રાજ્યનો એક ચોકીયાત કોઇની દુકાનનું તાળું ઉઘાડતો હતો એટલે રાજા અને પ્રધાન ઉભા રહ્યા અને ચોકીયાત શું કરે છે તે જોવા લાગ્યા. ચોકીયાત દુકાનમાંથી સોનામહોરોની થેલી લઇને બહાર આવ્યો એટલે રાજાએ તેને પકડ્યો અને પૂછ્યું; " અલ્યા ! તું ચોકીયાત થઇને શાહુકારની દુકાનમાંથી ચોરી કરે છે ? ચોકીયાતે બેધડક જવાબ આપ્યો: " એમાં

શું? અમારા નાયકસાહેબ પણ ચોરી કરે છે!" રાજાને તો આશ્ચર્ય થયું અને ચોકીયાતને સાથે લઈને તે નાયકની શોધમાં ચાલ્યો. ચોકીયાતે એક ગલી બતાવી તેમાં જતાં જ રાજાએ જોયું કે એક ચોર કોઇના મકાનપર ચડતો હતો અને નાયક પોતે જ સીઢી પકડીને ઉભો હતો! રાજાએ તેનો હાથ પકડીને પૂછ્યું:" અલ્યા નાયક! આવાં કામ પાસે રહીને કરાવે છે?" નાયકે બેધડક જવાબ આપ્યો: "એમાં શું? કોટવાળ સાહેબ પોતે ક્યાં કરતા નથી?" રાજા આ સાંભળીને વધુ આશ્ચર્ય પામ્યો અને નાયકને સાથે લઇને કોટવાળને ત્યાં ચાલ્યો; ત્યારે કોટવાળ પોતાના ઘરને ઓટલે બેઠેલો હતો અને ચોરી કરવા નીકળેલા ચોર પાસેથી પોતાનો ભાગ લેતો હતો! રાજાએ તેની સામે ઉભા રહીને કહ્યું:" અલ્યા કોટવાળ! તને આ ધંધો શોભે?" કોટવાળે કહ્યું:" એમાં શું? ન્યાયાધીશ સાહેબ ક્યાં છોડી દે છે?" કોટવાળને લઇને રાજા ન્યાયાધીશને ત્યાં ગયો અને હાક મારી બારણું ઉઘડાવ્યું. તેના ઘરમાં જતાં જ રાજાએ જોયું કે દીવાન-ખાનામાં ચાર-પાંચ શાહુકારો રૂપીયાની થેલીઓ લઇને ન્યાયાધીશને લાંચ આપવા આવેલા! રાજાએ ન્યાયાધીશને પૂછ્યું કે "અરે ન્યાયા-ધીશ! આ શાહુકારો મધરાતે તને શાના રૂપિયા આપવા આવ્યા છે?" ન્યાયાધીશે જવાબ આપ્યો કે:"મહારાજ! આ પ્રધાનજીને જ પૂછોને! તેમાં મારોને તેમનો ભાગ છે!" આ સાંભળીને રાજા આભો બની ગયો અને પ્રધાનને પૂછવા લાગ્યો કે "પ્રધાનજી! તમે પણ આવા ધંધા કરો છો?" પ્રધાને કહ્યું કે "મહારાજ! મારી પહેલાંના તેમ કરતા ને તેની પહેલાંના પણ તેમ કરતા; હું કાંઇ નવું કરતો નથી." તે વખતે તો રાજા ગમ ખાઇ ગયો, પણ સવારે ચોકીયાત, નાયક, કોટવાળ, ન્યાયાધીશ અને પ્રધાન પાંચેને બોલાવીને રાજાએ અગા-શીના કઠેરાપર ઉભા રાખ્યા અને કહ્યું:"સાંભળો! તમને મેં પ્રજાનું રક્ષણ કરવા રાખ્યા છે, તેને બદલે તમે જ જ્યારે પ્રજાનું ધન હરીને પોતાનાં ગજવાં ભરો છો, અને વળી ઉપરથી કહો છો કે એવું તો

બધાએ કરતા આવ્યા છે, ત્યારે મારા અફસોસનો પાર રહેતો નથી અને તમને બધાને આ અગાશીપરથી ધક્કો દઈને નીચે પાડી નાંખવાની આજ્ઞા કરૂં છું." પ્રધાન ન્યાયાધીશ વગેરે પાંચે એકીસાથે ગભરાઈને બોલી ઉઠયા: "મહારાજ! એવી આકરી સજા હોય?" રાજાએ જવાબ આપ્યો: "એમાં શું? મારા બાપદાદા પણ ચોરને એવી જ સજા કરતા; હું કાંઇ નવું કરતો નથી! ચોરી કરનાર ભીખારી હોય, તેના કરતાં ચોરી કરનાર અમલદારો વધારે ગંભીર પ્રકારના ચોર છે એવું હવે પછી આવનાર અમલદારોને બતાવવા માટે મારે એવી સજા કરવી પડે છે." એટલું કહેતાં જ રાજાએ ચાકરોને ઇશારત કરી અને તેમણે બધાને હડસેલીને નીચે પાડી નાંખ્યા જેથી તે મરણ પામ્યા.

બાળકોની પ્રભુ પ્રાર્થના.

જપું પ્રીતે તુજ નામ,
પ્રભુ! હું જપું પ્રીતે તુજ નામ.
સુરજ ઉગે રોજ સવારે,
ચંદ્ર પ્રકાશે રાત—પ્રભુ હું.
ફુલવેલાને ઝાડ બનાવ્યા,
ફળ મીઠાં અમ કાજ—પ્રભુ હું૦
વાયુથી જીવે સૌ પ્રાણી,
ઉપયોગી છે અનાજ—પ્રભુ હું૦
પશુ અને પક્ષી સરજાવ્યાં,
વિધવિધ માણસ જાત—પ્રભુ હું૦
તું પાલક આખી સૃષ્ટિનો,
સર્વજ્ઞ સહુ કામ—પ્રભુ હું૦
તું દીનબંધું, કરૂણાસિંધુ,
અદ્‌ભૂત તારાં કામ—પ્રભુ હું૦
શીશ નમાવીને માગું છું,
દે બળ બુદ્ધિ હામ.—પ્રભુ હું૦

ફુલછાબ તેત્રીસમી.

ગાયની પુજા.

બધાં પ્રાણીઓમાં ગાયને હિંદુઓ સર્વથી વધારે માન આપે છે. પૃથ્વીમાંથી સર્વ સંપત્તિ નીકળે તે સર્વ વસ્તુ અર્પનાર પૃથ્વીનો ગાય નમુનો છે. કહે છે. કે બ્રહ્માએ બ્રાહ્મણને અને ગાયને એકી વખત પેદા કીધાં, બ્રાહ્મણને ધર્મક્રિયાઓ કરવા માટે અને ગાયને એ પૂજાની સામગ્રીના પદાર્થ પુરા પાડવા માટે હિંદુઓ ગાયને પુજે છે તેનું કારણ તે એમની જે જે સેવા બજાવે છે તે બધીનો અત્યન્ત ઉપકાર કરવાની વૃત્તિ છે, એમાં કાંઇ શક નથી. જે ભૂમિમાં હિંદુ જ્ઞાતિને માંસ ખાવાની મના છે તે ભૂમિમાં તેનું પોષણ પૂરૂં પાડે છે. ગાયના છાણ ને માટીનાં બનાવેલાં છાણાનો સર્વત્ર બળતણ તરીકે ઉપયોગ થાય છે. બધી ખેતીની મજુરી બળદ ઉપર આધાર રાખે છે; કેમકે હિંદુસ્તાનમાં ઘોડા પાસે હળ ખેંચાવતા નથી.

મોનિઅર વિલિઅમ્સ કહે છે કે (૧) "સર્વ પ્રાણીમાં ગાય વિશેષ પવિત્ર મનાય છે. તેના શરીરના દરેક ભાગમાં એક કે બીજો દેવ વસે છે. તેના શરીરના એકે વાળનો પણ તિરસ્કાર કરી શકાતો નથી. તેનાં મળમુત્ર પવિત્ર મનાય છે. એક રજ પણ અપવિત્ર ગણી ફેંકી દેવાની નથી. એથી ઉલટું તેનું મુતર પવિત્ર પાણી તરીકે સંઘરી રાખવાનું છે. તે સર્વ પાપનો નાશ કરે છે અને જેને તે સ્પર્શ કરે છે તે સર્વને પવિત્ર બનાવે છે. ગાયના છાણ જેવું બીજું કાંઇ પવિત્ર નથી. ગંદામાં ગંદી જગ્યાપર છાણનો અબોટ કરવામાં આવે તો તે તરત જ શુદ્ધ થાય છે અને સર્વ અપવિત્રતાથી મુક્ત થાય છે. આ પવિત્ર છાણને બાળવાથી જે રાખ થાય છે તે એવી પવિત્ર છે કે તે ગમે તેવા ગંદા, પાર્થિવ પદાર્થને

સાફ કરે છે એટલું જ નહિ, પણ પાપીપર માત્ર છાંટવાથી જ તે પાપીને સાધુ બનાવી દે છે."

પાછલી બાબતનો એક દાખલો અપાય છે.

આગ્રાના કિલ્લામાં મુકુન્દ નામના માણસની મૂર્તિ છે. તે એક પવિત્ર સાધુ પુરૂષ હતો, પરંતુ તેને આગ્રાના કિલ્લાની પાસેથી વહેતી યમુના નદીમાં આત્મપાત કરી આત્મહત્યા કરવાની જરૂર પડી હતી, કારણ કે ગાળ્યા વગર દૂધ પીવાથી અજાણતાં તેના પેટમાં ગાયનો વાળ ગયો હતો. આ પ્રમાણે તેણે પોતાની ઈચ્છાથી આત્મઘાત કર્યો હતો તોપણ તે શિક્ષા પુરી ગણાઇ ન હતી કારણકે ત્યાર પછીના જન્મમાં તેને મુસલમાન થવાની શિક્ષા થઇ હતી, પણ તેની પવિત્રતા ધ્યાનમાં લઈ તે શિક્ષા અંશે નરમ કરવામાં આવી હતી અને તે અકબર બાદશાહ તરીકે ફરી જન્મ્યો હતો.

શાસ્ત્રોમાં નક્કી કર્યું છે કે દેવોની મૂર્તિને પંચગવ્યથી સ્નાન કરાવી શુદ્ધ કરવી. એ પંચ ગવ્યમાં નિચે પ્રમાણે છેઃ—

દૂધ, દહિં, ઘી, છાસ, મુતર. દેવોને પણ ગાયનું ઘી ખાઈ પાપનો નાશ કરવાનો બોધ કરવામાં આવે છે. બ્રહ્માએ કહ્યું છે કે ગાય એ પૂજાનું ખરૂં યોગ્ય પાત્ર છે અને આજ પણ જ્યાંસુધી બારણા આગળ છાણનો અબોટ થયો નથી ત્યાંસુધી ઘણા બ્રાહ્મણો સવારે ઘરની બહાર જશે નહિ.

ગાયનું વાર્ષિક પૂજન સર્વ હિંદુઓ કરે છે, પરંતુ કેટલાક તો તેને દરરોજ પૂજે છે. તેને માટે કોઇ મૂર્તિ વપરાતી નથી, કારણકે પ્રત્યક્ષ ગાય તેનું કામ સારે છે. કાઠિઆવાડમાં આવેલા કોટડા સાંગાણીના મર્હૂમ મહારાજા ગાયની સેવા તન, મન ને ધનથી કરતા ને કૃષ્ણ પરમાત્માની પેઠે હમેશાં ગાયના ધણમાં પોતે જતા. હાલમાં પણ માંગરોળની ગાદીના મોટા મીયાંસાહેબ ઘેર ઘેર ગાય પાળવાનો બોધ આપણને કરી રહ્યા છે તે શું સુચવે છે કે ગાયની સેવાથી

આ મુલ્મિક સુખ અનાયાસે મળી શકે છે, માટે હમેશાં ગાયની સેવા કરવી એ આપણો ખાસ ધર્મ છે.

મંદોદરીને આશિર્વાદ.

રાવણુની પટરાણી મંદોદરી તેના મરણ પછી રામની પાસે વિલાપ કરતી આવી. રામે તેને ઓળખી નહિ તેથી એવો આશીર્વાદ દીધો કે તું કદી વિધવા થઇશ નહિ. પરંતુ પોતાની ભુલ માલમ પડી ત્યારે રામ ઘણું ગભરાયા, કેમકે તેનાથી પોતાના શબ્દ પાછા ખેંચી લેવાય નહિ. આથી તેને હનુમાનને આજ્ઞા કરી કે રાવણુની ચિતામાં તારે હંમેશાં લાકડાં નાખ્યાં જ કરવાં; કેમકે જ્યાંસુધી સ્વામીનું શબ બળે છે ત્યાં સુધી તે વિધવા કહેવાતી નથી. એ હિંદુ કહેવત છે, તેટલા માટે આજ પણ હનુમાન્ ચિતાપર લાકડાના કટકા નાખ્યા જ જાય છે.

સમર્થની શિખામણ.

સમર્થ રામદાસ સ્વામીએ પોતાના શિષ્યગણુને ઉત્તમ ઉપદેશ નીચે પ્રમાણે આપ્યો હતો.

(૧) માર્ગ પુછ્યા વિના પ્રવાસ કરવો નહિ.
(૨) પરીક્ષા કર્યા વિના અજાણ્યું ફળ ખાવું નહિ.
(૩) રસ્તામાં પડેલી પારકી વસ્તુ એકદમ લેવી નહિ.
(૪) ઘણો વાદ કરવો નહિ.
(૫) પેટમાં કપટ રાખવું નહિ.
(૬) તપાસ કર્યા વિના કુલહિન સ્ત્રીની સાથે વિવાહ કરવો નહિ.
(૭) વિચાર કર્યા વિના બોલવું નહિ.
(૮) મર્યાદા મુકીને કોઇ પણ પ્રયત્ન કરવો નહિ.
(૯) પ્રીતિ વિના રીસવું નહિ.
(૧૦) સ્વચ્છંદ રીતે ચાલવું નહિ.
(૧૧) ચોરને ઓળખાણ પુછવી નહિ.
(૧૨) મનુષ્યો સાથે નમ્રતા છોડવી નહિ.

(૧૩) રાત્રે પ્રવાસ કરવો નહિ.
(૧૪) અનીતિથી દ્રવ્ય સંગ્રહ કરવો નહિ.
(૧૫) ધર્મ, નીતિ ને પુણ્યનો માર્ગ કદી છોડવો નહિ.
(૧૬) દુર્જનની સોબત કદી પણ કરવી નહિ.
(૧૭) પાપ બુદ્ધિથી પર સ્ત્રીને કદી પણ જોવી નહિ

ભરવાડની ખોટી બુમો.

એક ભરવાડનો છોકરો સીમમાં બકરાં ચરાવતો હતો પણ વખતો વખત ખોટી બુમો પાડીને લોકોને ભેગા કરી તેની મશ્કરી કરતો હતો. ઓ વાઘ આવ્યો! ઓ વાઘ આવ્યો!! આવા શબ્દો બોલવાથી આસપાસના લોકો દોડી આવતા. જ્યારે તે બુમ પાડનાર છોકરા પાસે આવતા તે વખતે આ વાત ખોટી ઠરતાં લોકોનો વિશ્વાસ ઉઠી ગયો અને લોકો સમજવા લાગ્યા કે આ મૂર્ખ છોકરો વિના કારણે ખોટી બુમો પાડે છે. એક વખતે તે છોકરા પાસે ખરેખરો વાઘ આવતાં તે છોકરાએ બુમો પાડી પણ કોઈ તેની મદદે આવ્યું નહિ ને તે વાઘે તે છોકરાના પ્રાણ લીધા. આવી રીતે કેટલીક વખતે ખોટું બોલી મશ્કરી કરવા જતાં પોતાના પ્રાણની નુકશાની થાય છે. મહાત્મા ગાંધીના ઉપદેશથી ઘણાએ ધોળી ટોપી ઘાલી "સ્વદેશ સેવા" નો બોધ કરવા લાગ્યા પણ જ્યારે દેશકાળ ફરી ગયો ત્યારે પોતે "હતા તેને તે" રહ્યા. જગત તેવા મનુષ્યને સારી પેઠે ઓળખે છે માટે "એકનિષ્ઠા" વિના ખરી વાત ટકી શકતી નથી.

ભૃગુઋષિનો અગ્નિને શ્રાપ.

પુલોમાં નામની એક સ્ત્રીનો વિવાહ એક રાક્ષસ સાથે થયો હતો. ભૃગુએ તેનું સૌંદર્ય જોઇ તેની સાથે વૈદિક ક્રિયા પ્રમાણે છુપું લગ્ન કર્યું અને તેને લઇ ગયા. અગ્નિની મદદથી તે રાક્ષસે કન્યાની છુપાઈ રહેવાની જગ્યા શોધી કાઢી અને પોતાના ઘેર લઇ ગયો. અગ્નિએ રાક્ષસને મદદ કરી માટે તેને ભૃગુએ શ્રાપ દીધો અને કહ્યું કે "આજથી તારે દરેક વસ્તુ ખાવી પડશે". અગ્નિએ કહ્યું કે "હું

પણ તને શ્રાપ દઈ શકું છું, પણ બ્રાહ્મણોની ઉંચી પદવીને માન આપીને (ભૃગુ લાગલા બ્રહ્માથી જ ઉતરી આવેલા હતા) હું મારો ક્રોધ કાબુમાં રાખું છુ. હું ખરેખર, દેવો અને પિતૃઓનું મુખ છું, યજ્ઞમાં તે મને ઘી હોમે છે ત્યારે તેઓ તે મારી મારફતે જ લે છે. હું તેમનું મુખ છું. ત્યારે દરેક ચીજ ખાઉં છું એમ કહી શકાય!" આ સાંભળીને ભૃગુએ પોતે દીધેલો શ્રાપ ઓછો કરવા કબૂલ કર્યું અને કહ્યું કે." જેમ સૂર્ય પ્રકાશ અને ગરમીથી બધી કુદરતને સ્વચ્છ કરે છે, તેમ અગ્નિ જે સર્વનું ભક્ષણ કરશે તેને પવિત્ર કરશે."

કુલછાબ ચોત્રીસમી.

દુનિયાના રંગઢંગ.

અલ્યા તને સત્ય રે ભક્તિ નવ સૂઝી,
ઓ દુનીયા ઢુંગને ઢુંગને વળુધી;
જવ ને ઘઉંની ગોરો બનાવે ને,
પુજાને પાતરી ચઢાવે;
દસ દહાડા પડદામાં રાખે,
લઈ જળમાં ઝંપલાવે—ઓ દુનિયા.

માતાકુ તો વળી નાળીએર માને,
ને પથ્થરની સામે પટકાવે;
છાલ રે છોલ તો દેવીકું દેવે ને,
ગોટા તો આપ ગટકાવે—ઓ દુનિયા.

ઠંઠણુ ઠંઠણુ ઘંટડી બજાવે ને,
ઠાકોરજીકુ ફોસલાવે;

શીરાપુરી તો પાછળ મેલે,
લઇ ચરણામૃત આલે—એ દુનિયા.

કાદવકચરાના નાગ બનાવે ને,
પુજાને પાત્રી ચડાવે;

જો સચ્ચા નાગ મીલે તો,
લઇ લઠ્ઠા ધમકાવે—એ દુનિયા.

માતાજી પાસે રે બેટા માગે ને,
અજીઆના શિશ કટાવે,

માતાની પાસે જો બેટા રે હાવે તો,
અજીઆના શિશ કયું કટાવે--એ દુનિયા.

નરદેહનું સાર્થક.

નરદેહનું સાર્થક સત્વર કરી લેવું જોઇએ ! કેમકે પૂર્વ જન્મમાં આપણે અનંત પ્રકારના અસહ્ય દુઃખો વેઠયાં છે. કોઇને હજી પણ કયો સમય કેવો આવશે તેનો કાંઇ ભરોસો નથી. જેમ વૃક્ષ ઉપર સંધ્યાકાળે પક્ષીઓ ભેગાં થઇને પ્રભાત થતાં ઉડી જાય છે તેમ આ સર્વ વૈભવને માટે સમજવું. કોણ જાણે કેવો સમય આવશે ? પુત્ર, કલત્ર ઇત્યાદિ સર્વ વણસી જતાં વાર લાગશે નહિ. જે ઘડી હાલ આપણે જોઈએ–અનુભવીએ છીએ તે કાંઇ આપણને પાછી મળવાની નથી. તે તો આપણા આયુષ્યમાંથી ઓછી થઇ ગઈ ! અને દેહપાત થયા પછી (સત્કર્મ ન કર્યાં હોય તો) નીચ યોનીમાં પુનઃજન્મ લેવાનું નિર્માણ થએલું જ છે. એ યોનીમાં ઉત્તમ સ્થિતિ પમાતી નથી. ગર્ભવાસના અનંત દુઃખો ભોગવીને હે મનુષ્ય ! ઘણા પરિશ્રમથી તથા કાંઇક સુભાગ્યને લીધે એ કષ્ટમાંથી તું છુટી શકયો છે. પ્રથમ તેં બહુ બહુ દુઃખો સહન કર્યાં છે ત્યાં તારૂં કોઇ સાથી નહોતું, અને હવે પછી પણ તારે એકલાને જ જવાનું ! કોના

મા ! બાપ ! ! ભાઈ, બ્હેન, કોનાં સગાં, કોની સ્ત્રી અને કોનાં છોકરાં છેયાં ! આ બધું માયામય છે એમ તું જાણુ, સુખના સાથી છે એમ સમજ. એમાંથી કોઇપણુ સુખ-દુ:ખમાં ભાગ પડાવે એવાં નથી. આ ધન, ધાન્ય, અને લક્ષ્મી અશાશ્વત છે. કોનું ઘર અને કોને સંસાર ! હાથે તે સાથે છે. તારૂં શ્રેય ઇચ્છતો હોય તો સન્માર્ગને રસ્તે ચાલી મનુષ્યજન્મનું સાર્થક કરી લે ! પ્રારબ્ધના યોગથી આ ઉત્તમ યોગ તને મળ્યો છે. જ્યાં આ તારૂં શરીર પોતાનુ નથી ત્યાં અન્યને પોતાના ધારી શા માટે મૂર્ખાઇ વહોરી લે છે ? જ્યાં વાસના વળગી ત્યાં દુ:ખ પણુ એક સાથે આવી વળગે છે. માટે હે ભાઇ ! સત્વર ચેતી જઇ તારૂં શ્રેય કરવા તું હમેશાં તૈયાર રહે ! કેમકે આ મુસાફરી ટુંક સમયમાં પુરી થશે ને જતી વખતે પસ્તાવું ન પડે તેને માટે પરમાત્માએ તને ઉત્તમ તક આપી છે. માટે સદ્‌ગુરૂને શરણે સત્વર જઇ અનુપમ લાભ મેળવી લહે કેમકે,

તુલસી સત સુઅંબતરૂ, ફુલ ફલહિં પર હેત;
ઇતતેજન પાહન હનેં, ઉતતે વે ફળદેત.

સંતની સોબતથી સર્વે સાર અસાર વસ્તુ તેને સહેજમાં જણાશે અને મોક્ષનો માર્ગ પણુ સત્વર જડશે.

અભાગી કોણુ ?

આવ્યો અવસર જે ઓળખે નહિ ને અવળે રસ્તે જાય તેના ભાગ્યનો ઉદય નહિ થતાં તે અભાગી ગણાય છે. તેને હમેશાં આળસ રૂચે છે ઉદ્યોગ રૂચતો નથી—તેની વાસના નિરંતર અધર્મમાંજ પ્રવર્તેલી જ રહે છે. તેનામાં બુદ્ધિ હોતી નથી. તેને ન્યાયનીતિ રૂચતી નથી. હલકા મનુષ્યોની સોબત કરી પોતાનું અમુલ્ય આયુષ્ય ગુમાવે છે. પુણ્યનો માર્ગ તો તેને પોતાના મનથી સદાને માટે જ છોડેલો છે ને હમેશાં પાપ કરી નવાં કર્મો બાંધે છે. જે માણુસ ભલા મનુષ્યની સોબત કરતો નથી અને શાણો બનતો નથી તેને પોતાને જ

પોતાનો વેરી જાણવો. ઉત્તમ ગુણ ન હોવા એ અભાગીનું ખાસ લક્ષણ છે.

ભાગ્યવાન કોણ?

પરોપકાર કરવાનો જેનામાં ગુણ હોય છે તે ભાગ્યવાન ગણાય છે. જે સંદેહની જાળમાં નહિ ફસાતાં ભલા મનુષ્યની સોબત કરી ઉત્તમ જ્ઞાન મેળવે છે તેને આ જગતમાં લોકો ભાગ્યવાન કહે છે. તેને ચૌદવિદ્યાને ચોસઠ કળાની માહેતી હોય છે. તે હમેશાં ન્યાયનીતિએ ચાલી પોતાનું સાર્થક કરે છે.

ઉત્તમ ગુણોથી વિભુષિત હોવાથી પુષ્કળ લોકોમાં તે શોભે છે, અને જાણે સદ્‌ગુણ પ્રતાપનો સૂર્ય જ ઉગ્યો હોય તેવો તે જણાય છે. જગતમાં એવા ભાગ્યવાન પુરૂષો રિદ્ધિ સિદ્ધિથી ભરપુર હોવા છતાં કદી પણ તેને ગર્વ થતો નથી. તે હમેશાં અન્યના દુઃખે દુઃખી થઇ તેને બનતી મદદ કરે છે.

તરવા માટે માનવદેહ.

(ગરબી.)

હાંરે તને દીધો મનુષ્ય દેહ તરવા,
હાંરે જીવ બેઠો માયામાં શું મરવારે—તને૦
દેવને દુર્લભ અવસર આવ્યો,
મોક્ષ પદાર્થ રળવારે—તને૦
તરવાના શુભ કર્મ તજી દઈને,
બેઠો શું અવળાં કરવારે—તને૦
કાચ કોડીનો સંગ્રહ કરતો,
બેઠા શું મોતી દળવારે—તને૦
ભજન કરી લે ધ્યાન ધરી લે,
રામ રતનને મળવારે—તને૦
રણછોડ કરજોડી ગુરૂ ચરણમાં,
જાયે જનમ સહુ ધરવારે—તને૦

ખેડ વિષે ખેડુતોને શિખામણ.

हेमनो कृष्यंते हेम वसनो रोप्य मेव च दमान:
निवावा कालेषु द्रारिद्रतु घनागमे ।

અર્થ—માઘ માસમાં ખેડેલી જમીનમાંથી સોનું પાકે છે, વસંત રૂતુમાં ખેડ કરી હોય તો ચાંદી પાકે છે, ઉનાળામાં ખેતર ખેડયું હોય તો વાવેલાં બી જેટલું જ પાકે છે અને વરસાદ શરૂ થયા પછી ખેડયું હોય તો દારિદ્ર પ્રાપ્ત થાય છે. આ બાબત દરેક ખેડુતો સમજી શિયાળામાં જમીન ખેડે તો ખેતીવાડીના કામમાં ઘણી જ મોટી મદદ થાય છે.

રસીયા વાલમ.

શિરોહી રાજ્યના દેલવાડા ગામમાં જૈનના જે દેવાલયો છે તેમાં રસીયા વાલમ ને કુંવારી કન્યાનું એક મંદીર છે તેના સંબંધમાં કહેવામાં આવે છે કે, આબુના પરમાર રાજાની રાણીએ એવું પણ લીધું હતું કે આબુ ઉપર એક રાતમાં ચાર રસ્તાઓ બાંધે તેને મારી કન્યા આપવી. રસીયા વાલમ નામના રાજ્યકુંવરે આ કામ માથે લીધું, ગૌમુખનો ૭૫૦ પગથીયાનો રસ્તો બાંધ્યો, અચળગઢ તરફથી નીચે ઉતરવાનો રસ્તો બાંધ્યો, અનાદ્રા ગામ તરફ જવાનો રસ્તો બાંધ્યો અને ગુરૂશિખર ઉપરથી ઉતરવાનો રસ્તો બંધાતો હતો એટલામાં રાણીએ જાણ્યું કે આ હામજી ભામજી કન્યા લઇ જશે તેથી કુળને હીણું લાગશે. તેથી કુકડાનું રૂપ લઇ કુકડા જેવો અવાજ કર્યો. રસીયો વાલમ સવાર થઇ ગઇ, તેથી ઝેર પીવા તૈયાર થયો. ઝેર પીવા પહેલાં કન્યાનું મોં જોવા ઝેરનો પ્યાલો લઇને ગયો, પણ તેને મળવા દીધો નહિ તેથી તેણે ત્યાંજ ઝેર પીધું, અને એ પરથી રાણી તથા કન્યા પણ ત્યાંજ મૃત થઇ પડયાં. એ ત્રણેની દેરીઓ અહીંઆં જીર્ણ અવસ્થામાં છે.

કુલછાબ પાંત્રીસમી.

સદ્દભાવનું ફળ.

દીલ્હીના એક શ્રીમાનને ત્યાં કોઇ એક મીયાંભાઇના રૂપિઆ પાંચ હજાર જમા હશે, જ્યારે તે શ્રીમાન વાણીયાની સ્થિતિ દુર્બળ થઇ ત્યારે તે મીયાંભાઇ પોતાની થાપણ લેવા આવ્યો. આ વખતે તે વાણિયા પાસે એક પાઇ પણ નહોતી પણ તેને પ્રથમ એમ સાંભળેલું કે અમદાવાદમાં સવા સોમા નામના એક શ્રીમાન શેઠ છે પણ તેના સાથે આંખની ઓળખાણ નહોતી પણ મીયાંભાઇની બીકે તેના ઉપર હુંડી લખી આપી. વાણિયાને અસિમ દુઃખ થયું. મરવું એ એક વાર ઇષ્ટ માન્યું અને વિષનો પ્યાલો હાથમાં લીધો. બીજી વાર સાંભળેલા સવા સોમાના નામ પર હુંડી લખી થોડો વખત પુરૂષાર્થ કરી બે પૈસા મેળવી મોકલી આપવા વિચાર્યું, અને "જીવતો નર ભદ્રા પામશે" આમ માન્યું. વળી પોતાના ધર્મભાવને અંગે ઇશ્વર ઉપર નિર્ભય રહી વિશ્વાસ કર્યો કે શુદ્ધાંતઃકરણીને ઇશ્વર સહાય કરશે જ. વિચારોની અનેક ઘટમાળોને અંગે નિશ્ચિત કર્યું કે હુંડી લખવી, અને આ પ્રમાણે હુંડી લખવા માંડી. આ હુંડી તેણે નેત્રમાંથી આંસુના ચાલતા પ્રવાહને અંગે અંતર્યામીની પ્રેરણાનુસાર લખી. કાગળ ઉપર આંસુના ડાઘાઓ પડયા. પ્રસંગ આવતાં મીયાંસાહેબને હુંડી આપી એક ભય દુર કર્યો અને બીજો ભય દુર કરવા પ્રયત્ન આરંભ્યો. પણ સત્યવાદીઓનું સત્ય કયાં સુધી ટકે છે તેની પુર્ણ કસોટી કરનાર પરમાત્માએ બીજા પ્રયત્નમાં તેને યશ આપ્યો નહિ.

આપણા મીયાંભાઇ તો અહમદાવાદ આવી પહોંચ્યા છે. ઘુંટણ ઉપર આવી રહેલી જાડી પોતડી અને છાતીના ઉપર કસ બાંધેલું

જાડું તથા મેલું કુડતું પહેરેલ એક વ્યક્તિ સવા સોમાના ઘર આગળ ઓટલા ઉપર દાતણ કરતી તે જુએ છે. મીયાંભાઇને આવતા દેખી દાતણ કરનારના તો રામ રમી ગયા, પણ વખત માણસને કેમ વરતવું એ શીખવે છે. તદનુસાર આ ભાઇ સાબ ગંભીર રહી બએ હાથે મીયાંસાહેબને સલામ કરવા લાગ્યા અને આવવાનું કારણ પૂછયું. મીયાંસાહેબે હુંડી બતાવી અને શેઠને મળવાનું જણાવ્યું. મીયાંસાહેબને જે શેઠ હતા તેણે વાણોતર બની જઇ જણાવ્યું કે શેઠ દસ વાગ્યા પછી આવશે ત્યારે આવજો અને તમારાં નાણાં લઇ જજો. લાવો તમારી હુંડીની નોંધ કરી લઉં છું. જેનું નામ સાંભળેલું નહિ, જેની સાથે કશો વહીવટ નહિ એવા દુર દેશના એક ગૃહસ્થ તરફથી મોટી રકમની હુંડી જ્યારે આવી છે ત્યારે અવેજ પણ આવ્યો હશે એવાજ ખ્યાલમાં શેઠે માણસોને પુછવા ઉપર આધાર રાખી મીયાં સાહેબને વિદાય કર્યા. માણસો આવતાં તેમને સર્વ પુછપરછ કરતાં જણાવ્યું કે, નથી કાંઇપણ અવેજ યા કાગળ પત્ર! શેઠ વિચારમાં પડયા અને માણસોને જણાવ્યું કે, જ્યારે મીયાંભાઇ આવે ત્યારે તેમની પાસેથી હુંડી લઇ મને ઘરમાં બતાવવા આવજો. મીયાં સાહેબ વખતસર આવ્યા અને ગુમાસ્તો શેઠને હુંડી બતાવવા લઇ ગયો. શેઠે બારીકીથી હુંડી તપાસી અને કંપતે હાથે લખાયલા અક્ષરો તથા તે પર પડેલા આંસુના ડાઘો જોઇ અનુમાન કર્યું કે આ કોઈ દુઃખીએ પોતાનો પ્રાણ બચાવવા મીયાંભાઇના જુલમને અંગે લખેલી હુંડી છે. જૈન ધર્મમાં જીવતદાન સમાન એકે બીજું પુણ્ય નથી એમ નિશ્ચય કરી ગુમાસ્તાને કહ્યું કે હા મને યાદ આવ્યું એકવાર અમે યાત્રામાં ભેગા થયા હતા. હુંડી લખનાર દિલ્હીના પ્રતિષ્ઠિત ગૃહસ્થ છે અને તેને મેં કામકાજ લખવા કહેલું હતું. હુંડીના રૂપીઆ ચુકાવી આપો; અને હમણાં જ આપો. ખોળાધર વિગેરેની કાંઇ જરૂર નથી. નામાવાળાને મારી પાસે મોકલજો. ગુમાસ્તો ગયો. મીયાભાઇને રૂપીઆ ગણી આપ્યા. નામાવાળો શેઠ પાસે

ગયો અને શેઠે કહ્યું કે હુંડીના જેટલા રૂપીઆ છે તેટલા ખર્ચ ખાતે લખી નાખજો. ધણીને ખાતે લખશો માં, મને કાગળ છે ને તે પ્રમાણે કરવાનું છે.

વાંચનારાઓ! દિલ્હીના વાણિયાની શું સ્થિતિ થઇ હશે તે સંબંધે જાણવા આતુર હશે, અને અમો આ આતુરતા લાંબા વખત લંબાવી રાખવા માંગતા નથી. તે બિચારાએ કેટલાક મહીનાઓ મીયાં ભાઇ આજ આવશે, કાલ આવશે અને દગલબાજીથી જાણીતો થઇ કાંતો તરવાને ઝાટકે દેશે અગર ફરીયાદ કરી સુળીને લાકડે ચડાવશે, એવાજ વિચારમાં કાઢયા. કેટલાક મહિના બાદ એવા ઠરાવપર આવ્યો કે મીયાં સાહેબને કાંતો કોઇએ ઠેકાણે પહોંચાડી દીધા હોવા જોઇએ. પ્રસિદ્ધ પાપ કરતાં છાનું પાપ હૃદયને બાળીને ખાક કરી નાંખે છે તે નિઃસંશય છે. અનેક ધનવાનો અને વિદ્વાનો જગતની અંદર સુખી દેખાતા છતાં, વૈભવ ભોગવતાં છતાં, પોતાના અપ્રસિદ્ધ રહેલાં પાપોથી એવા તો બળ્યા જળ્યા રહે છે કે તેમના આયુષ્યનો અડધો ક્ષય એ જ બળતરાથી થાય છે. આ ગરીબ પણ આપદને અંગે અધર્મે પ્રેરાયલો વાણિયો દિવસ રાત પોતાના કૃત પાપના પસ્તાવામાં કાઢે છે. ધંધા રોજગારમાં તેનું ચિત્ત લાગતું નથી. તેને જીવન ભાર રૂપ થઈ પડયું છે, છતાં આત્મહત્યા કરવી એ પાપ સમજી દેહ નભાવી રહ્યો છે, પણ અહર્નિશ ચિંતામાં બળી એક વખતનો મોહક પ્રાણી અત્યારે સર્વનો દયાપાત્ર બન્યો છે. ઇચ્છે છે અને પ્રભુની પ્રાર્થના કરે છે કે "હે નાથ! પુનરપિ મીયાંનો મીલાપ થાય તેના કરતાં કાળ આવે તો સારૂં." ઇચ્છવું એ જ મનુષ્ય આધીન છે. બાકી સર્વ જગન્નિયંતાની મરજી અનુસાર બન્યા કરે છે. આમ સમજી જ સજ્જનો સુખ દુઃખમાં સમાન સ્વરૂપ ધારી રાખે છે. બીચારા વાણિ-યાના પ્રારબ્ધે એક પ્રભાતે મીયાંને પોતાનો દરવાજો ઠોકતાં અને બોલાવતાં સાંભળ્યો. તુરત જ મરણ ઉપર ઉદાર થયેલ અને પડતીના

વખતમાં પોતાના સર્વ કુટુંબીને ખોઇ બેસનાર વાણિયાએ પોતાની બાકી રહેલી વૃદ્ધ માતાને બારણું ખોલવા કહ્યું. મીયાંની મુખમુદ્રા પ્રફુલ્લિત જોઈ આ વાણિયો વિચારમાં પડયો. ઉપરનો આવભાવ કરી વાતચીતમાં જાણી લીધું કે તેની હુંડી સ્વીકારી છે અને મીયાં તેને ત્યાં ફરી થાપણ મુકવા આવ્યા છે.એક વખત રાખેલી થાપણનું પરિણામ અનુભવ્યા છતાં અને તેને અંગે પાપના પંકજમાં ડુબ્યા છતાં; કયો મૂર્ખ બીજી વખત થાપણ રાખવા તૈયાર થાય? અત્યારનો જમાનો જુદો જ છે, સવારે દિવાળું કાઢવું હોય તોયે આગલે દહાડે લાખો મેળવવા પ્રયત્ન થાય છે એવી બુદ્ધિ આજથી ત્રણસે વર્ષ પહેલાં નહોતી. વાણિઆએ થાપણ રાખવા ના કહી અને પોતાના પાસે એક પાઇ પણ નથી અને ખાવાના પણ વાખાં છે એમ મીયાંને જણાવ્યું, પણ મિયાંભાઇ તો આ બધું બોલવું થાપણ ન રાખવા માટે જ છે એમ સમજી આગ્રહ કરવા લાગ્યા. પડોસી અડોસી ભેગા થયા અને મિયાંએ કહ્યું કે મારી અરધી જીંદગી સોદાગરીમાં જ પૂરી થઇ છે. મેં અનેક શાહુકારોને જોયા છે, પણ એના જેવા શાહુકાર કોઈ જ જોયો નથી; બીજાની હુંડી લઇએ છીએ ત્યારે ખોળાધર, ઓળખાણ વિગેરે આપ્યા બાદ પૈસા મળે છે પણ આની હુંડીના નાણાં તરત જ વગર વાંધે મળ્યા. માટે મારી થાપણ રાખવી જ જોઈશે. આ વાત રસપર ચડવા માંડી. હા ના નું યુદ્ધ ચાલ્યું અને છેલ્લે પાંચ માણસો રૂબરૂ મિયાંભાઇએ એ વાણિઓ પૈસા ન આપી શકે તો ન લેવા એવા કરારથી પહેલાં કરતાં બેવડી રકમની થાપણ તેને ત્યાં મુકી.

ઇશ્વરની અગાધ લીલા સમજવાને માણસ જો શક્તિવાન હોત તો જગતમાં સુખી દુઃખી કોઇને જોવામાં આવત જ નહિ. આ વાણિઆની સત્યતાની કસોટી જોવાઇ. તે લોભ લાલચમાં ન ફસાયો અને પોતાની સ્થિતિથી સર્વને અજાણ્યા રાખવાનો પ્રપંચ ન કર્યો, તો ઇશ્વરે હવે તેને તેના સદ્‌ભાવનું ફળ આપવા વિચાર્યું. મિયાંના

પૈસાએ વાણિયાએ વેપાર કર્યો અને ઈશ્વર કૃપાથી અસંખ્ય દ્રવ્ય મેળવ્યું. કેવળ દ્રવ્ય મેળવ્યું એટલું જ નહિ પણ પોતાનો ગૃહસ્થાશ્રમ પણ ફરી માંડી કુટંબ પણ મેળવ્યું અને પોતે સર્વ વાતે સદ્‌ભાવથી સંસારમાં સુખી થયો.

કુલછાબ છત્રીશમી.

મહા શિવરાત્રિ.

હિમાલય પર્વત ઉપર એક શિકારી રહેતો હતો. એક દિવસ તે શિકાર કરતો હતો એવામાં રાત પડી ગઇ. તે જગ્યાએ વાઘ વરૂનો ભય ભારે હોવાથી રાત્રિએ પોતે એક વૃક્ષપર ચડી જઈ આરામ લેવા વિચાર કર્યો અને તુર્ત સંધ્યાકાળ થતાં વૃક્ષપર જઇ ચડયો. ટાઢ અને ભૂખથી પીડાઇને તેણે અખંડ ઉજાગરામાં રાત ગાળી. આ રાત દૈવયોગે શિવરાત્રીની હતી અને તેના સુભાગ્યે તે શિવનું પવિત્ર બિલ્વવૃક્ષ હતું અને તેની નીચે શિવનું લિંગ હતું. દુઃખની બેચેનીને લીધે તે વૃક્ષપર વારંવાર પોતાની સ્થિતિ બદલતો હતો. ઝાડ હાલવાથી લિંગપર કેટલાંક પત્રો પડયાં. અનિચ્છાથી-આકસ્મિક રીતે થયેલી પૂજાથી શિવ ઘણા પ્રસન્ન થયા. થોડા દીવસ રહીને શિકારી મરણ પામ્યો ત્યારે શિવે યમની સાથે ભારે કજીઓ કરી યમને નસાડી મુકયો અને શિકારીને કૈલાસમાં લઇ ગયા. યમે શિવના વાહન નાન્દીને મોંએ આ વર્ત્તનનો દોષ કાઢયો ત્યારે નાન્દીએ જવાબ દીધો કે "આ માણસ ઘોર પાપી છે; ખુનનાં કૂકર્મ કરતાં ખંચાયો નથી પણ મરતા પહેલાં એણે ઉપવાસ કર્યો છે. જાગરણ કર્યું છે, લિંગને બિલ્વ પત્ર ચડાવ્યાં છે. આ તેના કામથી એ પાપમાંથી મુક્ત થયો છે.

રાજા પણ એક દેવ છે.

મનુ સ્મૃતિમાં કહ્યું છે કે પૃથ્વીના આઠ દિકપાલોના તત્વમાંથી શાશ્વત અંશો લઇ રાજાને સર્જવામાં આવે છે. વળી મનુ કહે છે કે "રાજા બાળક હોય તો પણ જાણે તે મર્ત્ય હોય તેમ તે પ્રતિ તિરસ્કારથી વર્તવું નહિ; મનુષ્યના આકારમાં તે મોટો દેવ છે.

સંસારની ગતિ.

જેમ પાણી પોતે મૂળમાં નિર્મળ હોવા છતાં અનેક વૃક્ષોમાં પ્રવેશ કર્યા પછી તેના સંગ દોષથી તે ખાટું, તીખું વા કટું બની જાય છે; તેમ આત્માપણ આત્મપણાથી જ રહેવા છતાં દેહની સંગતીથી વિકારને પામે છે અને તેનું અભિમાન ધારણ કરી વિપરીત માર્ગનું જ અવલંબન કરે છે જેમ પાણીને સારી સંગતી મળવાથી તેની મિષ્ટ શેરડી બને છે અને ખરાબ સંગતિ મળવાથી પ્રાણીનો ઘાત કરનારી વિષવેલી બને છે અને એ જ પ્રમાણે અઢાર ભાર વનસ્પતિ તેના ગૂણો કેટલાક વર્ણવીએ! તે સર્વમાં ભળીને પાણી તેવા તેવા ગુણવાળું બને છે; તે જ પ્રમાણે અનેક દેહોની સંગતિથી આત્માને પણ તે તે વિવિધ સંસ્કારો પ્રાપ્ત થાય છે. તેમાં જે શ્રેષ્ટ હોય છે તે સંત સમાગમથી વિવેક બળ પ્રાપ્ત કરી દેહાભિમાન છોડી સંસાર સાગરને તરી જાય છે. જે આપણું સંરક્ષણ કરે તેને આપણો મિત્ર સમજવો અને જે આપણો નાશ કરે તેને આપણો વૈરી જાણવો. પરંતુ જે પોતે જ પોતાનું અહિત કરે તેને રોકશે કોણ? જે પોતાનો ઘાત કરે છે તે આત્મહત્યા કરનારો ઘાતકી છે માટે જે સાધુ પુરૂષ વિવેકી હોય તેને ધન્યવાદ છે એમ સમર્થ રામદાસ સ્વામિનું માનવું છે.

મુસાભાઈનું વા ને પાણી.

અમીધર કરીને એક ગૃહસ્થ હતો પણ દેશકાળને લઇને તેની સ્થિતિ બહુજ ગરીબ થઇ હતી છતાં તેનામાં અભિમાનનો અંકુર ગયો નહોતો. તેની જ્ઞાતિમાં તે મુળથી આગેવાન પટેલ ગણાતો હતો

તેથી કરજ કરીને પોતાની આબરૂ જાળવવાને ખોટાં ખર્ચ કરી પ્રશંસા મેળવતો હતો. એક વખત તેને ત્યાં લગ્નનો પ્રસંગ હોવાથી તે મહામુશીબતમાં આવી પડયો હતો. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે જો આ પ્રસંગે જ્ઞાતીને વિવાહની જાહોજલાલી નહિ દેખાડું તો લોકોમાં મ્હારી ગરીબાઈ પ્રસિદ્ધ થશે! તે માટે તેણે એવો વિચાર કર્યો કે મારા પાસે અત્યારે બીજું તો કાંઇ નથી પણ જ્ઞાતિના વાસણો છે તે ઘરેણે મુકીને પણ જમણ આપવું ને ખોટી વાહ વાહ કરાવવી, એમ ધારી જ્ઞાતીના વાસણો બીજાને ત્યાં ઘરેણે મુકી પૈસા કરજે કઢાવ્યા અને પોતે જ્ઞાતીમાં મોટું જમણ કર્યું. આનંદથી જ્ઞાતી જમવા બેઠી હતી ત્યાં પ્રશંસા કરવા લાગ્યો ને લોકોને જમવાની ભારે ખેંચતાણ કરવા લાગ્યો. લોકો તેના જમણના બહુજ વખાણ કરવા લાગ્યા ત્યારે તેનાથી અનાયાસે બોલાઈ જવાણું કે "આમાં મારૂં કાંઈ નથી આતો બધું જ્ઞાતીનું જ છે. મારે તો મુસાભાઇના વા ને પાણી છે" જેઓ જ્ઞાતીમાં સમજુ હતા તે તો સમઝાયા હતા કે આવી ગરીબ સ્થિતિમાં આવું ખર્ચ તેને મુનાશબ નહોતું માટે કાંઇપણ કારણ હોવું જોઇએ. થોડા દિવસ બાદ બીજાને ત્યાં જ્ઞાતી ભોજન હોવાથી રસોઈ કરવાને વાસણો લેવા આવતાં બીજાને ત્યાં ઘરેણે મુકેલાં જણાયાં. જ્ઞાતીના માણસોએ તુર્ત તેનું મિથ્યા અભિમાન જાણ્યું અને તુર્ત તેની નિંદા કરવા લાગ્યા. આ પ્રમાણે શક્તિવિના ફુલણ થઇ ખોટાં ખર્ચ કરનારની જેને ટેવ હોય છે તે અંતે દુઃખી થયા વિના રહેતા નથી.

સ્વામી વિવેકાનંદ.

૧૮૬૩ ના જાન્યુઆરી માસની ૧૨ મી તારીખે કલકત્તાના સીમલાપરામાં, વિશ્વનાથ દત્તને ઘેર દેવી ભુવનેશ્વરીને પેટે એક બાળકનો જન્મ થયો. મોક્ષપુરી–કાશીમાં આવેલા વીરેશ્વર મહાદેવના પ્રસાદથી એ બાળકની પ્રાપ્તિ થએલી હોવાથી એનું વીરેશ્વર નામ

પાડવામાં આવ્યું. શાળામાં દાખલ કરતી વખતે એ નામ બદલી નરેંદ્રનાથ પાડવામાં આવ્યું હતું ને સન્યસ્ત લીધા પછી વિવેકાનંદ નામ પાડવામાં આવ્યું હતું. હમેશાં પુત્રના લક્ષણ પારણામાંથી જણાય. ભવિષ્યમાં આદર્શ સંન્યાસી થનાર નરેન્દ્રનું મુખ-કમળ સાધુ સંન્યાસીઓને જોઇ પ્રફુલ્લ બની જતું. જે કંઇ હાથમાં આવે તે તેમની સેવામાં વિનાસંકોચે અર્પણ કરતો. સાધુથી દુર રાખવા તેને ઘરમાં પુરી મુકવામાં આવે ત્યારે મેડીએ ચડી, બારીઓ અને જાળીઓમાંથી જે કંઇ હાથમાં આવે તે સાધુઓ ઉપર ફેંકતો અને તેમ કરવામાં તેનું હૃદય આનંદ સાગરમાં ઝોલાં ખાતું. આખું કુટુંબ શ્રીરામ અને સીતાની પ્રતિમાઓની પૂજા કરતું. નરેંદ્ર પણ બજારમાંથી મૂર્તિઓ ખરીદી લાવ્યો ને ત્રીજે માળ એક ઓરડામાં પોતાના એક મિત્ર સાથે પૂજા કરવા લાગ્યો, સંધ્યાકાળ થયો, પરન્તુ તેઓ બહાર નીકળ્યા નહિ. ઘરમાં બધાંએ શોધખોળ કરી મુકી. કોઇને સુઝી આવ્યું કે ત્રીજે માળ જુઓ ત્યાં જુએ તો બારણાં બંધ ! કુહાડી વતી બારણાં ચીરી નાખ્યાં–ગભરાટમાં પેલો મિત્ર તો નાશી ગયો; પરન્તુ નરેન્દ્ર આંખો મીચી ધ્યાન કરતો હતો. બધાંએ તેને બોલાવ્યો, હલાવ્યો, પણ તેતો મુંગોજ રહ્યો. આખરે કંટાળી કહ્યું "મને અહીં બેસી જવા દો." બધાં પાંછાં ગયાં અને એ બાળયોગીને એકાંતમાં સાધના કરવા દીધી.

એક બનાવ એવો બન્યો કે જેથી એની વૈરાગ્યવૃત્તિને પોષણ મળ્યું. એ ગાડીઘોડાનો શોખીન હતો; અને દરરોજ પોતાના તબે-લામાં જતો. એમનો ગાડીવાન કુંવારો હતો. સંસાર અસાર છે, દુઃખનો સાગર છે, સંસારનાં સુખ મૃગજળ જેવાં માયિક છે, એવી એવી વાતો તે બાળક નરેન્દ્રની આગળ કરતો. પૂર્વજન્મનો યોગભ્રષ્ટ યોગી આ બધું શાંતિથી સાંભળતો અને ઉંડા વિચારમાં પડી જતો. આથી તે નિશ્ચય કરવા લાગ્યો કે " હું પરણીને સંસારનાં બંધનમાં પડીશ નહિ; પરંતુ એક આદર્શ સંન્યાસી થઇ હિંદમાં સ્વતંત્રપણે

વિચરીશ". અત્યાર સુધી તે રામ અને સીતાની ઉપાસના કરતો. પરંતુ તેઓ તો પરણેલાં! સંસારી! ઇશ્વરના અવતારી રામ, તે પણ સંસારના બંધનમાં! આવા આવા વિચારોમાં પડી તે મુંઝાવા લાગ્યો. તેણે માતાની સલાહ લીધી. દેવી ભુવનેશ્વરી સમજી ગયાં કે નરેન્દ્ર એના દાદાની પેઠે જ સંન્યાસી થવાનો. એમણે એને ત્યાગી શંકરની ઉપાસના કરવાની સલાહ આપી. નરેન્દ્રે રામ અને સીતાની મૂર્તિઓ ફેંકી દીધી, અને શંકરની ઉપાસના શરૂ કરી.

નરેન્દ્રને અંગ્રેજી ભણાવતા પહેલાં સંસ્કૃતમાં પારંગત કરવાની એનાં માબાપની ઇચ્છા હતી. સંસ્કૃત એ હિંદુઓની ધર્મભાષા છે. પ્રૌઢ વિચાર અને ઉદાર ભાવનાઓનો એ ભંડાર છે. એના વિચારશીલ અધ્યયનથી આર્યોની ઉચ્ચ સંસ્કારિતા અને સનાતન હિંદુ ધર્મની મહત્તાનો ખ્યાલ આવી શકે છે. બાળકના કુમળા અને આરસી જેવા સ્વચ્છ મગજ ઉપર આર્યત્વની છાપ પાડવા માટે એનું શિક્ષણ આવશ્યક છે. આ વિચારોથી પ્રેરાઇને વિશ્વનાથે પોતાના એક સગા, સંસ્કૃત ભાષાના પંડિતની પાસે નરેન્દ્રને મુકયો. આ પ્રમાણે બાળપણથી જ પોતાની ધર્મભાષા ભણવાનું સૌભાગ્ય એને પ્રાપ્ત થયું, પૂર્વના ઋષિમુનિઓનો વારસો મેળવવાને એ ભાગ્યશાળી નીવડયો.

સાત વર્ષની ઉમ્મરે નરેન્દ્રને અંગ્રેજી શાળામાં દાખલ કર્યો. તીવ્ર બુદ્ધિ અને અદ્‌ભુત સ્મરણશક્તિને પ્રતાપે વર્ગમાં તે પહેલો જ નંબર રાખતો. પ્રત્યક્ષ અનુભવ વગર કંઇપણ નહિ માનવાની એને નાનપણથી જ ટેવ હતી. ફલાણાએ કહ્યું છે, અથવા ફલાણા પુસ્તકમાં લખ્યું છે માટે સાચુંજ માનવું એ વિચારથી તે વિરૂદ્ધ હતો. જાહેર હિંમત અને સ્વાભિમાનનો યોગ્ય જુસ્સો એના પ્રત્યેક કાર્યમાં દેખાઇ આવતાં. નીડરતાની તો તે એક સાક્ષાત્ મૂર્તિજ હતો. શાળાના અભ્યાસ દરમીયાન પણ ગૃહશિક્ષણ તો ચાલુ જ હતું. "આજકાલ બાળક નિશાળે જતું થયું એટલે માબાપની ફરજ પુરી થએલી ગણાય

છે. એના અભ્યાસ કે ચારિત્ર સંબંધી તેઓ ઝાઝી દરકાર કરતા નથી." નરેન્દ્રની બાબતમાં તેમ નહોતું થતું. દેવી ભુવનેશ્વરીએ એને રામાયણ અને મહાભારતના અસંખ્ય શ્લોક કંઠે કરાવ્યા હતા. માતૃભાષા બંગાળીનું સાહિત્ય પણ ખાનગી શિક્ષક મારફત શિખવવામાં આવતું. વળી હાથમાં એક તારોલઈ વેરાગીઓ રામાયણમાંની કવિતાઓ ગાતા ગાતા ઘર પાસે આવતા, તે પણ નરેન્દ્ર ધ્યાનપૂર્વક સાંભળતો. હનુમાનનું ચરિત્ર તેને બહુ પ્રિય થઈ પડતુ. વજ્ર જેવા અંગવાળા, અખંડ બ્રહ્મચારી અને શક્તિનો પ્રચંડ ધોધ વહેવરાવતા, મહાવીર રામભક્ત હનુમાન જાણે કળયુગનાં પામર માનવીઓને નિષ્કામ સેવા અને પ્રભુભક્તિના પાઠ પઢાવવા વેશ બદલી આવ્યા ન હોય, એવો નરેદ્રને જોતાં ભાસ થતો.

અભ્યાસ દરમીયાન નરેન્દ્ર માત્ર પુસ્તકોમાં જ ગોંધાઇ ન રહેતો. શિક્ષણનો ઉદ્દેશ મનુષ્યની નૈસર્ગિક શક્તિઓનો વિકાસ કરી તેમાં ખરૂં મનુષ્ય જીવ આણવાનો હોવો જોઈએ. પૂર્ણતા માટે જેટલી જરૂર વિશાળ બુદ્ધિની છે તેટલી જ જરૂર દૃઢ શરીર અને સદ્ભાવના પ્રેરિત હૃદયની પણ છે. નરેન્દ્ર એકાગ્ર ચિત્તે અભ્યાસ પણ કરતો અને શરીરના વિકાસ માટે અખાડામાં પણ જતો. સંગીતનો તેને ઘણો શોખ હતો. તેનો કંઠ પહેલેથી જ મધુર હતો અને કુશળ ગવૈયાઓ પાસે તાલીમ લીધાથી તેમાં અનેરી મોહકતા આવી હતી. જુદાં જુદાં વાદ્ય વગાડવામાં પણ તે કુશળ હતો. અભ્યાસની ઓરડીમાં પુસ્તકો ઉપરાંત એક તુંબરો પણ રાખી મુકતે; અને અભ્યાસથી કંટાળતો ત્યારે સુંદર ભજન લલકારી આનંદમાં મગ્ન બનતો. સ્પેનસરના સિદ્ધાંતોમાં તેને ઘણે રસ પડતો. તેના તત્ત્વજ્ઞાનની કેટલીક ખામીઓ નરેન્દ્રે તેને લખી મોકલી. સ્પેન્સરે એનાં ઘણાં વખાણ કર્યાં, અને ખામીઓ બીજી આવૃત્તિ વખતે સુધારવાનું કબુલ કર્યું. આવા બનાવો ઉપરથી ધીમે ધીમે તેને પોતાની મહત્તાનો ખ્યાલ આવવા લાગ્યો. પરંતુ આ તત્ત્વજ્ઞાનના અભ્યાસથી એને

બાળપણની કેટલીક માન્યતાઓ અને વિચારો પ્રત્યે અશ્રદ્ધા ઉપજી, અને તે ઉત્તરોત્તર વધતી જ ચાલી. નાસ્તિકતાના અંકુરો પણ ફુટવા લાગ્યા. ગીતા અને ઉપનિષદોનું ઉંડું અધ્યયન તો ચાલુ જ હતું. અનેક માનસિક ગડમથલ પછી "ઇશ્વર હોય તો તેને અવશ્ય ખોળવો" એવો દૃઢ નિશ્ચય કર્યો.

નરેન્દ્રના જીવનનો આ આત્મમંથનકાળ હતો. સંસાર કે સંન્યાસ? ભોગ કે ત્યાગ? બેમાંથી પોતે શાને માટે વધારે લાયક છે? કયો આદર્શ પસંદ કરવાથી સ્વદેશ અને સ્વધર્મની સેવા ઉત્તમ પ્રકારે બજાવી શકાશે? આવા આવા વિચારો તેના અંતઃકરણને ડહોળી નાખવા લાગ્યા. આ અરસામાં તે ભગવાન રામકૃષ્ણ પરમહંસના સમાગમમાં આવવા લાગ્યો. તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ, અનુપમ ત્યાગ અને ઇશ્વર દર્શન માટેની વ્યાકુળતાએ નરેન્દ્રનું અંતઃકરણ જીતી લીધું. દર્શન નિમિતે તે વારંવાર દક્ષિણેશ્વર જવા લાગ્યો. તેની અસ્વસ્તા—અને બેચેની ક્રમે ક્રમે કમી થવા લાગ્યાં, દીવે દીવો પ્રકટાય તેમ રામકૃષ્ણ પરમહંસના સમાગમે નરેન્દ્રના જીવનમાં રૂપાન્તર કરી નાંખ્યું. તેણે પોતાનું ધ્યેય નિશ્ચિત કર્યું. સંન્યાસી થઇ વિવેકાનંદ નામ ધારણ કર્યું. લેખો તથા વ્યાખ્યાનો-દ્વારા દેશ પરદેશમાં વેદાન્તના ભગવા ઝુંડાની વિજય પતાકા ફરકાવી; વેદાન્તને વ્યવહારમાં ઉતારવાના માર્ગ દર્શાવ્યા; સાત્વિક પ્રવૃત્તિમાંજ સાચી નિવૃત્તિ રહેલી છે એ ગીતા રહસ્ય, ઉપદેશ અને આચરણદ્વારા, ભારતવાસીઓના નિવૃત્તિ પરાયણ દીલમાં ઠસાવ્યું; અને પૂર્વ અને પશ્ચિમની તથા જુના અને નવા વિચારોની સંયોગી કડી જેવા સ્વામી વિવેકાનંદ સને ૧૯૦૨ ના જુલાઇની ૪ થી તારીખે સમાધિસ્થ થયા.

પ્રકરણ સાડત્રીસમી.

અમૃત વચન.

૧. તમારી આસપાસના સમાજનો અભ્યાસ કરો. તેમને શાની જરૂર છે, તે ખોળી કાઢો. તે જરૂરીઆત પુરી પાડવાની યોજના ઘડી કાઢો.

૨. આપણને ત્રણ ચીજની જરૂર છે. વિચાર કરતાં રહેવા જેટલો ઉત્સાહ, પ્રયત્ન ચાલુ રાખવા જેટલું ધૈર્ય અને કોઈ પણ રીતે ધારેલું પરિણામ મળે તેવી અમુક યોજના છે એમ માનવા જેટલી શ્રદ્ધા.

૩. જાતે જ મેળવેલાં જ્ઞાન અને અનુભવ ઘણાં અગત્યનાં છે. જેઓ સેવા કરવાને ખરી રીતે આતુર છે, તેઓ તે માટે કેટલા વિવેક અને વિચારની જરૂર પડે છે તે જાણે છે.

૪. સંકટમાં આવેલા માણસને પૈસાની મદદ આપવાથી તેને લાભ કરતાં નુકસાન વધારે થાય છે.

૫. નિર્ધનતા અને દુર્ભાગ્યને લીધે ઉત્પન્ન થતા સંકટના સવાલનો નિર્ણય સંકટ નિવારણની વ્યવસ્થિત પદ્ધતિથી જ થઇ શકે છે.

૬. બીજાઓના કલ્યાણના ખાસ કાર્ય કરવાથી આપણે તેમને વધારેમાં વધારે લાભ કરીએ છીએ એમ નથી, પણ આપણી હંમેશની પ્રવૃત્તિઓમાં રહેલી સદ્વૃત્તિઓ તેના વલણથી આપણે તેમને લાભ કરીએ છીએ. આપણામાં જે કંઈ સદ્ગુણ હોય તેને અનુસરી રહેવાથી આપણે અન્ય ઉપર વધારે ઉંડી અસર કરી શકીએ છીએ.

૭. પેજેટ કહે છે કે, "એ વાત તો ખરી છે કે કોઇ પણ માણસના કામકાજના વિસ્તાર અને મહત્વનો આધાર તેના ચારિત્ર ઉપર રહે છે. પ્રતિભાના પ્રકાશ અગર હસ્તકુશળતાથી ચારિત્રની ખામીઓ ગુપ્ત રહી શકે નહિ."

૮. જે સુચરિત્રમાં જે સેવા જોવામાં આવે છે, તે જ ખરી સેવા છે. કોઇ પણ કામની કીંમત તે કામમાં માલમ પડી આવતી ચારિત્રની ઉચ્ચતા વડે માલમ પડી આવે છે.

૯. આપણે પોતે પોતાનામાં ફેરફાર કરીએ તો જ બીજામાં ફેરફાર થઈ શકે.

૧૦. સામાજીક સુધારણાનાં દ્વાર તો ખુલ્લાં જ હોય છે. તેને માટે કોઇ કુંચી શોધવાની કે જડવાની નથી, કારણ કે તે માટે કોઈ ચાવીની જરૂર જ નથી.

૧૧, વ્યક્તિએ પોતાની ઇચ્છાઓ અને હેતુઓ પરિપૂર્ણ કરવા માટે પોતાના આંતરબળનો ઉપયોગ કરવાથી જ સમાજના મોટા ભાગનાં હિતનાં કામ થઇ શકે છે.

૧૨. જે માણુસ ગંભીરપણે અને તિવ્ર આગ્રહથી કામ કરતો હોય તે મુર્ખ. અલ્પજ્ઞ કે છીછરા સ્વભાવનો હોય નહિ.

૧૩. સમાજનો નેતા શિક્ષક હોય છે. અધિકારી આગળ તે આવશ્યક બાબતો રજુ કરી શકે. ઘણી બાબતોમાં તે તેમને સલાહ આપી શકે.

૧૪. સેવા એ જીવનનું પ્રકાશન છે અને જીવનમાં જેવું વૈવિધ્ય જીવનની જેવી સમૃદ્ધિ, તેવી જ સમૃદ્ધિ તેવું જ વૈવિધ્ય સેવામાં રહે છે.

૧૫. પ્રભુનાં દ્વાર ખુલ્લા થવા માટે વ્યક્તિ જીવન અને સાધુતાના સદ્ગુણુના વિકાસની જરૂર છે.

૧૬. માત્ર બુદ્ધિમાન લોકોની એક જાતિ ઉત્પન્ન કરવી એજ કેળવણીનો હેતુ હોવો જોઇએ નહિ. સમાજના અંગભુત તરીકે લોકોમાં કર્તવ્યબુદ્ધિ જવાબદારીની લાગણી ઉત્પન્ન થાય એ પણ તેનો હેતુ છે.

૧૭. આપણું જ્ઞાન અને આપણી ભાવનાઓ તે જ માત્ર ધર્મ નથી પરંતુ આપણે જે કંઈ કરીએ તેમાં પણ ધર્મ રહેલો છે. પ્રભુ પ્રભુ કરવાથી આત્મોન્નતિ થતી નથી. ઇશ્વરની આજ્ઞાઓને અનુસરી કર્તવ્ય કરવાથી આત્મોન્નતિ થાય છે.

૧૮. આધ્યાત્મિક ઉત્કર્ષ બતાવવા માટે જગત એક પ્રયોગાલય છે.

૧૯. અનુભવ અને અભ્યાસ મહત્વનાં છે, મુલ્યવાન છે, પરન્તુ મનુષ્યનું ખરૂં સામર્થ્ય તેના અનુભવમાં નહિ પણ આશામાં રહેલું છે.

૨૦. સમાજમાં આરોગ્ય, પવિત્રતા, સદાચાર, આનંદ, શાંતિ અને પ્રેમનો પ્રચાર થાય એવી પ્રભુની પોતાની યોજના છે અને તે યોજના આપણે ઉપાડી લેવી જોઈએ એવો વિચાર માણસમાં ઠસે નહિ ત્યાં સુધી કોઇ પણ મનુષ્ય ઉંચ સેવાનાં કાર્ય કરી શકે નહિ.

૨૧. મનુષ્યના હૃદયમાં ઉત્પન્ન થતી ગમે તેવી મંદ અને લથડતી પણ ઉચ્ચ આકાંક્ષા આગળ વધારવી અને ધીરે ધીરે તેનો વિકાસ કરવો, તેની કદર કરવી, તેને ઉત્તેજન આપવું, તેને છોડી દેવાની લાલચ થાય તેનાથી સાવધાન રહેવું અને તે થોડી પણ ફળીભુત થાય એવી યોજના કરવી.

૨૨. ચીંતનથી ઉત્સાહમાં જીવન ગાળતા આતુર આત્માઓના સમાગમથી, વચનથી, ઇચ્છાના પ્રદેશમાં કંઇક ગૌરવ મેળવવા આગળ વધી શકાય છે.

૨૩. આપણા પોતાના સમભાવ અને સહાયતા કરતાં વધારે મોટાં સમભાવ, અને સહાયતા સીવાય આપણું અસ્તિત્વ રહી શકે એમ છે.

૨૪. જીવનમાં પ્રભુ પ્રવેશ કરે, તે માટે જીવનના દ્વાર ખુલ્લા મુકવામાં આવે તો મહાન પરીણામ ખાત્રીપુર્વક નીપજાવી શકાય છે.

૨૫. મનુષ્યના સ્વાતંત્ર્ય પ્રત્યે પ્રભુની હંમેશાં સદ્દવૃત્તિ રહે છે. તેને તેના તરફથી કદી વિક્ષેપ થતો નથી. મનુષ્ય પ્રભુની સહાયતા ન માગે ત્યાં સુધી પ્રભુ તેના જીવન બહાર રહે છે.

૨૬. જગતમાં જે કાંઇ મહાન કાર્યો થયાં છે, તે ધાર્મીક લાગણીથી થયાં છે. દરેક ધર્મમાં દયાને સ્થાન આપવામાં આવ્યું છે.

૨૭. મનુષ્ય પ્રભુથી દુર રહે, પ્રભુની સહાયતાની અપેક્ષા ન

રાખે તો તેનું જીવન, તેનું સેવાયુક્ત જીવન, પણ ફલપ્રદ નીવડી શકે નહી. તેનાથી કાંઇ પણ બની શકે નહી.

* * * *

માંહોમાંહે વીરોધનું ફળ.

એક સીંહ અને રીંછ એકવાર જંગલમાં સાથે સાથે ફરતા હતા. એક જગ્યાએ જોયું કે એક હરણ મરેલું પડયું છે. બંનેને હરણ માટે તકરાર થઇ. સીંહ કહે કે, "આ હરણ મારૂં છે" "અને રીંછ કહે કે નહી આ હરણ મારૂં છે. તમારૂં શેનું થઇ ગયું." થોડા વખત સુધી આ બંનેમાં તકરાર થઇ રહી. છેવટે એવું ઠરાવ્યું કે, લડાઇમાં જે જીતે તે હરણ લઇ જાય પછી બંને લડયા. અને કંઇવાર સુધી લડતાં રહ્યાં. સીંહ રીંછને થપડ મારે અને રીંછ સીંહને પંઝાથી ઉઝડતું હતું. લડતાં લડતાં બંને લોહી લોહાણાં થઇ ગયા અને હાંફતાં હાંફતાં જમીન ઉપર પડી ગયા. એટલામાં એક લોંકડી આવી અને હરણને ઉઠાવી ચાલતી થઇ. આ જોઇ બંને બહુ દીલગીર થયા અને વિચારવા લાગ્યા કે, અમે લોકોએ કેવી મૂર્ખતાનું કામ કર્યું કે. એક બીજાને ઘાયલ કર્યા, આટલા જખમ ખાધા, અને જે હરણની પાછળ આટલું કષ્ટ ઉઠાવ્યું તે પણ હાથ ન આવ્યું. આવી જ દશા ઘણાં ગામોમાં થાય છે. એક ઘર અથવા જમીનને માટે લોકો કચેરીએ જાય છે હજારો રૂપીયા ખર્ચ કરે છે અને નીકાલ થયા પછી સંતુષ્ટ થતાં નથી. યોગ્ય તો એ છે કે જ્યારે જ્યારે આવો બનાવ બને ત્યારે માંહોમાંહે નીકાલ કરી લેવો જોઇએ.

* * * *

માનસીંહ.

જયપુરના મહારાજા માનસીંહ વીર અને પ્રતાપી પુરૂષ હતા. જ્યારે તેમણે કાબુલ જીત્યું ત્યારે તેમની ઇચ્છાઓ વધી અને તેમણે વીચાર કર્યો કે, હવે લંકા જીતું. એક દીવસ તેમણે પોતાના પ્રધાનોને પુંછયું કે "ભાઇ બાપદાદાની ગયેલી પૃથ્વીને પાછી જીતી લેવી એ

છોકરાંઓનો ધર્મ છે કે નહી!" બધા બોલી ઉઠયા "દીનબંધુ! એનાથી વધીને બીજું શું હોઇ શકે?" માનસીંહે કહ્યું સારૂં, તો લંકા ઉપર ચઢાઇ કરવાની તૈયારી કરો.

આ સાંભળીને લોકો બહુ ગભરાયા, અને અંદર અંદર કહેવા લાગ્યા કે "રાજાનાં મનમાં શું ઢંગ વગરની વાત આવી છે. કોઇ રાજા પોતાના રાજ્યમાં થઇને લશ્કર જવા દેશે નહી. અને જેમ તેમ કરીને સમુદ્રના કીનારા સુધી પહોંચ્યાં તો સમુદ્ર કેવી રીતે ઉતરવો?" પણ રાજાની વાત કોઇ કેવી રીતે ફેરવી શકે. કોઇનું ગજું નહતું કે રાજાનો આ વિચાર ફેરવી શકે.

જ્યારે લોકોએ જાણ્યું કે રાજાએ લંકા ઉપર ચઢાઇ કરવાનો ઠરાવ કર્યો છે. ત્યારે બે ચાર શાણા લોકો દરબારના ભાટની પાસે ગયા, અને બોલ્યા "રાયજી! તમે રાજાને સમજાવો, નહીં તો ભારે નુકસાન થશે". ભાટે કહ્યું "ઘણું સારૂં, હું તેનો ઉપાય કરીશ" સવારે જ્યારે રાજા માનસીંહે કુચ કરવાનો હુકમ કર્યો અને ઘોડા ઉપર સ્વાર થયો ત્યારે ભાટે આશીર્વાદ આપીને આ દોહરો કહ્યો.

રઘુપતીએ કર્યું દાન,
વીપ્ર વીભીષણ જાણીને;
માન મહીપત માન,
દીધું દાન કેમ લઇએ.

એનો ઉદ્દેશ એ હતો કે આપ સમજો છો કે આપણે શ્રી રામચંદ્રજીના વંશના છીએ. તેમણે લંકા જીતી હતી. એથી કરીને આપણા બાપદાદાઓની છે. આપણે તેને પોતાના અધીકારમાં રાખવી જોઇએ પણ આપ આ બાબતનો વિચાર કરશો કે આપના પુર્વજ શ્રી રામચંદ્રજી મહારાજે તેને વીભીષણને બ્રાહ્મણ સમજીને આપી દીધી હતી. આપનો તેના ઉપર હવે કાંઇ અધીકાર નથી. આપને યોગ્ય નથી કે આપેલી વસ્તુને પાછી લઇ લે. રાજા માની ગયો અને પોતાનો લંકાપર ચઢાઇ કરવાનો વિચાર છોડી દીધો.

* * * *

એક પુત્રની પિતૃભકિત.

સીસીલી દેશમાં એક ડુંગરી પ્રદેશમાં દોઢસો વર્ષ પહેલા માયકા નામનો એક સરદાર રહેતો હતો. આપણા દેશમાં જેવા ડુંગરી કીલ્લા હોય છે. તેવો તેનો એક કીલ્લો હતો. તે કીલ્લામાંથી તે આસપાસના મુલકો ઉપર હલ્લો કરી લુંટફાટ કરતો હતો. તેનો એક છોકરો હતો તે પણ તેના પિતાના જેવો જ ક્રૂર અને દુષ્ટકર્મી હતો. તે તેના પીતાને સુદ્ધાં ગણતો ન હતો. તે તેની સાથે હમેશાં લઢતો હતો. તથા મારામારીપર સુદ્ધાં આવી જતો હતો. તે સરદારના તાબામાં જંગલમાં એક દીવસે એક ખેડુતે શીકારે જઇ ત્યાંના બે સસલાં માર્યાં એ તેણે મોટો ગુન્હો કર્યો એમ માની તે સરદારના સેવકોએ તેને પકડીને તેની આગળ ઉભો કર્યો.

તે ક્રૂર સરદારે તે ગરીબ ખેડુતને પોતાના કીલ્લામાં કેદ કર્યો. તે ખેડુતનો એક યુવાન પુત્ર હતો. પોતાનો બાપ કેદમાં પડયાના સમાચાર સાંભળતાં જ તે છોકરો તે દુષ્ટ સરદાર પાસે ગયો અને હાથ જોડી એવી વિનંતિ કરવા લાગ્યો કે મહારા પિતા વૃદ્ધ છે. તેમને આપના કેદખાનામાં રહેવું મુશ્કેલ પડશે. તેમને ઘણું દુઃખ થશે. હું યુવાન છું. અને મને અંધારી કોટડીમાં પુરી મુકશો તો પણ ચાલશે. મારામાં એવી સજા સહન કરવાની શક્તિ છે. તો મારા પ્રિય પિતાને છોડી મુકો. અને તેમને બદલે મને કેદખાનામાં રાખો એ ખેડુત પુત્રની એ વિનવણી સાંભળી સરદારને ઘણું આશ્ચર્ય થયું. અને તે ખેડુતને પોતાની પાસે બોલાવી મંગાવી તેને પુછ્યું. "તારો દીકરો આટલો બધો સજ્જન તેનું કારણ શું?" ખેડુતે ઉત્તર આપ્યો હું પોતે સજ્જનતાથી વર્તું છું. તેથી મારા પુત્રમાં પણ સજ્જનતા આવી છે. જે માર્ગ મેં તેને બતાવ્યો છે તે માર્ગે તે જાય છે. એમાં કાંઇ વિશેષ નથી. એ તેના શબ્દ તે લુંટારા, ધાડપાડુ સરદારના હૃદયમાં કેવા બાણતુલ્ય વાગ્યાં હશે વારૂ? પોતાના પુત્રના તથા એ

ખેડુતના પુત્રના વર્તનમાં જે આટલો મોટો ફરક દેખાઇ આવ્યો તે ઉપરથી તેને પોતાના કરેલા કર્મો બદલ પુષ્કળ અનુતાપ થયો. પછી તેને તે ખેડુતને તથા તેના પુત્રને ધન્યવાદ આપી છોડી દીધા.

સાચો મિત્ર.

રાજા ડીયોનીસ્યસે ડેમના નામના એક જવાન મર્દને તેના કંઇક અમુક વાંક માટે ફાંસીની સજા ફરમાવી. તેણે રાજાને કહ્યું કે નામવર કૃપા કરી મને એક વરસની મહેતલ આપો, કારણ કે હું હવે છેલ્લીજવાર સ્વદેશ જઇને મારાં કુટુંબકબીલાને મળવા માંગું છું. વરસની આખરીએ હું પોતે અહીં આવીને મારી સજા સહન કરીશ. આ અજબ જેવી વિનંતી સાંભળી રાજાએ સઘળાં સમક્ષ ફરી પુછ્યું કે કોઇબી આ "ડેમન" નો જામીન થવા તૈયાર છે કે? આ સાંભળતાં જ પીથીયસ નામનો સખ્સ કે જે બંધીવાનનો જાની મીત્ર થતો હતો તે તુરત જ બહાર પડયો અને રાજાને કહ્યું કે જહાંપનાહ હું એનો જામીન છું. જો મુદત દરમીયાન એ ન આવે તો એને બદલે હું ખુશીથી ફાંસીને લાકડે ચઢી જઇશ. આવા સાચા સ્નેહી મીત્રને જોઇ સર્વ આશ્ચર્ય પામ્યા. ડેમનને છોડી મુકયો અને રાજાજીએ તેના મીત્રને નજરકેદ કર્યો. મુદત ખતમ થવા આવી, પરંતુ ડેમન પાછો ન આવ્યો. આથી સર્વ કોઇ પીથીયસને કહેવા લાગ્યા કે ભાઇ સાહેબ જેને તમોએ ફીરસ્તો માન્યો તે તો નાપાક શયતાન નીકળ્યો. માટે હવે નાહકનું તમારે ફાંસીએ જવું થશે. પીથીયસે ઉત્તર આપતાં કહ્યું કે બંધુઓ મને મારા પ્રીય મીત્રપર પુરો ભરોસો છે, કંઇક ન ધારેલી અડચણને સબબે એ આવી નહી શકયો હોય. હમારી ઘાડી મીત્રતાને ચરણે હું મારો પ્રાણ એની ઉપર શદકે કરતાં જરાએ ગભરાતો નથી. પીથીયસની ધારણા સાચી જ પડી. એને દેહાંત દંડની સજા કરવાની પાંચ મીનીટ આગળ જ "ડેમન" આવી પુગ્યો. આવતાને વાર તે બન્ને જાની દોસ્તો અતિશય પ્રેમભાવથી એકએકને ભેટી પડયા. આવા એકવચની અને

સાચા મીત્રોની જોડી જોઇને રાજા પોતે અનહદ ખુશી થયો અને "ડેમન" ને તેની સજાથી મુકત કર્યો ધન્ય છે આવા મીત્રોને! દોસ્તો હોજો તો આવા જ હોજો। શેકસપીયર કહી ગયો છે તેમ ખરો મીત્ર તો તે જ છે કે જે તમારા સુખમાં સામેલ થઈ શકે છે, અને તમારા દુઃખમાં હમશરીક થઇ આંખોથી આંસુ પાડે છે. આ ક્ષણુ-ભંગુર દુનિયાની અંદર એક વફાદાર મીત્ર મેળવવો અતીશય મુશ્કેલ છે.

"Friendship increases happiness by the doubling of our joy, and diminishes misery by dividing our grief."

ગૌતમ બુદ્ધનો ઉપદેશ.

એક સ્ત્રી પોતાના મુવેલાં બાળકને લઈ ગૌતમ બુદ્ધની પાસે આવીને કહ્યું કે મહારાજ તમારા મંત્રના બળ વડે એને જીવતું કરો તો બહુ સારૂં. એમણે કહ્યું કે બાઈ હું કહું તેમ કર. કયાંક પણ જઈને થોડાક રાઇના દાણા લઈ આવ, પણ એવાં ઘરમાંથી દાણા લાવજે કે જ્યાં કદીબી મૃત્યુ થયું ન હોય. પેલી ગઇ પણ જલદી જ પાછી આવીને કહ્યું કે મહારાજ એવું તો એકબી ઘર નહોતું, કે જ્યાં કદીબી મૃત્યુ થયું ન હોય. આ સમજી બુદ્ધે કહ્યું કે માઈ તું પોતે જ તારી નજરે જોઇ આવી છે કે મૃત્યુ વગરનું એકબી ઘર નથી તો પછી તારૂં ઘર મૃત્યુ વગરનું કેમ રહી શકે? મોત કોઇનેબી છોડતું નથી. આપણે સર્વે મૃત્યુને શરણ તો થવાના જ. આ ઉપદેશથી તેને સંતોષ થયો અને હવે જ તેણે કુદરતનો ભરમ જાણ્યો.

"કોઇ આજ તો કોઇ કાલ,
કોઇ માસે ખટ માસે.
કોઇ વરસે દશ બાર,
કોઇ પચીસ પચાસે,
કોઈ સાહઠ સીતેર,
કોઇ પોણોસો અહેશી,
જે જવાનું તે જાય,
નથી રહેવાનું બેસી."

ત્રણ પ્રકારના વાંચકો.

એક અંગ્રેજ લેખક લખે છે કે વાંચનારાઓમાં મુખ્ય કરી ત્રણ જાત હોય છે. પહેલા વર્ગના સાધારણ લોકો ફક્ત એક યા બીજા કારણસર ચોપડી ચોપાનીયાંઓ વાંચે છે. બીજા વર્ગના કેટલાકો ફક્ત એક ધખારાને ખાતર જ ઢગલાબંધ ચોપડીઓ ફક્ત એકઠી કરે છે જ્યારે ત્રીજા વર્ગના વાંચકો સારી સારી ચોપડીઓ વાંચે છે, તેમાંથી સારી વસ્તુ ગ્રહણ કરે છે અને તે સારી સારી ચોપડીઓ પોતાના રેફરન્સને માટે એકઠી પણ કરે છે. આ જાતના વાંચકો જ ચોપડીની ખરી કીમત સમજે છે. ભાઇઓ! ચોપડી મનુષ્યનો એક સાચો મિત્ર, સલાહકાર ને ભોમીયો છે. તમારા દુન્યવી દગાખોર મિત્રો કદાપી તમારી પડતી જોઈ વસંતઋતુમાં ખરતાં પાંદડાંસમ ખરી જશે, પરંતુ ચોપડી એક એવો તો અસીલ દોસ્ત છે કે જે હરગીઝ તમને તજશે નહીં! તમો તેને જ્યાં જ્યાં લઈ જશો ત્યાં ત્યાં તે તમારી સાથે જ આવશે!

"Books are the precious life blood of master spirits embalmed and treasured upon purpose up to life-beyond life."

તકદીરની તાસીર.

એક રાજા તકદીરમાં જરાએ માનતો હતો નહીં! તે હંમેશાં તકદીરની અને નજુમીઓની મજાક કરતો. એક વખતે તેણે એક હાથમાં એક પક્ષીને પકડયું ને બીજા હાથમાં ચળકતી તલવાર પકડી અને સામા ઉભેલા જોશીને કહ્યું કે ભાઇ! બોલ, હવે આ પક્ષીનું મૃત્યુ સીતારાની ચાલથી કેવારે નિર્માણ થયું છે? નજુમીએ કહ્યું જહાંપનાહ; એનો સીતારો હાલ બહુ જ બળવાન છે. બેઅદબી માફ છે, પણ તમારી આવી એક તો શું પણ પાંચ તલવારો પણ એના

માનને હાની પુગાડી શકશે નહી. આ સાંભળી શાહ ખફા થઇ ગયો અને પેલા નજુમીને કહ્યું કે અહીં જો! પરંતુ સઘળાંની અજાયબી વચ્ચે જેવી શાહે તલવાર ઉગામી કે "ભુરર" કરતું તે હાથમાંથી છટકી ગયું. શાહ પોતાની થયેલી હાર જોઇ તદ્દન ખામોશ થઇ ગયો. તે જ દીવસથી તેણે મનુષ્ય સત્તાનો દાવો છોડી દીધો અને તકદીરની અનેક તાસીર ને તાસુબીમાં તે માનવાવાળો થયો. ખરે જ તકદીર આગળ મનુષ્યની હજારો તદબીરો સદંતર ફોકટ છે. ભાઇઓ! આપણા કર્મમાં જો અર્ધી રોટી હશે તો આખી મળશે નહી અને જો કર્મમાં આખી રોટી લખેલ હશે તો કોઇના બાપથી તે અટકાવાશે નહી.

"લખ્યા છે વિધાતાએ છઠીના લેખ,
કુદરતે જ દોરી છે હાથોની રેખ.
ફીરતારે કરમ-લીંટી કપાળે કહાડી,
પણ તે પોતે નથી શકતો મટાડી.
હા, ધરાવે છે તે ભુસાડવાની શક્તી,
પણ સમજીને જ લખી છે કર્મગતિ.
કે ભુસાડવાની અગત પડતી નથી,
કરામત ફીસમતને નડતી નથી."

× × + ×

સાચો ભક્ત.

એક વખત એક દેશમાં વરસાદ જરાએ ન પડયો. લોકો ગભરાવા લાગ્યા કે હવે દુકાળથી અને ભુખમરાથી મરી જઇશું. આ દેશનો રાજા બહુજ ધાર્મિક હતો, તેણે પ્રાર્થના કરીને ખુદાને કહ્યું કે યા અલ્લાહ! મને તારામાં પુરો વિશ્વાસ છે, માટે હું તુંને અરજ કરી કહું છું કે તું આ વરસાદનું સંકટ ટાળ. કહે છે કે તરત જ આકાશવાણી થઇ કે "હે મારા સાચ્ચા બંદા! હું તારી ઇચ્છા પુરી

પાડી આપીશ" શાહ એબાદત્ત ગાહાથી બાહેર આવી જુએ છે તો વરસાદ પુર જોશથી પડી રહ્યો હતો અને સઘળાંનો આનંદ અપાર હતો. પુર શ્રદ્ધા અને ખરા દીલથી કરેલી બંદગી કદીબી વ્યર્થ જતી નથી.

ભલો રાજા.

ફ્રાંસનો રાજા ચોથો હેનરી પોતાની સભ્યતા તથા ભલમનસાઇને માટે બહુ જ જાણીતો હતો. એક વખતે રસ્તે પોતાના અમલદારો સાથે ફરતાં કોઇ ભિક્ષુકે તેને નમીને વળતી સલામ કરી. આ દેખી તેની સાથેના અમલદારોયે મોં મલકાવ્યા. શાહ બહુ દાનો હતો તે તુરત જ સમજી ગયો કે ભીખારીને મેં વળતી નમીને સલામ કરી તે એમને રૂચ્યું નહીં. તે તેઓ તરફ ફર્યો ને બોલ્યો, ભાઇઓ! હું તો માત્ર અહીં જ રાજા છું. પ્રભુની દરબારમાં નહીં. તેની નજરમાં હું અને આ ગરીબ ભિક્ષુક એક જ છીએ. એણે સભ્યતા દેખાડી તો હું પણ એની તરફ સભ્યતા બતાવવા બંધાયલો છું. આ ભલા રાજાનો જવાબ સમજી તેવો સર્વે શરમીંદા થઇ ગયા.

" નમનતાઈના નીચાણથી જ મોટાઇના ઉંચાણ ઉપર જવાય છે.

કુલછાબ આડત્રીસમી.

ગુજરાતી કહેવતો, ઉખાણાં તથા પરચુરણ દોહરા ઈત્યાદિ.

૧ સત્ય મોટું સર્વથી, સત્યપર રાખો ધ્યાન.

૨ ધ્યાન રાખી તું ચાલ, જગતમાં નહીં તો પસ્તાશે.

૩ મરવું આખર છે ભાઇ, માયા સરવે છે જુઠી;
સહેજ વાતમાં મોત આવશે, જેમ માટીની ફુટી.

૪ રણમાં રાવણ સરખા મુવા, ભરોસો શું આ કાયાનો;
પ્રીત કરીને પર નારીથી, અંધ થયો તું માયાનો.

૫ નથી જગતમાં કંઈ ભલાઇ; તેથી હાથ હઠાવ;
ટીંગાયો છે મુરખ માયામાં, છોડી દે હાવભાવ.

૬ સરજાયો છે માટીમાંથી, આખર માટી થાવાનો;
ઠેકાણું નહિ મળે જગતમાં, આખર ત્યાં જવાનો.

૭ કામ કરે તો કરજે વિચારી, કોઇનું ભુડું કરતો ના;
નુગરો ન બનજે કદી, ખોટો દોષ કોઇપર ધરતો ના.

૮ આદમી સરવે સરખા નહિ, ડહાપણવાળા થોડા.

૯ પૈસા ધીરે જે ધણી, લાગે સાકર જેવો;
લેવા આવે તે વખત, લાગે લીમડા જેવો.

૧૦ દરેક પ્રકારના દુઃખો આપણને ઇશ્વર તરફ વાળે છે.

૧૧ નામ મોટુંને દર્શન ખોટું, તેવી તમારી ચાલ;
કામ ભુડાં તમે કરો, આણો બીજાને માથે આળ.

૧૨ ચાર પહોર ધંધો કરે, ચાર પહોર કરે રસોઇ;
રામ નામ ઘડી ના લીયે, તો મુક્તિ કહાંસે હોઇ.

૧૩ શેઠ રળેને ચાકર ખાયે, ભાગ્ય વગરનું ખોટું;
ઉલટું કામ જેનું સિધું થાય તેનું ભાગ્ય મોટું.

૧૪ જેનું જેવું કામ, તેવું તેનાથીજ થાય;
ભલો કરે ભલાઇ, ભુંડો હરામનું ખાય.
૧૫ દોસ્ત જેને ખરો જાણવો, આફત સમયે ધાય;
કરશો ન દોસ્તી એવા ધણીની, જે મફતનું ખાય.
૧૬ અમલદારે વિચાર કરવો, ન કરવું અભિમાન;
જવું છે આખર દુનિયા તજીને, છોડો જુઠ ગુમાન.
૧૭ વખત જોઇને ચાલશે, તેજ ખરો શૂરવીર;
ગયો વખત નહી આવશે, ધરજે મનમાં ધીર.
૧૮ સાચવે તેનો ધર્મ, રાખે તેની લાજ;
સંઘરે તેનું ધન, કરે તેનું કાજ.
૧૯ અક્કલનો હીસાબ નહિ, વિચારપર આધાર;
ધંધો કરે એવી રીતનો, કે થાય લાખના હજાર.
૨૦ આપ સમાન બળ નહિ, એ જાણવું સહી;
મેઘ સમાન જળ નહિ, એમાં સંશય નહિ.
૨૧ બેરૂ જણના વિચાર વિના, કદી સરે નહિ કાજ;
લશકર લડે લડાઈમાં, થાય વડાનું રાજ.
૨૨ સોનું રૂપિઆ સોળનું, ઘડામણ ડબલ જાણ;
ડોશી બાર બદામની, હજામત ઢબુ સમાન.
૨૩ મન મળે સંપ વિના, સંપ વિના નહી પ્યાર;
સંપ વિના લક્ષ્મી નહી, સંપ વિના નહિ શ્રંગાર.
૨૪ ચળકે તે ચાંદી નહી ચળકી હોય,
સોમાં એકાદો મળે, સત્યનો સાથી કોય.
૨૫ ખેડુત ખેડે ખેતર, બ્રાહ્મણ માગે દાન;
અક્કલ હીણના રાજ્યમાં, સરવે એક સમાન.
ભુંડા નરના હાથથી, થાય ન સારાં કામ;
ભુંડું બોલે મુખથી, ને ભટકે ઠામો ઠામ.
૨૭ ખાટી આંબલીને આરીયું પાકું;
નાચવું નહિ તેનું આંગણું વાંકું.

૨૮ પ્રેમ રસથી ભજી લે હરીને, કાયાની શી આશ;
સમજી વિચારી કામ કર, થશે પાપનો નાશ.
૨૯ દુઃખ ખમ્યા વિના સુખ મળે નહિ;
૩૦ લખ્યું કદી મટવાનું નથી, સાંભળ મારા ભાઈ;
થવાનું હશે તેજ થાશે, કરશે લાભ સવાઇ.
૩૧ ગરથ વિનાના આદમી, લાખ ધકેલા ખાય.
૩૨ માગ્યા વિના મળે ન દાન, નસીબ વિના ન મળે માન;
ગુરૂ વિના ન મળે જ્ઞાન, ખેતી વિના ન મળે ધાન.
૩૩ જેને બોલે બંધ નહી, શરમ નહી મન માંય;
એવાની શરત કરવી નહી, તે તુંને છોડી જાય.
૩૪ રામ નામ જપ્યું નહિ. ફુલી ફર્યો રાત;
પસ્તાયે શું ફાયદો, સાંભળ મારી વાત.
૩૫ દાતા દાતા મર ગયે, રહે ગયે મખીચુસ;
લેનાદેના કુછ નહી, લડનેમે મજબુત.
૩૬ કહેતા સો કરતા નહી, મોંકા બડા લબાડ;
બાતો કરે બડી બડી, તે મતલબકે યાર.
૩૭ જગમાં ઢુંઢો ભુંડાને, ભુંડો ન મળે કોય;
વિચારી જો દીલમાં તુજ જેવો બીજો ન કોય.
૩૮ ગરીબ રંક ન છેડવો, બુરી તેની હાય;
હાય તેની એવી નીકળે, લોખંડ પીગળી જાય.
૩૯ સંપતના સગા ઘણા, વિપતમાં દુર થાય;
જેમ જેમ પૈસા વધે, તેમ તેમ આવી લપટાય.
૪૦ ચતુરને ચીંતા ઘણી, મુરખને નહિ લાજ;
જેની આંખમાં શરમ નહિ, તેનું પુરૂં રાજ.
૪૧ કર ભલાનો સંગ, બુરાથી ડરીને ચાલ ભાઇ;
સારાની સંગત થકી, ન થાય ફસવાઇ.

૪૨ ઉજડ કેડા ફકીર વસે, નિરધનીયા ધન હોય;
બોલ્યું પાછું આવે નહિ, મુખથી નિકળી જાય.
૪૩ દુઃખીયા આગળ દુઃખ કહેતો આધું દુઃખ ટળી જાય;
સુખીઆ આગળ દુઃખ કહે તો પચીસ ગાળો ખાય.
૪૪ જુઓ ફેરો કળજુગનો, ધર્મ ડુબાવી દીધું;
દુઃખ દીધું શું કરવા, ગરીબનું ભુંડું કીધું.
૪૫ કોઇ ફરે ગાડી ઘોડે, ને કોઇ ફરે વાડી;
કોઈ બિચારો હાંડી ઘસે ને જઈ પડે ખાડી.
૪૬ નશીબમાં લખ્યું હોય તે થાય;
ને કાળ જાય ને કહેણી રહી જાય.
૪૭ કુતરાં પોશ ને બીલાડાં પોશ;
પણ જમાઇના જણેલાંને વાડમાં ખોશ.
૪૮ વસ્તુઓની હમેશાં ઉજળી બાજુએ નજર રાખવી.
૪૯ બેફીકરીઓ મુરખો જેને ભાન મળે નહિ કાંઈ;
સાર અસાર વિચાર નહિ, સમજી શકે નહિ કાંઇ.
૫૦ એવાં વચન ન બોલીયે, કે પત આપણી જાય;
ટેક વખતસર રાખીએ, નહીતર હાની થાય.
૫૧ ગરમ ભોજનનો કોળીયો, લેતાં મુખે દઝાય;
ધીરજથી થંડુ કરે તો, ખાંતેથી ખવાય.
૫૨ એકલાના આધારપર, કેમ ચાલે સંસાર;
હોય મરજી જો બેઉની, સહેજે કામ થનાર.
૫૩ કરે ભીખારી અમીરને, પ્રભુની ઇચ્છા જાણ;
અક્કલહીણા ઇશ્વરતણી પાર નહિ પ્રમાણ.
૫૪ કામ કરતાં પહેલાં તું કરી લે જે વિચાર;
પાણી પી ઘર ના પુછીશ તું ઢેડ કે ચમાર.
૫૫ ભુલ સુધારી ચાલજે, જેથી દળદર જાય;
નીચ મનથી જો હઠ કરે, સવ ધુળ મળી જાય.
૫૬ ધીરે ધીરે ચણવાથી, થાય જ ઉંચી ભીંત;
ધીરજ રાખી ચાલવું, એજ કામની રીત.

૫૭ નારી શહાણી જેહની, સુધરે તેનો સંસાર;
જેની સ્ત્રી ક્લેશવતી, તે ખાય જુતાનો માર.
૫૮ પાપ ન છુપે કોસદા, આખર તે દેખાય;
બીજો તેમાં શું કરે, કરનારો પસ્તાય.
૫૯ ઉતાવળો થઈ જે ધણી, અવિચાર્યું કરે કામ;
કામ બગાડે તેહનું, મળે ન એને માન.
૬૦ પરમેશ્વરની મેહેરથી, ગરીબ તવંગર થાય;
દિવસ ફરે જો રંકનો, તો રાજા થઈ જાય.
૬૧ ઘણા જનોની વાતમાં, એકથી નવ બોલાય,
કાગડાઓની વચમાં, પોપટ પીંજાઇ જાય.
૬૨ ઘટીત કહીએ જો સદા, વધુ ન દેવો બોજ;
હશે કુવામાં જળતો, તેથી ભરાશે હોજ.
૬૩ આવક મોટા અધીકારીની, પહેલાં ગરજ હોય;
આંખ ફુટે જો જગતણી, પાંપણને શું રોય.
૬૪ તારા હીસ્સે ન આવશે, ભલે લાખ કમાય;
કુંભાર સાજે હાંડલે, કદી ન રાંધી ખાય.
૬૫ અનરાપીની વાતમાં, સઊનું મન ફેલાય;
કુંવારો કોડે મરે. પરણેલો પીડાય.
૬૬ જે કંઇ તુચ્છ વીસાતનું, એમ ન સમજ જરાય;
મીડું દશપર મેલતાં. આંકડો સોનો થાય.
૬૭ કોઇપણ કામ કરવું પડે, તેમાં રાખો વિવેક;
એવું કામ કરતાં જવું, પસ્તાવું ન જરીએક.
૬૮ જેતના પઢીએ ઉભસે, એતના રાખીએ હામ;
બકવા બહોત ન કીજીએ, સુન હો મિત્ર સુજાન.

ભાગ છઠ્ઠો સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર સદ્ગૃહસ્થોનાં મુબારક નામો.

૧૦૦	અખંડ પ્રૌઢપ્રતાપ નેકનામદાર ધર્મધુરંધર મહારાણા સાહેબ બહાદુર સંસ્થાન લીંબડી	લીંબડી
૧૦	અખંડ પ્રૌઢપ્રતાપ નેકનામદાર સંસ્થાન વળાના ઠાકોર સાહેબ બહાદુર	વળા
૧૦	રા. રા. ચંદુલાલ મણીલાલ દેસાઇ	મુંબઇ
૫	રા. રા. અમૃતલાલ દામોદરદાસ ભટ્ટ	વડવા બંદર
૧	રા. રા. ગુલાબચંદ નાથાલાલ દેસાઇ	પેનબંદર
૧	રા. રા. રાવજી રઘુનાથ ફડકે હા. હેમચંદભાઇ	,,
૧	રા. રા. ગાંગજીભાઇ રાજનભાઇ એન્ડ સન્સ	,,
૧	રા. રા. શા. કાન્તીલાલ નાથાલાલ	અમદાવાદ
૧	રા. રા. શેઠ હોરમસજી માણેકજી	,,
૧	રા. રા. અચરતલાલ ગોવિંદલાલ	,,
૧	રા. રા. ડાહ્યાભાઇ નરોત્તમદાસ	,,
૧	રા. રા. રેમતુલા વીરજી ધાદર	મુંબઇ
૧	રા. રા. ઠા. વિઠ્ઠલદાસ પીતામ્બરદાસ	,,
૧	રા. રા. મીસ્તરી ભાણજી ગોવરધનદાસ	,,
૧	રા. રા. મીસ્તરી ચુનીલાલ નથુભાઇ રામી	,,
૧	રા. રા. નવરોજી કાવસજી તવડીયા	,,
૨	રા. રા. શેઠ ગોરધનદાસ નીદોજીયા	,,
૨	રા. રા. ટી. એમ. મુનશી	,,
૨	રા. રા. મહીધનલાલ પી. મહેતા બી. એ.	,,
૨	રા. રા. દામોદર ચંદ્રેશ્વર જોશી	,,
૩	રા. રા. શેઠ મનજી વીરજી	,,

૫	ગંગાસ્વરૂપ મીસીસ શાન્તાગૌરી નાથાલાલ પંડ્યા	”
૪	રા. રા. ચીમનલાલ નાથાલાલ પંડયા	”
૧	ગંગાસ્વરૂપ સુંદરબાઇ હંસરાજ પ્રાગજી	”
૧	રા. રા. જહાંગીર સોરાબજી ભાધા	”
૧	રા. રા. કાનજી વિઠલદાસ મોલંકી	”
૧	રા. રા. શેઠ ગોવરધનદાસ ત્રિભોવનદાસ	”
૧	રા. શેઠ ખેમરાજ નપૂ	”
૧	રા. રા. નરસિ મુલજી	”
૧	રા. રા. પ્રેમજી વાલજી	”
૧	રા. રા. મહીપતરામ ગોવરધનરામ રાવળ	”
૧	રા. રા. મહેતા દ્વારકાંદાસ વિઠલદાસ	”
૧	રા. રા. નગીનદાસ મોતીરામ પારેખ	”
૧	રા. રા. પાઠક ગિરજાશંકર પ્રાણશંકર	”
૧	રા. રા. ભીમજી પુંજા એન્ડ સન્સ	”
૧	રા. રા. શેઠ ધનજી મુળજી	”
૧	રા. રા. શેઠ કસ્તુરચંદ મણીલાલ	”
૧	રા. રા. જોશી કેશવલાલ છગનલાલ	અમલનેર
૧	રા. રા. ગંગાદાસ છગનલાલ શાહ	ભાવનગર
૧	રા. રા. છોટુરાવ બાપુરાવ પ્રધાન	”
૧	રા. રા. મુલજીભાઇ જેઠાભાઈ બી. એ. એલ. એલ. બી.	”
૧	રા. રા. અંબાલાલ ગાંડાભાઇ પટેલ બી. એ. એલ. એલ. બી.	”
૧	રા. રા. એન. કમરૂદીનની કુંપની	મુંબઇ
૧	રા. રા. કાસમઅલી નાનજીભાઇ	ભાવનગર
૧	રા. રા. શેઠ જગજીવન અમરચંદ વોહેરા	”
૧	રા. રા. પરીખ કહાંનજીભાઇ ઓધવજીભાઇ	”

૧	રા. રા. પટેલ કાલીદાસ દયારામ	પાલણપુર
૧	રા. રા. ઝવેરીલાલ મયાશંકર શુકલ	,,
૧	રા. રા. મોતીલાલ ધરમચંદ કોઠારી	,,
૧	રા. રા. કૃષ્ણશંકર મણીશંકર વૈદ્ય	,,
૧	રા. રા. શંકરરાવ પીલાજીરાવ	,,
૧	રા. રા. સાલેહ એમ. માસ્તર	,,
૧	રા. રા. સેખ અબુબકર શેખ સાલમધામાન	,,
૧	રા. રા. મણીલાલ શિવલાલ દવે	,,
૧	રા. રા. નાગોરી સરદારખાન ગુલાબખાન	,,
૧	રા. રા. બીસમીલ્લાખાન બહાદુર લાઇબ્રેરીના સેક્રેટરી સા.	રાધનપુર
૧	રા. રા. કૃષ્ણલાલભાઇ ચંદુલાલભાઈ	,,
૧	રા. રા. દીવાનજી શિવલાલભાઇ ખુશાલભાઈ	,,
૧	રા. રા. પટેલ ચુનીલાલ ગુલાબચંદ	,,
૧	રા. રા. દેશાઇ છગનલાલ સદાજી	ઇડર
૧	રા. રા. સોની કાલીદાસ સ્વરૂપચંદ	,,
૧	રા. રા. વ્યાસ ઉમીયાશંકર લલ્લુભાઇ	,,
૧	રા. રા. ગોપાલસિંહજી ગુમાનસિંહજી	,,
૧	રા. રા. પટેલ મોતીભાઇ કેસરભાઈ	ખેડબ્રહ્મા
૧	રા. રા. મણીલાલ કેશવજી	સાંગલી
૧	મે. નામદાર સાઠોદરાના ઠાકોર સાહેબ	સાઠોદરા
૧	મે. નામદારદેવની મોરીના ઠાકોર સાહેબ	દેવનીમોરી
૨	મે. નામદાર દરબારશ્રી મુળુવાળા સુરગવાળા સાહેબ સી. આઇ. ઇ.	પીઠડીયા
૧	રા. રા. ત્રિભોવનદાસ રેવાશંકર જાની કામદાર સાહેબ	બિલખા
૧	રા. રા. મોરારજી રામજગમાલ	માચરલા

૧	રા. રા. વલ્લભદાસ કલ્યાણજી	કલકત્તા
૧	રા. રા. ઠા. ભગવાનજી સુંદરજી	,,
૧	ગંગાસ્વરૂપ દીલહર કુંવરબા	દેવગઢબારીયા.
૧	મે. રા. રા. પ્રાઇવેટ સેક્રેટરી સાહેબ	,,
૧	મે. રા. રા. પ્રાઇવેટ સેક્રેટરી સાહેબ	વાંસદા
૧	રા. રા. જગજીવનદાસ જીવણદાસ	મોરબી
૧	મીસીસ રામબાઈ તે શ્રીયુત રતીલાલ ભગવાનદાસ સુબેદારનાં પત્નિ	માટુંગા
૧	રા. રા. મોદી હરીલાલ વર્ધમાન	છોટાઉદેપુર
૧	રા. રા. રામજી ભીખા	નવસારી
૧	રા. રા. શેઠ નારણજી દ્વારકાંદાસ	પુના
૧	નામદાર કુમારશ્રી પ્રતાપસિંહભાઈ દરેડ દરબાર	દરેડ
૧	રા. રા. કલ્યાણરાય હરીદાસ છાયા	માંડવી
૧	રા. રા. શેઠ હોરમસજી ફરામરોજ દસ્તુર	રાજકોટ
૧	રા. રા. શા. વાડીલાલ હકમચંદ	રામપરડા
૧	રા. રા. મોરારજી વિનાયક	લોઅરપરેલ
૧	રા. રા. ગોવરધનદાસ ખીમજી	કાનાનોર
૧	રા. રા. દેશાઇ પરસોત્તમદાસ નથુભાઇ	કલોલ
૧	રા. રા. મહમદઅલી અમરલી	ગઢડા
૧	રા. રા. મહંત ઓધવદાસજી ગુરૂશ્રી મોતીરામજી	નવાવાઘણીયા
૨	રા. રા. શેઠ કાલીદાસ છગનલાલ	પારીસ (ફ્રાન્સ)
૧	રા. રા. કલ્યાણજી કર્મસી જે. પી.	મુંબઇ
૧	રા. રા. ઘેલાભાઇ ભીમભાઇ	ભાગડા બંદર
૧	રા. રા. સુંદરલાલ લાલજી	જામખંભાળીયા
૧	રા. રા. જયકૃષ્ણ ઇંદ્રજી સ્ટેટ બોટાનેસ્ટ.	ભુજ
૧	રા. રા. ગોપાળદાસ વિહારીદાસ દેશાઈ	નડીયાદ

૧	રા. રા. નાથાભાઇ અવિચળદાસ	,,
૧	રા. રા. રૂસ્તમજી દોરાબજી કાસદ	બાજીપુરા
૧	રા. રા. મહીડા હીંમતસિંહજી મોહોનબાવા	ધરમપુર
૧	રા. રા. પુરૂષોતમ રઘુનાથ ત્રિપાઠી	મદ્રાસ
૧	રા. રા. નાદીરશા પેસ્તનજી કંટ્રાકટર	વડોદરા
૧	રા. રા. રણછોડદાસ માધવલાલ પટેલ	નાર
૧	રા. રા. હુસેનભાઇ હેદરભાઈ	,,
૧	રા. રા. કૃષ્ણવલ્લભ મગનલાલ	નવા ગોવા
૧	રા. રા. પોપટલાલ આર. રાઠોડ	અજમેર
૧	રા. રા. અમરચંદ નાનચંદ	કવેટા
૧	રા. રા. નારાયણ મકનજી	રાજકોટ
૧	રા. રા. કેશવલાલ એન્ડ કુંપની	મદ્રાસ
૧	રા. રા. ગોવિંદજી ડાહ્યાભાઇ	પોરબંદર
૧	રા. રા. નામદાર સાબલવાડ રાજાજી સાહેબ	સાબલવાડ
૧	રા. રા. વકીલ જીભાઇ કહાનજી	પાટણ
૧	રા. રા. માનચંદ ન્હાનુભાઇ પટેલ	,,
૧	રા. રા. શેઠ ત્રિભોવનદાસ હરકીશદાસ	કાસુ
૫	રા. રા. શેઠ રણછોડદાસ ગોવરધનદાસ	કાસુ
૨	રા. રા. મોહોનદાસજી પૂરણદાસજી ગોંડલીયા.	ધૂળીયા
૧	રા. રા. મગનભાઈ શંકરભાઇ પટેલ	વડોદરા
૧	રા. રા. પુંજાભાઇ ઇશ્વરભાઇ પટેલ	,,
૨	રા. રા. બળદેવભાઇ વલ્લભભાઇ	અમદાવાદ
૧	રા. રા. ત્રીભોવન નેમચંદ	માંગરોળ
૧	રા. રા. દેવશંકર ભાણજીભાઇ વેટેનરી સરજન સાહેબ	પાટણ
૨	રા. રા. શેઠ ત્રિભોવન નરોત્તમ અઢીયા	દહાણુ
૨	રા. રા. શેઠ શ્રીમાન શેઠસાહેબ ન્યાલચંદ લલ્લુચંદ જે. પી.	પાટણ
૧	રા. રા. શ્રીમાન શેઠસાહેબ છોટાલાલ કીલાચંદ જે. પી.	,,

૧	રા. રા. હરીદાસ મોરારજી ગોપાળદાસ	મુંબાઇ
૧	રા. રા. પરી રમણુલાલ કેશવલાલ રંગવાળા	પેટલાદ
૧	રા. રા. ચંદુલાલ કેશવલાલ	,,
૧	રા. રા. શા. રતનલાલ છોટાલાલ	,,
૨	અખડ પૌઢપ્રતાપ ગૌ. બ્રા. પતિપાલ ધર્મધુરંધર સંસ્થાન દાંતાના મહારાણા સાહેબ	દાંતા
૨	અખંડ પ્રૌઢપ્રતાપ ગૌ. બ્રા. પ્રતિપાલ ધર્મધુરંધર સંસ્થાન ધરમપુરના મહારાણા સાહેબ	ધરમપુર

☞ ઉદ્ધવ સંપ્રદાયનાં ઉત્તમ પુસ્તકો. ☜

સત્સંગી જીવન–ચતુર્થ પ્રકરણ–સંસ્કૃતનું સરળ ગુજરાતી ભાષાન્તર ઘેર બેઠાં પોતાની મેળે પારાયણ થઇ શકે તેવું છીંટનું પાકું પુંઠું	કિં. રૂ. ૨—૦—૦
સત્સંગી જીવન–દ્વિતીય પ્રકરણ– ,,	કિં. રૂ. ૧—૪—૦
શિક્ષાપત્રી ભાષ્ય–સંસ્કૃતનું સરળ ગુજરાતી ભાષાન્તર ઘેર બેઠાં પોતાની મેળે પારાયણ કરી શકાય તેવું (ભાગ ૧ લો.)	કિં. રૂ. ૧—૮—૦
,, ,, (ભાગ ૨ જો.)	કિં. રૂ. ૧—૮—૦
શ્રીજીની પ્રસાદીના પત્રો	કિં. રૂ. ૧—૮—૦
સત્સંગ શિરોમણી (મુક્તાનંદસ્વામી કૃત)	કિં. રૂ. ૦–૧૦—૦
ગોપાળાનંદ સ્વામીની વાતો (ટિપ્પણસાથે)	કિં. રૂ. ૦–૧૨—૦
અવિનાશાનંદ કાવ્ય	કિં. રૂ. ૧—૪—૦
વાસુદેવ માહાત્મ્ય–ગુજરાતી ભાષાંતર નવું પુસ્તક	કિં. રૂ. ૦–૧૨—૦
વિદુરનીતિ	કિં. રૂ. ૦—૮—૦
યોગશાસ્ત્ર (સત્સંગી જીવનમાંથી)	કિં. રૂ. ૦—૪—૦
સહજાનંદ સ્વામીનું અવતાર ચરિત્ર	કિં. રૂ. ૦—૬—૦
,, નાં સ્વભાવ અને ચરિત્ર	કિં. રૂ. ૦—૧—૬
અમદાવાદ મંદિરના કેસનું જજમેન્ટ	કિં. રૂ. ૦–૧૦—૦

પત્રવ્યવહારઃ—

શ્રી સ્વામીનારાયણ ઓફીસ

પાંચકૂવા, હરણપોળ–**અમદાવાદ.**

તંત્રી તથા પ્રકાશક,

માધવલાલ દલસુખરામ કોઠારી

રાયપુર, વડની પોળ–અમદાવાદ.



જીંદગીનો સંપૂર્ણ આનંદ મેળવી સ્વર્ગસુખ પ્રાપ્ત કરવા માટે

જુવાનોએ જાણવાની અને પરણેલાંએ પાળવાની બાબતો.



સાઇઝ—ક્રાઉન ૩૬૦ પૃષ્ઠ, પાકું પુઠું, સોનેરી નામ, સારા કાગળ, સુંદર છાપ, ઉપયોગી છ ચિત્રો,
કિંમત—ત્રણ રૂપીઆ, પોસ્ટેજ ૦।૮

અજ્ઞાન, કુટેવ, દેખાદેખી અને ખરાબ સોબતથી થતી ખરાબીઓ, બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કજોડાં અને અતિયોગનાં માઠાં પરિણામો, દુરાચાર, કુચ્છંદ, વ્યસનો, શારીરિક અને માનસિક પાપોની સજાઓ, સ્ત્રીપુરૂષનાં જોડાંણનું રહસ્ય અને દંપતિ-જીવનનાં સુખનો લ્હાવો, પુરૂષાર્થ, પવિત્રાઇ, સાદાઈ અને ઇશ્વરપરાયણ જીવનનાં રહસ્યો, સત્ય, વિશુદ્ધ અને સાત્વિક-જીવનમાં સાંસારિક, નૈતિક અને ધાર્મિક ઉન્નતિ વિગેરે અનેક બાબતો સમજાવી સંસારસાગરની દીવાદાંડીરૂપે ઝીણી ઝીણી ઘણી બાબતો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

મળવાનાં ઠેકાણાં:—

પુસ્તક પ્રચારક ઓફીસ, નં. ૭૪—રીચીરોડ, **અમદાવાદ.**

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી, અમદાવાદ. હાથીબીલ્ડીંગ, કાલબાદેવી, મુંબઇ નં. ૨.

" " " ચૌટાપુલ, કેળાંપીઠ, **સુરત.**

સૌરાષ્ટ્ર સાહિત્ય ભંડાર, સરાઇ રોડ, **કરાંચી** (સિંધ).

વીસમી સદીની નવીન શોધ

સંગ્રહણી (ગળતી)

માટે અમૃતમય ઉપાય.

પ્રતિષ્ટિત અને વિદ્વાન વૈદ્ય ડોકટરોની દવા ખાઇ કંટાળેલા સંગ્રહણી (ગળતી) મુંબઈના ઝાડા, અતિસાર અને આંતરડાના ક્ષયથી પીડાતા નિરાશાજનક દર્દીને આશિર્વાદરૂપ થઇ પડેલી ત્રીસ વરસના અનુભવની રામબાણ દવા માટે રૂબરૂ મળો યા સવાલપત્ર મંગાવો.

પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ-

માસ્તર કે. જે. પટેલ એન્ડ સન્સ.

માણસાવાળાઃ સ્પૃસ્પેશીઆલીસ્ટ.

ઘર નં. ૩૫૬ કાળુપુર ડાંડીગરની પોળ,

તંબુરાગરાની ખડકીમાં-અમદાવાદ.

અમારૂં બાલાનંદ:-બચ્ચાંઓને રૂષ્ટપુષ્ટ, આનંદી અને સુંદર બનાવે છે. કીં. ૦-૧૨-૦ પોષ્ટેજ જુદું.